॥હરિઃૐ॥



# પુનિત પ્રેમગાથા

પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# પુનિત પ્રેમગાથા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૪૭ | ૧૦૦૦ | ત્રીજી | ૧૯૯૭ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૮૫ | ૧૦૦૦ | ચોથી | ૨૦૧૦ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૨ + ૨૭૦ = ૨૯૨

❑ પડતર કિંમત : **રૂ.** ૪૦/-

❑ વેચાણ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ :
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક :
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના પ્રેમસ્પર્શનો અને કૃપાશક્તિનો બુદ્ધિગમ્ય
અનુભવ પામવા જેઓ સદ્‌ભાગી બન્યા છે
અને
પૂજ્ય શ્રીમોટાના હરિઃૐ આશ્રમ, સુરતના કોઈ પણ કાર્યમાં
ખપમાં આવવાની ભાવનાના નિમિત્તે, આશ્રમના ટ્રસ્ટીમંડળમાં
ટ્રસ્ટી તરીકે અને મૅનેજિંગ ટ્રસ્ટીપદે સેવાઓ આપવા નિમિત્ત
બન્યા છે, તેમ જ
સાધુસંતના સત્સંગ પ્રત્યેની અભિરુચિ જેઓને પૂજ્ય
શ્રીનિત્યાનંદબાબા, પૂજ્ય શ્રીવિમલાજી ઠકાર વગેરેના સંપર્ક
વર્તુળમાં જેઓ સ્થાન પામ્યા છે,
એવા
**શ્રી કરશનભાઈ માધવદાસ પટેલને**
તથા તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી લક્ષ્મીબહેનને**
અને સમગ્ર પરિવારને
પૂજ્ય શ્રીમોટા વિરચિત
**'પુનિત પ્રેમગાથા'**ની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન ભાવપૂર્વક
સમર્પિત કરતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ.

તા. ૨૪-૩-૨૦૧૦
રામનવમી

**ટ્રસ્ટીમંડળ,**
**હરિઃૐ આશ્રમ, સુરત**

## ॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

### (પ્રથમ આવૃત્તિ)

આ ચોપડીમાંનું લખાણ જુદી જુદી વ્યક્તિઓને લખાયેલું છે અને તે દરેક વ્યક્તિના જીવનના જુદા જુદા પ્રશ્ન અને જુદી જુદી ભૂમિકા અંગેનું છે. તેથી, તેમાં અનેકવાર એકના એક ભાવાર્થવાળું લખાણ પણ ક્યાંક ક્યાંક આવી જાય છે. દરેક પદ્ય એક સ્વતંત્ર વ્યક્તિને હોઈને તે આપણા સમાજમાંથી અનેક વ્યક્તિઓના જીવનને લાગુ પડી શકે તેવું છે.

સમાજમાં પ્રચલિતપણે 'પ્રેમ'નો જે અર્થ થાય છે, તેના કરતાં ઘણીયે ઉચ્ચ ભૂમિકાને ઉદ્દેશતું અને તેને વિષય કરતું આ બધું લખાણ છે. ઘણીયે વ્યક્તિ પોતે અંતરથી સાચી રીતે માનતી હોય કે તે પોતે પ્રેમની સાચી ભાવનાથી જ અમુક અમુક પ્રસંગોમાં દોરવાયેલી છે, પરંતુ તે તેના સાચા મૂલ્યાંકનમાં પ્રેમ નથી હોતો પણ કોઈ ને કોઈ પ્રકારની આસક્તિ કે મોહની વૃત્તિ જ હોય છે, તે બધું સ્પષ્ટપણે આ લખાણમાં સમજાવવામાં આવ્યું છે. પ્રેમનાં ઉત્તમોત્તમ લક્ષણો કયાં અને શાં હોવાં ઘટે તેનો પણ તેમાં નિર્દેશ છે. લખનાર, પ્રેમ એટલે ભગવાનનો ભાવ એમ આખરે તો સમજાવવા માંગે છે.

પતિ-પત્ની સાથેનો સંબંધ, મિત્ર-મિત્ર વચ્ચેનો સંબંધ, કૌટુંબિક અનેક વ્યક્તિઓ સાથેનો સંબંધ, સમાજ સાથેનો સંબંધ તથા વ્યષ્ટિ અને સમષ્ટિ સાથેનો સંબંધ-એ બધા માનવી જીવનોના સંબંધોમાં પરાત્પર પ્રેમ સૂક્ષ્મ, સળંગ અને સમગ્રપણે ભાગ ભજવી રહેલો છે, તેનું પણ ભાન લખનાર, વાચકને જરૂર ઉપજાવે છે. છેક સામાન્ય માનવીના જીવનની મૂઢતા અને તેની અજ્ઞાન દશાને સ્પષ્ટ ચિત્રની જેમ આલેખીને તેને પોતાની દશા શી છે તેની સામે આંગળી ચીંધીને તેને તે દશામાંથી જાગૃત કરવાને અને ચેતનાપૂર્ણ જીવનના ઉત્ક્રાંતિપ્રેરક ચેતના, ભાવ શક્તિના પ્રેમસ્વરૂપને જીવનના એક મહાન આદર્શ તરીકે, એટલું જ નહિ પણ જીવનને એ રીતે સમજવાને, ઘડવાને અને અનુભવવાને લખનાર, પ્રેમને એક મહામોંઘામૂલા સાધન તરીકે રજૂ કરે છે.

આમાં આધ્યાત્મિક જીવનના ઉત્કૃષ્ટ અનુભવોની ભલે છાંટ, છાપ કે અસર કોઈને ન જણાય, તેમ છતાં તેમાં જીવનને સમજવા માગનાર અને જીવન પરત્વે જેની સાધનાની દૃષ્ટિ છે, એવાને ‘એક ડગલું બસ થાય’ એટલું પોષણતત્ત્વ તો જરૂર મળી રહેશે એમ ખાતરીપૂર્વક લખવાનું મન થાય છે.

લખનાર, જુદી જુદી વ્યક્તિઓના સંબંધમાં આવેલા હોવાથી તેમને તેમની જીવનની ઘરેડમાંથી ઊંચે લાવવાને, કેટકેટલી તાલાવેલી થાય છે અને તેમને તેમના જીવનના તેવા તેવા વલણ કે વર્તનથી કેટકેટલું દુઃખ થાય છે એનું સંવેદન પણ આ લખાણમાં વાંચનારને અસર કર્યાં વિના રહેશે નહિ.

આ બધું લખાણ કોઈ ને કોઈ વ્યક્તિના તેમના પર આવેલા કાગળના પ્રતિ-ઉત્તરરૂપે લખાયેલું છે અને તે લખાણ એક રીતે તે તે વ્યક્તિના જીવન અંગે લખાયેલું હોવાથી ખાનગી ગણી શકાય, પરંતુ ‘સ્વાનુભવમાં સર્વાનુભવ’ સમાતો હોવાથી તેને જનતા-જનાર્દનને ચરણે મૂકવાનું યોગ્ય ધાર્યું છે. તે તે વ્યક્તિઓ બધાં એક સ્વજન જેવાં છે એટલે તેમની આ કાગળો છપાવવાની પરવાનગી લીધી નથી, પરંતુ આ લખાણના છપાવવા સાથે તે બધાંની હૃદયની સંમતિ છે એમ માની લેવામાં આવ્યું છે અને આશા છે કે તે સર્વના તેમાં આશીર્વાદ છે જ.

આ ચોપડીના પ્રસ્તાવનાલેખક શ્રી ગુરુદયાલ મલ્લિકજી વિશે બે બોલ લખું તો તે અયોગ્ય નહિ ગણાય. તેઓ સરહદ પ્રાંતના છે અને ગુજરાતી લખાણ ઉપર તેઓ આવું પ્રસ્તાવનારૂપે લખે એટલે તો તેમના વિશે તે બાબતમાં સ્ફોટ કરવાનું ઉચિત જ છે. તેઓ સદ્‌ગત કવિવર ટાગોરના લગભગ ૨૦ વર્ષના સાથી છે અને તેઓશ્રીના ભક્ત છે. શાંતિનિકેતનના વિશ્વભારતીના તેઓ અંગ્રેજી વિષયના ઘણાં વર્ષો સુધી અધ્યાપક હતા. એક વખતના ખ્રિસ્ત સેવાસંઘના પાદરી સભ્ય, પણ હાલમાં ગોંડ જાતિને હૃદયથી અપનાવી તેની સેવા કરનાર તથા પૂજ્ય ગાંધીજીના નિકટ સમાગમમાં આવેલા શ્રી વેરિયર એલ્વીને, એક સ્પેનિશ-અંગ્રેજ ભક્ત ‘રિચર્ડ રોલ’નું જીવનચરિત્ર લખ્યું છે. તે એમણે શ્રી ગુરુદયાલજીને સમર્પણ કરેલું છે. હિંદુસ્તાનના અંગ્રેજી ઉત્કૃષ્ટ માસિકોમાં

તેમનાં આધ્યાત્મિક લખાણો વિશે જેમણે વાંચ્યું હશે, તેઓ તેમના નામથી જાણીતા હશે. તેઓ ગુજરાતી ભાષા વાંચીને સમજી શકે છે અને સાધારણ બોલી પણ શકે છે. લખનારે આ લખાણ તેમની સાથે બેસીને વાંચ્યું છે, સાધારણ ગુજરાતી સમજનાર એવા એમને આ બધું લખાણ સરળપણે સમજાયું છે, એટલે ગુજરાતી આમ જનતાને આ સમજાવવાને વિશેષ શ્રમ લેવો નહિ પડે એટલી સરળતા આ લખાણમાં છે.

આ ચોપડીનો આમુખ એક બહેને લખ્યો છે. ગુજરાતમાં સદ્‌ગત અબ્બાસ તૈયબજી સાહેબનું નામ સર્વ કોઈ જાણતું હશે જ. તેમનાં દીકરી શ્રીમતી રૈહાનાબહેન તૈયબજી. અને તેમનું નામ પણ તેટલું જ જાણીતું છે. અને તે કરતાંયે તેમના હૃદયનો શ્રીકૃષ્ણ પરત્વેનો શુદ્ધ હૃદયનો ભક્તિભાવ એ તો એનાથીયે વિશેષ જાણીતો છે. તેમનાં ભજનો સાંભળવાં એટલે ભક્તિના ભાવમાં તરબોળ થઈ તેમાં લય પામવાનો અનુભવ. જોકે એમનાં ભજનોનો આસ્વાદ ગુજરાતને મળ્યો નથી એ એક દુર્ભાગ્યની વાત હું સમજું છું. તેમનાં થોડાંક ભજનો **'બુદ્ધિપ્રકાશ'**માં છપાયાં છે. તેમનું અંગ્રેજીમાં લખાયેલું સ્વયંપ્રેરિત 'The heart of a Gopi' (ગોપીનું હૃદય) જેમણે વાંચ્યું હશે તે તો તેમને કદી ભૂલી જઈ શકે તેમ નથી. તેમણે આ ચોપડીનો આમુખ લખી આપેલો છે. ભક્ત હૃદય જ ભક્તને પારખી શકે. કોઈ પણ વસ્તુનું તારતમ્ય, મહત્ત્વ કે રહસ્ય તેનું જે કોઈ પરમ ભક્ત હોય તે જ પૂરું નાણી શકે. તેમણે જે પ્રેમભાવે લખનારની કદર બૂજી છે, એ રીતે લખનારને અનુભવવાની શ્રદ્ધાભક્તિવાળી તાકાત અમારા જીવનમાં પ્રગટો તે પ્રાર્થના છે.

ભાઈશ્રી કાંતિભાઈએ આ બધાં લખાણો ઉતારવામાં જે શ્રમ ઉઠાવ્યો છે, તે શ્રમનો તેમને જીવનમાં પ્રેરણાત્મકપણે ચિંતવનરૂપે ખ્યાલ જાગ્યા કરો એટલી પ્રાર્થના છે. અને જે જે વ્યક્તિઓને ઉદ્દેશીને આ લખાણો લખાયાં છે, તે તે વ્યક્તિ આ લખાણો વાંચીને પોતે વધારે ને વધારે પોતાના જીવનના ધ્યેયમાં નિષ્ઠા પામતાં જાય એવી પણ અપેક્ષા હૃદયમાં જાગે છે.

ગુરુપૂર્ણિમા : સં. ૨૦૦૩-સને ૧૯૪૭ **નંદલાલ ભોગીલાલ શાહ**

હરિજન આશ્રમ, સાબરમતી

॥ હરિઃૐ ॥

# પ્રકાશકનું નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પ્રેમ એ શું છે, પ્રેમનું અસ્તિત્વ શા માટે છે, તે ક્યાં રહે છે અને આપણે તેને શા માટે જાણવો જોઈએ અને તેમાં પીગળવું જોઈએ, આ વિષયમાં વિચાર કરવાનો પણ સાધારણ સમાજ કંટાળો ધરાવે છે, છતાં સંસારની કોઈ ને કોઈ ચીજ ઉપર 'પ્રેમ' કરવાનું છોડતો નથી. સંસારી સ્વાર્થી ભાવોના મિશ્રણથી પ્રેમ શબ્દનો અને તેના અર્થનો દુરુપયોગ બહુ પ્રમાણમાં થયો-થતો હોવાની સામાન્ય વર્ગને સ્વાર્થમય દશામાં રહીને રૂઢ લૌકિક રીત પ્રમાણે પ્રેમ કરવા જતાં પ્રેમના મૃગજળનો જ અનુભવ થાય છે અને છેવટે તેની સ્થિતિ પાંગળી કે વેવલી બની જાય છે. આ સ્થિતિનું દર્શન સમાજમાં લગભગ બધે જ થાય છે અને વસ્તુતઃ પ્રેમના ખ્યાલો અદૃશ્ય થતા જાય છે.

આવે સમયે પ્રેમના નિર્મળ ભાવોનું ગાન કરતાં આ પુસ્તકનું પ્રકાશન કરવું એ સામયિક પણ હોવાથી અમે આશા રાખીએ છીએ કે પ્રેમપ્રણયી જનતાને તે ગ્રાહ્ય બનશે.

ઈશ્વર, ધર્મ, સત્ય, આત્મા, પ્રેમ, અહિંસા, બ્રહ્મ-આ બધા પર્યાય શબ્દો છે. બધાનો અર્થ એક જ છે. તેમના અર્થને શુદ્ધ રીતે જોનારા અને અનુભવનારા હવે જગતમાં બહુ થોડા હોય છે. છતાં હું એટલું કહું છું કે હૃદય જેઓની પાસે છે, તેઓ આ ભાવોને અનુભવે છે. કોઈ કહેશે આ ભાવોને અનુભવવામાં અને તેમાં વખત બગાડવામાં ફાયદો શો ? તેનો જવાબ એ છે કે જેઓની પાસે આ ભાવોને ધારણ કરતું હૃદય નથી, તેઓની પાસે જગતના બધા જ ફાયદાઓ લાવીને મૂકશો તોપણ તેમના ઉપયોગથી તેઓ સુખી થઈ શકશે નહિ. અરે ! તેમનો ઉપયોગ પણ કરી શકશે નહિ. જેની શક્તિથી બધા ફાયદાઓ ઉત્પન્ન થાય છે અને ભોગવાય છે તે હૃદયમાં રહે છે.

મનુષ્યો પોતાના તેવા હૃદયને લીધે મનુષ્ય છે, પશુઓ તેમના તેવા હૃદયને લીધે પશુ છે, સાપ તેના તેવા હૃદયને લીધે સાપ છે, કૂતરું તેના તેવા હૃદયને લીધે કૂતરું છે, વનસ્પતિ તેના તેવા હૃદયને લીધે વનસ્પતિ છે, કવિ તેના તેવા હૃદયને લીધે કવિ છે. સાચો પ્રેમ હૃદયને વિકસાવે છે, પિગાળે છે, પ્રકાશિત કરે છે, વ્યાપક બનાવે છે. પ્રેમથી દૂર જનાર તેના જીવનમાં નીચો ઊતરે છે, જીવનથી હીન બને છે.

આર્ય જનોમાં પતિપત્નીનો પ્રેમસંબંધ અનેક જન્મો સુધી વહેનારો હોય છે, યા અખંડ સૌભાગ્યમય હોય છે. માતાપિતા વગેરેના સંબંધ જિંદગીપર્યંત રહેનારા હોય છે. હીન જનોમાં ધણીધણિયાણી અનેક વાર બાંધ-છોડે છે. તેમાં પ્રાકૃત સ્વાર્થનું મહત્ત્વ હોય છે, સાચા પ્રેમની ન્યૂનતા હોય છે, જ્યારે પહેલામાં કેવળ હૃદયનું સ્વાર્પણ હોય છે. ગાય-ભેંસમાં ત્રણચાર વર્ષે માતાના અને છોકરાના સંબંધો ભૂંસાઈ જાય છે. કૂતરામાં બે વર્ષ રહે છે. તેમ જ પિતાના સંબંધનું ભાન થતું નથી. તેટલા વખત પછી પાડો, આખલો અથવા કૂતરો પોતાની માના પહેલાંના સંબંધો વીસરી જઈ તેથી જુદા, વિષયી સંબંધો ધારણ કરે છે. આવા પ્રેમ એ કેવળ વાસનામય અને મતલબ પૂરતા જ હોવાથી હીન અને અશુદ્ધ છે.

પ્રેમ જેટલો નિઃસ્વાર્થ અને વાસનારહિત હશે તેટલો તેને ધારણ કરનારને ઉચ્ચ-મહાન બનાવશે. માણસ જેટલા પ્રમાણમાં શુદ્ધ પ્રેમ ધારણ કરી શકશે તેટલો તે સાચું જીવન જીવનાર થશે અને ભોગોનો સાચી રીતે ઉપયોગ કરી શકનાર બનશે. પૂરેપૂરો નિઃસ્વાર્થ-અહૈતુક પ્રેમ એ મનુષ્યમાત્રનું શુદ્ધ આત્મસ્વરૂપ છે. તેની પિપાસુ બની માણસની વૃત્તિઓ જ્યારે તે પ્રેમને ભેટશે-વિષયોમાંથી નિવૃત્ત થઈ સ્વરૂપમાં વિલીન થશે, ત્યારે તે માણસ કૃતકૃત્ય થઈ જશે.

એવા પ્રેમનું કવન કરતાં આ ગ્રંથનાં કવનોને વાચકો હૃદયમાં ઉતારે એવી આકાંક્ષા સાથે હરિઃૐ.

## ॥ હરિઃૐ ॥

# આમુખ

## (પ્રથમ આવૃત્તિ)

લખનારને-તેમને હું 'ભક્તરાજ' કહું છું. એટલે 'ભક્તરાજ'ને ભક્તરાજ તરીકે લગભગ ૧૭-૧૮ વર્ષથી જાણું છું, જોકે આવા માણસને કોણ જાણી શકે-ભગવાન સિવાય ? પણ મારે માટે તો એ મારા એક પૂજ્ય ગુરુજન જરૂર છે અને એમના અનુગ્રહથી મને બહુ બહુ મળ્યું છે. એમની વાતો કરતાંય એમનાં આચરણથી મને ખાતરી થઈ છે કે જો કોઈ પણ પ્રેમ જાણતો હોય તો તે ભક્તરાજ જ છે. એમને 'આશક' (પ્રેમી) તરીકે મેં જોયા છે અને 'માશૂક' (પ્રીતમ) તરીકે પણ મેં જોયા છે.

પ્રેમ એટલે ભગવાનનો વહાલભર્યો પુકાર અને જીવનનો પ્રતિઘોષઃ લેણદેણ : સવાલ જવાબ. આ પ્રેમલીલા ભક્તરાજના જીવનમાં મેં પળેપળે સ્પષ્ટ જોઈ છે. આવા ભક્તરાજની હું પૂજા કેમ ન કરું ? અને કેમ નથી કરતી ? એનું કારણ એ જ કે હું માનું છું કે મનુષ્યમાં કંઈ જ નથી. કુરાને શરીફમાંનું એક વાક્ય છે. અલ્હમ્દુલિલ્લાહ એટલે બધી સ્તુતિ, બધી પ્રશંસા ભગવાનની જ છે. એટલે આ પ્રેમ જેવો દિવ્ય ભાવ પણ મનુષ્યને ભગવાન તરફથી જ મળે છે. સાચો આશક તો એક ભગવાન જ છે. એના પ્રેમની ભાવના જ્યારે મનુષ્યના હૃદયમાં પ્રગટે છે ત્યારે એ માનવીને દેવો કરતાંયે વધારે ઉચ્ચ પદવી મળે છે. તે વેળાએ એ જીવ ભક્તાત્મા તરીકે નવો અવતાર પામે છે. અને પછી તો ભગવાન અને ભક્ત, સનમ અને આશક, કૃષ્ણ અને રાધા, એ એક જ સિક્કાની બે બાજુઓ થઈ જાય છે.

હું તો પ્રેમનું કંઈ જ જાણતી નથી, પણ હું જાણું છું કે ભક્તરાજ જાણે છે. આ પુસ્તક દ્વારા આપણે બધાં જાણી તો શું પણ કંઈક સમજી

શકીએ એવી પ્રભુ પાસે મારી વિનમ્ર પ્રાર્થના છે, કેમ કે આ પુસ્તકને માટે એમ કહેવાય કે :-

*પ્રેમદૂત મેરે દ્વાર ખડા મોહે હરિમિલન કો બુલાવત હૈ,*
*ભાતભાત કે સ્વરોં સે, શબ્દ સે, પ્રિયસંદેશ સુનાવત હૈ.*

અને તેથી એમાંથી આપણને આ પરમ સત્ય મળી રહે છે :-

*હર ઘટ મેં પ્રેમાસ્પદ તૂહિ, પ્રેમી તૂહિ, પ્રેમ ભી તૂહિ,*
*પ્રેમકી લેનદેન ભી તૂહિ,*
*પ્રેમ પ્રેમ, બસ પ્રેમ કે મારે આલમ સારા રચાવત હૈ.*

છેવટે એટલી જ પ્રાર્થના છે :-

*મોહન ! કુછ તો દયા કરો*
*કાનનમોં ભરી, મોહ-તાન તુમ*
*અરું સ્વયં તો મૌન ધર્યો.*
*અબ કહો, 'સુન' ! તો કાનકો મુરલી-*
*નાદ પ્રવાહસોં શુદ્ધ કરો.*
*મોહન ! કુછ તો દયા કરો.*

(હે મોહન ! કંઈક તો દયા કરો. મોહની તાનોથી તમે મારા કાન ભરી દીધા છે. અને સ્વયં તો મૌન જ રહ્યા છો ! હવે કહો છો કે 'સાંભળ'. તો તમે જ મુરલીનાદના પ્રવાહથી કાનને શુદ્ધ કરી દ્યો.)

**રૈહાના તૈયબજી**

## ॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

## (પ્રથમ આવૃત્તિ)

## (અનુવાદ)

પ્રેમ એટલે શું ? અમૂલ્ય કિંમતના અને ગુણવાળા એ તત્ત્વની બધીયે બાજુઓનો સમાવેશ થઈ શકે એવો જવાબ આ પ્રશ્નનો આપવો એ કંઈ સહેલું નથી, જેમ સત્ય તે સત્ય અને સૌંદર્ય તે સૌંદર્ય, તેમ પ્રેમ તે પ્રેમ. માછલી કંઈ પૂછે છે કે 'પાણી એટલે શું ?' એ સવાલ જેમ એને માટે મૂર્ખાઈ ભરેલો છે તેમ આ સવાલ આપણે માટે એક રીતે છે. પોતાની હયાતી-સત્તા જ, જેના પર નિર્ભર છે એ તત્ત્વના સ્વભાવમાં કે તેના મૂળમાં માછલી ઊતરતી નથી. તેથી કદાચ તે આપણાથી વધારે ડાહી પણ હોય. સંભવ છે કે એનામાં માનવીની બુદ્ધિ નથી કે જેથી તે આવો સવાલ કરે, પણ એવો સંભવ છે કે માછલી પાણીની સાથે એટલી સુમેળમાં રહે છે-પાણીમાં જ તે એટલી સમાઈ જાય છે-એકજીવ એકરસ થઈ જાય છે કે તેથી આત્મનિષ્ઠના અગાધ આનંદ અને જ્ઞાનના અનુભવને લીધે તે વિષયમાં તે મૌન પામે છે.

માનવી અને સર્વવ્યાપ્ત ચૈતન્ય-એ બે વચ્ચે મનનો અંતરાય આવી જવાથી વિસંવાદ, વિસંવાદ શું વિખવાદ ઊભો થાય છે એમ લાગે છે. પણ આ તો નીચલા થરના મનનું, માનવીના શત્રુનું, કારસ્તાન છે. જો કદી એની સાથે માનવી એકતાર થાય તો, ત્યારે બધા જ વિસંવાદ ગળી જાય છે.

ઇંદ્રિયોની આરસીની ઝગમગાટ કરતાં, જીવને આંજી નાખનારા નીચલા મનના આ તેજને હઠાવીને આત્માના શાંત સ્થિર પ્રકાશસ્વરૂપ મન સાથે સુમેળ કેમ સધાય ?

આપણે સામાન્ય માનવીઓ પ્રેમનો જેવો અનુભવ કરીએ છીએ તેના કરતાં અનંતગણા પ્રભાવમાં અને સ્વરૂપોમાં સંતો અને અવધૂતો

પ્રેમનો અનુભવ કરતા આવ્યા છે. તેઓએ પ્રેમના પ્રદેશનો અસ્પષ્ટ પણ તેજસ્વી નકશો આપણને દોરી આપ્યો છે, આકાશમાં જેમ પક્ષીની ગતિ કોઈ એક ચોક્કસ માર્ગે થતી નથી કે તેની પાછળ એવો કોઈ ચીલો પડતો નથી તેમ પ્રેમના પંથનું છે, તોપણ તે પંથે આપણે પ્રવાસ કરી શકીએ તેથી તેમણે તેવા પંથમાં પણ કક્ષાઓરૂપી અને તે તે કક્ષાનાં લક્ષણોરૂપી માર્ગસૂચક સ્તંભો વચમાં વચમાં મૂક્યા છે.

આપણા જીવનનું કે પ્રેમનું વહાણ યોગ્ય દિશાએ જાય છે કે નહિ તે સમજવામાં મદદગાર થાય તેવું એક નિર્ભ્રાંત હોકાયંત્ર તેમણે બતાવ્યું છે. અને તે તીવ્ર તમન્નાવાળા ઉત્સાહ અને શ્રદ્ધા સાથે બીજાંઓ તરફ સતત એકધારો પ્રેમ રાખવો તે. અને આવો પ્રેમ રાખવામાં ન તો કંઈ આશા પોતાને માટેની રાખવી કે ન તો કશા પણ બદલાની પ્રેમપાત્ર તરફથી અપેક્ષા રાખવી.

પણ અહીં પણ પોતાની જ જાતને ચાહવાની જીવસ્વભાવની પ્રેરણા વચમાં આવે છે. સ્વ-પ્રેમ અને સર્વ-પ્રેમની વચ્ચે એક આખો વિશાળ ખંડ ચેતના ભૂમિકાનો આડો પથરાયેલો છે. મુસાફર એ ખંડની અનેક આકર્ષણ, મોહ, નિરાશા કે વિષાદ અને આશા-ઉત્સાહ (માનવીની નિરાશા કે વિષાદ એટલે ભગવાનની તેને માટેની આશા, ઉત્સાહ એ અર્થમાં) પૂજ્યભાવ કે ભક્તિભાવ અને સર્વ સમર્પણ કે આત્મનિવેદન. આ બધી મજલમાં ખાસ મહત્ત્વનું તો એ છે કે પ્રવાસીએ એમાંથી કોઈ પ્રદેશમાં પડી ન રહેવું. ત્યાં આગળ અટકી ન જવું, પણ આગળ ને આગળ ચાલ્યા જ જવું. વચમાં અટકી પડવું એટલે ઘણીવાર આત્મઘાતને નોતરવો. આમ, જ્યારે તે પોતાના પ્રેમપાત્રને, ભજનીયને, ભક્તિ-ભાવના પાત્રને પોતાનું સર્વ કંઈ સમર્પણ કરે છે ત્યારે તે ચૈતન્યશક્તિની કૃપાને આંગણે આવી ઊભો રહે છે.

કોઈ બીજામાં સમાઈ જવું અને સંપૂર્ણ રીતે તેનામાં લય થઈ જવું, ‘અહં’નું સમૂળગું રૂપાંતર થવું, એટલે પ્રેમના સર્વોચ્ચ ભાવથી અનુભવમાં એકાકાર થવું. ઝગારા મારતા સમુદ્રમાં જ્યારે ઝાકળબિંદુ

સરકી પડે છે ત્યારે તેને જે અનંતતાની આનંદસમાધિનો અનુભવ થાય છે, એવો અનુભવ પ્રભુકૃપાથી આ પ્રસ્તાવનાલેખકને એક પળ જેટલીવાર થયો હતો. ત્યારે એને પ્રેમનાં જે સંવેદન, જ્ઞાન અને અનુભવ થયાં હતાં તેનો તેણે નીચેના પદ્યમાં સાર ઉતાર્યો છે.

(અનુષ્ટુપ)

'પ્રેમ જેવું કંઈ છે ના, એ તો છે માત્ર મશ્કરી',
ભ્રમમાં તે પડેલો છે જે કો આવું કહે હસી.

પ્રેમ છે ગાંભીર્ય પ્રેમ છે દિવ્ય અંકુશ,
એ હકીકત છે સત્ય નથી એ કંઈ ગમ્મત.

માનવીમાં પડ્યું છૂપું પશુ જાગતું-ઊંઘતું,
તેને તે અંકુશે રાખે તત્ત્વ તે દેવયોનિનું.

સંકળાવે બધી રીતે પ્રેમ તે દિવ્ય જોતર,
અલૌકિકપણે ગૂઢ માનવીને દિલે દિલ.

ગ્રહો, તારા ફરે તેથી મર્યાદા આંકી તે મહીં,
ઋષિ, દેવાદિ તેનાથી ગાતા સૌ એક સૂરથી.

કરે તે અગ્નિનું પુષ્પ કટુનું મિષ્ટ તે કરે,
ચમત્કારો કરે એવા પ્રેમશક્તિ અનેક તે.

છેદે જે જીવગ્રંથિઓ એવું એ ખડ્ગ દિવ્ય છે,
ચૈતન્યસંગીતે ગાજે એવું વાદન દિવ્ય એ.

સૃષ્ટિના આદિમાં, તેના અંતે ને મધ્યમાંય જે,
વિશ્વ જેના પરે ઊભું આધારસ્તંભ પ્રેમ તે.

પૃથ્વીથી અગાધ આકાશ સુધી, પરમાણુથી વિશ્વ સુધી, ઝીણામાં ઝીણા જંતુથી તે સર્વોચ્ચ પુરાણપુરુષ સુધીમાં એવું કશું જ નથી કે જે પ્રેમના વિશાળ બાહુમાં સમાઈ ન જતું હોય-જે તેની બહાર હોય કે

રહી શકે. જીવાત્માની જ્યોતથી તે શરૂ થાય છે અને તેના પૂર્ણત્વની સુગંધીમાં પણ તે પ્રસરેલો હોઈ ત્યાં તે પણ પરિસમાપ્ત થાય છે.

આ પુસ્તકના નિર્માતા આવા સર્વોચ્ચ અદ્ભુત પ્રેમના અનુભવી હોવાથી તેના પૂજક તથા યશોગાન ગાનારા છે. તેમનાં, દિવ્ય અને માનુષી પ્રેમનાં જે દર્શનો તથા દૃષ્ટિબિંદુઓ આમાં પ્રતિબિંબિત થયેલાં છે, તે તેમની સંપૂર્ણ નિષ્ઠા અને સરળતાના પ્રતીક છે. પ્રભુની કૃપા એ ધન્યાત્મા ઉપર વરસાદની ઝડી માફક વરસેલી છે. તેમના જીવાત્માના પ્રેમની કળી સહસ્રદળ કમળમાં વિકસીને તેની શિવત્વની પૂર્ણતામાં પરિણામ પામી છે. અને તેથી જ તેની સુગંધ દિગદિગંત ફેલાવવા માટેના તેમના અંતરાત્મામાંથી ઊઠતા પુકારનો પડઘો આ પુસ્તક છે. ગાઈવગાડીને, દાંડીપીટીને એ તો એક જ અનાહત નાદ બજાવે છે : 'પ્રેમ, પ્રેમ, પ્રેમ.' આપણાં મન, હૃદય અને આત્મામાં તે નાદ તેના અણુયે અણુમાં પ્રસરી તે ભાવ પ્રગટ થાઓ એ જ પ્રાર્થના.

**ગુરુદયાલ મલ્લિક**

॥ હરિઃૐ ॥

# આભારદર્શન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય ગુરુદયાલ મલ્લિકજીનો આછો આછો પરિચય સંપાદકના બે બોલમાં અપાયો છે. એટલે તેમના વિશે વધુ લખવું અત્રે પ્રસ્તુત નથી. તેઓ સર્વપ્રતિ તેમની લાક્ષણિક ઢબે અત્યંત નમ્રતા સહ જે પ્રેમભાવ દાખવતા આવ્યા છે, તેવા અમો પ્રતિના પણ પ્રેમભાવ સારુ અને આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપવા સારુ અમો તેમના ઋણી છીએ.

શ્રીમતી રૈહાનાબહેનના આધ્યાત્મિક વલણની અને તેમની શ્રીકૃષ્ણભક્તિની હકીકત તેમના પરિચિત મંડળમાં સુવિદિત છે. તેવાં ભક્ત પ્રેમી બહેને આ પ્રેમકાવ્યોનો આમુખ લખી આપી અમને આભારી કર્યા છે.

આ કાવ્યોના લેખક ગુજરાતીમાં બહુ જાણીતા નથી, કારણ તેઓ અજ્ઞાત રહેવા માગે છે. તેમનાં આઠેક પુસ્તકો પ્રગટ થયાં છે, તે સર્વમાં ક્યાંયે તેમનું નામ આવતું નથી. જાહેરમાં એ રીતે આવવું તેઓ પસંદ કરતા નથી. દુન્યવી દૃષ્ટિએ આમ તો તેઓ એક સાધારણ નાગરિક જીવન જીવી રહ્યા છે, કિંતુ જેઓને તેમના નિકટના સતત પરિચયમાં આવવાનું બન્યું છે, તેઓને તેમની આધ્યાત્મિક ચેતનાશક્તિનો એક યા બીજા પ્રકારે અનુભવ થયો છે, પણ એ તો નિકટના પરિચયવાળાઓનો જ અનુભવ ગણાય. કિંતુ ભક્તિમાર્ગ કાર્યાલયના માલિક શ્રીયુત મગનભાઈ દેસાઈ આવા એક તદ્દન અજ્ઞાત અને સમાજમાં સુવિખ્યાત નહિ થયેલા એવા એક જણની કૃતિને પ્રકાશમાં આણવાને ઉદ્યુત થયા તે જરૂર એક પ્રકારની વિશિષ્ટતા છે. શ્રીયુત મગનભાઈ દેસાઈએ આવી રીતે આ લખાણને બહાર પાડ્યું છે, તે માટે અમો તેમનો સવિશેષપણે હૃદયથી આભાર માનીએ છીએ.

હરિજન આશ્રમ, સાબરમતી **હેમંતકુમાર નીલકંઠ**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના **'પુનિત પ્રેમગાથા'** પુસ્તકની પ્રથમ આવૃત્તિ સને ૧૯૪૭માં પ્રગટ થઈ હતી. ત્યાર પછી સને ૧૯૮૫માં બીજી આવૃત્તિ પ્રગટ થયેલી, પણ તે સંક્ષિપ્ત આવૃત્તિ હતી. પ્રથમ આવૃત્તિમાંથી કેટલાંક કાવ્યો કાઢી નાખવામાં આવેલાં. હવે સને ૧૯૯૭માં આ આવૃત્તિની ત્રીજી આવૃત્તિ જ્યારે બહાર પડે છે ત્યારે તેનું મૂળ લખાણ તે સ્વરૂપે જ રહેવા દીધું છે. એટલે આ ત્રીજી આવૃત્તિ અધિકૃત આવૃત્તિ તરીકે ગણાશે. પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમને હર્ષ થાય છે.

પૂજ્ય શ્રીમોટા શરૂઆતમાં અજ્ઞાત રહી અધ્યાત્મ માર્ગદર્શન કરાવતા. તેથી, આ પુસ્તકમાં ક્યાંય તેમનું નામ જોડાયેલું મળતું નથી. તેમ છતાં તેમના ચાહકો અને સ્નેહીઓ તેમની ભાષા અને શબ્દછાયાથી તેમને પકડી પાડતા હોય છે. સમાજના નાનામાં નાના અદના જનને પણ તેઓ સ્નેહવારિથી આપ્તજન બનાવી લે છે.

આ આખું પુસ્તક પ્રેમનું સ્તોત્ર છે. ઈશ્વર પ્રત્યેની અભિમુખતા વિવિધ પ્રેમબિંદુઓથી સ્રવી રહી છે. પ્રેમનાં વિવિધ સ્વરૂપો-લાગણી, સ્નેહ, મમતા, વહાલ, પ્રેમ અને પરાકાષ્ઠારૂપ વાત્સલ્યને જે રીતે અહીં જોવા મળે છે, તે વાંચતાં વાંચતાં જ વાચક પ્રેમલક્ષણાભક્તિમાં ખેંચાઈ જાય છે.

આપણા એક કવિએ પ્રેમને-**'પ્રેમપંથ પાવકની જ્વાળા'**-ગણાવ્યો છે. એમ છતાં પ્રેમમૂર્તિ ચૈતન્ય સ્વરૂપ ઈશ્વર પાસે 'પ્રેમળજ્યોતિ'ની સદા આપણે યાચના કરતા રહ્યા છીએ. જીવનપંથમાં એ પ્રકાશ સિવાય આગળ થોડું વધાય છે ?

આ ગ્રંથની બીજી વિશેષતા એ છે કે તેને - ગુરુદયાળ મલ્લિકજી,

રૈહાનાબહેન તૈયબજી જેવી પ્રેમવિભૂતિઓ તરફથી આ ગ્રંથને સમજવા માટેની સુંદર પ્રસ્તાવના અને આવકાર મળેલાં છે.

આ પુસ્તકના પ્રકાશનમાં અમને શ્રી જયરણછોડ સેવક તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. એ બદલ અમે એમના ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય અત્યંત ચીવટથી અને ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. તેમના સદ્‌ભાવભર્યા સહકારની અમે કદર કરીએ છીએ અને હૃદયપૂર્વક તેમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકની ટાઇટલ ડિઝાઇન આકર્ષક રીતે કરી આપવા બદલ શ્રી મયૂરભાઈ જાનીનો પણ અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ પુસ્તકના ટાઇટલને ચાર કલરમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમે ખૂબ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ગુજરાતી અધ્યાત્મરસિક પ્રજા આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા છે.

હરિઃૐ આશ્રમ, **સી. ડી. શાહ**
નડિયાદ. મૅનેજિંગ ટ્રસ્ટી
તા. ૨૦-૭-૧૯૯૭

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ તેઓશ્રીના સંપર્કમાં નિમિત્તયોગે જે જે સ્વજનો આવ્યાં, તેઓને તેમની કક્ષાને ધ્યાનમાં રાખી જે પત્રવ્યવહાર કર્યો તેવું ગદ્યપદ્ય સાહિત્ય વિપુલ પ્રમાણમાં છે. આવા સાહિત્યમાંથી અનેક સંપાદિત પ્રકાશનો સ્વજનોને ઉપલબ્ધ થયાં છે. **'પુનિત પ્રેમગાથા'**નો સમાવેશ આવાં પ્રકાશનોમાં છે. આ પ્રકાશનની ત્રણ આવૃત્તિઓ સને ૧૯૪૭, ૧૯૮૫ અને ૧૯૯૭માં થયેલી છે. હાલમાં તેની પ્રત ઉપલબ્ધ નથી અને સ્વજનોને તે ઉપલબ્ધ હોવી જોઈએ, આ ભાવનાથી તેની ચોથી આવૃત્તિનું પ્રકાશન કરાયું છે.

પ્રવર્તમાન કાળમાં સમાજમાં 'પ્રેમ'ના અર્થઘટનમાં એક પ્રકારનો ગૂંચવાડો પ્રવર્તે છે. પ્રેમ માત્ર આપવાનું અને સહેવાનું જાણે છે. તેની જાણકારી અને સમજની સ્પષ્ટતા આ **'પુનિત પ્રેમગાથા'**ના વાચનમાંથી સ્વજનો મેળવી શકશે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને પૂરા સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો અગાઉની આવૃત્તિઓની જેમ આ નવી આવૃત્તિને પણ આવકારશે.

તા. ૨૪-૩-૨૦૧૦ **ટ્રસ્ટીમંડળ,**<br>
રામનવમી **હરિઃૐ આશ્રમ, સુરત**

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| સંકીર્ણ | ૧ | પ્રેમની ગતિ | ૫૯ |
| પ્રેમસ્મરણ | ૧૩ | પ્રેમનું યુદ્ધ | ૬૦ |
| આત્મનિષ્ઠ પ્રેમ | ૧૪ | સાચું સુખ શું ? | ૬૧ |
| પ્રભુના પ્રેમની ખાતર | ૧૫ | પ્રેમ-કઠોર કે આર્દ્ર ? | ૬૩ |
| પ્રેમીઓ : | | પ્રેમ વહેણ | ૬૫ |
| પ્રભુનાં પ્રેમ સંભારણાં | ૧૬ | પ્રેમનો જાદુ | ૬૬ |
| માંહી પડ્યા તે મહાસુખ માણે | ૧૭ | પ્રેમનો હેતુ | ૬૮ |
| પ્રેમતાત્પર્ય | ૧૭ | જીવન આદર્શ | ૬૮ |
| પ્રેમસાધના | ૧૮ | કર્તવ્ય માર્ગ | ૬૮ |
| પ્રેમભાવ-જાપ | ૨૦ | ઉત્કંઠા | ૬૯ |
| શરણભાવ | ૨૪ | પ્રેમનું અક્ષયપાત્ર | ૬૯ |
| પ્રેમગંગા | ૨૫ | પ્રેમ સામર્થ્ય | ૭૦ |
| પ્રણયસૃષ્ટિ | ૨૭ | પ્રેમનું પારાયણ | ૭૨ |
| મનચંચળતા | ૨૯ | કલ્યાણમૂર્તિ પ્રેમ | ૭૪ |
| જાગૃતિ | ૩૦ | નિરાગ્રહી પ્રેમ | ૭૫ |
| પ્રેમની હૂંફ | ૩૦ | નિરપેક્ષ પ્રેમ | ૭૮ |
| એકાગ્ર ભાવ | ૩૨ | અંતર્મુખી પ્રેમ | ૭૯ |
| કર્તવ્યધર્મ પ્રેરણાત્મક પ્રેમ | ૩૬ | પ્રેમની ગુલામી | ૮૧ |
| પાર્થિવ પ્રેમ | ૩૯ | જિગર | ૮૨ |
| પ્રેમપથનિર્દેશ | ૪૦ | પ્રેમ તાદાત્મ્ય | ૮૩ |
| પ્રેમપંથનાં વિઘ્નો | ૪૪ | સંસાર-પ્રેમવિકાસની ભૂમિકા | ૮૪ |
| મોહ | ૪૫ | પ્રેમપોકાર | ૮૫ |
| પ્રેમનું રહસ્ય | ૪૭ | પ્રેમકલા | ૮૬ |
| પ્રેમ આધાર | ૪૮ | અંતરંગ પ્રેમ | ૮૮ |
| પ્રેમાગ્નિ | ૪૮ | પ્રેમવેદના | ૯૨ |
| કાર્યસાધકતા | ૫૦ | પ્રેમની કરામત | ૯૪ |
| પ્રેમની અનંતતા | ૫૧ | પ્રેમનું ચૈતન્ય સ્વરૂપ | ૯૬ |
| માંગલ્ય પ્રેમ | ૫૨ | પ્રેમપ્રતાપ | ૯૯ |
| પ્રેમનું વિધાન | ૫૩ | શ્રદ્ધા | ૧૦૧ |
| અનેરો પ્રેમ | ૫૬ | જાગૃત પ્રેમ | ૧૦૩ |
| પ્રેમ ભીખ | ૫૮ | પરસ્પર પ્રેમમેળાપ | ૧૦૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વાત્સલ્ય | ૧૦૭ |
| અનન્ય પ્રેમ | ૧૦૮ |
| પ્રેમમાધુર્ય | ૧૦૯ |
| પ્રેમ-સ્વતંત્ર કે પરતંત્ર? | ૧૧૨ |
| પ્રેમજિગર | ૧૧૫ |
| પ્રેમ સત્કારભાવના | ૧૧૭ |
| પ્રેમની ચેતવણી | ૧૧૯ |
| વહાલાંઓને આર્તનાદ | ૧૨૨ |
| પ્રભુ પ્રેમ એટલે જ સાધના | ૧૨૪ |
| પ્રેમ એટલે આશા | ૧૨૫ |
| શુદ્ધ પ્રેમની શક્તિ ને લક્ષણો | ૧૨૫ |
| અનુભવગમ્ય પ્રેમ | ૧૨૭ |
| પ્રભુસ્મૃતિમાં જ પ્રાણશક્તિ | ૧૨૯ |
| પ્રેમની યાચના | ૧૨૯ |
| અતૃપ્ત પ્રેમ | ૧૩૦ |
| પ્રેમનું દર્દ | ૧૩૨ |
| પ્રેમનો વલોપાત | ૧૩૬ |
| મૂર્તિયોજક પ્રેમ | ૧૪૦ |
| અભેદ પ્રેમ | ૧૪૩ |
| ઘરેડમુક્તિ | ૧૪૫ |
| સાચું સુખ | ૧૪૬ |
| પ્રેમભક્તિનાં લક્ષણો | ૧૪૯ |
| પથિકને ઉદ્‌બોધન | ૧૫૨ |
| પ્રેમનો તલસાટ | ૧૫૪ |
| સાધનામર્મ | ૧૬૪ |
| વૃત્તિઓ | ૧૬૭ |
| પ્રેમભક્તિભાવ | ૧૭૩ |
| આચરણ વિધિ | ૧૭૫ |
| એક સ્વજનની લૌકિક પ્રેમવૃત્તિ | ૧૭૭ |
| સ્વજનોને પ્રાર્થના | ૧૭૯ |
| સાચો પ્રેમ | ૧૮૧ |
| પ્રેમવર્તન | ૧૮૫ |
| પ્રેમ એટલે તપશ્ચર્યા | ૧૮૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વહાલાંઓ પ્રત્યેનો ભાવ | ૧૮૭ |
| પ્રેમપ્રાપ્તિ માટેનાં લક્ષણો | ૧૮૮ |
| પ્રેમસ્વરૂપ | ૧૯૦ |
| પ્રેમઅનુભવ | ૧૯૨ |
| પ્રાર્થના | ૧૯૩ |
| પ્રેમભાવ સ્પર્શ | ૧૯૫ |
| પ્રેમવલણ | ૧૯૭ |
| પ્રેમ-સર્વના જીવનમાં સુમેળ કરાવશે | ૨૦૦ |
| પ્રેમ સમજ લક્ષણો | ૨૦૧ |
| પ્રેમને પ્રાર્થના | ૨૦૪ |
| પ્રેમ ને આત્મનિવેદન ભાવ | ૨૦૬ |
| વહાલાંઓને પદે | ૨૧૧ |
| મહોબતની મીઠી લહેજત | ૨૧૨ |
| જીવનપ્રેમ | ૨૧૩ |
| પ્રેમભાવના | ૨૧૩ |
| પ્રેમનું ગૂઢ સ્વરૂપ | ૨૧૬ |
| પ્રેમ-સાધના જીવન | ૨૧૮ |
| પ્રેમસંબંધ | ૨૨૧ |
| પ્રેમવંદના | ૨૨૪ |
| પ્રેમશક્તિ | ૨૨૯ |
| પ્રેમભક્તિ | ૨૩૩ |
| પ્રેમનાં વર્તન રીત | ૨૩૭ |
| પ્રેમની ન્યારી રીત | ૨૪૧ |
| ઝંખના-પ્રેમ | ૨૪૨ |
| પરાત્પર પ્રેમ | ૨૪૩ |
| પ્રેમપ્રાપ્તિ | ૨૪૪ |
| પ્રેમ-વિવિધતા સમન્વય | ૨૪૫ |
| પ્રેમભાવની કૃતાર્થતા | ૨૫૦ |
| સર્વ સમર્થ પ્રેમ | ૨૫૧ |
| પ્રેમપ્રાકટ્ય | ૨૫૩ |
| પ્રેમશાસ્ત્ર | ૨૫૯ |
| જન્મમૃત્યુના રાસ | ૨૬૧ |

# પુનિત પ્રેમગાથા

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

# પુનિત પ્રેમગાથા

અનુષ્ટુપ

પ્રસાદી પ્રેમરૂપે જે વ્હાલાંઓ મુજને મળ્યાં,
તેમના જીવને પ્રેમભાન ઊંડું જગાડવા,

કૃપાથી પ્રેમનાં શક્તિ, ભાવ ને જ્ઞાન જીવને
-પૂરાં ઉતારવા જેવો તેવો આ જ પ્રયત્ન છે.

જેમણે પ્રેમ આપ્યો છે તેમને ધન્યવાદ સૌ,
પ્રેમના તે પ્રભાવેથી તેમનામાં જીવી શક્યો.

પ્રેમની ભાવના હોઉં શક્યો જો સમજાવી હું,
પ્રતાપ પ્રેમીનો તે સૌ, પ્રસાદ તેમનો ગણું.

જીવજો જીવજો વ્હાલાં, પ્રેમના જીવને સદા,
સંતોષ પ્રેમને આપી પ્રેમમાં ભળજો પૂરાં.

જેમનાથી લખાયું આ તેમનાં પદપંકજે,
કૃતકૃત્ય થવા પૂરું, પ્રભુ એને જિવાડજો.

શાર્દૂલવિક્રીડિત

ઊંડી વૃત્તિ રહો હૃદે સ્થિર પદે, ત્યાં લક્ષ્ય એનું હજો,
એવો પ્રેમ પ્રભુ હૃદે લગની તે તારી સદા આપજો.

મારા જીવનનું ખરું હૃદયથી તું દૃષ્ટિબિંદુ હજો,
તારે માટ જીવી શકું જગતમાં સૌ એવું જિવાડજો.

વસંતતિલકા

જે શક્તિએ જીવનમાં રસ ઉદ્‌ભવાવ્યો,
જે શક્તિએ જીવનની કંઈ ઝાંખી દીધી,

જે શક્તિએ ઉર સચેતન મારું કીધું,
તે શક્તિ ઉર પ્રકટી વસી ત્યાં સદા રો'.

જે શક્તિ દિવ્ય સચરાચરમાં પડેલી,
તે શક્તિ દિવ્ય પ્રકટો મુજ અંતરાત્મે,

ને તે મને જીવન ચેતન પ્રાણ પ્રેરો,
ને ભાવ કર્મ હૃદયે ઊતરાવજો સૌ.

જે પ્રેમની કહીંય કોઈ સીમા મળે ના,
જે પ્રેમની પરખી કો ન શક્યું મહત્તા,

જે પ્રેમનાં અણુ ચરાચરમાં ભળેલાં,
તેમાં ભળી નવીન ચેતનતા લહો ત્યાં.

શિખરિણી

બધાંનો રેડાયે મુજ પર સદા પ્રેમ હૃદયે,
બધાંનીયે રે'છે અમી નજર મીઠી મુજ પરે,
બધાંનીયે વર્ષે કંઈ ભલી દુવાઓ મુજ શિરે,
કૃપા સાચે એને મન સમજું સાક્ષાત પ્રભુની.

તા. ૧૮-૪-૧૯૪૦

૧

મંદાક્રાંતા

પ્રભુ જે જે માગે, દઈ નવ શક્યા સર્વ દિલથી,
પ્રભુ જેવું ઇચ્છે, થઈ નવ શક્યા દિલ કરીને,

પ્રભુ જેવું વાંછે, જીવી નવ શક્યા પ્રેમ કરીને,
અમે અંધા તોયે પ્રભુ તરફનો પ્રેમ ચહીએ.

તા. ૧૦-૪-૧૯૪૦

૨

જગે વ્હાલાં કાજે ચરણ ચગદાઈ રજ થવું,
જગે વ્હાલાં કાજે નિજ સઘળું કૈં ત્યાગ કરવું,

જગે વ્હાલાં કાજે જીવનભર ન્યોછાવર થવું,
જગે વ્હાલાં સાથે રસબસ થઈ એક બનવું.

ભલે વ્હાલાં છોને હૃદય સરસો પ્રેમ ન કરે,
ભલે વ્હાલાં છોને નયન તીર છોડે તમ પરે,

ભલે વ્હાલાં છોને જીવનભરના સાથી ન રહે,
છતાં વ્હાલાં કાજે હૃદય કુરબાની જ કરવી.

*તા. ૩-૯-૧૯૪૦*

વસંતતિલકા

જો પ્રેમ એ જ પ્રભુ હો, તુંય પ્રેમ મારે,
તો તું ન કાં પ્રભુ મને ? તુજ પાય વંદું.

'સાચું છતાં મધુર બોલવું શાસ્ત્ર ભાખે',
જાણું હું મૂઢ, પણ આચરતો નથી તે.

એનાં તીખાં તમતમાં વચનો સહી લો,
રાખ્યા જ નિત્ય કરશો દૃઢ પ્રેમ એવો.

તા. ૨૩-૪-૧૯૪૦

શિખરિણી

થવા દ્યો સૌ છોને કંઈ પણ થતું જે મન વિશે,
ખીલે જો બાંધેલું ખસી ખસી જઈ કેટલું જશે ?

રહ્યા સાક્ષી ભાઈ સતત કરશો, ના મચક દ્યો,
લગાતારે યજ્ઞે રસ થકી દીધા અંજલિ કરો.

ભલે છોને મારી સતત ન રહે યાદ તમને,
હૃદે શાંતિ છે કે તમ સ્મરણ મારે દિલ વસે,

અને તેથી તો કૈં મુજ હૃદય આશ્વાસન વળે,
'ગમે કો રીતે તે પણ જગવશે દર્દ તમને.'

વસંતતિલકા

જે પ્રેમની પ્રભુ થકી ઉર આશ ધારો,
તે પ્રેમ દ્યો પ્રભુપદે નિજને નીચોવી,

તે પ્રેમ કાજ ખૂબ તત્પરતા બતાવી,
નિત્યે ફના ઉર થયા કરજો ઉમંગે.

* * *

તે ત્યાગમાં રસ ઉમંગ પડ્યા કરે જો,
તો પ્રેમ એ હૃદયનો તમ ઠીક માનો.

* * *

જે હિંમતે, ધીરજથી, દૃઢ નિશ્ચયેથી,
વિશ્વાસ, ટેક, નિજમાંહી પૂરાં ધરીને,

પોતાનું યોગ્ય કરવાનું કર્યાં કરે છે,
તેને નિરાશ બનવાપણું ના રહે છે.

* * *

ઉપજાતિ

કેવી વસંતે શી બહાર આવી,
શાં ફોરમે ફૂલ હૃદે ભરેલાં !

ચૈતન્ય કેવાં જગમાં ઝરેલાં !
ખીલ્યા કરો એવું સદાય વ્હાલાં.

તા. ૨૯-૩-૧૯૪૦

૨

માલિની

જગતજન કહે કે પ્રેમમાં અશ્રુ શાને ?
હૃદયની ભીરુતા શી વ્યગ્રતા આટલી તે !

અનુષ્ટુપ

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે ઊર્મિ માનવી ઉર તેહને,
પ્રેમની ભાવના ઉગ્ર ચેતનામાંહી ફેરવે,
જાગેલી શક્તિનો હેતુ જાગૃતિથી રહ્યો હશે,
જાગેલી ચેતના ભારે કાર્યસાધક ત્યાં બને.

૩

શિખરિણી

તમન્ના જાગેલી હૃદય પ્રગટાવે રસકળા,
સદાયે ખેંચાવે સહુ તરફનો પ્રેમ હૃદયમાં,
રખાવો તે તારે પદકમળ આસક્તિ મમતા,
કરો એવું જેથી હૃદય પ્રગટે તારી પ્રભુતા.

* * *

મંદાક્રાંતા

વ્હાલાં સાથે મનહૃદયના ભેદ સૌ ટાળવાને,
સ્હેવા ભારે સતત પડશે કૈંક આઘાત પ્રેમે,

સ્હેજે કૈંયે વગર ખટકે તે સહી સર્વ લેજે,
હૈયે ઊંડી મદદ કરજે ભાવમાં મસ્ત રૈ'ને.

વ્હાલાંઓની હૃદયમહીંની એકતા જામવાને,
વ્હાલાં સાથે મન, ચિત, હૃદે એક થાવાનું રે'છે.

શિખરિણી-મંદાક્રાંતા

પ્રભુભાવે તે તે સહન કરવાનું વિકાસાર્થ રાખો,
અને તે સ્હેવામાં સ્મરણ પ્રભુનું ઊર્ધ્વભાવે દઢાવો.

* * *

અવજ્ઞા કોઈની કદી ન કરવી કોઈ વેળા કદાપિ,
અવજ્ઞા પામો છો અવર જનથી તેથી તો આપ ત્યાં શી !

ધર્યે ખોટું નાણું અવર કરમાં પાછું પોતે ફરે છે,
બીજાને જે આપો તમ હૃદયમાં આપમેળે ફળે તે.

* * *

જગે સારું ખોટું અનુભવ કરી તોળીને ઉર જોવું,
અને તેનેયે તે મનથી પકડી આગ્રહે રાખવું ના,

હશે તેનાથીયે પર પણ કશું સત્ય નિરાવલંબી,
ગ્રહેવાને એને હૃદય રહેવું મુક્ત, શ્રદ્ધાળુ, ખંતી,

અનુષ્ટુપ

એકલા વીર્યના જોરે કેવાં કૈંક પરાક્રમો,
થયેલાં આપણે જોયાં માન્યામાંય ન આવતાં,

વીર્યથી આત્મની શક્તિ કૈંક પાર, અપાર છે,
આત્મસંકલ્પની સિદ્ધિ* એ તો ગૂઢ અગાધ છે.

* * *

ઈચ્છાશક્તિ વધેલી જે વાપર્યા કાર્યમાં કરો,
સંકલ્પશક્તિ એવી શી જણાશે ઉર આપમાં.
દાંતથી તો ઉપાડે કો કેટલો ભાર કૈં ઘણો,
વાળકેરી લટોથી કો ઊંચકે ભાર શો ઘણો.
કેળવ્યાથી મળે છે તે શક્તિ એવી બધી જગે,
કેળવ્યા વિણ ના કાંઈ કશું આપણને મળે.

૪

મંદાક્રાંતા

ઇંદ્રિયોના અનુભવ થકી દોરવાઈ ન જાવું,
ઇંદ્રિયોના અનુભવમહીં એકમેળે ન થાવું,
ઇંદ્રિયોના અનુભવરૂપે સત્ય તે તે ન જોવું,
ઇંદ્રિયોના સ્વરૂપથી પૂરું આપણે જુદું રે'વું.

* * *

ઇંદ્રિયોની સમજણ થકી ટેવ જેવી પડી છે,
તેથી ઊંધો અનુભવતણો લાભ લેવો રહ્યો છે,
ઇંદ્રિયોથી અલગપણું જ્યાં આપણે ઠેરવીશું,
એવો ઊંડો અનુભવ થતાં આપ પોતે જણાશું.

* * *

---

*શક્તિ

ઇંદ્રિયો સૌ મન, ચિત, બધાં આપણાં સાધનો છે,
એ સૌને તે હૃદ પકડથી આપણે લાવવાં છે,
કેવો દોડે વિણ પગ છતાં સાપ અત્યંત વેગે,
ઇંદ્રિયોનું સ્થૂળ ત્યમ બધું સૂક્ષ્મ ઉદ્‌ભાવવાને.

૫

મંદાક્રાંતા

બુદ્ધિની તે સમજણ થકી ખાલી કાંઈ ન પામો,
જે કૈં આવે સમજણમહીં ઉર ઊંડું ઉતારો,
લેવા એવા અનુભવ ઊંડો ઉર એકાગ્ર રૈ’ને,
મંડ્યા રે’વું સતત હૃદયે ને ઊંડો લાભ લેવો.

* * *

વેપારે તો જ્યમ ધન થકી લાભ ત્યાં મેળવાયે,
બુદ્ધિ સાથે પણ નવ હતે યોગ્ય, તો ના ફવાયે,
ઇંદ્રિયો સૌ મન, ચિત, બધાં બુદ્ધિ એવી રીતે છે,
જેવું વાવ્યા સતત કરશો તેવું પામી શકાશે.

ઇંદ્રિયો ને મન, ચિત, બધાં બુદ્ધિ સૌ શક્તિરૂપે,
જેવું લેવા હૃદય ધરશો કામ તે તેવું દેશે,
લેવા ધાર્યું કંઈક પણ હો કામ, તેમાં પરોવી,
રાખી સૌને સતત હૃદયે કામ તે પાર પાડો.

ખાલી ખાલી સમજણ વધે બુદ્ધિથી એકલી તે,
ઇંદ્રિયોની પકડમહીં તે આવતાં કામ ના’વે,
કાચી માટીતણી બની ભલે આકૃતિ, પાણી લાગ્યે,
માટીરૂપે ફરી થઈ જશે એવી ને એવી પોતે.

## ૬

### શિખરિણી

પડી રે'વા દેજો તમ હ્રદયના કોઈક ખૂણે,
તમારો જાણીને કંઈક મુજને ચાહ તમ દૈ,
ગમે તેવો તોયે સ્વજન તમ જે પાલવ પડ્યો,
નિભાવી લ્યો એને તમ ઉર કરી પાલન પૂરું.

* * *

તમે તો કૈં કૈં દો કંઈ પણ દઈ હું નવ શકું,
ભિખારી હું તો છું પ્રભુપદપ્રભાવે જીવી શકું,
તમારી પાસેનું સઘળું લઈ લેવા પદ ચહું,
નથી સત્તા પાસે પ્રભુપદ પુકાર્યાં નિત કરું.

* * *

વિચારો વિકારો, વિષય હુમલા છો જ કરતા,
હ્રદે એમાં ઊંડો કદી પણ ન લેશો રસ જરા,
પ્રસંગોથી એવા સમજી અળગાં દૂર બનજો,
બધે ચોકી પ્હેરા અડગ મૂકીને જાગૃત થજો.

* * *

હજારો ગાઉનું અતિશય ભલે અંતર રહ્યું,
ભલેને છો એવા હજી કંઈ રહ્યા ભેદ મન શું !
વળી છોને જાળાં નયન પડળો ઉપર વળે,
તમો ચાહેલાંને મુજ કરીશ જંપીશ પછી હું !
થશે શી રીતે તે મુજ મન કહી તે નવ શકે,
થશે ક્યારે તેવી સમય ગણના ના ધરું હ્રદે,
કૃપાથી એની તે પ્રિય પ્રભુતણા નામ રસનું,
પથે ભાથું લાધ્યું, મુજ હ્રદય તે સાધન વડું.

*તા. ૨૮-૩-૧૯૪૦*

શિખરિણી

પ્રભુએ જે દીધું સમજી શુભ, સત્કાર કરજો,
પ્રભુએ જે દીધું પદ ધરી અતુલું બનાવજો,
પ્રભુએ જે દીધું નિજ જીવન તેથી દીપાવજો,
પ્રભુએ આપેલું પદકમળ પાછું શમાવજો.

* * *

ઉપજાતિ

જે પ્રેમથી લાગણી ઊભરાય,
જે પ્રેમથી વ્હાલભર્યું થવાય,
જે પ્રેમ હૈયાં સહુનાં વલોવે,
તે પ્રેમ રે'જો ઉર સાથી સૌને.

* * *

શિખરિણી

હિમાળેથી ગંગા ઊતરી રસસૌંદર્ય જગ દે,
હિમાળેથી ગંગા ઊતરી જગને રંજિત કરે,
હિમાળાની ગંગા હરિરસતણું ગાન ગજવે,
કૃપાગંગા એવી પ્રભુતણી ઝરો માનવ હૃદે.

* * *

શાર્દૂલવિક્રીડિત

મારી વૃત્તિ રહો હૃદે સ્થિર પદે ત્યાં *લક્ષ એનું હજો,
એવો પ્રેમ મને હૃદે લગની તે તારી પ્રભો આપજો.
મારા જીવનનું ખરું હૃદયથી તું દૃષ્ટિબિંદુ થજો,
તારે માટ જીવી શકું જગતમાં એવું જ જિવાડજો.

---

* લક્ષ્ય

ગરબી

**('મારાં નયણાંની આળસ રે'એ ઢાળ)**

આવો સ્વજનો સૌ વ્હાલાં રે, અંતર રમીએ,
એકમેકથી અળગાં રે કદીએ ના થઈએ,
હૈયે હૈયાં મિલાવી રે હૃદય પટમાં રહીએ,
અને એકાગ્ર ભાવે રે પ્રભુને ચિંતવીએ.

*તા. ૨૬-૯-૧૯૪૧*

* * *

શિખરિણી

પ્રભુશક્તિ જેમાં દીસતી કંઈ જે હોય તમને,
ધરો એને માટે તમ હૃદયમાં ખ્યાલ દૃઢ તે,
અને એને આપો પ્રભુતણી મહત્તા હૃદયમાં,
છતાં એ તો ખાલી મતલબી જ વાણોતર નર્યો.

* * *

તમારું ભેળાવું સ્મરણ પ્રભુના તે સ્મરણમાં,
તમારા ભાવોને પૂરું હું પ્રભુના ભાવદીપમાં,
અને શ્રદ્ધા આશા મમ હૃદય વિશ્વાસ તમ કૈં,
પરોવી લૈ તેમાં અગણિત થવા તે પદ ધરું.

તમારી સૌ ચિંતા ચરણ ધરી નિશ્ચિંત બનું હું,
તમારા ખ્યાલોને પ્રભુ શ્રવણ પ્હોંચાડી વિરમું,
દઉં છું સૌ સોંપી તમ ધમપછાડા પ્રભુપદે,
'ગમે તે ફાવે કૈં પ્રભુ, સહુ કરો યોગ્ય' વીનવું.

* * *

શાર્દૂલવિક્રીડિત

હૈયે સંઘરશો નહિ કંઈ કશું, કાને પડ્યું જે બધું,

પ્રોવું જીવનકામમાં મન સદા, ના વ્યગ્ર કો દી થવું,
ફાવે તે કરશે ભલે જગ બધું તે સાથે તે શી પડી ?
રે'જો મસ્ત સદા તમે જીવનથી રૈ' એક એનામહીં.

* * *

પૈસો ને પરિવાર, કીર્તિ, મમતા, સંસાર એવો સૂઝ્યો,
ને એથી પર લક્ષ ક્યાંય ન ગયું એવી હજી મૂઢતા,

ભાંગી તે ભ્રમ આપણો દિલ હવે, હે તાત ! ઉદ્‌ભાવજો,
એવી ઉત્કટ પ્રેમજ્યોત સઘળું કે ભસ્મ સૌ થૈ જજો.

* * *

હૈયેથી ભ્રમણા બધી નીકળજો, સૌ એકભાવે થજો,
જે સંબંધ મળ્યો જગે સહુતણો, તે મર્મ ઉકેલજો,

હેતુ સંકલના ઊંડી, પ્રભુની શી ! તે અર્થગાંભીર્યને,
સૌએ આપણા દિલમાં સમજીને તેવું સદા વર્તીએ.

* * *

આવે એકબીજાં પ્રતિ મનમહીં કૈં અન્યથા ભાવ જો,
પૂરું ઉર તપાસજો ફરી ફરી ને મૂળ તે શોધજો,

ભાવે ભાવ થકી સદા ઊછળજો હૈયાતણો પ્રેમ તે,
ને પ્રેમે ન્હવરાવશો જીવનને શ્રદ્ધાની તે ભક્તિએ.

* * *

હૈયે દર્દ થતું બધું જણવજો, છૂપું ન કૈં રાખશો,
કો દી ના મનને કરો ઉકરડો, ખાલી જ રાખ્યા કરો,

આવે કૈંક વિચાર તે જણવજો ખુલ્લું કરી ઉરને,
ને આ જીવન જે મળ્યું ખીલવી તે અર્પો પ્રભુના પદે.

વસંતતિલકા

સંસારના રસથી ઊઠતી ઉર દુગ્ધા,
સંસારના રસથી ખૂબ થતા કઢાપા,
એવા જ સર્વ વ્યવહારમહીં ડૂબો કાં ?
જાગો ! ઊઠો ! સમય વ્યર્થ ગુમાવશો ના.

* * *

ખાબોચિયાંમહીં ન ડૂબી હવે રહેશો,
ને ઊર્ધ્વગામી ઊડવા ઉર ખૂબ ચ્હાશો,
જે ભાવનાધન મળ્યું પ્રભુની કૃપાયે,
એનો કરો સતત્ સદ્વ્યય પ્રેમથી તે.

* * *

હૈયાથી રેલ રસની પ્રભુપાદપદ્મે,
ને ત્યાં ઉમેરી ગતિ પ્રેમની વ્હેવરાવો,
સંસારનો રસ બધો પછી તુચ્છ લાગે,
સંસારમાં રસ પછી પ્રભુનો જણાશે.

* * *

શિખરિણી

તમન્ના જાગેલી હૃદય પ્રગટાવો રસિકતા,
સદાયે ખેંચાવો સહુ તરફનો પ્રેમ દિલમાં,
રખાવોને તારે પદકમળ આસક્તિ મમતા,
કરો એવું જેથી હૃદય પ્રગટે તારી પ્રભુતા.

## પ્રેમસ્મરણ

શિખરિણી

ભલે આવો આવો સ્મરણ મધુરાં પ્રેમી જનનાં,
ભલે આવો આવો સ્મરણ ઉર ઉલ્લાસ ભરતાં,

ભલે આવો આવો સ્મરણ, રસ ને ચેતન ભર્યાં,
હૃદે પ્રેમીઓનો પ્રણય નવ કૈં બંધન કરે.
નડે જો કૈં સ્હેજે કદી સ્વજનનો પ્રેમ જીવને,
ન તે જાણો સાચો ખચીત ભ્રમણા ત્યાં કંઈક છે,
મળ્યે એવો સાથી જીવનપથમાં એક પણ તે,
વીતાવ્યા આનંદે જીવન કરીને ધન્ય બનવે.

*કરાંચી* *તા. ૧૯-૮-૧૯૩૯*

## આત્મનિષ્ઠ પ્રેમ

ઝૂલણા

પ્રેમના રાજ્યમાં કોઈ છે ભાઈ ના,
માત ને તાત ત્યાં કોઈ છે ના,

ત્યાં સખા કોઈ ના, સ્નેહી સંબંધી ના,
પ્રેમના સાગરે લ્હેર બસ ત્યાં.

પૃથ્વી, આકાશ ને વાયુ ત્યાં ના મળે,
તત્ત્વ પાંચે નથી ત્યાં તપાસ્યે,

ભેદ અભેદનો ખ્યાલ પણ ત્યાં નથી,
સ્થૂળ ને સૂક્ષ્મ ના ક્યાંય દીસે.

પ્રેમની જ્યોત જ્યાં દિલમાં ચેતશે,
તેજ તિમિરનો ભેદ ત્યાં ના,

સર્વ જુદું જુદું ભાસતું વિશ્વ જે,
સર્વ તે લાગતું એક થાશે.

પ્રેમના ભાવમાં ‘હું’ ‘તમે’ એમ બે,
તન જુદાં નથી એકમાં છો,

તો પછી ભિન્નતા કાં તમે અનુભવો ?
પ્રેમમાં પ્રેમની જ્યોત જગવો.

*કરાંચી,* *તા. ૧૩-૯-’૧૯૩૯*

## પ્રભુના પ્રેમની ખાતર

ગઝલ

કર્યા કરજો જ કુરબાની પ્રભુના પ્રેમની ખાતર,
કર્યા કરજો સમર્પણ મન પ્રભુના પ્રેમની ખાતર,

થજો જઈ વારી ન્યોછાવર પ્રભુના પ્રેમની ખાતર,
કર્યા કરજો જ સર્વાર્પણ પ્રભુના પ્રેમની ખાતર.

તમન્ના એકલા એની સતત્ હૃદયે ધર્યા કરજો,
કદી એના વિના બીજું સ્મરણ ના કોઈનું કરજો,

બનો પૂરેપૂરાં ગાંડાં પ્રભુના પ્રેમની ખાતર,
ભૂલી સર્વસ્વ નિજ જાઓ પ્રભુના પ્રેમની ખાતર.

હૃદય એ પ્રેમ અગ્નિને જલાવા આહુતિ દેજો,
ફીટે ભિન્નત્વ જેથી સૌ હૃદય રસ રેલ છલકાવો,

ફના થાઓ ફના થાઓ પ્રભુના પ્રેમની ખાતર,
ફના પૂરું થવાયા તે વિના ના પામશો જીવન,

ફનામાંથી જીવન સાચું જીવન ચાવી મળી રે’શે,
ફનામાં જિંદગાની છે કદમબોસી ફનામાં છે.

*કાનપુર* *તા. ૨૫-૯-૧૯૩૯*

# પ્રેમીઓ : પ્રભુનાં પ્રેમ સંભારણાં

મંદાક્રાંતા

વ્હાલાં વ્હાલાં સ્વજન ! કરજો પ્રેમથી ઉર મુગ્ધ,
વ્હાલાં વ્હાલાં સ્વજન ! કરજો સ્નેહથી ઉર સ્નિગ્ધ,
વ્હાલાં વ્હાલાં સ્વજન ! કરજો ભાવથી ઉર ભીનું,
વ્હાલાં વિશ્વે મનહૃદયનું પ્રેમનું પાન મીઠું.

હૈયે ઊંડાં સ્મરણ કરવાં પ્રેમીને, એક લ્હાણું,
હૈયે ઊંડાં સ્મરણ કરવાં પ્રેમીને, એક ખાણું,
હૈયે ઊંડાં સ્મરણ કરવાં પ્રેમીને, દિવ્ય કેવું !
હૈયે ઊંડાં સ્મરણ કરવાં પ્રેમીને, ધન્ય થાવું.

પ્રેમીઓ તો પ્રભુ તરફનાં પ્રેમ સંભારણાં છે,
સ્નેહીઓ તો હરિહૃદયનાં ભાવનાં છાંટણાં છે,
વિશ્વે વ્હાલાં અમૃત ઝરણાં દિવ્ય એ તો પ્રભુનાં,
એવાં વ્હાલાં જીવન મળજો હેતના પ્રેમ થાવા.

*હરિજન આશ્રમ સાબરમતી* *તા. ૫-૨-૧૯૪૦*

* * *

શિખરિણી

અનાસક્તિવાળા પ્રણયરસથી ચેતન ઝરે,
ઊંડા પ્રેમે જાગે અવિરત અભેદોર્મિ હૃદયે,
રસે જે પ્રેમેથી હૃદય હૃદયો સાથ ભળતાં,
વધ્યા તે પ્રેમોર્મિ હૃદય કરજો લક્ષ્ય પદમાં.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૧૭-૨-૧૯૪૦*

## માંહી પડ્યા તે મહાસુખ માણે

અનુષ્ટુપ

પ્રેમના અગ્નિમાં જેણે નાખ્યું છે પડતું ખરે,
પ્રેમની જ્યોતની જ્વાળા એને કેમ ન લાગશે ?
પ્રજાળી સર્વ અંગોને ભસ્મીભૂત બનાવશે,
યજ્ઞમાં સર્વ હોમાવા પૂરો યોગ કરાવશે.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૧૭-૨-૧૯૪૦*

## પ્રેમ તાત્પર્ય

અનુષ્ટુપ

પ્રેમનું માપ જે લેવા જશે તે ભૂલશે હૃદે,
પ્રેમને માપી તે લેશે પ્રેમમાં જે ભળી જશે.
પ્રેમની શક્તિને કર્મે ચેતીને ખર્ચતાં રહી,
કામમાં લક્ષ જે ધારે એવો ધ્યેય વરે સહી.
ભાવ તો કર્મથી શ્રેષ્ઠ કર્મ છે માત્ર સાધન,
કામ તો પ્રેમનો સાંધે હૈયામાં મેળ જીવન.

શાર્દૂલવિક્રીડિત

શા શા રાસ રચાય છે નવનવા વૃત્તિ કૂંડાળાં રચી !
ને શા હ્રાસ થઈ જતા અવનવા સ્હેજે ઘડી વારમાં !
જન્માવે પલકારમાંહી, પલકે શું મૃત્યુ ઉદ્ભાવતો !
એ તારી ઘટમાળમાં અમર થૈ રે'વા કૃપા દે પ્રભો !
કેવું પ્રેમસ્વરૂપ દિવ્ય રસીલું શું મુગ્ધરૂપે રસ્યું !
તે આકર્ષણ જાદુ કે અવનવું દુર્ગા અને કાલી શું !
લીલા પ્રેમકળા ખરી જીવનમાં સર્જ્યા કરે સૃષ્ટિ શી !
મૃત્યુ જન્મ થયા કરે પળ પળે તોયે રહી એક શી !

# પ્રેમસાધના

અનુષ્ટુપ

હજારો વસમા તર્કો કદી અંતર ઉદ્‌ભવે,
તોય સર્વ ધરી હૈયે તાટસ્થ્યે વર્તવું ઘટે.

કદી ખોવા ન દેવી તે ચિત્તની સમતોલના,
આકરાયે પ્રસંગોમાં રાખવી પ્રભુભાવના.

તૂટતા આભને ઝીલી લેવાની શક્તિ જ્યાં થશે,
આર્તનાદ જશે ઊંડો હૈયાની વ્યગ્રતા જશે.

સંજોગો જે મળે કૈં કૈં મળે શિક્ષણ કારણે,
કૃપા એ તો પ્રભુની છે તેમ માની ગ્રહો હૃદે.

વધારે ને વધારેય પ્રસન્નચિત્ત રાખવું,
વધાર્યા તે કરી માત્રા આનંદમસ્ત વર્તવું.

સૌ સાથેનો જ સંબંધ વિકાસાર્થ મળ્યો જગે,
સૌમાંથી લાગણી ભાવ તેથી લેવા ચહો હૃદે.

ભાવના-પ્રેમ આવેશ હૈયામાં તે વધારવાં,
તેમનાં વેગ ને શક્તિ કર્મમાંહી પરોવવાં.

કૃપા પ્રેમ પ્રભુકેરો ઊંડો મેળવવા ચહો,
મહત્ત્વ જીવને આપી કર્મે ભાવ રહ્યા જજો.

ખપાવી નાંખવો ના તે અન્યથા વ્યવહારમાં,
વર્તવું સાવધાનીથી જાગૃતિ ખંતથી સદા.

પ્રેમ એમ નથી રેઢો, પ્રેમી પૂરું થવું પડે,
પ્રેમથી પ્રેમ વાધે છે હૈયું નિઃશંક જો હશે.

બીજાની ગણના કાંઈ દિલમાં નવ ધારવી,
સમાઈ આપમાં રે'વું સાધકે નિશ્ચયે રહી.

દિલનો ભાવના ઓઘ કર્મે ઉતારતાં જતાં,
ભાવની ગાઢતા જામે, કર્મનું શું મહત્ત્વ ત્યાં !

સંસારી કર્મમાં ચિત્ત જતાં ત્યાં ભાવ રાખજો,
નકામું ના કશું જાણો, પ્રેમભાવે બધું લહો.

દિલને ચીરતા એવા કદી વિચાર આવતાં,
રોકી ત્યાં શકવા ચિત્ત ભાવ લો ઉપયોગમાં.

વંટોળેથી વિચારોના કદીયે ઊડી ના જવું,
સ્થિર રે'વું હૃદે ત્યારે ઊલટું વેગથી ઘણું.

શ્રદ્ધા, વિશ્વાસ ને પ્રેમ, ઊંડી આદર ભાવના,
નમ્રતાની તમન્ના સૌ રાખશે શરણે તદા.

નિશ્ચિંતતા થકી પોષો પૂરી સરળતા હૃદે,
પ્રેમશક્તિ ગ્રહેવામાં કાર્ય સાધક તો થશે.

બીજાનો દોષ જોવાતાં આપણે ચેતવું હૃદે,
બીજાનો ગુણ થોડોયે પ્હાડ જેવો ગણો હૃદે.

નીચું તો આપણે સૌથી થવાનું રહ્યું છે હૃદે,
અહંકારતણો નાશ તે વિના ના કદી થશે.

સાધકે કરતાં રે'વું પોતાકેરું નિરીક્ષણ,
તટસ્થ જો રહો, થાય પોતાનું સર્વ દર્શન.

સાધનાથી મળેલી જે શક્તિ, દોષ સુધારવા,
વાપર્યા કરવી એ તો ધરી જાગૃતિ દક્ષતા.

એવી શક્તિ કૃપા એણે શુદ્ધ આધારને થવા,
નોતર્યા કરતાં રે'વું પ્રાર્થના ભાવથી સદા.

વિચારો સૌ ઘડેલા જે વર્તતાં વર્તતાં સદા,
નિરાગ્રહી રહેવું ત્યાં પોતાનું સૌ તપાસતાં.

મન, ચિત્ત, મતિ, પ્રાણ હૈયે એક બની જશે,
ત્યારે જ દિવ્ય શક્તિનું ભાન સાચું હૃદે થશે.

આપણે આપણી સાથે પ્રોઈ રે'તાં નિરંતરે,
પ્રેરણા પ્રભુની ત્યારે મળે શી શક્તિ અંતરે !

કર્મમાં ભાવ રાખીને પ્રભુપ્રીત્યર્થે સૌ કરો,
કશુંયે જે કરો તે તે પ્રભુપાદે સમર્પજો.

વહેવા પ્રેમ દો નિઃસંકોચ હૃદે થઈ,
પ્રેમથી પ્રેમનો ભાવ દઢાવો નિત્ય આપથી.

*કરાંચી* *તા. ૨-૩-૧૯૪૨*

## પ્રેમભાવ-જાપ

શિખરિણી

તને ચ્હાતાં રે'વા નિત નિત* મને વેગ મળજો,
તને ચ્હાતું રે'વા અનુભવ હૃદે પ્રાણ પૂરજો,
તને ચ્હાતું રે'વા વધુ વધુ મને* હોંશ પ્રગટો,
થવા એવું મારું હૃદય પ્રભુ શું આર્ત બનજો.

* મનમાં

પ્રસંગો જે આવે જીવનમહીં તે પ્રેમ વધવા,
વિપત્તિ કૈં આવે દુઃખ પણ મળે પ્રેમ વધવા,
કસોટી જે થાયે હૃદયમહીં તે પ્રેમ વધવા,
થવા દો જે તે કૈં પ્રભુ તરફનો પ્રેમ વધવા.

વસંતતિલકા

સંબંધી ને સ્વજનનો સહુ સાથ ભેળો,
મેળાપ, પ્રેમ પ્રભુનો મન પામવા સૌ,
ને એક એક પગલું ભરતાં હંમેશાં,
એ ચેતના સમજૂતી મન લક્ષ્ય રાખો.

શાર્દૂલવિક્રીડિત

જેને દિલ કર્યું પિછાન કરવા તેમાં પરોવાઈ રો',
એમાં ઊણપ આવવા નવ દઈ જે તે કર્યા સૌ કરો,
તે સર્વે કરવામહીંય પ્રભુની ઝાંખી સદા રાખજો,
એવું કાર્ય કદી ન એક કરજો જેમાં સ્મૃતિયે ન હો.

ઉપજાતિ

ભૂલો ભલે થાય ન કાંઈ ચિંતા,
માથે ઊભો છે પ્રભુ પ્રેરનારો,
નિશ્ચિંતતાથી હૃદયને ઝુકાવો,
વિશ્વાસ શ્રદ્ધા ઉરમાં દઢાવો.

શાર્દૂલવિક્રીડિત

પ્રેમી જો બનવું ચહો હૃદયથી પ્રેમીતણા દીલને,
દો સંતોષ સદાય પેટ ભરીને ઉલ્લાસ ને પ્રેમથી,
પ્રેમીને ગમતું કરો મન ચહી એને બધું આપજો,
એના રાજીમહીં જ રાજી રહીને સૌ કાર્ય આટોપજો.

જેને અમૃત તુલ્ય ઉર વચનો પ્રેમીતણાં લાગશે,
તે છોને કટુ હો ભલે નહિ રુચે એવાં હૃદે વાગશે,
પ્રેમીનું ઊલટું જવું રીસ કર્યે, હૈયે ન કૈં લાગશે,
એના રોષ કર્યે ન કૈં મન થશે, પ્રેમી થવાશે જ તો.

પ્રેમી ભાજન આપણા હૃદયનો જો પ્રેમ વર્ધંત રે',
પ્રેમે પ્રેમ વધે જ સૂક્ષ્મ ઊલટો જો પ્રેમમાં ભાવ વ્હે,
પ્રેમે સર્વ કરી શકો વશ બધું એ પ્રેમઉન્માદની,
માત્રા નિત્ય વધારજો હૃદયમાં એ પ્રેમીનું લક્ષ્ય દૈ.

પ્રેમીનો ઉકળાટ ને અસમતા જો ભાવથી ના લહો,
એળે લાગણી તે જશે, અણગમો હૈયે થશે લાગલો,
'પ્રેમીનાં કરતૂક પ્રેમી જનને ઊંધે ન તે દોરશે',
એ વિશ્વાસ ભર્યો પૂરો દિલ હશે પોબાર તો તો થશે.

તોટક

નવ જાપ કર્યે કંઈ કામ થશે,
યદિ જાપ વિશે નવ ભાવ હશે,
પ્રભુ પ્રેમની છાલક ના ઊછળે,
હૃદયે તવ જાપ નિરર્થક છે.

પ્રભુ પ્રેમ પ્રતાપની સુરખી જે,
તમ જાપથી જો ઉર ના નીકળે,
તમ જાપ નથી હજુ જોર ભર્યો,
હૃદયે સમજી ત્યહીં પ્રાણ પૂરો.

તમ જાપથી ચેતન જો ન બઢે,
તમ ભાવથી સ્ફૂર્તિ ન રંગ ચઢે,

તમ પ્રેમ વિકાસની ક્યાંક ક્ષતિ,
સમજી ત્યમ મસ્તી હૃદે ભરજો.

શાર્દૂલવિક્રીડિત

ભૂખ્યો, અન્ન મળ્યે ઊઠી હૃદયમાં કેવી ખુશાલી ધરે !
તેવા પ્રેમથી નામજાપ દિલમાં લીધા કરો ખંતથી,
ભાવાવેશ વધારી એક થઈને તાદાત્મ્ય ભાવે રમો,
તો એ જાપની ભાવના ઊતરશે હૈયે લખી રાખજો.

એને જો શરણે થવા દિલ ચહો છોડો બધા આગ્રહો,
લોંદો-માટીની જેમ સૌ સરળતા-આકાર દેવા ગ્રહો,
પ્રેમી પ્રેમભૂખ્યો રહ્યા દિલ કરે એ તો ધરાતો નથી,
તો એ પ્રેમ વધારી નિત્ય ચરણે એને ધરાવો ચહી.

પ્રેમી પ્રેમીનું દિલ રંજન થવા કૈં કોશિશો આદરે,
ને સંતોષ દીધા વિના પ્રણયીને ના જંપ એને વળે,
હૈયે ચિંત્વન એકલું સ્મરણ તે પ્રેમીતણું રાખતો,
એવો પ્રેમરસિક માત્ર પ્રભુને પામી શકે, જાણશો.

શિખરિણી

ગમે તે જે તે કૈં મનમહીં ગમે કે નવ ગમે,
છતાંયે વ્હાલાનું સહન કરજો અંત સુધીયે,
સહેવામાં શ્રદ્ધા ઊલટ રસ વિશ્વાસ ધરજો,
સહેતાં એ રીતે વધુ પ્રણયીને પ્રેમ કરજો.

શાર્દૂલવિક્રીડિત

આવેલું કરવું પડે, ઉમળકે તો તે કરો, સર્વદા,
કંટાળો કચવાટ ના મન જરા એને વિશે લાવવા,

પોતાનું કરતાં રહી જ કરવું બીજું ગમે તે ભલે,
એળે કૈં ન ગુમાવવું, સહુથીયે સૌ લાભ લેવો હૃદે.

સૌ સાથે ઉર રાખવું સરળ ને પ્રેમાર્દ્રતાથી ભર્યું,
સૌની સાથ સહાનુભૂતિ ધરવા આવ્યું કરી ચૂકવું,
બીજાને જ મહત્ત્વ આપી, નિજને નીચે સદા રાખવું,
એ રીતે વ્યવહાર વર્તન સદા શ્રેયાર્થીએ રાખવું.

ખોટા છો પડીએ ભલે અવરને ભોંઠા ન પાડો કદી,
સૌનીયે કરવી સદા કદર ને સૌનેય તે વંદવું,
મિથ્યાચારી ગણે ભલે જન જગે તે સાથ શી નિસ્બતે !
જો ભાવેથી કર્યા જ નિત્ય કરશું, સૌ આપ સારું થશે.

અનુષ્ટુપ

પુત્રના ચિંત્વને હૈયું, વલોવાય શું માતનું !
બાળ તે શું શકે જાણી માને શું શું હશે થતું !

*કરાંચી* *તા. ૪-૩-૧૯૪૨*

## શરણભાવ

શિખરિણી

તમારી સાથેનો પરિચય વધેલો દૃઢવજો,
તમારી સાથેનો હૃદ-જીવન સંબંધ વધજો,
તમારામાંની સૌ સમજણ પ્રભુપાદ વધજો,
તમારું હંમેશાં મનવલણ પાદે રત થજો.

તમે વ્હાલાં વ્હાલાં મનહૃદયમાં નિત્ય વસજો,
તમારાં મીઠાં ને પ્રિય સ્મરણથી ભાવ વધજો,

રહેલું સારું સૌ હૃદય પ્રગટાવ્યા જ કરજો,
પ્રભુને ભૂલીને કંઈ નવ કશું કાર્ય બનજો.

અનુષ્ટુપ

એવા કૈંક પ્રસંગોમાં દોરવાઈ ભલે જશો,
જાગૃતિ જો છતાં હોય લાભ મેળવશો ઊંડો.

*કરાંચી* *તા. ૮-૩-૧૯૪૨*

## પ્રેમગંગા

શિખરિણી

તમારા હૈયાનો પ્રભુ ઉપરનો પ્રેમ વધજો,
તમારા હૈયાની જીવન પર શ્રદ્ધા વિકસજો,
તમારા હૈયાનો પ્રભુ ઉપર વિશ્વાસ વધજો,
ગમે તેવું થાયે પણ ત્યમ છતાં શ્રેય ગ્રહજો.

અનુષ્ટુપ

પ્રેમની ઘેલછા છોને હૈયે નિત્ય વધારજો,
પ્રેમને સર્વમાં સ્થાન જાગૃતિ રાખી આપજો,
ઊર્મિ, આવેશની વૃત્તિ લાગણી ભાવના બધી,
સૌ વ્યવહારમાં લક્ષ્યે વાપરો દક્ષતા થકી.

શિખરિણી-મંદાક્રાંતા

બધાંમાંનું સારું મન નજરમાં આવી વસજો,
રહેલું સૌમાં જે શુભ, હૃદય પ્રત્યક્ષ ઊઠજો,
તમોમાંનું સારું અવર જન છોને નવ જુએ,
છતાં લાગી રે'જો જગત હૃદયે પ્રેમની ભાવનાએ.

મંદાક્રાંતા

આઘે આઘે પ્રિય મન ભલે સૌ ઊડી જાય તોયે,
હૈયું મારું સ્મરણ રસીલું કેમ છોડી શકે તે ?
ક્યાં ક્યાં કેવાં સ્વજન સઘળાં વીખરેલાં પડેલાં !
ત્યાં ત્યાં મારું મન ઘસડતું પ્રેમઘેલું બની હા !

શિખરિણી-મંદાક્રાંતા

હૃદે સંબંધે જે નિકટવરતી, એમનો પ્રેમ લેવા,
ઊંડું વ્હાલું વ્હાલું પ્રિય પ્રભુતણી ધારણાથી રહેવું,
ઊંડો હૈયામાંનો પ્રણય રસીલો શું કરે કાર્ય કેવાં !
ખરે ! પ્રેમીઓનાં હૃદયમહીંનાં સ્વપ્ન તે સત્ય પાડે.

મંદાક્રાંતા

જેને જેને તમ હૃદયનો પ્રેમ હો આપવાનો,
તેને તેને ઉર ઉમળકે મોકળે હાથ દેજો,
તાળાં પૂરાં મનહૃદયનાં સર્વ ત્યાં ખોલી દેજો,
ને તે વેળા મનહૃદયના સર્વ સંકોચ ખોજો.

અનુષ્ટુપ

વહેવા દો વહેવા દો ગંગા પ્રેમની ઊલટી,
દિવ્ય તે પ્રેમગંગાથી ગાત્ર દો સર્વ ભીંજવી.

શિખરિણી-મંદાક્રાંતા

કૃપાથી દીધેલું પ્રણય ઝરણું તે પ્રભુની પ્રસાદી,
ન તે પોતા કાજે રસબસ થવા, વ્હેંચવા સર્વમાંહી.

મંદાક્રાંતા

વ્હેંચ્યે વ્હેંચ્યે વધુ વધુ વધે એવું એ દિવ્ય પાત્ર,
વ્હેતાં વ્હેતાં વધુ વધુ વહે એવું તે પ્રેમસ્રોત.

માલિની

કવિજનતણી ખાલી કલ્પનાઓ નથી તે,
અનુભવ કરી મ્હાલી કૈંક એવું વધા છે.

*કરાંચી* *તા. ૮-૩-૧૯૪૨*

## પ્રણયસૃષ્ટિ

મંદાક્રાંતા

ઊંડી ઊંડી હૃદય મનની પ્રેમની કલ્પનાઓ,
કૈં કૈં એવાં મધુર સ્મરણે પ્રેમી કેવાં વસે સૌ !
સાથે સાથે જીવનમહીં જે પ્રેમઅમૃત પીધું,
તે તે સ્પર્શ્યા હૃદય કરીને ભાવમાં મૂર્ત કીધું.

હૈયે ઊંડી પ્રણયી જનની મૂર્તિ શી રમ્ય ઊઠે !
તે સાથે હું કરું ગતકડાં પ્રેમની શી લીલા તે !
લોકો એને નથી સમજતા કલ્પના માત્ર ધારે,
તોયે એવા રસનિધિ પરે ડોલવું સાવ મારે.

પ્રેમી કાજે મનહૃદયમાં સોણલાંઓ જગાવો,
પ્રેમી કાજે મનહૃદયનું ચિંત્વવું સૌ સ્ફુરાવો,
પ્રેમી કાજે મનહૃદયના દેવની પ્રાર્થના હો,
કે પ્રેમીને મનહૃદયના પ્રેમસંદેશ પ્હોંચો.

હૈયાં ઊંડાં હલમલી ઊઠે ઊર્મિ એવી થવા દો,
હૈયાંમાંની કૂંળી કૂંળી બધી ભાવના જાગવા દો,

ત્યારે જો તે પછી બળ કરે સૂક્ષ્મ, તેવું નિહાળી,
ઊંડું ઊંડું હૃદ ઊતરવા લાગજો પ્રેમતાળી.

ના હૈયામાં જ્યહીં સુધી ઊઠે પ્રેરણા ભાવનામાં,
કેવી રીતે લઈ જઈ શકો લક્ષ ને પ્રાણ ઊંડાં ?
જ્યારે જ્યારે ગદ્ગદ બની પ્રેમની ભાવનાથી,
તે ઊર્મિને હૃદય કરવા કામ લો જાગૃતિથી.

ભીનાં રાખ્યા હૃદય કરજો ચિત્ત ને પ્રાણ, બુદ્ધિ,
ને આ વેશે હૃદય ભરવા નિત્ય દેજો ખુશીથી,
રાખેલી હો ઉર સરળતા સ્નિગ્ધ સ્નેહાર્દ્રતાથી,
ત્યારે જાણો હૃદય સ્ફુરશે પ્રેમ આદર્શ સૃષ્ટિ.

વ્હાલાં વ્હાલાં પ્રણયી જનનાં પ્રેમ સંભારણાં શાં !
એ તો આણે મનહૃદયમાં પ્રેમી પાસે હંમેશાં,
હું તો માગ્યા કરું પ્રભુપદે પ્રેમીને ચિંતવાનું
જેથી મારે હૃદય ઊભર્યા પ્રેમનું પૂર રે' શું !

પ્રેમીઓનાં સ્મરણ મધુરાં પ્રેમનું તત્ત્વ ઊંડું,
કેવું મીઠું હૃદ રસભર્યું તે સ્ફુરાવે રસીલું !
પ્રેમીનો જો વિરહપડઘો ખૂબ હો હર્ષઘેલો,
કેવો ભાવે હૃદ નીરખશો પ્રેમીને ઉદ્ભવેલો !

લોકોમાં તો પ્રણય કરવો વેવલું સૌ ગણાતું,
એને માને જગ જન બધાં છેક કેવું નમાલું !
એ તો મારા ગરીબ જનની એક આદર્શ સૃષ્ટિ,
હંમેશાંયે મુજ મન વહ્યા ત્યાં કરો પ્રેમદૃષ્ટિ.

*કરાંચી* *તા. ૯-૩-૧૯૩૨*

## મનચંચળતા

હરિગીત

મનને હિંડોળે હીંચકવા નવ દેવી કોઈ તક કદી,
એને પરોવી રાખવું સ્મરણમાં ચહીને મથી,
છૂટું જરીયે જો મૂક્યું સ્હેજે નજર કૈં જો ચૂક્યા,
તો ભાગી એ ક્યાંયે જશે ને હાથ રહીશું મસળતાં.

એકાગ્ર મનની શક્તિથી બળ કેટલું મળતું રહે,
એને અનુભવી જાતથી તોળી જ જોશો મન, ખરે,
એકાગ્રતા ઉર જામતાં રસની જમાવટ જ્યાં થતાં,
ઊંડું ઊંડું મન ઊતરશે ને સ્થિર રે'શે આપમાં.

*કરાંચી* *તા. ૧૯-૩-૧૯૪૨*

શિખરિણી

તમારી પાસેથી પ્રિયજન ગણી હક્ક કરતો,
વધારી, કે, રાખી પ્રભુસ્મરણ પ્રવૃત્તિ કરજો,
જતાં આડુંતેડું મન ત્યહીં ટકોર્યા જ કરજો,
પ્રભુને જે તે કૈં હૃદય કથવાનું ન ચૂકશો.

શિખરિણી

હૃદે કૈં કૈં ભાવો અહીં તમ વિશે ઊતરી શમે !
અને શાં સંભારી હૃદય તમને ત્યાં ખુશ રહે !
તમારી તે યાદી અમ નયનમાં અંજન કરો,
પ્રભુના તે પ્યારા પ્રણયરસનો દિવ્ય સુરમો.

વિયોગે ભુલાયે પ્રીતિ, જન વૃથા એમ વદતાં,
વધારે છે પ્રીતિ ઉર, વિરહ તે પ્રેમીજનમાં,

અરે ! ભુલાયે તે ક્યમ સ્વજન સંબંધ હૃદનો ?
બધું ઓછુંવત્તું મનહૃદય આધાર પર સૌ.

વિયોગે શું સીતા પ્રિયજન ભૂલ્યાં'તાં મન વિશે !
વિયોગે ભૂલ્યા'તા ભરત સ્મૃતિ શું રામની હૃદે ?
વિયોગે ગોપી શું ભૂલી ગઈ હતી કૃષ્ણ પ્રિયને ?
વિયોગે તો ભારે મન પ્રિયતણું ચિંત્વન કરે.

ભલે છોને દૂર પ્રિય સ્વજન આઘે કહીં વસે,
વધારે ખેંચાવા સ્વજન હૃદયે તે તક મળે,
હતાં પાસે જ્યારે શરીર થકી કેવી સમૂળગી,
હૃદે સૃષ્ટિ સ્વપ્ને વસતી હતી બીજી મનમહીં !

*કરાંચી* *તા. ૧૯-૩-૧૯૪૨*

## જાગૃતિ

શિખરિણી

સદા જોતાં રે'શો રમત મનની ખંત ધરી સૌ,
સકંચે એના તે મન ન સપડાઈ કદી જશો,
રહેવા તાટસ્થ્યે સતત મન ટેવ્યા જ કરજો,
કશો કો બાજુનો મનમહીં થવા રાગ નવ દો.

*કરાંચી* *તા. ૧૯-૩-૧૯૪૨*

## પ્રેમની હૂંફ

મંદાક્રાંતા

વ્હાલાં વ્હાલાં ! હૃદય મુજને અંક સુવાડી રાખી,
માથે સ્પર્શ્યા સતત કરજો હાથ શી હૂંફ પ્રેરી !

વ્હાલાં હાથે તમ હૃદયની પ્રેમની ભાવનાને,
દેતા રે'જો પ્રિયજન ગણી પ્રેમની પ્રાપ્તિ કાજે.

જ્યાં ત્યાંથીયે નિજ સ્વજનનો પ્રેમ આસ્વાદ ચાખું,
જ્યાં ત્યાંથીયે સ્વજન હૃદની હૂંફ હું ખૂબ માગું,
જે તે સાથે મનહૃદયનો ભાવ તાદાત્મ્ય હોવા,
વ્હાલાંકેરી મદદ હૃદયે માગું ત્યાં સાથ રે'વા.

વ્હાલાં આપે કંઈ પણ કશું, તૃપ્તિ ના તેથી થાય,
જે જે સૌ કૈં મળતું હૃદયે તે અધૂરું જણાય,
બૂઝે કેમે મુજ કદીય ના ભૂખનો અગ્નિ ઊંડો,
શેનાથી તે ક્યમ કરી હવે ઉર સંતોષ પામું ?

જે જે મારાં મુજ નજીકનાં આત્મબંધુ વહાલાં,
હૈયે ચાંપ્યાં સતત કરું હું તોય ના શાંતિ પામું,
તે વ્હાલાંનાં મન સ્વરૂપને જોઈ જોઈ હૃદેમાં,
કેવો કેવો અરર, થડકો પામતો હું રહું ત્યાં !

સંતાડી કે મનહૃદયની ભાવના તે દીધી શું ?
જાણે ઊભાં દૂર દૂર ઘણાં એમ લાગ્યા કરે શું !
પાસે આવી શીતળ મુજ સૌ અંગ ઉષ્મા ભરી દો,
લાવી મારી પર રહમ કૈં, પાસમાં ખૂબ બેસો.

એવો શો તે મુજ તરફથી દોષ ભારે થયો કે,
સ્પર્શે છે ના તમ હૃદયની પ્રેમ ઉષ્મા જરીયે ?
કો જાણે એ પ્રિય પ્રભુ કરે આમ કૌતુક શાને ?
તેમાંયે કૈં પ્રિયતણી ખૂબી મર્મવાળી હશે તે.

જેવાં તેવાં રસિક પ્રિય સૌ વ્હાલુડાં આત્મબંધુ,
લાગે પ્યારાં, કંઈ નવ ભલે સ્પર્શતાં દિલ ભાળું,
આનંદે ને મન ઉમળકે જે હ્દેથી અપાતું,
પ્હોંચે ના તે, અજબ બલિહારી ખૂબી કેમ જાણું.

કેવી કેવી મનતણી દશા માનવીની બને છે !
એને પૂરું રગ રગ હ્દે કોણ જાણી શકે તે ?
છોને ભીંતો પડ કરી ઊભે ભિન્ન છોને પડાવે,
કિંતુ હૈયું કદીય નહિ તે પ્રેમની ગાંઠ તોડે.

ઉષ્મા સારી શરીરમહીંની રોમ રોમેથી જાય,
તેથી જાણે સહુ શરીર આ શું બને, ઠંડુંગાર !
નાડીતંતુ પણ વહનના કાર્યમાં ખૂબ ઢીલાં,
એવા કાળે હ્દયમહીંનું એકલું જાગતું કો.

મજ્જાતંતુ નસ, રગ, બધાં કામ પોતાનું ભૂલે,
શીતે વ્યાપ્યું, શિર સકલ હો એમ લાગ્યા કરે છે,
ના કો જાણે પરખી શકતું દર્દ આવું હશે શું !
આવું હોવા પણ સહુ છતાં, કોક કેવું લખે શું !

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૧-૫-૧૯૪૨*

## એકાગ્ર ભાવ

શિખરિણી-મંદાક્રાંતા

ન ઠેલ્યો ઠેલાયે નિજ હ્દયનો ભાવ તે કોઈ વાતે,
વળી ઠેલાતાંએ જહીં તહીં થકી ઠામ પાછો વળે છે,
નથી કોની જોતો કંઈ પણ કશે રાહ કે સંમતિ તે,
સદા ઢોળાતો રે' હ્દય થકી તે વારી વારી જઈને.

મંદાક્રાંતા

ના કો વાતે મન લઈ જવું, ના પરોવાઈ જાવું,
જો રે'તો હો રસ મન કશે તો તહીં ખંચકાવું,
લેવા દેવો રસ નવ કશે ચિત્તને તો કશામાં,
તો આસક્તિ કંઈ નવ રહે, રૈ' શકો વેગળું ત્યાં.

સૌથી રે'તાં અલગ અળગું કાર્ય સર્વે કરંતાં,
સદ્‌વૃત્તિથી સઘળું કરવું ભાવ રાખી બધાંમાં,
કોની પ્રત્યે નવ અણગમો કે અભાવો થવા દો,
ને કંટાળો કંઈ પણ કશે કો પરે ના જ ધારો.

જેવી જેવી મનહૃદયમાં વૃત્તિઓ ઊંડી રાખો,
તેવી તેવી ખચીત પડશે ચિત્તમાં છાપ તે સૌ,
તેથી ચોકી સતત કરીને ઊંડું જોતાં રહેવું,
કે કૈં છાયા અવળી ન પડે, જાગૃતિ રાખી જોવું.

છાયા જેવી મનમહીં હશે તેમ વિચારશો સૌ,
ને કર્તવ્યે સહુ ઊતરશે રંગ એનો સદા તો,
ને તો રે'શે મન ચિત્ત સદા સક્ત ઉદ્વિગ્નતામાં,
હૈયે રે'શે નવ સરળતા, ચિત્ત રે' ના પ્રસન્ન.

જે જે સાથે જગતજનનો જેમ સંબંધ થાયે,
તે સંગાથે મનહૃદયમાં ના દ્વિધાભાવ રાખો,
જેવું જેવું કંઈ પણ કરો તેતણી છાપ ચિત્તે,
ચોંટી ઊંડી જરૂર પથમાં આડખીલી બને તે !

જે તે સાથે હૃદ સરળતા રાખીને નિત્ય રે'વું,
ખોઈ ખોઈ, મન સમજજો ખોઈ તે નાંખશો શું ?
એવું ખોવું ડગ ડગ થતું, ત્યાં ન કૈં ચિત્ત દો છો,
તો આમાંયે તમ મન અરે, કાં બગાડો ? વિચારો !

પોતાનું સૌ જગ જન પૂરું વાપરી ના શક્યાં છે,
રે'વા દેવું જગ પર પડ્યું સર્વ તે સર્વનેયે,
કોઈ સાથે લઈ જઈ શક્યું પોટલું બાંધીને ના,
તો સૌ જે કૈં રહમથી મળ્યું વાપરો ત્યાગથી ત્યાં.

સદ્‌વૃત્તિથી સહુ કંઈ થતાં ધર્મવૃત્તિ ધરાતાં,
થાશે બ્‌હોળાં મનહૃદય ને, દૃષ્ટિ વૃત્તિ ઉદાત્ત,
જે જે કોઈ જગ પર જીવી ભોગવે ત્યાગથી ના,
એવાં તો સૌ જરૂર સમજો ચોરીનું અન્ન ખાય.

તેથી જ્યાં ત્યાં મન શરીરના સર્વ તે ભાગમાંથી,
આપી આપી નિકટ જનને ભોગવો સર્વ ત્યાગે,
ને તેથીયે નજર કરતાં વેગળી કોઈ આવે,
તેને તેને મન ઉમળકે આપીને રાજી રે'જો.

દેતાં દેતાં મનહૃદયમાં ભાવ વિસ્તાર થાશે,
ને સૌનાંયે મનહૃદયના ભાવની પ્રાપ્તિ થાશે,
દેતાં લેતાં મનહૃદયમાં ભાવ તાદાત્મ્ય હૈયે,
તે તે સાથે પ્રિય પ્રભુતણી ધારણા કેળવાશે.

જેથી જેથી પ્રભુ પ્રીતિ વધે ભાવથી ભીનું હૈયું,
જેથી જેથી સમજણ વધી, થાય હૈયું વિશાળું,
જેથી જેથી મનતણી જતી સાંકડી સર્વ વૃત્તિ,
તેની સાથે હૃદય કરીને પ્રેમસંબંધ રાખો.

જે કોનાથી મન દિલ થતું ઊર્ધ્વગામી સદા રે',
જે કોનાથી જગતજનની દૃષ્ટિ સૌ લુપ્ત થાયે,
જે કોનાથી મનહૃદયમાં સત્ત્વનો ભાવ જાગે,
તેની સાથે હૃદય કરીને પ્રેમસંબંધ સાંધો.

જે કોનાથી નિજ જીવનના કોયડા ઊકલે છે,
જે કોનાથી મનહૃદયની ગૂંચ સૌ ઊકલે છે,
જે કોનાથી મન પડી રહી વૃત્તિઓ સૌ જડે છે,
તે સંગાથે હૃદય કરીને પ્રેમની ગાંઠ બાંધો.

જે કોનાથી મનહૃદયમાં એક તાને થવાયે,
જે કોનાથી નિજ જીવનમાં પ્રેરણા મેળવાયે,
જો કોનાથી નિજ જીવન સૌ સાર્થ થાતું જણાયે,
તે તે સાથે હૃદય કરીને પ્રેમસંબંધ શોધો.

જે કોનાથી મનતણી બધી સ્વાર્થવૃત્તિ ઘટે છે,
જે કોનાથી હૃદયતણી સૌ ભાવના કેળવાયે,
જે કોનાથી મન ઉપરનો ભાર સૌ દૂર થાયે,
તેની સાથે હૃદય કરીને પ્રેમસંબંધ જોડો.

જે કોનાથી અમૂઝણ ઊંડી દિલની ઓછી થાયે,
જે કોનાથી મન મનતણા તાંતણા ફેરવાયે,
જે કોનાથી સહુથી પરનું જાણવાનું મળે છે,
તેની સાથે હૃદય કરીને પ્રેમસંબંધ રાખો.

જે કોનાથી સ્વરૂપ નિજનું જાણવાનું મળે છે,
જે કોનાથી મન મતિ બધાં ઠામ રે'વાનું શીખે,
જે કોનાથી અવળું સવળું ખ્યાલ તે સર્વ બેસે,
તે સંગાથે મનહૃદયથી પ્રેમસંબંધ બાંધો.

જે કોનાથી ઉર સરળતા આપમેળે વધે છે,
જે કોનાથી નિજ જીવનના ખ્યાલ સંસારી છૂટે,
જે કોનાથી મન ચિત મતિ ભાવનામાં રમે છે,
તેની સાથે હૃદય કરીને પ્રેમસંબંધ રાખો.

જે કોનાથી પ્રભુમય થવામાં બધું ચિત્ત લાગે,
જે કોનાથી પ્રભુમય થવામાં બધો પ્રેમ જાગે,
જે કોનાથી પ્રભુમય થવામાં બધું શ્રેય લાગે,
તેની સાથે મનહૃદયનો પ્રેમસંબંધ રાખો.

જે કોનાથી સમજણ પડે 'રાગ-આસક્તિ' તે શું !
જે કોનાથી સમજણ પડે 'વૃત્તિ' ને 'ભાવના' શું !
જે કોનાથી સમજણ પડે 'પ્રાણ' ને 'પ્રેરણા' શું !
તે સંગાથે હૃદય ભરીને પ્રેમસંબંધ રાખો.

*ત્રિચિ* *તા. ૩૦-૫-૧૯૪૨*

## કર્તવ્યધર્મ પ્રેરણાત્મક પ્રેમ

અનુષ્ટુપ

પ્રેમ સાચો થવા કાજે પ્હેલાં તો વ્યક્તિથી પૂરો,
ઉરથી મોહનો ઊંડો ભ્રમ દૂર ઘટે થવો.

જે સાથે કરવા ધારો તાદાત્મ્ય જીવને ઊંડું,
સ્વરૂપ સર્વદર્શી તે પૂરું જાણવું એહનું.

પ્રેમની કાજ ત્યાં પ્રેમ પદસ્થ કરવો હૃદે,
આપણો ધર્મ છે, માટે ઉર આચરવો ઘટે.

બીજો ખ્યાલ કશો ત્યાં ના આવવો જોઈએ કદી,
આપણે આપણા કાજે ચ્હાવો પ્રેમ ઘટે સહી.

પ્રેમના તત્ત્વની રાહે જીવને વર્તશું બધું,
જીવને પ્રેમની છાપ ઊઠી, પ્રેમે ભળે બધું.

બનો કે ના બનો એવું આપણા ખ્યાલ લક્ષમાં,
વિચાર ઊડતો એવો આવવો ઘટતો ન ત્યાં.

આપણે પ્રેમની રીતે વર્તી નિશ્ચિત ત્યાં થવું,
સામાના કો વિચારેથી આપણે ના હઠી જવું.

છતાં તેવીય વેળાએ સામાનું મૂળ વૃત્તિનું,
રહેલું શામહીં છે તે ઘટે છે લક્ષ આવવું.

સ્વરૂપ આમ સામાનું જાણવામહીં આવતાં,
પ્રેમમાં ત્યાં ક્ષતિ દોષ ઘટે ના આવવો જરા.

સામાની ભૂમિકા ક્યાં છે ? એની ક્યાં દુનિયા વસે ?
આપો આપ મળે જોવા તાટસ્થ્યે વર્તતાં રહ્યે.

આપણે આપણા માર્ગે જતાં કૈં ખંચકાવું ના,
પડી જેને હશે જો કૈં આવશે આપમેળ ત્યાં.

આપણે આપણું જાતે કદી ના સમજાવવું,
ભલે તે ઊંધું માનીને ભીંતમાં અથડાય છો.

સાથે લેવાની ઇચ્છાયે નહિ રાખવી આપણે,
હશે જો આવવું એને કુટાઈ આવશે પથે.

પ્રેમી આપણને હૈયે જો તેવું માનતું હશે,
જવા પ્રેમીતણા પંથે એને દો સૂઝવા હૃદે.

ભાવના જો હશે એને જીવને આપણા વિશે,
કોક ને કોક દી એવું આવશે આપમેળ તે.

આપણે જાણી પોતાનું એને પ્રેમ કર્યા જવો,
એના પ્રતિતણો ધર્મ આચર્યા ભાવથી જવો.

આપણે આપણું સર્વ પ્રેમથી કરી ચૂકવું,
આપણામાં શકે ચીંધી આંગળી તે ન રાખવું.

બતાવી ના શકે દોષ, આપણો કોઈ રીતથી,
વર્તવું એની સંગાથે એ રીતે પ્રેમભાવથી.

માનેલા ધ્યેયથી ઊંધે એનાથી દોરવાઈને,
છતાં, ક્યાંયે જવાનું ના, ખ્યાલ તે રાખજો હૃદે.

જીવનધ્યેયથી ધાર્યું સામાનું જો જુદું હશે,
મેળ ત્યાં ના કંઈ ખાતાં ત્યાં સંઘર્ષણ તો થશે.

તે વેળા મૌન સેવીને શાંતિ પૂરી ધરી હૃદે,
જીવનધ્યેયના ધર્મે પોતે તો રે'વું નિશ્ચયે.

આવે ચળાવવા ત્યારે સામાની પ્રકૃતિ પથે,
ચેતેલો જે રહે ના, તે ફસાયે ભ્રમણા વિશે.

પોતાના ધ્યેય લક્ષ્યે જો પૂરો પ્રેમ હશે હૃદે,
એવો તે એકલો માત્ર નિર્વિઘ્ને ધામ પ્‌હોંચશે.

તેથી તો પ્રાર્થના મારી જીવને ધ્યેય લક્ષ્યમાં,
પૂરો વાપરવા પ્રેમ દઢાવો ભાવ આપમાં.

વૃત્તિ બેપરવા ક્યાંયે ના રહેવી છતાં ઘટે,
વર્તવું નિરપેક્ષે સૌ સામાનું ધારીને હૃદે.

કેળવાઈ ગયો પ્રેમ પૂરેપૂરો હશે હૃદે,
કર્તવ્યધર્મનું જ્ઞાન ત્યારે સૂઝ્યા કરે હૃદે.

આપણો ધર્મ જાણીને 'તે અને આપણે બધાં,
એકમેળ રીતે હૈયે જીવને સંકળાયેલાં'.

'કોઈ કોઈથી ના જુદું એક સર્વ વિશે ઠર્યું',
ભાવના પ્રીછીને તેવી સામાનામાં પ્રવર્તવું.

*ત્રિચિ* *તા. ૧૭/૧૮-૨-૧૯૪૨*

# પાર્થિવ પ્રેમ

ગઝલ

જગતજન પ્રેમ જે માને ન ઓળખવા મને શક્તિ,
જગતનો પ્રેમ જગતજનને મુબારક હો મુબારક હો.

અમારા પ્રેમની વ્યાખ્યા નહિ તમ ચોકઠે બેસે,
ખુવારીથી ભર્યો રસ્તો અમારા પ્રેમનો તો છે.

તમારા પ્રેમમાં ઇચ્છા કંઈ ને કૈં કશી હોયે,
કંઈક ત્યાં પ્રાપ્તિની આશા ઊંડી ઊંડી લપાઈ છે.

કદી સામેથી ના મળતું તમારા પ્રેમને બદલે,
તમે ઝટ ઓછું આણો ત્યાં થતું મન દુઃખ કાં તમને ?

તમે ત્યાં ગણતરી રાખો, કંઈક ને કૈંક કલ્પો છો,
તમારો પ્રેમ નિરપેક્ષે નથી ક્યાંયે જીવનમાં તો.

વધારેમાં વધારે ત્યાં હૃદય ના આપવું ચાહો,
કશુંક બીજાથી મેળવવા તમારી આશ કેવી સૌ !

જગતસંબંધ પાછળ તો રહેલી વૃત્તિઓ ગૂઢ,
બીજાઓને ન મુખ્યત્વે વિચારે છે જગત લોક.

તમારામાં તમે રાચો, તમારુંયે બધું જો રે',
રહો છો રાચતાં તો તો બીજા જો આપશે, ગમશે.

જગતના પ્રેમની પાછળ ભરેલી લાલસાઓ છે,
ન સંતોષાય જો એને તમારે અંતરે ખટકે.

તમોને મધ્યબિંદુમાં તમે રાખી, બધાંનેયે,
તમારે વર્તુળે રે'વા હૃદય ઇચ્છયા કરો છો તે.

કહે છે 'પ્રેમ' જેને તે અમોને 'મોહ' લાગે છે,
સ્વરૂપ તે પ્રેમનું જગનું અમારે કામનું ના છે.

હશે જો પ્રેમ સાચો તે અમારા દિલનો ઊંડો,
નહિ સ્પર્શ્યા વિના કોને રહી શકશે કદાપિ તો.

અમારું સ્થાન મુખ્યત્વે અમારામાં અમારું ના,
ખુવારીમાં ખુમારી તે અમારે જીવવામાં ત્યાં.

તમારા ને અમારા ને જીવનના પ્રેમના તત્ત્વે,
પછી સુમેળ બેસે તે કહોને, કેમ, શી રીતે ?

તમારો પ્રેમ તે અમને કૃપા કરી કૈં ન કઠવા દો,
નહિ નડીએ અમે કોને સહુ સાચા હઈશું જો.

*ત્રિચિ* *તા. ૩૦-૯-૧૯૪૨*

## પ્રેમપથનિર્દેશ

અનુષ્ટુપ

પ્રેમીનું પ્રેમી જે હોયે પ્રેમે તે સહી લે બધું,
સહેવામાં બધું તેનું માણે આનંદ ઊલટું.

જ્યારે પ્રેમી કરે એવું પ્રેમી તે બનતું જશે,
ત્યારે પ્રેમીતણું સર્વ માંગલ્યકારી લાગશે.

પ્રતાપ પ્રેમનો એવો તે તો એક બનાવશે,
પ્રેમીનાં દિલડાં બંને તાંતણે એક સાંધશે.

'સહેવું' પ્રેમની એ તો અમોલી ભવ્ય ભેટ છે,
એને જે કો નકારે છે પ્રેમી ના તે બની શકે.

થયો પ્રેમ હશે સાચો યોગ્યતા સૌ રખાવશે,
સત્ય વિવેક મર્યાદા આપોઆપ જગાવશે.

કો સાથે વર્તવું કેવું કો સાથે કેમ બોલવું,
છૂટ કો સાથ શી લેવી તેય તે બતલાવશે.

હૈયાના પ્રેમથી કોના ધર્મનું અન્યથા થવું,
કે વચ્ચે પડવા જેવું, કોઈ કાળે ન થૈ શકે.

પ્રેમ તો આપણો ધર્મ સ્પષ્ટ રીતે બતાવશે,
કેટલું અન્યમાં રે'વું કેટલું નિજ પ્રેમીમાં.

મોહ ને કામના સ્વાર્થ, પ્રેમનાં તે સ્વરૂપ ના,
વિકૃત પ્રેમનું એ તો અંગ છે, જાણજો ભલા !

ભલે પતંગિયું દીવે મોહના પાશથી પડે,
આપણે જંતુ ના તેવાં, આપણે માનવી છીએ.

શ્રેય છે આપણું ક્યાં તે, પ્રેમની સત્ય ભાવના,
બતાવ્યા વિણ ના રે'શે, જીવને રત જો હશું.

બલિદાન અને ત્યાગ અર્પણ સર્વ જાતનું,
પ્રેમ તો માગી તે લે છે, પ્રેમનાં સત્ય માપ તે.

સાચો પ્રેમ હશે જે કો પ્રેમથી બદલો કશો,
માગવાતણી ઇચ્છાયે કરે ના કદી કો સમે.

પ્રેમી તો પ્રેમને કાજે પોતાનું સર્વ હોમશે,
હોમાવામાં બધું તેવું વળી આનંદ માણશે.

બીજું સામે કરે શું તે એ તો લક્ષ ધરે નહિ,
પોતે ઘટે થવું કેવું એ જ માત્ર વિચારશે.

પ્રેમ-રાગાદિથી મુક્ત, જીવને સત્ય જો હશે,
સર્વ વાતે જ કલ્યાણ પથે ત્યાં જીવને થશે.

પ્રેમીનું રૂડું જે લાગે એવું તે કરતો જશે,
પ્રેમીનું રૂડું તે રૂડું એને દિલ સદા વસે.

પ્રેમમાં ક્લેશ ના હોય, પ્રેમમાં કચવાટ ના,
પ્રેમમાં જીવ ઉકાળો સંભવી શકતો જ ના.

પ્રેમીમાં ઓત ને પ્રોત એક થાવું કઈ રીતે ?
ચિંતવ્યા કરશે તેવું પ્રેમ એક જ એટલું.

પ્રેમ તો યજ્ઞની જ્વાળા સર્વ ભસ્મ કરાવશે,
શુદ્ધ કંચન તે હૈયે જીવને સૌ બનાવશે.

પ્રેમની ભાવના દિવ્ય કોણ તે સમજી શકે ?
દિલ તો માનવીકેરાં કેવાં નાનકડાં જગે !

ના થતાં ધાર્યું પોતાનું દિલ ઊંચું કરે બધાં,
પોતાની રીતથી માગે પ્રેમીને વરતાવવા.

મહત્ત્વ કૈં જ પોતાને પ્રેમી ના આપશે કદા,
મહત્ત્વ પ્રેમને પોતે આપ્યા સૌ કરશે સદા.

પોતાની ગણના હૈયે કદી તે ન વિચારશે,
પ્રેમીને જ ગમે તેવા વર્તને મગ્ન તે રહે.

'મારું કે'વું થતું કાં ના ? ગમે એવું ન કાં બને ?
'રાજી રાખે મને કાં ના ?' પૂછે ના પ્રેમ એવું તે.

શી રીતે પ્રેમને પ્રીછે માનવી જગનાં, ભલા !
ગળે ના ઊતરે એને પ્રેમનો દિવ્ય ભાવ આ.

માછલાં પાણીમાં કેવાં ગેલ મસ્તી કર્યા કરે,
તેવું જીવવું તેનાથી મૃત્યુ વ્હાલું વધુ મને.

પ્રભુએ માનવી દેહ એટલા કાજ ના દીધો,
જીવવું, કૈંક તો ઊંચું, કે બને સાર્થ જીવ્યું સૌ.

મૈથુન, ભય ને નિદ્રા, ભૂખમાં પક્ષીઓ, પશુ,
જીવવું માત્ર ત્યાં રાચે, ભલાં ! તેવું શું જીવવું ?

કયું સારું ? કયું ખોટું ? બુદ્ધિ પારખવા મળી,
આપણી ગમતી રીતે-માપે-વાપરવી નહિ.

બુદ્ધિ-વિવેકથી જ્ઞાન સારાસારતણું હ્રદે,
ઘટે મેળવવું પોતે, પછી વર્તવું તે રીતે.

સંસારી કલ્પના કેવી પ્રેમની માનવી ગણે !
પ્રેમને તે નમસ્કાર, અમોને ખપનો ન તે.

અમારા પ્રેમની વ્યાખ્યા બેસે ના તમ ચોકઠે,
કરવું શું અમારે ત્યાં ? રહીશું દિલ પ્રોઈને.

ભાગ લેવા મને દેશો તમારા સર્વ જીવને,
રહેજો માટીના લોંદા જેવા, ઘાટ થવા હ્રદે.

કુંભાર ટપલા મારે ઘડાવા ઘાટ જોઈતો,
ઢીલાં નિરાગ્રહી એવાં બનો તો, ઘાટ પામશો.

પ્રભુના પ્રેમની રીત કદી ના એક જાતની,
અનેક રીતથી એ તો યુક્તિ યોજે નવી નવી.

રહી અંતર્મુખી પૂરાં હૈયે જે અવલોકશે,
પ્રેમપારખ એવાનાં જીવને કોક દી થશે.

*બાર* *તા. ૨૦-૧૦-૧૯૪૨*

# પ્રેમપંથનાં વિઘ્નો

મંદાક્રાંતા

વ્હાલી બ્હેનાં ! કઈ રીત તને પ્રેમનો પંથ ચીંધું ?
આંટીઘૂંટી કશી ત્યહીં નથી, માર્ગ સીધે જવાનું,
માનેલું જે નિજ મનતણું છૂટી ના તે શકે છે,
મુશ્કેલી તે ગિરિસમ ઊભી, દે ન *જાવા અગાડી.

અનુષ્ટુપ

આપણી કલ્પનાઓના ઘોડા દોડાવવા ન ત્યાં,
એટલું જો શકો સાધી બેડો છે તમ પાર તો.

મથતાં રે'વું એ રીતે યુદ્ધ આપ્યા કરી સદા,
આપણી સમજે તેવી દોરવાઈ જવું ન ત્યાં.

આપણું વેરી કોઈ ના, આપણા વેરી આપણે,
જેટલું વ્હેલું તે હૈયે દૃઢાતાં, શાંતિ સૌ વળે.

તમોને દુઃખ આપીને મારે શું પામવાપણું ?
પડે છે આપવા તોયે આઘાતો, શું કહો કરું ?

દોહ્યલું કામ એવું જે નસીબે મુજ છે લખ્યું,
કરું જો ના, અધર્મે હું પડું તો, સહજો બધું.

મારા પરે કશો રોષ ખીજ ના દિલ આણશો,
થતું એવું કશું હોયે જાતને અવલોકશો.

*બાર* *તા. ૨૦-૧૦-૧૯૪૨*

---

* જોવા

## મોહ

માલિની

કંઈ કંઈ લહરીઓ આવીને ઊડી જાય,
સ્વરૂપ મનની સાથે કેવું ગ્રહાય !
પ્રતિકૂળ મન સાથે યુદ્ધ જાગે ન ક્યાંય,
વમળ વળણમાં શું આપ પોતે ભરાય !

અનુષ્ટુપ

પ્રવાહ ભાવનાકેરો કો રીતે આંધળો નથી,
ભાન ને જ્ઞાન તો એમાં બીજા કાજે તજે ચહી.

ભાવના દિલની જેમાં પરોવાયેલી હો હૃદે,
કલ્યાણ સર્વનું ઇચ્છે ભાવના યોગ્ય શ્રેષ્ઠ તે.

એવી તે ભાવનાકેરા શ્રેયના પરિશીલને,
પોતાને હોમી જે દે છે સર્વનું શ્રેય સાધશે.

પોતાને ના કશું એવો આપે મહત્ત્વ માનવી,
થયેલી પરિસ્થિતિથી જગાડે ભાન આપથી.

સૂઝવા જે ન પૂરું દે ઓળખાવા ન દે કશું,
ભાવના ના ગણો એને એ તો સ્વરૂપ મોહનું.

મોહની વૃત્તિ કેવી છે કારમી કારમી ખરે !
મોહ તો બાંધી રાખે છે એક ને એકમાં હૃદે.

યોગ્ય જીવનનું ભાન જાગવા નવ મોહ દે,
કેવો તે જકડી રાખે ! છૂટવા નવ દે, અરે !

જણાતાં ખોટું છે એવું મોહની વૃત્તિ જોરથી,
મૃત્યુના પાશમાં કેવી કરાવે ભેળવ્યા વળી !

મોહ જીવનનો ધર્મ સૂઝવા નવ દે ખરો,
એના એ જ વિચારોનાં કૂંડાળાંમાં ભમાવતો.

શુભ સંસ્કાર પામેલાં એવાં માનવી હો ભલે,
કિંતુ શાં મોહના પાશે જકડાયાં રહ્યા કરે !

એવાં તો દિલથી માન્યું છોડી ના શકતાં અરે !
કેવાં પામરતાથી તે નિર્માલ્યપણું મેળવે.

શક્તિ હોવા છતાં, મોહ શક્તિ શી હરી લે બધી !
હરી લે બુદ્ધિની સાન અદ્‌ભુત મોહની ગતિ.

જેમાં વૃત્તિ જતી લાગે એનાથી કરી જીવને,
લાભ કેવો પમાવાનો એનો ખ્યાલ ન ત્યાં ઊગે.

મોહ તો માત્ર બાંધે છે પાટા આંખ પરે પૂરા,
તણાતાં જાય શા લોક મોહના વ્‌હેણમાં ખરા !

એવાને કોઈ જો આવે સત્ય હૈયે સુઝાડવા,
એને તે સત્ય ના લાગે એવો મોહ પ્રભાવ ત્યાં.

મોહ મૃત્યુ પમાડે છે મોહ નાશ કરાવશે,
મોહથી જે ન ચેતે છે એને કોણ બચાવશે ?

કેવા અજ્ઞાનમાં મોહ માનવીને ફસાવી દે !
શત્રુ જીવનનો બીજો મોહ જેવો ન કોઈ છે.

મોહથી છૂટવું હોય 'મોહથી વશ શાં છીએ !'
જાગવા એવું દો ભાન પૂરેપૂરું ઊંડું હૃદે.

સાલશે ખૂંચશે ઊંડું જાગેલું ભાન જ્યાં હૃદે,
થવાવા મોહથી મુક્ત એવું ભાન મથાવશે.

મોહના પાશથી ચેતી જે થવા મુક્ત ચ્હાય છે,
કેવી પરંપરામાંથી એનું જવાનું હોય છે !

સમગ્ર શક્તિ હૈયાની એને વાપરવી પડે,
એવાને ભાન પોતાનું જાગશે સાચું આખરે.

## પ્રેમનું રહસ્ય

અનુષ્ટુપ

બાળની ઉપરે પ્રેમ હોવાથી ખૂબી એહની,
જણાયા કરતી દીસે કોક ને કોક રીતથી.

સત્ય હકીકતે હોવા પૂરો સંભવ ના ત્યહીં,
રહેલા રાગ મોહાદિ એના પ્રત્યે ઊંડા ઊંડા.

એવી રીતે ઊંડો પ્રેમ સાચો ત્યાં કોઈ ઉપરે,
થતાં, વિના જગાડ્યા તે રે'શે ના નિજ છાપ કૈં.

પ્રેમ તે પ્રેમને કાજે બીજો ભાવ ન ત્યાં ઘટે,
સેળભેળ કશું ત્યાં તો હોવું સ્હેજે ન જોઈએ.

જાગતાં પ્રેમ તે સાચો યોગ્ય કર્તવ્ય આપણું,
ધર્મ પ્રત્યેનું જે હોય પ્રેરાવ્યા કરશે ઊંડું.

પ્રેમ ઉદ્‌ભાવવો હૈયે પ્રેમી પ્રત્યે ઊંડો ઊંડો,
ખ્યાલો બીજા ત્યજી દૈને, મળે સાંત્વન દિલ તો.

ઘડભાંજો પછી કાંઈ દિલમાં નહિ જાગશે,
સ્વરૂપ પ્રેમનું સાચું જણાતાં મન વામશે.

આપણે આપણી જાત પ્રેમથી માનતા જુદી,
પ્રેમનો તો પછી દાવો રાખવો ઘટતો નથી.

*ખાર* *તા. ૨૧-૧૦-૧૯૪૨*

## પ્રેમ આધાર

અનુષ્ટુપ

તમારા સર્વના જોરે હૈયે જોર હ્રદે રહે,
શક્તિ રે’ પગમાં તેથી ઊભી હું શકું હિંમતે.

તમારી પ્રેમભીનાશે હૈયે ભાવ ઝર્યા કરે,
તમારી ભાવનાથી તે પ્રેરાવાનું બને હ્રદે.

તમારા જોમથી મારે ફાલવાનું સદા રહ્યું,
વેગ ત્યાં આવશે હૈયે જીવો જો વેગથી બધું.

તમારો પ્રેમ એ મારા જીવને પ્રાણ પૂરશે,
તમારો પ્રેમ વ્હાલાનું તે પ્રતિબિંબ પાડશે.

સળેકડા સમો હું તો શક્તિ ગુંજાશ મારી શી !
તમે જો ના રહો હૂંફે તૂટી લૂલો હું તો બનું.

*ખાર* *તા. ૨૦-૧૦-૧૯૪૨*

## પ્રેમાગ્નિ

ગઝલ

તમે લાગો હ્રદય વ્હાલાં જો પ્રેમ રાખો તો,
મરી ફીટવાની શક્તિયે હ્રદય દેશે પ્રભુ વ્હાલો.

કૃપા કરીને સદા સૌયે વહ્યા કરતું બધું જે જે,
રહેજો રાજી તેમાં કૈં ધરી ઉકળાટ ના હૈયે.

ચઢે મુજ પર મને ગુસ્સો 'હૃદે તુજ ભાવના જો છે,
કરે ના કામ કાં તો તે ?' હૃદય મુજ એમ પૂછે છે.

પ્રસંગો જે દીધા તુજને પ્રભુએ મ્હેર કરીને જે,
સ્વીકારી તે લઈ તારું, રહ્યું સૌ કામ કરવું તે.

નથી તે કામ તુજ રીતે થવાનું, તે પ્રભુ રીતે,
ધીરજ ધરજે ધીરજ ધરજે, બને તું બ્હાવરો શાને ?

કરે જો પ્રેમની વાતો સહેવાનું બધું તારે,
ઊભું રે'વું જ પડવાનું ઉમળકાથી સદા પ્યારે !

રહ્યું જે પ્રેમમાં દર્દ હજી શું ભોગવ્યું તેં છે ?
ઊંડું ઊતરતાં દર્દ ઘવાતાં પ્રાણ પ્રેરાશે.

મુખેથી બોલ ના દેજે, કદી સીત્કાર ના કરજે,
રુંવાડું એકયે તારું ફરકવા ના કદી દેજે.

જલદ તલસાટ પ્રેમાગ્નિ હૃદય તુજ ક્યાં પૂરો પ્રગટ્યો,
છતાંયે તું બક્યા કરતો નકામી પ્રેમની વાતો.

કૃપાથી પ્રેરણા પ્રેરી બતાવ્યો માર્ગ જે હૃદયે,
કર્યા કરવાનું તારે તે, ભલે હો કે નહિ બીજે.

રહ્યું જોવાનું તારે તો સદા તારું, ન બીજાનું,
હૃદય તે ગેડ બેઠી તો પછી કાં બૂમ મારે તું ?

મઝા તે પ્રેમની એવી સદા ચાખ્યા કરી હૈયે,
સદાયે મસ્ત રે'વું છે બીજી પરવા ન કરવી છે.

બાર તા. ૫-૧૧-૧૯૪૨

# કાર્યસાધકતા

અનુષ્ટુપ

પ્રેમની દેણમાં ક્યાંયે સંતોષ વાળવો નહિ,
વધારે ખૂબ દેવાય ભાવના એમ ધારવી.

છિપાતી ના તૃષા એવો પડ્યો શો શોષ કારમો !
વ્હાલાં વ્હાલાં હ્રદે રે'વા માગું હું હક્ક પ્રેમનો.

દૂરથી શાં મીઠાં છો ! ને પાસેમાં વળી પાસ છો,
વ્હાલુડાં વ્હાલુડાં કેવાં તમે સૌ ઉરમાં વસો !

આર્તતા, આર્દ્રતા ઊંડી ઝંખના ચેતનાભરી,
પ્રેમ-માર્દવતા હૈયે હૈયાં એક કરાવતી.

પ્રેમનું ભાવના જોશ વધાર્યા કરી કાર્યમાં,
રેડ્યા કરી સદા એને અભ્યાસે રત રો' સદા.

દક્ષતા કર્મમાં આવે, અભ્યાસે સૂક્ષ્મતા વધે,
સૂક્ષ્મતા તે ઉમંગેથી સૌ થશે તો જ આવશે.

પ્રેમની પ્રાર્થના જેવી ભાવ તેવા જ જાગશે,
ગાંડા પ્રેમ જ્વરે થૈને ઝંખનામાં રહો હ્રદે.

એળે જિંદગી શી વ્હેતી ઘોરીને ઘેનમાં ઊંઘ્યા !
કૃપાથી વ્હાલુડાં ચેતી તત્પરે નિશ્ચયે રહો.

પ્રભુને આશ્રયે પ્રાપ્ત વિદ્યામાં સૂક્ષ્મતા થવી,
સાધનો જેટલાં તીક્ષ્ણ કાર્યસાધકતા થવી.

સાથ જેનો લીધો એને પૂરો પાર ઉતારજો,
તમન્નાથી પ્રભુ લગ્ને ચિત્ત એકાગ્ર રાખજો.

*કરાંચી* *તા. ૬-૧૧-૧૯૪૨*

# પ્રેમની અનંતતા

અનુષ્ટુપ

ગમેયે તેટલો છોને પ્રેમ વ્યક્ત કરી શકો,
પ્રેમની તે પરાકાષ્ઠા કોઈ ના પ્હોંચી ત્યાં શકો.

ગૂઢતા પ્રેમની એ જ એની ખૂબી અનેરી શું !
થવાતાં વ્યક્ત તે પૂરો થશે રૂપ અવ્યક્તનું.

મર્યાદા પ્રેમની છેલ્લી દર્શાવીશું ભલે છતાં,
અધૂરી તોય રે'વાની પ્રેમની ભાવ વ્યક્તતા.

મર્યાદા પ્રેમની કોઈ આંકી ના જીવને શકે,
અનંત રૂપ એનું છે, લેણદેણ થકી વધે.

પૂરો સંપૂર્ણ ના એનો ભાવ આવી શકે હૃદે,
બેખ્યાલી-બેહદી એ તો, આપતાં આપતાં વધે.

લેવાનું પ્રેમ ના જાણે, આપ્યા સૌ કરવું ચહે,
અભેદે સંકળાવાને પ્રેમ સાધન ભાવ છે.

મમતા, રાગ, આસક્તિ એને પ્રેમ ન જાણશો,
બાંધનારાં બધાં એ તો, ટાળશે પ્રેમ બંધનો.

કરાવે પ્રેમ તો મુક્ત, જેવું એનું સ્વરૂપ હો,
ચોંટ્યો જેવામહીં તેવી દૃષ્ટિ વૃત્તિ બનાવતો.

સંસારે પ્રેમ જો ચોંટે સંસારીરૂપ તે ધરે,
વેપારે પ્રેમ જો સાંધ્યો વેપારીરૂપ તે થશે.

જેવો જેનો હશે પ્રેમ, પ્રેમ તે રૂપ આપશે,
અનુભવેલું એવું તો જીવને માનવીનું છે.

*બાર* *તા. ૬-૧૧-૧૯૪૨*

# માંગલ્ય પ્રેમ

શાર્દૂલવિક્રીડિત

ખેલ્યા ગૂઢ રહી કરે જગતમાં જે સ્થૂળ ને સૂક્ષ્મમાં,
આકર્ષે જીવ જીવ પ્રેમ રસથી એકાત્મભાવે થવા,
એવું પ્રેમસ્વરૂપ એક સહુને જે સંકળાવી રહ્યું,
એવો પ્રેમ ઊંડો પરસ્પર દ્રવી ફેલાવજો મંગળ.

જેવાં પુરુષ પ્રકૃતિ હળીમળી વિશ્વે હંમેશાં રમે,
દેખીતી મૂળ પ્રકૃતિ જ રમતી, પુરુષ રે' અંતરે,
બંને એકબીજાં પરે ત્યમ છતાં આલંબીને વર્તતાં,
તે આદર્શ અનુભવો જીવનમાં ને માણજો મંગળ.

જેને પ્રેમ કહે બુધો જગતમાં તે પ્રેમના ભાવને,
સાકારી રૂપ આપવા જીવનમાં છે લગ્નનો હેતુ તે,
વ્યષ્ટિથી જ સમષ્ટિમાં જીવનને ઉદ્‌ભાવવા લગ્ન છે,
એ હેતુ ધરી લક્ષ મંગળ તમે વર્તાવજો જીવને.

જે જે સર્વ પરિસ્થિતિ જગ મળે તે સૌ વિકાસાર્થ છે,
એ રીતે ઉપયોગ શક્તિ કરીને ત્યાં શોધજો તત્ત્વ તે,
ના મૂલ્યાંકન આંકશો જીવનના પાર્થિવ સૌ માપથી,
એ તો ઈશ પ્રસાદી પ્રેમ ગણજો પ્રત્યક્ષ તેવું જીવી.

પામ્યા જીવન ના નિરર્થકપણે તે ખ્યાલમાં રાખજો,
પોતાને ન મહત્ત્વ આપી સઘળું બીજાનુંયે ધારજો,
જે જે એકલવાયું જીવન જીવે તે જીવને શી મઝા !
ત્યાગે જીવન પુષ્પ આપ વિકસે એવાં થઈ મ્હેકજો.

જે જે સર્વ મળ્યા કરે જીવનમાં ના ભોગવો એકલું,
બીજાંને સમભાગી ત્યાં બનવતાં રે'જો તમે પ્રેમશું,
ઊંચી સંસ્કૃતિ જન્મથી નવ મળે એ તો જીવ્યાથી મળે,
એવું ઉન્નતગામી જીવન તમે જીવી કરો મંગલ.

જુદું જુદું રૂપાંતરે પરિણમે શું તત્ત્વ તે પ્રેમનું !
સાધી પ્રેમ શકે પૂરો સકળ તે આદર્શનો, લગ્નથી,
ઓજસ્વી રૂપ પ્રેમનું જીવનમાં ઉદ્‌ભાવવા લગ્ન છે,
એ તો જીવન સાધના ગૂઢ અને શી ભવ્ય ને રમ્ય તે !

કેવું પ્રેમસ્વરૂપ દિવ્ય રસીલું શું મુગ્ધ રૂપે રસ્યું !
ઊંડો ભેદ ન પારખે ત્યમ છતાં સૌ કો રસાયે જતું,
લીલા પ્રેમ કરે અણુ અણુમહીં શા શા રચે ખેલ ત્યાં,
એવા પ્રેમ વડે તમો ઉભયનું થાઓ સદા મંગલ.

## પ્રેમનું વિધાન

અનુષ્ટુપ

જગે ઈશતણું પ્રેમ એ તો વ્યક્ત સ્વરૂપ છે,
કહ્યું છે એટલા કાજે 'પ્રેમ એ પરમેશ્વર'.

કેળવાતાં હ્દે પ્રેમ પ્રેમ પૂરો બની જતાં,
આપણે ઈશ મંદિરે પ્રવેશી શકશું તદા.

પ્રેમની સાધના દિવ્ય માનવી જ કરી શકે,
યોનિમાં બીજી કોઈયે થવી શક્ય ન તે દીસે.

દુર્લભ માનવી જન્મ તેથી તો જગમાં ગણ્યો,
કૃપાથી એવું પામેલાં, એને શું રોળી નાંખવો ?

જાગેલું ભાન જેને ના એવું તે તો જગે ભલે,
વર્તે છોને ગમે તેવું, ભૂલેલાં ભાન લોક તે.

આપણે ભાન ભૂલેલાં રહેવું એવું શું ગમે ?
વર્ણસંકરતા તો તો જીવને કેવી જાગશે !

વિચારભેદને લીધે એક રાગે થશો નહિ,
અંતર પડતું જાશે જીવને અસ્તવ્યસ્ત થૈ.

સુમેળ સાધવો હોય મૂકીને હેઠું આપણું,
ઉચ્ચ જે સમજે હોય एनामां ભળવું ચહો.

પત્નીનો ધર્મ ના જુદો, પતિનોય જુદો નથી,
બંનેનો ધર્મ છે એક-એકમેક થવા હૃદે.

ઉચ્ચ આદર્શગામી હો જો કોઈનો પતિ જગે,
પાડવાનું થતાં એનું ત્યાંથી, તો તે અધર્મ છે.

અધર્મે જો જવા પેલો ના પાડે, વશ ના થતાં,
અન્યાય ના કરે છે તે બીજાને કોઈ વાતમાં.

ઊલટું કો અધર્મે જે લઈ એને જવા મથે,
જોઈએ કરવો એણે સામનો હૃદના બળે.

કરે જો સામનો ના તે ત્યારે તે ધર્મ ચૂકશે,
પોતેયે પડશે નીચો બીજાને ત્યાં જ રાખશે.

સાધકે સામના એવા પડે છે કરવા નકી,
સુમેળ રાખવાનો છે છતાંયે બનતા લગી.

ગેડ ના સમજે બેઠી જેની તે સાથ વર્તને,
એની રીતે થવા જાતાં રાખવું લક્ષ સાધકે.

યુદ્ધ આપ્યા વિના કોઈ ઉપરે આવશે જ ના,
અવજ્ઞા ત્યાં છતાં કોની જીવને કરવાની ના.

યુદ્ધ ત્યાં આપવાનોયે હેતુ તે લક્ષ રાખવો,
જઈયે ક્યાં ન દોરાઈ એ રીતે યુદ્ધ તે કરો.

બીજાને કાજ ના યુદ્ધ, એ તો જીવન કાજ છે,
બીજું ઊંચે ચઢે એવો રાખવો ખ્યાલ ના ઘટે.

પ્રેમભાવ વિહોણું કૈં કર્તવ્ય ના થવું ઘટે,
સાધના કાજ સૌ કર્મો જીવને કરવાં ઘટે.

બીજું કો તેથી ના રાજી આપણાથી થતાં જગે,
માર્ગથી ડગવું ત્યાં ના કોઈ રીતથી આપણે.

ભાન જીવનનું પૂરું જાગેલું ઉર જો હશે,
વર્તાવી યોગ્ય તે માર્ગે પ્રેરાવ્યા કરશે હૃદે.

છોને ત્યાં અથડાવાનું બને, તે પણ યોગ્ય છે,
વિના તેવા જ સંજોગો ઘડાઈશું ન જીવને.

બીજાની માન્યતામાં તે ભેળાવાનું ન આપણે,
આપણા યોગ્ય જો હોય, સ્વીકારી લેવું તે હૃદે.

છોકરાં, પત્ની ને વિશ્વ પ્રેમ કેળવવા મળ્યાં,
તે જો ના થતું હોયે તો બધું તે વ્યર્થ જાણવું.

એ લોકો આપણી રીતે સંતોષ પામશે નહિ,
આપણે એમની રીતે જતાં કામ બને નહિ.

ગૂંચ મુશ્કેલી ત્યાં આવી સામે ઊભી પથે થશે,
નાખી જીવનને એ તો ગૂંચવાડે, મૂંઝાવશે.

કર્મ અકર્મનો ગૂઢ વિવેક ત્યહીં રાખવો,
વિરલા કોઈ તે કાઢે યોગ્ય ઉકેલ ત્યાં બધો.

ઘટે ના જવું મૂંઝાઈ ગૂંચવાડે પડાય જો,
રાખીને સ્થિરતા ત્યારે વર્તવું સમતોલથી.

જવાનું અકળાઈ ના પીગળી ત્યાંય ના જવું,
સાધના હેતુને ખ્યાલ રાખી, ત્યાં યોગ્ય વર્તવું.

આપણે આંકડો ઊંચો રાખવાનો નથી કહીં,
રાખીને નમ્રતા પૂરી વર્તવું પ્રેમથી કરી.

આપણી રીતથી બીજું વર્તે એમ ન રાખવું,
સૌ દેવું કરવા એનું બીજી સૌ બાબતોતણું.

*ખાર* *તા. ૭-૧૧-૧૯૪૨*

## અનેરો પ્રેમ

ગઝલ

તમારામાં સમાવાને હૃદયની ઝંખના ભારે,
જગા જરી ત્યાં કરી આપો વિનંતી એટલી તમને.

નથી આ આંધળો પ્રેમ બધુંયે દેખનારો છે,
હજારો આંખ એને છે, હજારો હાથ પગ એને.

દિશા, લક્ષણ અને ક્ષેત્ર બહુ શાં અંગ એને છે !
છતાં બંધાયેલો ના તે, સદાયે મુક્ત એવો તે.

રહે બંધાયેલો જો તે નથી બંધાઈ રે'તો તે,
કદી ઇચ્છેય બંધાવા, હૃદય તે પ્રેમ કેળવવા.

હૃદય બંનેય જોડવવા અભેદે એકલું રે'વા,
વિના તે સ્વાર્થ એને ના, બીજી કો ઝંખના છે ના તે.

લૂંટી ના છે કશું લેવું, હૃદયનો ભાવ તે લેવા,
ભિખારી પ્રેમના એવા અમે જ્યાં ત્યાં ભટકનારા.

અમારો પ્રેમ રાજા છે, અમે ગુલામ એના તો,
મઝાથી ત્યાં રહેવાનું ખપે ના કંઈ લવારો ત્યાં.

અમારું ચાલતું ના કૈં અદબવાળી અમે બેઠા,
ઈશારે સૂક્ષ્મ દોરાવું અમારે તો રહ્યું છે ત્યાં.

અમારા હાલહેવાલ કફોડા તે કરે છે શા !
ત્યહીં ફરિયાદ કરવાની રહી કોને અમારે ના.

કશી પરવા ધરે ન તે છતાંયે પ્રેમ સૌનો તે,
મુબારક રો' અમોને તો, મુબારક પ્રિયજન અમને.

અમારાં પ્રિયજન સઘળાં અમારાં તે સદા રે'જો,
અમારાં પ્રિયજનને છે વિનંતી કે 'નહિ રૂઠજો.'

જગતમાં પ્રેમ ના હોતે પછી જગમાં બળ્યું શું છે ?
જગતમાં પ્રેમની લીલા રસીલી શી પ્રભુની છે !

મને ઉર મહોબતે પૂરું ગળી જાવાનું મન રુચે,
સદા સંગત પ્રભુ તેવી કૃપાથી આપતો રે'જે.

હૃદય બસ પ્રેમ આપો તો કશું ના જોઈએ મારે,
મળી રે'શે બધુંયે તે મને જે જોઈશે તે તે.

તમારો પ્રેમ માગું છું, તમારો ચાહ માગું છું,
હૃદય ઘૂંઘટ જરા ખોલી પ્રવેશાવો હૃદે, ઈચ્છું.

તમારામાં તમે જુઓ તમે થાઓ તમારામાં,
અમારા તો તમે થાશો અમે રે'શું તમારામાં.

તમારામાં પ્રવેશીને નિહાળીને તમારું સૌ,
રહેલું ફેંકવા યોગ્ય બધું ફેંક્યા તમે કરજો.

અમારે કોઈના શેઠ અને માલિક થવું ના છે,
અમારે દાસનાયે તે રહેવું દાસ તમ ચરણે.

સ્વરૂપ જો પ્રેમનું સાચું હૃદય સમજી તમે અમને,
સમજવા ત્યાં મળ્યા કરશો, બધું તો પાંસરું પડશે.

અમારી ચાલમાં અમને ગતાગમ ના કશીયે છે,
છતાંયે શા દમામો તે અમે ત્યાં રાખીએ છીએ.

જગતમાં પ્રેમની ગાદી સમી ગાદી ઊંચી કો ના,
અમારે પ્રેમના તખ્તે બિરાજી રાજ્ય કરવું છે.

*બાર* *તા. ૭-૧૧-૧૯૪૨*

## પ્રેમ ભીખ

ગઝલ

હૃદયથી ઝંખી ઝંખીને જીવનને આંગણે આવી,
ધરી છે પ્રેમની ઝોળી છતાં કાં રાખતાં ખાલી ?

ભિખારી હું ભૂખે મરતો કર્યા છે સાદ બહુયે શા !
ગૂંથાયેલા રહો કામે હૃદય કાં ધ્યાન એનું ના ?

અમારો ભાવ શેં પૂછો ? અમારે રાહ જોવાની,
સદા આશા અને આશા અમારે ઉર ધરવાની.

નકામા કૈંક બોલોને અમારે તો સહેવાના,
અમારું પેટ જોવાની પડી કોને નથી જગમાં.

વખાનો આવિયો માર્યો ભટકતો ઠેર ઠેરેથી,
બિચારો સંભળાવે ક્યાં ભિખારીની જીવનકથની ?

*વડોદરેથી સાબરમતી જતાં* *તા. ૧૦-૧૧-૧૯૪૨*

## પ્રેમની ગતિ

અનુષ્ટુપ

તપેલો સૂર્ય હો ભારે એનો તાપ ઘણો કઠે,
જામેલો પ્રેમ જ્યાં એવો એનું સ્હેવાનું દોહ્યલું.

નદીમાં પૂર આવે જ્યાં ત્યાં તણાઈ જતું બધું,
શક્ય ના ઊભું રે'વુંયે પ્રેમના તે પ્રવાહમાં.

ઊભું રે'વા મથે તોયે તણાવું વ્હેણમાં પડે,
ફાંફાં વ્યર્થ જશે એનાં કુટાશે ઊલટું પથે.

ઉમંગે આવકારી જે એને ત્યાં સતકારશે,
થશે ધન્ય, બીજાનેયે ધન્ય પોતે બનાવશે.

ઊંધું પ્રવાહથી જે કો ચાલવાનું કર્યા જશે,
એને તો અથડાવાનું રે'વાનું ભાગ્ય નિશ્ચયે.

પ્રવાહે તરવા જે કો ઉમંગે મથશે પૂરું,
થોડા શ્રમે જશે આઘું અંતરે કાપશે વધુ.

પ્હાડની જેમ જો કોઈ ઊભું રે'શે પ્રવાહ તે,
ખંચકાયા વિના તોય નિશ્ચયે જ વહ્યા જશે.

ઝીલી ના શકશે એવું ઝપાટા એ પ્રવાહના,
જે રીતે પળશે જે કો એનું તેવું ફળે સદા.

સાનુકૂળ વહેવામાં પ્રસંગ બચવા પૂરો,
પ્રતિકૂળ વહેવામાં વિનાશ માર્ગ જાણજો.

*બાર* *તા. ૧૨-૧૧-૧૯૪૨*

## પ્રેમનું યુદ્ધ

શિખરિણી-મંદાક્રાંતા

મચેલો ખંતે જે કદી નહિ ફરે પીઠ પાછી કરીને,
રણે ઊભો રે'શે નિજ પર સદા આવતા ઘા ઝીલીને,
ઝીલંતા ઘા એવા નિજ હૃદયમાં શૂર ભારે ચઢે જો,
ઝૂઝેલો તે યોદ્ધો મરણ પરવા ના કરે છે રણે શો !

હરિગીત

જો પ્રેમની પરવા નથી તો એ જીવનમાં ના કશું,
સહુ કોઈનું સારુંય જીવન પ્રેમના તત્ત્વે ખીલ્યું.

શિખરિણી

હશે પ્રેમી સાચો જીવન લડતાં યુદ્ધ જગવે,
કસોટીએ એવો જીવતર નવું પ્રાપ્ત કરશે,

કશાં વિઘ્નો એને નડતર સમાં ના કહીં દીસે,
યશસ્વી અંતે તે જન નીવડીને વિશ્વ જીતશે.

ભલે મૃત્યુ પામે જગતમહીં એવો જન કદી !
હૃદે જે ધારેલું વળી કરી શકે પ્રાપ્ત ન પૂરું,

અને છો હારેલો જગત નજરે તે પથ દીસે,
બિચારું શું જાણે જગત ! અતિશે પામર જ તે.

વસંતતિલકા

વિદ્યા નથી, બળ નથી, નહિ ખર્ચ દામ,
એવા ઢળ્યા શરણની પ્રભુ લાજ રાખ,

જાણી બૂજી જડ રહે, બળ સર્વ છોડી,
પોતે પૂરો હૃદય નિર્બળ તે બનીને.

જે આશરો પ્રભુતણો સહુ વાતમાં લે,
એને પ્રભુ કદીય છોડી ન દે કહીંયે.

*બાર* *તા. ૨૮-૧૧-૧૯૪૨*

## સાચું સુખ શું ?

ઉપજાતિ

કેવી હતી બેન ! તું એક વેળા,
તું તેવી ને તેવી રહી શકે ના,
કૈં ફેરફારો સહુમાં બને છે,
તો વ્યર્થ ફાંફાં શીદ બેન ! મારે ?

લક્ષ્મી સદાકાળ કહીં ટકી છે ?
શું તે રહેશે તુજ ઘેર નિત્યે ?
છે આજ જે, માણવું તે ઘટે છે,
ને ‘કાલ’ કોણે જગમાં દીઠી છે ?

જે ‘આજ’ એથી ઉર ધન્ય થાવું,
એને પથે સાધન સૌ બનાવો,

જે કંઈ મળ્યું છે ગૂઢ હેતુ એનો,
તે કાજ તે વાપરવું ઘટે સૌ.

એથી બીજો કો ઉપયોગ એનો,
જો થાય, તો વ્યર્થ મળ્યું જ જાણો,
જે સુખ આજે, નવ કાલ રે'શે,
ને કાલનું સુખ દીઠું જ કોણે ?

જે આજ એનો ઉપયોગ સાચો,
આજે કરીને મનમાંહી રાચો,
કાલે હતું - સુખ ન આજનું તે,
પરિસ્થિતિ જુદીથી ફેરવાયે.

ને સુખ ને સુખની કલ્પનાયે,
જુદી જુદી વેળ નવી ફરે છે,
માની મને+ જે સુખ કલ્પનાઓ,
તે તે ગણી સત્ય ન છેતરાશો.

અનુષ્ટુપ

પરિસ્થિતિ જુદી જુદી જેમ જેમ થતી જતી,
કલ્પના ફેરવાતી રે' તેમ તેમ જ સુખની.

વસેલું કલ્પનામાં છે સુખ ને દુઃખ તો બધું,
આજે જે સુખ તો માન્યું કાલનું તે હશે બીજું.

સુખ જે ફેરવાતું રે' મઝા તે સુખમાં શી ત્યાં ?
સદાકાળ ટકે એવું સુખ તે શોધવું રહ્યું.

---

+મનમાં

કલ્પના, કાળ, સંજોગો, ગમે તેવી પરિસ્થિતિ,
અનંત સુખ હૈયાનું ફેરવી ના શકે કદી.

હઠાવી ના શકે ત્યાંથી કે કો ના ઝૂંટવી શકે,
હૈયાનું સુખ એવું તે કરી નાશ ન કો શકે.

અમર્યાદપણે એવું સુખ તે જીવને ટકે,
એવું તે કરવા પ્રાપ્ત સુખ, નિશ્ચયી તું થજે.

*બાર* *તા. ૨૮-૧૧-૧૯૪૨*

## પ્રેમ-કઠોર કે આર્દ્ર ?

ઉપજાતિ

પ્રેમે ભરેલા મુજ અંતરેથી,
કો પ્રેમનાં વેણ સરી પડે ત્યાં,
આરોપજે ના કટુતા વૃથા તું,
હૈયું દુભાવીશ ન તારું બે'નાં !

જો પ્રેમીનું હૈયું સહે ન વેણ,
પ્રેમીતણાં, તો પછી પ્રેમ શો ત્યાં ?
સંતાપ એને ન નડે કદીયે,
રંગાઈને પ્રેમથી જે રહે છે.

અનુષ્ટુપ

પ્રેમની આર્દ્રતાવાળા *સ્પર્શે માનવઉર તે,
ધરી કોમળતા કેવું ભીંજાયેલું થતું દીસે !

---

*સ્પર્શથી

## ઉપજાતિ

સાક્ષાત બે'નો જગ પ્રેમમૂર્તિ,
તે કાં દ્રવે ના મૃદુ પ્રેમસ્પર્શે ?
નિરાંત હૈયે મુજને વસેલી,
કે 'કોણ પ્રેમે વશ ના થયું છે' ?

એ પ્રેમ શું ગામતણો ગપાટો ?
એ પ્રેમ ના સત્ય હકીકતે શું ?
તથ્યાંશ કૈં પ્રેમમહીં ન જો હો,
તો તો પ્રભુ, વિશ્વ, બધું નકામું.

જો આપણો સ્વાર્થ જ એક સાચો,
તો વિશ્વમાં ના વ્યવહાર હોત,
સંબંધ તો એકબીજા વિશેનો,
જગે રહ્યો હોત કશો ન ક્યાંય.

જ્યાં ત્યાં બધે જીવન પ્રેમ સ્પર્શે,
સૌ પોતપોતાની રીતે ગ્રહે છે,
એ તો સદાકાળ જીવંત તત્ત્વ,
ઓછો જણાતાં ખટક્યા કરે છે.

જે આર્ત એવો મન પ્રેમ ધારી,
જેમાં વસે છે નિજ લક્ષ્ય ચાહી,
રૂપાંતરે ફેરવશે જ એને,
અગાધ શી પ્રેમની દિવ્ય શક્તિ.

હૈયાતણી માર્દવતા છૂપેલી,
તે ખેંચીને ઉપર લાવશે સૌ,
કઠોર ને આર્દ્ર રસે રસેલી,
શી પ્રેમની અદ્‌ભુત દિવ્ય શક્તિ !

અનુષ્ટુપ

સુખાકારી શરીરે શી, બીમારીથી વધુ રહે !
છતાં ના ભાન એનું રે', બીમારી સાલતી રહે.

સદાકાળ રહેલું જે જીવંત આપણા વિશે,
એનું અસ્તિત્વ સ્‌હેજેયે જીવને દૃષ્ટિમાં ન રે'.

એવું તે પ્રેમનું સૌમાં જીવતું તત્ત્વ વિશ્વમાં,
ભરપૂર રહેલુ જે ત્યાં પડે દૃષ્ટિ ના છતાં.

*બાર* *તા. ૨૮-૧૧-૧૯૪૨*

## પ્રેમવહેણ

ઝૂલણા

પ્રેમના વારિની આવતી છોળને
 કોણ વારી શકે ? કોઈ કે'શો ?
ધન્ય જીવન ગણું, ત્યાં તણાઈ જવું
 જ્યાં ટળે ઉર સંતાપ સઘળો.

પ્રેમના અગ્નિમાં પડતું જ્યાં મૂકશો
 મરણની પારનો જન્મ મળશે,
તે પછી નિત્ય આનંદ-મસ્તી-નશો
 પ્રેમમાં ડૂલ કરી ઉર રાખે.

તે નિજાનંદમાં મસ્તીભર તાનમાં
એકલો એકલો ઉર મ્હાલે,
ધન્ય એ પ્રેમની ફોરમે મ્હેકતાં
જીવન રેલાવવું પ્રેમ વ્હેણે.

*બાર* *તા. ૨૮-૧૧-૧૯૪૨*

## પ્રેમનો જાદુ

અનુષ્ટુપ

પ્રેમની ભાવના જ્યારે દૃઢીભૂત થઈ જશે,
મહત્તા ભાવની ત્યારે આપોઆપ સ્ફુર્યા જશે.

જીવમાં શિવનું તેવું થતાં દિવ્ય રૂપાંતરે,
પરસ્પરે થશો ત્યારે એકાત્મ ભાવથી હૃદે.

પ્રેમની ભાવનામાં તો એક એક થકી વધુ,
ચઢિયાતું થવાનું છે, સ્પર્ધા ત્યાં શી પરસ્પરે !

કલ્પના પ્રેમ એવાની કેમેયે કરતાં હૃદે,
જેને ના બેસશે, એને એનો સ્પર્શ ન બેસશે.

થશે સ્પર્શ છતાંયે જો અજ્ઞાની સમજે નહિ,
અજ્ઞાની જે રહે તો ત્યાં એવું તત્ત્વ ઠરે નહિ.

અજ્ઞાનીને છતાં પ્રેમી સહી લેશે હૃદે ચહી,
અજ્ઞાનીતણી રીતે તો પોતે દોરાય ના કદી.

એવાના પ્રેમની તેથી એને કૈં સૂઝ ના પડે,
અજ્ઞાનીમાં વસે છે ના પ્રભુનો ભાવ સ્હેજયે.

જ્ઞાની, જે રહ્યું અજ્ઞાની તેથી, એને કહ્યા કરે,
અજ્ઞાનીને થવા તેવું તમન્ના મન ધારીને.

જેટલું જે હશે જેમાં તેમાંથી પ્રાપ્ત તે કરે,
હૃદે તટસ્થતા રાખી ધરે ચિંતા ન તે વિશે.

'સામું અજ્ઞાની' જાણે તો મોટો ના નિજને ગણી,
તુચ્છકારે ન તેને તે એવો પ્રેમ રહે ચડી.

ગમે તે તે કરે તોય પ્રેમ એને ચહ્યા જશે,
ચહે છે પ્રેમ એવાંને પ્રેમમાં લાવવા હૃદે.

પ્રેમ જીવન તો એનું કોક દી ફેરવાવશે,
કરેલી સર્વ આડાઈ ત્યારે દિલ સાલશે.

પ્રેમનાં સર્વ કર્તવ્ય એના જીવનમાં થયાં,
રહસ્ય ગૂઢ તે સૌનું એને ઊગ્યા કરે તદા.

કૃતકૃત્ય થયાનો શો ભાવ તે વેળ જન્મતાં,
પ્રેમ પરે થશે ધન્ય વારી વારી જઈ તદા.

સર્વસ્વ પ્રેમને પાદે પોતે પૂરું સમર્પશે,
પ્રેમનો શો ચમત્કાર જીવને જાણી તે શકે !

કૃતાર્થ જીવને કોઈ પ્રેમથી જે થયો હશે,
પોતાનાં સર્વ કર્મોમાં પ્રેમનો હાથ તે જુએ.

પોતાનું સર્વ સોંપીને સારું જીવન પ્રેમમાં,
ગળાવાને રસે પ્રેમે ઇચ્છા તે એક રે' હૃદે.

*બાર* *તા. ૩૦-૧૧-૧૯૪૨*

## પ્રેમનો હેતુ

અનુષ્ટુપ

પ્રેમનું દુઃખ ના લાગે દેવાનો દુઃખ ત્યાં કશા,
હેતુ ના પ્રેમને હોય, વૃત્તિ ત્યાં માત્ર પ્રેમ સૌ.

એવો પ્રેમ સદાયે હું તત્પરે ભેટવા હૃદે,
ગમે તે પ્રેમનું સૌ જે સ્વીકારી ચાલવું પથે.

સ્વીકારતાં પથે તેવું કલ્યાણ સર્વ થાય છે,
તેથી તે ભેટ શી વ્હાલી હૈયામાં લાગતી હૃદે.

દુઃખ જો કાંઈ થાયે તે ભાવ તાદાત્મ્યથી હૃદે,
પ્રેમ સાપેક્ષ ભાવે જે થવાનું હોય થાય તે.

*ખાર* *તા. ૨-૧૨-૧૯૪૨*

## જીવન આદર્શ

શિખરિણી

મહાક્રાંતિકારી જીવન બનવી મંથન કરી,
પ્રવેશાવા ત્યાં દો જીવન કિરણો ઓજસતણાં,
અને ફેલાવી દે નસ નસ બધે પ્રેમ ભરતી,
વહેવા તું દેજે હૃદથી ઝરણાં નૂતન પછી.

* * *

## કર્તવ્ય માર્ગ

શિખરિણી

લીધેલું માથે જે મથી મથી પૂરું પાર કરશે,
સદા એને ઊંડો મનહૃદય વિશ્વાસ સ્ફુરશે,

તરંગો કૈં તેને કદી પણ સતાવી ન શકશે,
પથે એવું ધીમે ડગ ડગ ભરી આગળ જજે.

*નવસારી* *તા. ૬-૧૨-૧૯૪૨*

## ઉત્કંઠા

મંદાક્રાંતા

ભારે હૈયે નીરખી નીરખી આંખડી ખૂબ થાકી,
ઊંચા શ્વાસે સ્મરણ કરતાં ઉર રિબાય ઝંખી,

આશા જેની મન થકી છૂટે, ઉર ના આશ મૂકે,
એવી વેળે બહુ કરી કૃપા મેઘરાજા પધાર્યા.

ઊંચી ડોકે ટગર નયને રાહ જ્યાં દેખતો’તો,
ને ચિંતાથી નિશદિન બધાં વ્યગ્રતામાં ડૂબેલાં,

જ્યાં ત્યાં ઊંડા મન દુઃખ ભરી ખૂબ ધા નાખતાં’તાં,
એવી વેળે બહુ કરી કૃપા મેઘરાજા પધાર્યા.

*નવસારી* *તા. ૬-૧૨-૧૯૪૨*

## પ્રેમનું અક્ષયપાત્ર

ગઝલ

હૃદયના પ્રેમનું વાહન મૂંગું અદશ્ય એવું છે,
જિવાડે પ્રેમીમાં તમને, રમાડે પ્રેમીમાં હૃદયે.

ન તત્ત્વ પ્રેમનું કેમે હૃદય નિજ કાજ ઝંખે છે,
તમારામાં સદા રે’વા જિગર ઝંખ્યા કરે તે.

જીવનની દૃષ્ટિ ને વૃત્તિ જગે જોડાયેલી રહી, શું !
બધી સંકેલી તે લઈને પછી અંતર્મુખી રહેવું.

સ્વરૂપ છે કેવું પોતાનું પહેલાં જાણવાનું તે,
બધું પલટાવવામાં ત્યાં કશું બાકી ન રાખો તે.

ગણું હું મારું ધન જેને તમોને આપવાને સૌ,
હૃદયમાં ઝંખના ભારે તમે ક્યારે લઈ લેશો ?

લઈ લો મારી પાસેથી બધી લક્ષ્મી જીવનની જે,
મને કાં લૂંટી ના લેતાં ? કરું છું યાચના તમને.

જતાં સઘળુંય એમાંનું નથી ખાલી થવાનું તે,
ભર્યો ભંડાર એવો તે પ્રભુનો શો દીધેલો છે !

અધૂરો હું મુનીમ એનો હજી તોયે બડાશો શી !
તમારી આગળે ફેંકું ! પ્રભુ સાચી ઠરવશે સૌ.

સમાઈશું જ પોતામાં પૂરેપૂરા હૃદય જ્યારે,
શકીશું સાચું સમજી શું સ્વરૂપ ત્યારે બધાંનું તે.

*સુરત* *તા. ૫-૧-૧૯૪૩*

## પ્રેમ સામર્થ્ય

અનુષ્ટુપ

પ્રેમની ભાવના કેવી તે અદીઠ રહે છતાં,
ચમત્કાર કરે શા તે ! શકે તે જાણી સર્વ ના.

ફેરવ્યે વ્હાલથી હાથ પશુયે વશ થાય છે,
પ્રત્યક્ષ આંખથી એવું જોયેલું સર્વનું દીસે.

જડ જેવું બિચારું તે છતાંયે પ્રેમસ્પર્શને,
જવાબ વાળતું કેવું દષ્ટિમુગ્ધ અનુગ્રહે.

પક્ષીઓ પ્રેમને પ્રીછે કિંતુ માનવીઓ જગે,
પશુપક્ષીથી ઊંચાં છે તોયે પ્રેમ નહિ ગણે.

શુદ્ધ સાત્ત્વિક જે પ્રેમ પાછો તે વળતો નથી,
કરે છે કૈંક ને કૈંક તે તો કામ ત્યહીં નકી.

પ્રેમની ભાવનાથી તો ઘડાતાં માનવી દીઠાં,
કૈંક સંસ્કારને પામ્યાં, લૂલો છે કદી પ્રેમ ના.

પોતાનો પ્રેમ જો ઉગ્ર તમન્ના રૂપમાં હ્રદે,
પ્રેમને ધન્ય એનાથી વર્તે કરાવવા ખરે.

પ્રેમની પાસથી આશા, ઇચ્છા કોઈ ન રાખવી,
આપણે રેડવો પ્રેમ પ્રેમજીવન ત્યાં ગણી.

પ્રેમની ભાવના જેવી હૈયે તે પ્રગટેલ હો,
તેવા રૂપે હ્રદે નિશ્ચે પ્રેમને પલટાવશો.

કદાપિ તેમ ના થાય આપણો પ્રેમી હોય તે,
આપણો તો થવાનો છે વિકાસ, પ્રેમ તે વડે.

પ્રેમની ભાવનામાં જો તમન્ના નિશ્ચયીપણે હો,
રૂપાંતર પ્રેમીનું તો થયા વિણ ના રહે.

પ્રેમની ભાવના જેની એવી છે તે જને જગે,
પોતાના પ્રેમને કાજ સૌ સમર્પવું તો ઘટે.

જીવન પ્રેમનો સ્પર્શ બીજાને ઉર જો થશે,
શા કાજે ધારવું તો કે પ્રેમીને સ્પર્શશે ન તે ?

કલ્પના, ધારણા-માપ પ્રેમીની સમજૂતી સૌ,
વસેલી આપણામાં તે, સર્વ તે કાઢી નાખજો.

ગમે એવું ભલે વર્તે પ્રેમી આપણી સાથ તો,
આપણે પ્રેમથી ભારે પ્રેમીને ચાહવું હૃદે.

નિરાશાને નથી સ્થાન પ્રેમની ભાવનામહીં,
પ્રેમ ના હાર જાણે છે મથાવે પ્રેમ તો ચહી.

અદ્‌ભુત પ્રેમની શક્તિ, શક્યતા એની સર્વશઃ,
સમર્થ જીવને પ્રેમ સર્વભાવે સનાતન.

એવા તે પ્રેમને પાત્ર યોગ્ય જો જીવને હશું,
આપણા પ્રેમીને તેવો કોક કાળે બનાવશું.

*સુરત* *તા. ૫-૧-૧૯૪૩*

## પ્રેમનું પારાયણ

અનુષ્ટુપ

હૈયાના પ્રેમની વ્યાખ્યા કરી શબ્દે શકાય ના,
થશે તે વ્યક્ત, एनामां જીવતાં જીવતાં સદા.

આદર્શ પ્રેમમર્યાદા ક્યાંયે આંકી શકાય ના,
લક્ષણો પ્રેમનાં એવાં હૈયા માપેથી જાણવાં.

સર્વ સમર્પવું ભાવે જાણતો પ્રેમ માત્ર તે,
હોમાઈ યજ્ઞમાં જાવું પ્રેમને એક તે ગમે.

બલિદાન અને ત્યાગ સર્વભાવે સમર્પણ,
વ્યક્ત તે પ્રેમનું રૂપ, પ્રેમના રસ-રંગ તે.

ગંગા પ્રેમની હૈયામાં સદા જે વ્હેતી રાખશે,
પ્રિયની કાજ સ્હેવામાં એને આનંદ લાગશે.

દુઃખમાં દુઃખ ના લાગે દુઃખ હોવા છતાં ત્યહીં,
કરી તાદાત્મ્ય પ્રેમીમાં જીવવા તે ચહે, ચહી.

પ્રેમ એ કલ્પના ના છે,લાગણી માત્ર પ્રેમ ના,
પ્રેમ ના શબ્દનું ખોખું, પ્રેમ ના ખાલી ભાવના.

પ્રેમ અમોઘ તો શક્તિ, પ્રેમ આત્માનું ઓજસ,
જીવન સંસ્કૃતિ પ્રેમ, પ્રેરણા પ્રેમજીવન.

પ્રેમને જે જશે જોવા પ્રેમ પામી નહિ શકે,
રંગાવા પ્રેમમાં જે કો જાય, તે પ્રેમને વરે.

સ્વચ્છંદી પ્રેમ ક્યાંયે ના, એમાં સ્વૈરવિહાર ના,
વિલાસીરૂપ એનું ના, એનામાં મોહ રાગ ના.

રુક્ષમાં રુક્ષ તે ભારે મૃદુમાં મૃદુ તે ઘણો,
પોતાને અજવાળીને બીજાને અજવાળતો.

પ્રેમની ભાવનામાં તો આસક્તિ હોવી ના ઘટે,
પ્રેમ આકાશી છે તત્ત્વ, એથીયે દિવ્ય ભવ્ય તે.

પ્રેમની ભાવનામાં જે જિંદગી જીવી જાણશે,
તત્ત્વ પ્રેમામૃતે શું તે એવો એકલ પામશે !

એવા પ્રેમથી રંગાયાં જેનાં જીવન સૌ હશે,
તેવાથી કોઈ ઉદ્વેગ પામે ના કૈં જ કો રીતે.

લોકોથી પ્રેમી એવો તે ઉદ્વેગ પામી ના શકે,
સમાયે સર્વમાં એવો સર્વ એમાં ભળી જશે.

પ્રભુએ વિશ્વ સર્જાવ્યું પ્રેમને વિકસાવવા,
ગ્રહાતાં પ્રેમનું તત્ત્વ રંગ સૌ ફેરવાય ત્યાં.

આપી જે પ્રેમથી જાણે, આપી જે પ્રેમને મરે,
આપતાં પ્રેમ જે લ્હાણે, પ્રેમ શું ભેટતાં ભળે.

રૂપો જુદાં ભલે હોય અભેદ પ્રેમમાં થશે,
કાળ ને સ્થળનો ભેદ પ્રેમ પૂરો શમાવશે.

*બાર* *તા. ૯-૧-૧૯૪૩*

## કલ્યાણમૂર્તિ પ્રેમ

અનુષ્ટુપ

પ્રેમશક્તિ અલૌકિક ઉકેલે સર્વ ગૂંચને,
ભીના સંબંધથી ભાવ જન્માવે પ્રેમ જીવને.

સ્વાભાવિકપણું હૈયે પ્રેમ તો પ્રકટાવતો,
બાહ્યાંતરે રહે એક પ્રેમ જીવનમાં બધો.

એવાના કર્મ હેતુઓ સર્વ કલ્યાણના હશે,
નિંદા કે સ્તુતિ એવાને ના કરવાની રે' કશે.

પોતે નિમિત્ત જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં તે તો પ્રવેશશે,
ખાળી એને શકે કો ના, બ્રહ્મા છો ઊતરે ભલે.

બખાળા ખાલી છો કાઢે તેવા સંબંધીઓ બધાં,
ઊઠે ના ભડકી તેવો રે' પોતાના જ વેતમાં.

એવાનો પ્રેમ કો રીતે ના પડે હળવો કશે,
સામાનું કેમ કલ્યાણ થાય તે રીતે વર્તશે.

એવાના હેતુનું જ્ઞાન સામાને ના ભલે થશે,
*માને એવાનું કો આડું તો તે હર્ષે સ્વીકારશે.

*કરાંચી* *તા. ૧૭-૧-૧૯૪૩*

## નિરાગ્રહી પ્રેમ

અનુષ્ટુપ

આગ્રહો જો વિના સેવ્યા સેવા-પ્રેમ કર્યા જશો,
તો વિકાસ થવાનો છે તે અનુભવ પામશો.

પોતાની ધારણા કૈંયે ના કશામાંય રાખવી,
કરવાં સર્વ કર્મોને હૈયાથી સાધકે ચહી.

'મને કેમ જણાવે ના ? મહત્ત્વ કેમ ના મળે ?
'પૂછે કેમ મને કો ના ? ચાલે કેમ ન મારું તે ?

'મારું ચીંધેલું જે હોય અન્યને કાં ઊંધું પડે ?
'ના મને ગણકારે કાં ? મારું કાં ના ચહ્યું બને.

'સૌ વાતે ભાવ કૈં મારો કોઈ ના કેમ પૂછતાં ?
'ગ્રહાયે કેમ મારું ના મર્યાદાક્ષેત્રમાં બધાં ?

આવું લાગ્યા કરે જ્યારે જે જે માનવી જીવને,
જાણી લેવું ઘટે ત્યારે 'પડ્યો ભેદ પરસ્પરે'.

વર્તન, વૃત્તિ, દૃષ્ટિમાં જે તે બંનેતણાં હૃદે,
વધતો જાય ત્યાં ફેર, બેના માર્ગ જુદા પડે.

*ધારે

કોઈને મેળ જો ખાવા તમન્ના લાગી હોય ત્યાં,
આધીન સર્વભાવે તો વર્તવું સર્વ કર્મમાં.

ઊઠવા વૃત્તિ ના દેવી પોતાની અન્યનીમહીં,
પોતાના પ્રિયમાં એવી વૃત્તિ સર્વ શમાવવી.

'મારે તે એકલાને શું બધુંયે કરવાનું છે ?'
એવો જો ખ્યાલ આવ્યો તો સાધના પ્રેમની તૂટે.

બનાવવાનું તે સાથે પોતાને એમ જાણીને,
વર્તવું વ્યવહારે સૌ પ્રેમનો ભાવ પ્રેરીને.

બંનેના માર્ગ જ્યાં જુદા થતાં, મેળ ન બેસશે,
એવાંએ એથી ચેતીને એકમાર્ગી થવું હૃદે.

એવાં જો એક પંથે તે દૃષ્ટિ ને વૃત્તિ, વર્તન,
કરી રાખ્યા હૃદે ઊંડાં વર્તે, તો થાય શ્રેયસ.

એક જો પૂર્વમાં ચાલે બીજું ચાલતું પશ્ચિમે,
બંને આઘા જશે એવાં જેમાં તેમાં જુદાં થશે.

નાની સરખી હો વાત ભલે તોય ત્યહીં છતાં,
બેઉ વિચારશે જુદું ભેદ એમ જશે વધ્યા.

પોતાનું શ્રેય જો વ્હાલું જેને હૈયે વસ્યું હશે,
આવા અનુભવો થાતાં એવું ત્યાં ચેતી ચાલશે.

બીજાનાથી વધુ ડાહ્યું જે હશે ઊંડું કો હૃદે,
પોતાનું જ પ્રતિબિંબ થતું ત્યાં વ્યક્ત જાણશે.

સાધનાના વિકાસે ત્યાં યુદ્ધ તો અનિવાર્ય છે,
પ્રકૃતિ જીતવા ઈચ્છે પોતાનામાં બધે સ્થળે.

ચૈતન્ય પ્રકૃતિ સાથે પોતામાં ગજગ્રાહનું,
ચાલી રહેલું જે યુદ્ધ પ્રત્યક્ષ સૌ સ્થળે થતું.

કશું સાધકને ભાન એનું તો ના કદી રહે,
હેતુમૂલક જ્ઞાને જો જીવશે, સર્વ સૂઝશે.

એવા યુદ્ધતણું ભાન જ્ઞાન જેને હૃદે થશે,
નકાર્યે પ્રકૃતિનેયે એવાને નહિ ચાલશે.

એય છે ઈશ્વરી તત્ત્વ આપણામાંની પ્રકૃતિ,
ઊભી આવેલીને સામે વાળવી પ્રેમથી રહી.

સહાનુભૂતિ તે સાથે રાખીને વર્તવું રહ્યું,
છતાંયે માર્ગથી જુદું વર્તવાનું ન રાખવું.

ચાલવાનું રહે શક્ય સાથે એની જહીં સુધી,
વાળવા ઉન્મુખી વૃત્તિ વર્તવું પ્રેમથી ચહી.

ચૈતન્ય શક્તિનું જોર જામ્યું જેવું હશે હૃદે,
પ્રકૃતિ ફેરવાવાને જીતાશે તેટલાપણે.

જીત્યા વિના કશુંયે ના જીવને મૂકવું કદા,
રૂપાંતરે થયેલાં સૌ જોવા ચારેદિશાતણાં.

ઠરીને બેસવાનું ના ત્યાં સુધી જીવને કશું,
પ્રકૃતિને સમૂળે ત્યાં ફેરવાવા ચહ્યા જવું.

બનાવે ના પ્રભુ યંત્ર પૂરેપૂરું, ત્યહીં સુધી,
અધૂરાં જીવને માની થવા પૂરાં, મથો સહી.

મંડ્યા રે'વાનું ત્યાં સુધી જીવને રાખવું ચહી,
જે જે થતું પ્રભુને સૌ સમર્પ્યા કરવું કસી.

*ત્રિચિ* *તા. ૬-૨-૧૯૪૩*

## નિરપેક્ષ પ્રેમ

ગઝલ

હૃદયનો પ્રેમ જે શુદ્ધ ન બદલો ઈચ્છતો કંઈયે,
અપેક્ષા તે ન રાખે છે કશાની પ્રેમને બદલે.

ખુવારીમાં હૃદયપ્રેમ ખુમારી તે અનુભવતો,
સમર્પણથી ખપી જઈને હૃદયનું ઐક્ય ઈચ્છંતો.

કરું શું પ્રેમ કાજે કે હૃદય પ્રેમીનું ભીંજાયે,
હૃદય પ્રેમીનું હો પથ્થર છતાં ગણના ન તે ધારે.

હૃદયનો પ્રેમ પોતાની કસોટીમાં પૂરો ઊતરે,
હૃદય ન્યોછાવરે થઈને હૃદયથી પ્રેમને ન્યાળે.

હૃદયનો પ્રેમ ન્યારો છે હૃદય ન્યારો રહીને તે,
જતો વારી ઉમળકે તે પૂરો નિજ ભોગ આપીને.

હૃદયનો પ્રેમ તો મ્હાલે બધું નિજ હોમી દેવામાં,
મળે છે શું ન તે ભાળે, નિહાળે પ્રેમની દુનિયા !

ધરી જો પ્રેમ પાસેથી કશી કૈં આશ કે ઈચ્છા,
હૃદયના પ્રેમમાં પ્રાણ જરૂર ત્યાં લાગશે ઘટતા.

સમર્પણ સૌ કરી દેતાં કશું વિચારશે ના તે,
ખપીને તે ફના થતાં જીવન કૃતકૃત્યતા સમજે.

હૃદયનો પ્રેમ ઝંખે છે સમાવા પ્રેમમાં પૂરું,
શરીર જુદાં ભલે કિંતુ રમે તે ભેદીને ભેગું.

હૃદયનો પ્રેમનો ભાવ હૃદયની સૂક્ષ્મતા પ્રીછે,
સમર્પણ યજ્ઞના ભાવે કરે સ્પર્ધા જીવનમાં તે.

જીવનને સ્પર્શતું ચેતન અનુભવી પ્રેમ શકશે તે,
અને તે ચેતના દ્વારા હૃદય સાંધ્યા કરે છે તે.

જીવનની જ્યોતિની જ્વાળા સદા ઉન્નત રહે જલતી,
પ્રકાશી એકબીજામાં જતી તે પાર જીવનની.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૪-૫-૧૯૪૩*

## અંતર્મુખી પ્રેમ

ગઝલ

અમારા પ્રિયથી અમને ન અંતર કાંઈ અંતરમાં,
તમારા પ્રિયથી શાને હજી અંતર ધરો મનમાં ?

તમારા ધર્મને યોગ્ય અનુકૂળ ભાવના જે સૌ,
કરી સૌ કર્મ એ રીતે કરી લો પ્રિય પોતાનો.

સકંચે પ્રિયને લેવા તમારે હાથ ચાવી છે,
તમારામાં વસે પૂરો જીવનવ્હાલો કરી લો તે.

કશું પ્રિયને ખૂંચે એવું થવા દો ના જરી હૃદયે,
રહી પ્રિયમાં હૃદે રાજી ભર્યા કરજો સ્મૃતિ હૈયે.

નથી તે વેગળો ક્યાંયે નજીકમાં શો નજીક રે' છે !
છતાં ના ભાન રે' જેને કરે પ્રિય શું પછી એને ?

તમારે દોષ દેવો હો અમારે સર્વ મંજૂર છે,
અમારા પ્રિયની એ તો મહામૂલી પ્રસાદી છે.

તમારું સૌ અવળચંડું તમારી જે નજર સામે,
તમારામાંનું આવે છે જીવન પલટાવવા કાજે.

તમારામાં રહેલા છે બધા જે કર્મસંસ્કારો,
તમોને તે મળ્યા કરશે, તમે કાં દોષ ત્યાં દો છો ?

ભલા થઈને નભે ઊંચું જરા તો ભાળવું કરજો,
જીવનને એ રીતે ઊંચું કરી શકશો, કૃપા કરજો.

તમોને શું વધુ કહેવું ? જીવન સંસ્કારવાળાં છો,
ભણેલાં છો, ગણેલાં છો, જીવનને યોગ્ય ઠેરવજો.

અમારો ભાર ઝીલવાને તમે સર્જાયેલાં વિશ્વે,
હવે કંટાળશો તો ક્યાં અમે જઈશું બિચારાં તે ?

અમોને જન્મ આપીને અમોને તેં ઘડ્યા, માડી !
હવે અમ દોષ જોવામાં નજર શાને કરો, માડી !

કૃપા રાખો, કૃપા રાખો, નજર અંતરમહીં વાળો,
અને અંતરતણું અંતર રહ્યું અંતર ન શું જાણો ?

*સાયલા* *તા. ૧૯-૫-૧૯૪૩*

# પ્રેમની ગુલામી

ગઝલ

કૃપા કરજો કૃપા કરજો સ્વજન વ્હાલાં ! કૃપા કરજો,
જીવનની છાંય શીળી તે જીવનને આપી ઠારવજો.

તપેલું તાપથી કેવું રહેવાનું નસીબે તે !
છતાં ફરિયાદ કરવાની મનાથી, મોં સીવેલું છે.

અમારા 'એ'ની જોહુકમી તમોથી ના સહેવાશે,
સ્વતંત્ર સૌ તમો તો શાં ! અજબ બલિહારી એવી છે.

ગુલામી 'એ' અમારાની અમોને પ્રાણપ્યારી છે,
ઈશારે નાચવા એને અમે કુરબાન થૈ જઈએ.

ગુલામી એવી વ્હાલાની મળ્યું સદ્‌ભાગ્ય કરવાને,
ગુલામીના અમે પાઠો સુણાવીશું જગતને તે.

ગુલામી એવી વ્હાલાની શી વ્હાલી જીવથી અમને !
જીવનનો પ્રેમ વ્હાલાનો ફના ત્યાં પ્રેમથી થઈએ.

ફના એવું થવામાં શો છુપાયો રંગ વ્હાલાનો !
હૃદય સરસાં લઈ ત્યારે રમે છે શો હૃદય વ્હાલો !

જગતજન ! શું તમે જાણો હૃદયનો પ્રેમ જે એવો ?
અમોને તે મુબારક છે અમારું સર્વ છે વ્હાલો.

*સાયલા* *તા. ૩૧-૫-૧૯૪૩*

# જિગર

ગઝલ

જિગરને તો જિગર વિના નથી સુખ ક્યાંય સાંપડતું,
જિગરને તો જિગર મળતાં જીવનમાં ત્યાં અમી ઝરતું.

જિગરનું તે જિગર જાણે જિગર જે થઈ શકે પૂરું,
બીજાં શું બાપડાં જાણે ! જિગરનું એવું જાદુ શું !

જિગરને તો જિગર ઝંખે જિગર વિના જિગર સૂનું,
જિગરની તો જિગર દુનિયા બીજું લાગ્યા કરે ઠાલું.

જિગર સંતાપવાનો શો કર્યો અપરાધ છે ભારે !
હવાં તે કર્મનો બદલો મળ્યા કરતો બધો લાગે.

ભલે છો આવતું તે સૌ, જિગરના જો અમી સાથે,
ભરેલું હો રગેરગથી, નથી પરવા પછી કૈંયે.

જિગરનું જો જિગર બનતાં, જિગર એવું બને જો ના,
જિગર તે શા પછી ખપનું ? 'જિગર' શું ખાલી કે'વામાં ?

જિગરને સૌ જિગરથી તો ચહાવામાં ઊંડું હૈયે,
લહેજત શો રસાસ્વાદ હૃદય ઊંડું જવામાં તે ?

મળી બંને જિગર સાથે થતું જે કર્મ સુમેળે,
લૂંટાલૂંટ પ્રેમની શી ત્યાં મળેલાં તે જિગર જાણે !

પ્રવેશાતાં હૃદય ઊંડું ઝરે રસ કર્મમાં એને,
ભૂલીને ભેદ મસ્તીમાં હૃદયનું ઐક્ય શું જામે !

મથામણ ત્યાં નથી પડતી, સરળ વ્હે છે બધું મેળે,
જિગરમાં તો જિગર પોતે મહા આનંદ મ્હાલે છે.

બધુંયે વીસરાયે છે જિગર બંને લપેટાતાં,
ચલો ! એવાં જિગર બનીને રહીએ મસ્ત મસ્તીમાં.

*અમદાવાદ* *તા. ૨૫-૯-૧૯૪૩*

## પ્રેમ તાદાત્મ્ય

ગઝલ

પ્રગટતાં પ્રેમ હૈયાનો પરસ્પર દિલ ખેંચાયે,
હૃદય સ્નેહાર્દતા જામી હૃદયમાં તે ખડું થાયે.

બધું કોમળપણું દિલનું તરી તરીને ઉપર આવે,
જિગરને તે ભીંજાવીને કરી તરબોળ દે એને.

વિચારો ના બીજા રે'તા હકીકત ના બીજી રે'તી,
હૃદય બે પ્રેમીનાં ભેળાં થતાં, એ તે કરામત શી !

ખૂબી એ પ્રેમની ન્યારી, ખુમારી પ્રેમની કેવી !
નથી પ્રેમીજનોને દિલ ગણતરી ત્યાં ખુવારીની.

કરે એ પ્રેમ મદમસ્ત નવું જોબન સ્ફુરાવે શું !
ઝુલાવી પ્રેમહિંડોળે કરાવે મૌન હૈયાં શું !

છતાં બંને જિગર ઊંડાં પ્રવેશેલાં રહે કર્મે,
જુદાઈ ના જરા લાગે, કશું ના ભાન તેનું રે.'

હૃદયના એક ભાવેથી હૃદય ત્યારે સ્ફુર્યા કરતાં,
અલગપણું કૈં અચાનક ત્યાં થતાં, ફરીને થતાં ભેગાં.

અહા શી પ્રેમ બલિહારી ! કરાવે પ્રેમ આકર્ષણ,
મિલાવી બે હૃદય રાખે જુદાઈ ના સહે પળભર.

ખરેખર પ્રેમની દુનિયા નિરાળી શી અજબ ગૂઢ !
જીવનમાં તે મળ્યા કરજો હૃદયની માગણી એક.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૨૯-૬-૧૯૪૩*

## સંસાર-પ્રેમવિકાસની ભૂમિકા

વસંતતિલકા

કલ્યાણદીપ જીવને પ્રગટાવીને તું
બે'ની, થજે જીવનપંથ ઉજાળનારી,
જે જે મળ્યા પથ કરે, સહુને નવાજી,
આનંદ રેલવતી બે'ન ! સદા રહેજે.
જે કૈં અનેકવિધનું તુજને મળે સૌ,
ખોટું ખરું ગ્રહી વિવેકથી યોગ્ય લેજે,
સંસાર એ જીવનને વિકસાવવાને,
થૈ પ્રાપ્ત યોગ્ય ભૂમિકા પ્રભુની કૃપાએ.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૩૦-૬-૧૯૪૩*

# પ્રેમપોકાર

ઝૂલણા

સ્વજનના ભારને જો ઉપાડી શકું,
પ્રેમથી, તો હૃદયમાં ગમે છે,
ઉર તૈયારી સત્કારવાની પૂરી,
કોઈ ના ઝંખીને આવતુંયે !

મલિનતા, પાપ જેને ન કો સંઘરે
હૃદય એનોયે શો પ્રેમ ખપ છે !
એકલું પાપ તો કોઈ ના સંઘરે,
પુણ્ય સાથે પૂરું દેવું પડશે.

એ રીતે જે સતત આપતો રે’ બધું,
પ્રભુકૃપાથી થઈ મુક્ત રે’શે,
આપવું હોય તો આપજો પ્રેમથી,
ત્યાં ન સંકોચ કંઈ દિલ ધરશો.

ના અજીઠું ખપે કોઈ રીતે કશું,
એ રીતે આપવું હોય, દેશો,
શો ભિખારી સદા કાળનો ! ના પૂરો,
પેટ ખાડો પુરાયે કદીયે.

જીવનપથ જે મળે ભીખ માગ્યા કરે,
કોઈ દેતું નથી તે ઉમળકે,
જગતજન માત્ર લેવાનું સમજ્યા કરે,
આપવાનો નથી ખ્યાલ એને.

‘આપવું શું ઘટે, કેવી રીતે કરી’,
એની ના સૂઝ એને ઊગે છે,
માનવીને પ્રભુએ દીધું પ્રેમથી,
હો ભલે કર્મનું એ પ્રતીક,
કર્મ તો આપવાનું સૂઝે કોકને,
પ્રેમીલો કોક તે ધન્ય વીર.

જે કરો ધારણા ઈશ કાજે કરી,
જે થતું હોય તે એમ કરજો,
સર્વ કંઈ જે કરો કર્મ તે તે બધાં,
પ્રભુ સ્મરી તે સમર્પ્યા જ કરજો.

હૃદયમાં તો જ પ્રભુ ભાવના ખીલશે,
સ્મરણ એનું થયા તો જ કરશે,
‘સર્વના આદિમાં, મધ્યમાં, અંતમાં,
છે પ્રભુ’ એમ ઉર એ દૃઢવશે.

મૂર્ખ હું માનવી ખાલી બકતો ફરું,
કોનું કહ્યું કોણ તે સાંભળે છે ?
ચટપટી લાગી હૈયે હશે જેહને,
કોક એવો પ્રભુ પ્રેમી સુણશે.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૩-૭-૧૯૪૩*

## પ્રેમકલા

ગઝલ

હૃદયના પ્રેમના ભાવે જીવનનો રંગ બદલાશે,
હૃદયના પ્રેમના ભાવે જીવનનું મૂલ્ય સમજાશે.

હૃદયના પ્રેમના ભાવે જીવનનું તત્ત્વ પરખાશે,
હૃદયના પ્રેમના ભાવે જીવન મૂલ્યાંકનો ફરશે.

હૃદયના પ્રેમના ભાવે નવી દૃષ્ટિ મળ્યા કરશે,
હૃદયના પ્રેમના ભાવે જીવનમાંથી જીવન મળશે.

પ્રભુના પ્રેમના રસમાં જીવન જો ગાળવું હોયે,
હૃદયનો પ્રેમ કેળવવો પડે ચહીને હૃદે એને.

વિના સૌ પ્રેમભક્તિ તે હૃદયની ધારણા પ્રભુ પર,
નહિ ચોંટી જ રે'વાની વીંધાશે લક્ષ્ય ના તલભર.

સ્મરણ પ્રભુનું હૃદય જેને થતું ઊંડું ઊંડું રે'શે,
હૃદયથી પ્રેમ પ્રભુ પર તો ઊંડો ત્યારે વધ્યા કરશે.

હૃદયની ભાવના વધવા સહારો પ્રેમીનો લેવા,
ગ્રહ્યું સાધન, પછીથી કાં પૂરો ઉપયોગ લેતાં ના ?

બધાંયે કર્મને કરતાં રહે છે ભાન કોરું ત્યાં,
નહિ તે કામમાં આવે ફળાશે સાધનામાં ના.

ફળે ના કર્મ જે કર્મ થતું રે' કર્મના ખ્યાલે,
ફળે તે કર્મ જે કર્મ થતું રે' સાધનાભાવે.

બધાં કર્મો થતાં જે જે પૂરું ત્યાં ભાન ને જ્ઞાન,
હૃદય ખંતેથી ચેતવવા મથીને રાખવું તાન.

હૃદયની પ્રેમભક્તિને ઊંડી પ્રેમીતણા હૃદયે,
કરી સંધાણ, કર્મોને કર્યા કરવાં સમર્પીને.

બધાંયે કર્મની અંદર ગુરુની ભાવના સૂક્ષ્મ,
શકે રહી મનહૃદય સાથે સતત એવું ધરો લક્ષ.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૧૦-૭-૧૯૪૩*

# અંતરંગ પ્રેમ

અનુષ્ટુપ

પ્રેમ મેળવતાં કેવાં કારમાં યુદ્ધ ઉદ્‌ભવે !
એવાં યુદ્ધ વિના કેમ પ્રેમ પોતે પ્રકાશશે ?

યુદ્ધમાં સૌ મઝા ચાખે જે કોઈ વિરલા નરો,
વાંછે વિજય ના હૈયે યુદ્ધે તે મસ્ત શા બને !

**વસ્તુ** મેળવવા કાજે મસ્તી ઉદ્‌ભવવી ઘટે,
યુદ્ધમસ્તી વિના કોઈ ના વસ્તુ મેળવી શકે.

જેને રંગ ચઢે ઑર યુદ્ધને ખેલવામહીં,
એવો જે રણશૂરો છે યુદ્ધને જીતશે સહી.

ધ્યેયને પામવા કાજે ધરે જે આશ જીવવા,
જિંદગીને ઘડે તેવા, ઢેફાં તો માનવી બીજાં.

જીવન ધ્યેય વિનાનું ભૂંડું જીવન શું ખપે ?
એવું તે જીવવા માટે આપણે પરવા ન છે.

પોતામાં રાચવાકેરી દૃષ્ટિ એકાગ્ર કેંદ્રિત,
પૂરેપૂરી થતાં, તેવો પામશે ભાવ તદ્રૂપ.

જીવનધ્યેયના માર્ગે યુદ્ધમાં જે ખપી જશે,
પોતાને ધન્ય માને તે એવા ભાવ ઝીલી શકે.

પ્રેમમાં જો ભળાયું ના ભળી ક્યાંથી બીજે જશો ?
‘પ્રેમ’ એ ભાવના સૂક્ષ્મ ભલેને વ્યક્તિમાં જ હો.

પ્રેમમાં ખોયું છે જેણે પોતાનું દિલ સૌ રીતે,
કરી પ્રાપ્તિ શકે એવાં, વા ખાતાં સૌ બીજાં જગે.

એકરૂપે તદાકારે પ્રેમમાં જો ભળી શકો,
પૃથ્વી ને સ્વર્ગમાં ભેદ પછી ત્યાં લાગશે ન કો.

વિવેક સંયમીકેરો લાગે નીરસ જો હૃદે,
આપઘાત ગણો એને ભાવકેરો ખચીત તે.

ના કૈં અનુભવ્યો જેણે પ્રેમવિરહ જીવને,
જીવનકેરી મીઠાશ શી રીતે પામી તે શકે ?

નિર્મળ ભાવથી જેનું છે રંગાયેલું જીવન,
કલા સૌંદર્યના ભાવ જન્મશે એહને ઉર.

વાટ જોવાની જેનામાં પૂરી ધીરજ છે હૃદે,
આર્દ્રતા, આર્તતા પ્રેમે, એની જીત થતી જગે.

પ્રેમનો ભાવ રાખે ના ઉકેલ્યા તે વિના કશું,
ઉકેલી તે પછી જંપે વસ્તુના હાર્દ ભાવ શું !

તે પુરુષાર્થ સાચો છે કોયડો અણઉકલ્યો,
ખંતે ઉકેલવા ખૂબ મથે છે જે પૂરેપૂરો.

શિખરિણી-મંદાક્રાંતા

હઠાવે છે જેઓ નિજ જીવનની સર્વ મુશ્કેલીઓને,
મહાભાગી એવા વિજય વરતા, ક્યાંય ના ખૂંપી રે’ તે,
જવાનું જ્યાં છે ત્યાં નિજ નયનને ગોઠવીને યોગ્ય રાખે,
અને તે સંગાથે મનહૃદયનાં વૃત્તિ ને ભાવ જોડે.

અનુષ્ટુપ

ઇચ્છા હો પામવા જેને પોતાને જાણવું ઊંડું,
પામવાનું ખરું ત્યાંથી થાય છે શરૂ જાણવું.

સડેલી વસ્તુ ફેંકી દે સ્હેલથી માનવી જગે,
સડેલા કિંતુ વિચારો માનવી સ્હેલથી ગ્રહે.

આદર્શ વર્તને જેના ભલેને હો અગમ્યતા,
પરિણામે ન જો સત્ય જણાતાં, ના ગ્રહો તદા.

માગવું ના કશુંયે કૈં, એને યોગ્ય થવાપણું,
થઈ તેવું બધી રીતે, एने તે તે સમર્પવું.

અનેક ગૂંચ પ્રશ્નોમાં પોતે જે કેડી શોધશે,
કૂટ જીવનનો છેડો એવાને લાધશે હૃદે.

પ્રેમને વરવો જેણે, શ્રદ્ધા વિશ્વાસ જીવતાં,
એણે તો કરવાનાં રે', થતા અનુભવોથી ત્યાં.

શ્રદ્ધા વિશ્વાસ ઊગ્યાં છે જેનામાં જીવને હૃદે,
ગણના જોમની એના કોઈ ના તે કરી શકે.

'પ્રેમપ્રવાસી'ના હૈયે આરામ શાંતિ જે વસે,
શક્તિમાન બધી રીતે સર્જવા તે નવું હૃદે.

આરામ આળસુકેરો તામસે મૃત્યુથી ભર્યો,
એવો આરામ સર્જે શું મોહનિદ્રાથી જે ભર્યો ?

પુરુષાર્થતણા અંતે શાંતિ આરામ જે મળે,
ભોગવી નાખશે તે જે, તેવા સર્જી ન કૈં શકે.

અયોગ્ય આપણામાંનું હિંસાથી પ્રેમકેરી તે,
સૌ બદલાવવાનું છે આપવા જન્મ શક્તિને.

શક્તિ ઉદ્‌ભાવવા હૈયે ગણ્યું પોતાનું સર્વ જે,
પ્રેમથી હોમી જે દે છે શક્તિ તે પામશે હૃદે.

પ્રેમને પામવો જો હો પોતાના દોષ જીવને,
ખોળી ખોળી બધી રીતે ખંતે નિવારવા પડે.

દોષ જાણ્યા પછી એનો જે બચાવ કર્યા કરે,
દુરુપયોગ એવો તો માનવી નિજ શો કરે !

દોષને છાવરે જેઓ થતો હોય વિકાસ જે,
તેવા ત્યાં રૂંધી દે એને, એનું એને ન ભાન રે'.

પ્રેમ જીવનનો પૂરો કરાવે પલટો હૃદે,
નવા નવા પ્રસંગોમાં મુકાવી પ્રેમ તાવશે.

પ્રેમની તાવણીમાં જે જાગૃતિ હેતુ ચિંત્વશે,
પ્રેમનો અર્થ સારી તે પ્રેમમાં શા ભળ્યા જશે !

પ્રેમ તો મેળવાશે ના બેઠાં બેઠાં કદી હૃદે,
પ્રેમ મેળવવા પૂરા પ્રયત્નો કરવા પડે.

પ્રેમમાં લગની જેને લાગે છે એકવાર તે,
પ્રેમને પામવા તેઓ કશું ના ગણકારશે.

જીવન ઘડવાકેરી પ્રેમ રીતો જુદી જુદી,
સૌ પ્રસંગો થકી પ્રેમ માગતો ઘડાવા મથી.

પ્રેમથી પ્રેમને જેઓ એવા પ્રસંગમાં જુએ,
પરખાઈ જતાં પ્રેમ, પોરો ત્યાં પ્રેમને ચઢે.

પ્રેમને ઓળખે જેઓ જ્યાં ત્યાં જીવનમાં ખરે,
તેવાને પ્રેમ પોતાનું કરાવે ભાન તદ્રૂપ.

*કરાંચી* *તા. ૨૦-૮-૧૯૪૩*

## પ્રેમવેદના

માલિની

પ્રિય સ્મરણ મધુરું, લાગતું વ્હાલું વ્હાલું,
પણ સ્મરણ હૃદે તે તાવતું ઊંડું કેવું !
જગજન વદતા કે 'પ્રેમનું સુખ મીઠું',
દરદ ઊંડું રહેલું કોઈ જાણી શકે શું ?

દરદ કથની એવી કૈંક ગાઈ ગયા છે,
રમણીય જગમાં શી કેડી પાડી ગયા તે !
પગથીમહીં રૂડાં શાં રક્ત અશ્રુ સર્યાં છે !
પથ પ્રિય લલકારી કેવું પ્રેર્યા કરે તે !

યુગ યુગ વહી ચૂક્યા એકધારી કતાર,
પ્રણયી જનની તોયે ખૂટતી ના લગાર,
લળી લળી ઉરથી તે વારી વારી જઈને,
બલિ બલિ નિજ આપ્યા પ્રેમથી ત્યાં કરે શાં !

સતત હૃદય પ્રેમે શાં સમર્પ્યાં કરીને,
જગ શરૂ થકીનો તે યજ્ઞ શો ચાલુ રાખે !
જગત ઊજળું થાતું દિવ્ય તે અંજલિથી,
ભરી ભરી પ્રણયી દે અંજલિ, તોય ખૂટે.

જગ કદર કરે કે ના કરે, ના તમા છે,
પ્રણયી મન જરીયે, પંથ ચાલ્યા કરે તે,
કદર જગ કરંતાં લાભ એને જ થાશે,
જગત પ્રણયીને તે આપી આપી શું દેશે ?

પ્રિય સ્મૃતિ પ્રણયીને કારમી કારમી શી !
સ્મરણ પર છતાંયે જીવવું ભવ્ય લાગે,
પ્રિય સ્મરણતણું શું કારમું જાદુ એવું !
ઉર બહુ તલસાતું ઉપમા ત્યાં શી આપું ?

જ્વલન સ્મરણકેરું અંગ આખે જ લાગ્યું,
હૃદય પ્રણયી પામે કંપ રોમાવલિમાં,
હઠીલું મન હઠે ના જાપ કેવા સ્મરંતાં !
ઝબકી ઝબકી હૈયું શું ઊઠે તે જપંતાં !

જગત પરનું કોઈ માનવી તે દશાને,
સમજી જ શકશે શું દર્દ એવું હશે તે ?
સમજી નવ શકાયું વિશ્વ આદિથી એવું
કદર થઈ શકી ના માનવી મૂઢથી શું ?

પ્રણયી પથમહીં શાં માનવી વિઘ્ન મૂકે !
પ્રણયી ત્યમ છતાંયે માનવી પાડ માને,
જગતજન મૂકે જે પ્રેમીને પંથ વિઘ્ન,
હૃદય પ્રણયીકેરાં તેથી રે'તાં જ્વલંત.

જગજન ! પ્રણયીને પીડતાં થાકશો ના,
તમ થકી બનતું તે સર્વ લેજો કરી ત્યાં,
કશું પણ જરી બાકી રાખતાં રે ! રખે ત્યાં,
ફરી ફરી કરી જોશો ઉરના સૌ ઉધામા.

જગતજન મૂકેલાં પ્રેમીને પંથ વિઘ્ન,
પ્રણયી હૃદય શાતા છીનવી તે શકે ના,
પ્રણયી પ્રણયીમાંહી એકતાને રહે શાં !
જગ પર પ્રભુની તે ધન્ય શી પ્રેમલીલા !

*કરાંચી* *તા. ૨૪-૮-૧૯૪૩*

## પ્રેમની કરામત

અનુષ્ટુપ

શિલ્પીનાં ટાંકણાં જેવો પ્રેમ હોવો ઘટે હૃદે,
આકાર ભાવને યોગ્ય તેવો પ્રેમ દઈ શકે.

કાળની જેમ તે ક્રૂર મૂર્તિને ઘડવા સમે,
સૂક્ષ્મ જ્યાં ઘાટ દેવો હો, હાથ એનો મૃદુ બને.

જેવું કામ, હૃદે તેવો ભાવ તે પ્રકટાવશે,
ભાવ કેંદ્રિત તે રાખી કામમાં જીવ ઘાલશે.

પંપાળ્યે કામ ના આવે વૃત્તિને એમ તો કદી,
ટાંકણાં પ્રેમથી વૃત્તિ નિત્ય યોગ્ય ઘડ્યાં જવી.

પાછળ શો પડે પ્રેમ ! કેમે કેડો ન છોડી દે,
પ્રેમ તે પરવા કોની ક્યાંયે રાખે ન સ્હેજયે.

મર્યાદા બાંધવા યોગ્ય ત્યાં તે બાંધે ખુશી થકી,
પોતાની મેળ તે વર્તે સ્વયંભૂ પ્રેરણા થકી.

જુદો જીવનથી પાડી પ્રેમને શકશો નહિ,
જીવનવ્યાપી તો પ્રેમ એને બાંધી શકો નહિ.

સાચા તે પ્રેમનો થોડો જેનામાં અંશ હો હૃદે,
કાંઈ માધુર્ય શું ઑર ! જન્માવે તે બીજા વિશે.

પ્રેમની સૃષ્ટિમાં રે'તાં નિર્ભય પ્રાણવાન શાં !
ઉત્કૃષ્ટ પ્રેમ તો લગ્ન કરાવે આત્મ આત્મનાં.

બજારુ પ્રેમ સૌ કોઈ ખરીદી શકશે જગે,
વરવા જો તમન્ના હો પ્રેમ કોક વરી શકે.

પ્રેમ મેળવવા કાજે પ્રેમ સૌ આપવો પડે,
પહેલાં પ્રેમને આપી જાણો, પ્રેમ પછી ચહો.

પ્રેમ જીવન એ પ્રશ્ન અંતરે વૃત્તિ મેળનો,
અંતરે વૃત્તિનો મેળ સાધે તે પ્રેમ મેળવે.

સંવાદી જે રહેલું છે વિશ્વમાં ગૂઢ તત્ત્વ તે,
પ્રેમ દ્વારા જનો એને શોધવા મથતા હૃદે.

બીજરૂપે રહેલું જે સંવાદી તત્ત્વ સર્વમાં,
શોધી જે શકશે ઊંડું, ફળાવે હેતુ ધ્યેયમાં.

માલિની

પ્રિયજન પછવાડે પ્રેમભીનાં રહીને,
'ક્યમ કરી સુખ થાયે પ્રિયને' ચિંત્વવું તે,
હૃદયમહીં વધારે પ્રિયને દૈ મહત્ત્વ,
પ્રિયમહીં ભળશે જે, પામશે પ્રેમતત્ત્વ.

અનુષ્ટુપ

મળેલો પ્રેમ સંબંધ હૈયે વજ્ર સમો કરી,
ભાવ એમાંથી જે જન્મે ભાવ તદ્રૂપ તે કરો.

માલિની

પ્રિય હૃદયતણી તે ભાવના પ્રેમ શક્તિ,
હૃદય રસ મિલાવી એકતા શું જમાવે !
હૃદય હૃદય ત્યારે પ્રીછશે આપમેળે,
હૃદય હૃદય ભાવે આપ જોડાઈ રે'શે.

*કરાંચી* *તા. ૨૫-૨૭-૮-૧૯૪૩*

## પ્રેમનું ચૈતન્ય સ્વરૂપ

શાર્દૂલવિક્રીડિત

ઊંડો પ્રેમ મળ્યા કરે હૃદયનો, આશા ભરી ચેતના,
ભાંગ્યા જીવનમાં સ્ફુર્યા કરતી રે', લાગે જીવ્યું ધન્ય ત્યાં,
સાથે પ્રેમી ઊડી શકે ન જીવને, જીવ્યું વિના અર્થ સૌ,
એવું જીવન જીવવા મન કશો આનંદ ના લાગતો.

અનુષ્ટુપ

હૈયાના પ્રેમની કોઈ માલિકી ના કરી શકે,
માલિકી કરવા જાતાં તેવો પ્રેમ ન રૈ' શકે.

જાગેલો પ્રેમ હૈયાનો સ્વયંભૂ ને સ્વતંત્ર છે,
મર્યાદામાં ન તે રે'તો રે'તાં કુંઠિત તે બને.

માલિની

અનુભવ પરમાણે કેટલું સૌ કરાતું,
અનુભવતણી એવી એકલી તે પરીક્ષા,
અનુભવમહીં લાધ્યું ઊતર્યું ઊંડું કેવું,
જીવનમહીં પ્રસંગે તે જણાશે થતાં સૌ.

અનુભવથી થવાતું કેટલું તત્ત્વગ્રાહી,
જીવન ત્યમ થવાતાં કર્મનિષ્ઠા બઢે શી !
મન કંઈક ઊઠંતી વૃત્તિઓ કોઈનીયે,
શરમ ન કંઈ રાખે સર્વ તે બોલી દેશે.

અનુષ્ટુપ

કોઈક ધન્ય વેળાએ હૈયે જે લાગતું ખરું,
કર્મે તે ભાવના પ્રેરી વર્તતાં, પામશો નવું.

ભાવની યોગ્ય જો કર્મ થાય તો પ્રેરણા ગણો,
નહિ તો ભ્રમણા જાણી મિથ્યા તે સૌ પ્રમાણજો.

એકાંગી શુદ્ધતા જેમાં રહે કેંદ્રિત ઉરમાં,
બ્‌હારથી વૃત્તિઓ આવે તે પરે હુમલો થવા.

બીજા માનવીઓને તો પોતાથી વૃત્તિ ઊઠશે,
એણે તો એટલે ઊંડું પોતાનું મૂળ શોધવું.

માલિની

જગતમહીં થવામાં કોઈ કામે નિમિત્ત,
સ્મરણ પ્રભુ કરીને તે કરો ભાવ અર્થ,
ખિદમત પ્રભુની તે હો કરંતાં જ એવી,
કુમળી રસિક કર્મે રાખવી પ્રેમ ઊર્મિ.

ખિદમત કરી પ્રેમે પાછું સૌ ભૂલવાનું,
સ્મરણ પણ જરીકે એનું ના રાખવાનું,
કશુંક ઠીક થવાને કોઈનું ઇચ્છવું ના,
જગતજનભલામાં આશ્રયે રો’ પ્રભુના.

સરક સરક કેવું કૈંકનું કૈં કરે શું !
સમજમહીં ઉતારો કેમ પૂરું ન તે શું ?
સમજ ઉર ઉતારી 'કેમ એવું થતું' તે,
મથી મથી મૂળ એનું કાઢી કાં શાંત ના રો'?

સમજી ઊતરવાનું ઊંડું ઊંડું જ રાખો,
ઉપરછલું કશું ના એમનું એમ રાખો,
કંઈ કશું કરવું તે પ્રેમભાવે થવા દો,
હૃદય હૃદયના તે એકતારે થવા દો.

જીવનમહીં નહિ જો પ્રેમ ઉન્માદકારી,
જીવનમહીં નહિ જો પ્રાણ ચૈતન્યશાળી,
જીવનમહીં નહિ જો શક્તિ તે વીંધનારી,
જીવનમહીં વહેશે શેં પછી ભાવગંગા ?

જીવનમહીં પ્રમાણે મૃત્યુનું દિવ્ય નૃત્ય,
જીવનમહીં જીવ્યાનું તેનું સાર્થક્ય સર્વ,
હૃદય તલસતો જે ધ્યેયની તૃપ્તિ અર્થે,
મરણ જીવનમાં તે કેટલીવાર પામે !

જીવન 'જીવન' ના તે, હેતુથી જે જીવે ના,
જીવન 'જીવન' ના તે, પ્રાણ ઉત્સાહ જ્યાં ના,
જીવન 'જીવન'ના તે, આત્મશ્રદ્ધા નથી જ્યાં,
જીવન 'જીવન' ના તે, આત્મવિશ્વાસ જ્યાં ના.

*કરાંચી* *તા. ૨૮-૮-૧૯૪૩*

# પ્રેમપ્રતાપ

અનુષ્ટુપ

હૈયાનો પ્રેમ કૈં વાંછા બીજાની તો ધરે નહિ,
સર્વ ભાવથી પોતાનું કરી દે ત્યાં સમર્પણ.

પ્રેમ સૌ આપવું જાણે, મ્હાલે તે આપવા વિશે,
સર્વસ્વ ત્યજવા કાજે સમર્થ પ્રેમ શો બને !

આપતાં પ્રેમ ના થાકે, પોતાના ભાવથી કરી,
પ્રસન્ન રાખવા માગે પોતાના પ્રિયને ચહી.

વેઠવું પ્રેમને કાજે એને તે વેઠ ના ગણે,
પ્રેમના ભાવથી ધન્ય કર્યા જીવન તે કરે.

પ્રેમીમાં પ્રેમનો ભાવ જે ઉત્કૃષ્ટ હ્રદે ધરે,
કલ્યાણ સાધશે એવાં સર્વ જીવતણું જગે.

પ્રેમમાં સર્વ ભાવો છે, પ્રેમ રંગ નવા ધરે,
રસ શો પ્રેમમાં ગૂઢ ! પ્રેમ દિવ્ય રસાત્મકે.

મૂર્તિમાં પ્રેમનો ભાવ દઢાતાં શક્તિ નીપજે,
નિગૂઢ ભાવ હૈયામાં જન્માવે તેમ પ્રેમ તે.

બે'નોના પ્રેમમાં ભક્તિ, શ્રદ્ધા, વિશ્વાસ, ધીરજ,
સહેવું સ્હેલ માને તે, માને તે કાજ સૌ કરે.

બે'નો તો ભાવ એકાંગી જેટલો રાખી તે શકે,
તેટલું અન્ય તો કોઈ કદાપિ રાખી ના શકે.

હૈયાનો ભાવ તે વેળા તે વ્યક્તિમાં ધરી ધરી,
સમર્પી જાત પોતાની નવું ને નવું સર્જતી.

પ્રેમના ભાવથી રાખે કેવો સંસાર મુગ્ધ તે !
પ્રેમથી શું પલાળે છે એ તો માનવી ઉરને !

પોતે સાચા રૂપે જો દે, સર્વ રક્ષા કરાવશે,
સાચા પ્રેમ રૂપે ના જો, સર્વનાશ કરાવશે.

વિશ્વજીવનને ઊંચે બે'નો લાવી શકે જગે,
બે'નોના સાથ વિના ના કોઈ ઊંચે જઈ શકે.

બે'નોના જીવને તેથી પ્રેમભાવ બઢાવીને,
એમને જે ઊંચે લાવે પોતે ઊંચા બને હૃદે.

પ્રેમ સૌ કેળવાતાં જ્યાં પૂરો જીવનમાં ખરે,
પોતાની ભાવનાથી તે બીજામાં પ્રેમ પ્રેરશે.

બે'નો ને બાળકોને સૌ મહત્ત્વ આપી જીવને,
એમને કેળવે જેઓ મેળવે પ્રેમ જીવને.

પ્રેમનો છે પરિવાર જે જે રૂપ બધાં જગે,
પ્રેમ વિના બધાંમાં તે રહે ના ભાવ કાંઈયે.

જેનો હો કેળવાયેલો તેવો પ્રેમ બધાં વિશે,
પોતાની જાતને દેખે પોતા રૂપે બધાં ગણે.

તેવો પ્રેમ કશો ફેર બીજાનામાં ન માનશે,
પોતાનામાં સમાવીને બીજાને તે શમાવશે.

એકબીજાતણો ભેદ પ્રેમ પૂરો ભગાવશે,
એક રૂપે બધાંનામાં પ્રેમ વર્તાવશે હૃદે.

*કરાંચી* *તા. ૨૮-૮-૧૯૪૩*

# શ્રદ્ધા

અનુષ્ટુપ

જીવને પ્રેમશ્રદ્ધાના તાણાવાણા પૂરા વણી,
દિવ્યતાથી ભર્યું વસ્ત્ર સમર્પો પાદ તે લળી.

ઉપાડી ભારનો બોજો નકામો કાં વહ્યા કરો ?
ભારે શાને મરો છો, રે ! અર્પ્યા સૌ પ્રભુને કરો.

તમે નકામી ચિંતાઓ શાની શાને ધર્યા કરો ?
બેસાડી ખાલી કાં રાખો પ્રભુને એમ વેગળો ?

કર્યાં જો કરવું એવું તમારે હોય તો પછી,
પ્રભુને વચગાળે ત્યાં રાખવાનો ન અર્થ કૈં.

'એ સમર્થ પ્રભુ બેઠો' સાચી એ માન્યતા ગણો,
રાખવું જોઈએ પાસે આપણે કાંઈયે ન તો.

ખાલી ખાલી બધી રીતે રહ્યા ત્યાં કરવું હૃદે,
કશામાં ચોંટી રે'વાનું કોઈ રીતે ન યોગ્ય તે.

મુક્ત થૈને બધી રીતે બંધાયા કરવું છતાં,
પ્રેમથી ત્યાં પૂરેપૂરું વ્હાલા તે પ્રભુમાં સદા.

બંધાયેલો પ્રભુમાં જે આઠે પ્હોર રહ્યા કરે,
બંધાયેલો રહે એનો આઠે પ્હોર પ્રભુ ખરે.

મરે છે જે પ્રભુ કાજે, એને કાજ પ્રભુ મરે,
જીવે છે જે પ્રભુ કાજે, એને કાજ પ્રભુ જીવે.

ઉદ્દેશીને પ્રભુને જે સર્વ કર્મ કર્યા કરે,
ઉદ્દેશે છે પ્રભુ એને સર્વ તે કર્મમાં હૃદે.

પ્રભુનું ધ્યાન જો રાખો વિશ્વના વ્યવહારમાં,
વિશ્વના વ્યવહારે સૌ ધ્યાન તે રાખશે સદા.

જગે સંબંધ બાંધો છો ભરોંસો ઉર રાખીને,
પ્રભુ સાથે ન કાં બાંધો તેમ સંબંધ સૌ રીતે ?

પતિ, પુત્ર, પિતા, માતા, બે'ન, ભાર્યા, સહોદર,
રહો શાં રાચતાં તેમાં ! તેવું તો પ્રભુમાં રમો.

'જીવતી જાગતી, વ્યક્તિ પ્રભુની સાથ આપણી,
રહ્યા કરેલી છે' હૈયું એવું કેળવવું ચહી.

જેમ જેમ હૃદે એને સંભાર્યા કરશો ઊંડું,
તેમ તેમ જ પ્રત્યક્ષ ઊભી તે ભાવના થશે.

બુદ્ધિવાળા કહે છે કે 'કલ્પના તૂત તે બધું,'
મૂઢ તે જાણતા ના કે કલ્પનાથી જીવે જીવો.

સંદેહ કો ન રાખે ત્યાં જ્યાં સંબંધ થયો હશે,
પ્રભુના તેમ સંબંધે મૂઢ સંદેહ શેં ધરે ?

આળપંપાળ છોડી સૌ સંભાર્યા પ્રભુને કરો,
સંબંધે સૌ પ્રભુ વ્હાલો ભાવથી તે લહ્યા કરો.

જે જે સર્વ થતું રે' તે જણાવ્યા પ્રભુને કરો,
પ્રભુના ભાવમાં રે'વા મંડ્યા ખૂબ રહ્યા કરો.

વેગળો વેગળો એને જરીકે નવ રાખશો,
'પાસમાં પાસ એ મારી' ધારણા એ દઢાવશો.

પ્રત્યક્ષ કર્મમાં સર્વ પાસે ઊભેલું કોઈ છે,
જાણી 'તે' આત્મવિશ્વાસે વહેવા દેવું સર્વને.

બે પાળો મધ્ય વ્હે રેલો નદીનો જેમ આપથી,
વહેવા તેમ દો શક્તિ આવિર્ભાવ કરી કરી.

*કરાંચી* *તા. ૨૮-૮-૧૯૪૩*

## જાગૃત પ્રેમ

મંદાક્રાંતા

વ્હાલું જેને હૃદય ગમતું થાય તે કેમ દૂર ?
એ વ્હાલાના મધુર સ્મરણે ભાવ ગૂંથાય ઑર,
સામેથી જો હૃદય પડઘો વ્હાલું ત્યાં પાડતું રે',
તારો બંને મનહૃદયના તો મળંતા રહે છે.

વ્હાલું જ્યારે હૃદય મળતું ચેતના પ્રેમ લાધે,
વ્હાલું જ્યારે હૃદય મળતું, ઑર શો ભાવ જામે !
વ્હાલું જ્યારે હૃદય મળતું સ્નિગ્ધતા પ્રેમમાં રે',
વ્હાલું જ્યારે હૃદય મળતું તાન ઊઠે શું પ્રેમે !

વ્હાલાંકેરી મનહૃદયની પ્રેમવૃત્તિ થતી રે',
લાગે ત્યારે જીવન જીવવું અર્થવાળું વિશેષે,
રે'જો રે'જો સ્મરણ પટમાં ઝંખના પ્રેમયુક્ત,
ને એમાંથી રસનું ઝરણું ફૂટતાં કામ લેજો.

વ્હાલાંઓ જે નિજ જીવનમાં ભાવ ઊંડો વધારે,
વ્હાલાંઓ જે નિજ જીવનમાં કર્મમાં ભાવ રેડે,
વ્હાલાંઓ જે નિજ જીવનમાં પ્રેમથી વર્તતાં રે',
તે વ્હાલાંઓ અધિક મુજને લાગતાં વ્હાલુડાં શાં !

જે વ્હાલાંઓ જીવનપ્રિયને પ્રેમથી ના રિઝાવે,
જે વ્હાલાંઓ જીવનપ્રિયને આત્મસંતોષ ના દે,
જે વ્હાલાંઓ જીવનપ્રિયને ભાવનામાં ન પ્રેરે,
તે વ્હાલાં સૌ ખપ વગરનાં પ્રેમના ભાવ કાજે.

સોંપેલું સૌ મુજ કહ્યું કરી કામ જે પાર પાડે,
તે લાગે છે અધિક મુજને પ્રેમવાળા અતિશે,
ખાલી, ખાલી, પ્રણય હૃદનો જે વહ્યા તે કરે જો,
મારે સ્હેજે કંઈ ખપ નથી પ્રેમ એવાતણો તો.

અનુષ્ટપ

રખાવે જાગૃતિ હૈયે સ્મૃતિ જેની ખરેખરી,
એવી સ્મૃતિ થતી જે હો ધન્ય તે સ્મૃતિ જાણવી.

બાકી સ્મૃતિ ગમે તેવી બાંધનારી હૃદે ગણો,
જેની સ્મૃતિ ધપાવે છે ચેતનામાં, રૂડી ગણો.

તેથી બીજી સ્મૃતિ હૈયે આપણે નવ રાખવી,
કદી તે ઉદ્ભવે તોયે જરી દાદ ન આપવી.

પ્રેમ, આદર ને ભાવ ઊંડો જે સ્મૃતિમાં રહ્યો,
ઝણઝણાવ્યા વિના ના રે' હૈયાના સૂક્ષ્મ તાર સૌ.

કરી શકે સ્મૃતિ એવી તેવા તે સ્મૃતિથી રળે,
જેટલી સ્મૃતિ ઊંડી તે થાય એવી, જશે ઊંડે.

સ્મૃતિને ચલણી સિક્કો બનાવી પ્રેમભાવથી,
કરે વેપાર એથી જે રળ્યા વિના ન રે' કદી.

સ્મૃતિ સૌ પ્રિય વ્હાલાંની મને એવી રહ્યા કરો,
એટલી પ્રાર્થના સૌને 'જિવાડ્યા પ્રેમથી કરો.'

*કરાંચી* *તા. ૨૯-૮-૧૯૪૩*

# પરસ્પર પ્રેમમેળાપ

અનુષ્ટુપ

પ્રભાતે સૂર્યની શોભા ઉષામાં શી રમ્યા કરે !
જીવન ચિત્ર વ્હાલાંનું તેવું થાતાં મઝા પડે.

સૃષ્ટિ સૌંદર્યથી મુગ્ધ હૈયું કેવું થયા કરે !
મીઠડું ચિત્ર વ્હાલાંનું જોઈ તે દિલ શું ઠરે !

ચંદ્રની ખીલતી જોઈ કળા સાગર શો કૂદે !
કળા તે ખીલતી એવી જોઈ શું શું ન થાય કૈં !

વાયરો વાય છે જ્યારે ધૂળ તે સાથ તો ઊડે,
વ્હાલાંનું જોઈને એવું કેવું કેવું થયા કરે !

વ્હાલાંને ઉર પ્રત્યક્ષ જોવાની લ્હેર ઑર છે,
વ્હાલાંને પ્રીછવા કાજે વ્હાલું વ્હાલું થવું પડે.

'ઊર્ધ્વ વ્હાલાંતણા પ્રાણ દેખતાં દેખતાં રહ્યે,
જીવને ચઢતાં ઊંચાં' પ્રેમનું ફળ તે ખરે.

આપણું વ્હાલું કૈં એવું ઊંચું તે ચઢતું રહ્યે,
ચઢવામાં સદા એના આપણોય વિકાસ છે.

વ્હાલાકેરા વિકાસે ત્યાં રાખીને દૃઢ ચિત્તને,
પ્રેમથી પ્રાણ પ્રોઈને પોતાનામાં રહો હૃદે.

વ્હાલાંના ઉરને પ્રેમઆનંદમસ્તીથી ભર્યા
-સાધી વિકાસ પોતાના-રાખ્યા તે કરજો સદા.

કલ્યાણના વિકાસે તે વ્હાલુડાંને જતાં ઊંચા,
જોઈને રાચવાકેરું રાખજો ભાગ્ય તે સદા.

જીવને સ્વપ્ન આદર્શ ભાંગી ના નાખશો ભલા !
આવવાનું કશું તેથી બીજું શું તમ હાથમાં ?

જીવવાકેરું જે મૂલ્ય જોઈતું હોય તે બધું,
આપી દેવા હું તૈયાર, કિંતુ વચ્ચે ન રો' ઊભાં.

કેવો વ્હાલો હૃદે પ્રિય કેમ તે ના કહી શકું,
એકલો પ્રિય ના મારે જોઈએ, ખપ બેઉનો.

તમારી સ્હાય માગું છું આશીર્વાદ મને દઈ,
ભેટ તે તેટલી આપો બંનેમાં એક શાં રહી.

ઊડે જ્યાં એકનું હૈયું બીજાને ત્યાં ન રાચતું,
બંનેનો મેળ જો થાય યોગક્ષેમ બને ખરું.

તમારા હાથમાં મારું એટલું કામ તો રહ્યું,
કરી જો આપશો, ભારે ભૂલું આભાર તો ન હું.

આશીર્વાદ તમારો જો બેઉ ઉપર ઊતરે,
થશે કામ, થશે બંને એકગામી પથે ખરે.

પૂરેપૂરી ઠરે જેથી કોની આંતરડી ચહી,
કલ્યાણવાળું હો કામ તો પ્રેમે કરવું સહી.

મેળાપ જીવને તેવો પ્રભુકૃપા થતાં થશે,
રમ્ય તે લાગશે કેવો ! હૈયે ફોરમ ઊડશે.

સાથ જીવનમાં જેનો મળ્યો એને શું રાખીને,
દૂર ને દૂર, જો સ્વર્ગ મળે તોય ન તે ખપે.

તમારી સામું જોવાનું પ્રભુએ રાખ્યું એકલું,
મા વિના કોઈ બીજી શક્તિ ઠેકાણે લાવી ના શકે.

*કરાંચી* *તા. ૩૦-૮-૧૯૪૩*

## વાત્સલ્ય

અનુષ્ટુપ

અમોને ઠામ બેસાડે બીજું મા વિણ કોણ તે ?
પ્રસાદી પ્રેમની આપે બીજું મા વિણ કોણ તે ?

ઠરવાકેરું તો સ્થાન માનો ખોળો જ એકલું,
તે વિના ઠરવાકેરું ક્યાંયે ઠામ નથી કશું.

જગદંબાતણો ભાવ મા પ્રત્યક્ષમહીં ઊઠે,
એ ભાવે સેવતાં માને પામી કલ્યાણ સૌ શકે.

માતા પ્રસન્ન જો થાતાં છોકરાં ન્યાલ થાય શાં !
માતાના અંકમાં પ્રેમે અમારે ખેલવું સદા.

માતાના અંકમાં જ્યારે ખેલતું બાળ હોય છે,
નિર્ભય સર્વ વાતે તે આનંદે મસ્ત શું રહે !

માતાનો ઉરનો પ્રેમ રાગ મોહથી મુક્ત કૈં,
બન્યો જો હોય, તો પ્રેમ શક્તિમાન અગાધ તે.

માતાના વ્હાલમાં કેવું મીઠડું સુખ જે રહ્યું,
ભાગ્યશાળી જ કો પામી ધન્ય ધન્ય બની જતું.

જગદંબાતણો ભાવ માનામાં જે ધર્યા કરે,
સ્થૂળ મા માંથી મા સૂક્ષ્મ ઉદ્‌ભવાવી શકે ખરે.

મા ભલે રૂઠતી, તોયે એનો પ્રેમ ન ઓસરે,
પોતાનાંને સુખી જોવા ઝંખ્યા તે ઉરમાં કરે.

ભાવના કલ્પના માની જેવી જેવી રહ્યા કરે,
તે તે જાતનું તેવું તે સુખ વાંછ્યા સદા કરે.

જેનામાં ધર્મસંસ્કાર પામેલા જાગૃતિ હશે,
દુન્યવી સુખ તેવી મા માગ્યા ના કરશે હૃદે.

દુન્યવી પ્રેમ જે આજે, કાલે તે નાશ પામશે,
માતાનો પ્રેમ તો નિત્ય, શ્રદ્ધા જન્મેલી જો હશે.

*કરાંચી* *તા. ૩૦-૮-૧૯૪૩*

## અનન્ય પ્રેમ

અનુષ્ટુપ

પ્રભુનો ભાવ આનંદ કોઈ લૂંટી શકે નહિ,
જતો રે'ના કદી એ તો, એવાને દુઃખ ક્યાં પછી ?

એવા એ ભાવની તુલ્ય દુન્યવી સુખ કો ન છે,
દુન્યવી સુખમાં લોકો છતાં શા રાચતા રહે !

વિશ્વનું સુખ સાચું ના સુખ તે કર્મબંધન,
જન્મ મૃત્યુ કરાવે છે એવું તે કારમું સુખ.

એવાં સુખો વિશે જેઓ ખૂબ રાચ્યા કરે સદા,
તેવાને તો પ્રભુ પંથે જવા સૂઝ પડે જ ના.

વરવા છે પ્રભુ જેને વિશ્વસંબંધની જૂની,
પોતાના પ્રેમની રીતો છોડવી પડશે ચ્હી.

અજીઠો પ્રેમ તો એને જરાકે ગમતો નથી,
એનાથી કોકને ચ્હાતાં વધુ, તે તો જતો બળી.

જેટલો હોય હૈયામાં તેટલો પ્રેમ તે બધો,
ખપ્યા એને કરે સર્વ, ઓછો તોય પડ્યા કરે.

બીજાને ચાહીને એને જે ચ્હાવા ઇચ્છતું હ્રદે,
શકે ચાહી ન તે એને એવો ઈર્ષાળુ તે ખરે.

પ્હેલાં એને પૂરો ચાહી પ્રેમ એનો વરી લઈ,
પછી ચાહી શકો બીજા પ્રભુનો ભાવ ત્યાં ગણી.

પ્રભુ ને દુનિયા બંને રાજી રાખી ન કો શકે,
પ્રભુને રાજી જે રાખે રાજી રાખી શકે જ બે.

સમાયું પ્રભુમાં વિશ્વ, મળંતાં પ્રભુ, સૌ મળે,
સમાઈ ના શકે વિશ્વે એવો એ તો અનંત છે.

પ્રભુમાં ખોળવા જે તે તેથી મંડવું જીવને,
પ્રભુને ખોળી જે લેશે એને સૌ ખોળતાં જશે.

*કરાંચી* *તા. ૩૦-૮-૧૯૪૩*

## પ્રેમમાધુર્ય

અનુષ્ટુપ

પ્રિયના આત્મમાં હોવા ભક્તિભાવ ભરી ભરી,
સ્મૃતિ ઉદ્‌ભવતી જ્ઞાને વ્હેજો યોગ્ય અખંડ શી !

વ્હાલું તો જેવું તેવું છો, વ્હાલું જે વ્હાલું તે રહે,
વ્હાલું તો પ્રાણનું પ્રાણ, વ્હાલું શું ઑર તે હૃદે !

રાધાનો પ્રાણ તો કૃષ્ણ, કૃષ્ણનો પ્રાણ ભક્તિ છે,
ભક્તિ ભરેલ હૈયાં હો અધૂરાં પ્રભુને હૃદે.

ઊઠે છે વૃત્તિઓ કૈં કૈં શી નિર્માલ્ય નિરર્થક !
એમનું શોધવા મૃત્યુ પુરુષાર્થે ન કાં ઝૂઝો ?

તેમનું શોધવું મૃત્યુ એટલું ચાલશે નહિ,
પમાડી મૃત્યુ તેમાંથી શક્તિ ઉદ્‌ભાવવી રહી.

ભાવ સૌંદર્યથી જન્મે સૌંદર્યે વિકસી ઊંડું,
શમે સૌંદર્યમાં પાછું એવું પ્રેમ સ્વરૂપ શું !

સૌંદર્ય જીવને એવું પૂરું તે ઉપજાવવા,
સાધના જે થતી રે' તે એક શો પુરુષાર્થ હા !

સાત્ત્વિક પ્રેમનો ભાવ હૃદે ઊંડો જતાં થતાં,
ભાવ સૌંદર્ય શક્તિનાં થાય દર્શન ત્યાં રૂડાં.

જ્યાં ત્યાંયે લાગવા માંડે મુગ્ધ સૌંદર્ય જીવને,
જાગેલી ભાવના જાણી ત્યારે ભાવ લહો હૃદે.

જહીં પ્રસન્નતા લાગે સુખ તે સ્નિગ્ધતા ભર્યું,
હૈયે સ્પર્શ થતાં તેમ ભાવમાં ત્યાં રહ્યા કરો.

આનંદ પ્રકટેલો જે ભોગવી ના કશો જ લો,
યોગ્ય કામે લગાડીને નામ લીધા હૃદે કરો.

પ્રત્યેક કર્મ સંગાથે ભાવભક્તિ ભરી ભરી,
પ્રાણવાળી સ્મૃતિ રાખો હૈયે કેંદ્રિત તે કરી.

એવી સ્મૃતિનું જ્યાં લગ્ન રહે ઊંડું પરસ્પરે,
તે વેળા લગ્ન શું ઊંડું પ્રેરે ચેતન અંતરે.

કળા સૌંદર્ય માધુર્ય ભાવભક્તિથી મુગ્ધ જે,
વ્યક્ત તે પ્રેમનું રૂપ મા તે યજ્ઞ સમર્પણે.

આંતર જીવને એની તુલના ના કરી શકો,
ભલે પરાક્રમી હોય ભવ્ય પુરુષ તોય શું ?

આંતર જીવને એની ઑર શી બલિહારી છે,
સમૃદ્ધિભાવથી પૂર યજ્ઞ આચરતી રહે.

તપેલાંય ઘણાંકેરી છાયા,-કેડી, બની શકે,
એવી 'મા' ભક્તિ તો હૈયે ઉન્મત્ત જાગવી ઘટે.

જીવન આખું કૈં ચાલ્યું વહી એમનું એમ તે,
પડછાયો છતાં કોઈ પ્રેમકેરો ન પારખે.

પ્રેમને પામવા ભક્તિ વારી વારી ગયા કરી,
સમર્પણતણા ભાવે થાય તે પ્રેમભક્તિ શી !

માનવીકેરું માધુર્ય પ્રેમના ભાવ અંતરે,
પ્રેમને કેળવ્યો જેણે સર્વ માધુર્ય મેળવે.

માધુર્ય ભાવ એ તો છે ભાવ આખરનો ખરે,
ખૂબી એની રસીલી શી ! મહાત્મા કોક જાણશે.

પૂરા પ્રયત્નના અંતે સત્યને શોધવાનું છે,
શીખવાનું નથી એને એ તો ઉદ્ભાવવું રહે.

રહસ્યદાન ના થાયે એ તો મેળવવું પડે,
જાગતાં જાગતાં ભાવ રહસ્ય અંતરે મળે.

તેથી જગાડવો ભાવ હૈયામાં સાધના વડે,
સુમેળ આપમેળે ત્યાં થતો રે'શે ન સંશયે.

વિલીન થૈ જવાકેરી જેનામાં ઝંખના ઊંડી,
થવું વિલીન જેમાં છે એને તો રાખવું જડી.

ખંખેરી નાખવા પૂરી સર્વ સામાન્યતા જગે,
સાંપડ્યા શક્તિ વિના તે મુશ્કેલ જીવવું હૃદે.

ઊર્મિ ક્ષણજીવી કાજે ચેતના પામવા હૃદે,
કાળના કાળ કેવી તે સાધના કરવી પડે !

સાધનામાં ખપે ના સૌ પરંપરાગતે કશું,
માગી મૌલિકતા તે લે પ્રાણચેતનતા ભરી.

જીવનવ્યાપ્ત સર્વાંગી વિના પ્રેમ હૃદે ઊંડો,
સામર્થ્ય ભવ્ય ને દિવ્ય કેમે ના પ્રકટે કશું.

*કરાંચી* *તા. ૩૧-૮-૧૯૪૩*

## પ્રેમ-સ્વતંત્ર કે પરતંત્ર ?

અનુષ્ટુપ

હૈયાનો પ્રેમ જો જાગ્યો કેમે મિથ્યા થશે નહિ,
કરાવતો સદા રે'શે પોતાનું કામ તે નકી.

હૈયાનો પ્રેમ સાચો જે રહ્યો હો વળગેલ જો,
આજ કે કાલ તો કામ પાર તે પાડશે બધું.

સૂક્ષ્મ સૌ તાર ત્યાં ગૂઢ ગૂઢ રીતે કરી કશું,
પરિણામ થવા યોગ્ય પ્રેરે તે કેવું કેવું શું !

માનવીને હૃદે ખ્યાલ એનો આવે નહિ કદી,
કિંતુ ત્યાં શો કૃપા હાથ પ્રભુના પ્રેમનો વળી !

ભલે તે બળવો છોને કરે, પ્રેમ જ તોય તે,
હૈયામાં ઠામ લાવીને બેસાડ્યા કરતો હશે.

પ્રેમને પ્રેમ ખેંચે છે પ્રેમની ભાવના હૃદે,
ઊઠવા દેવી હંમેશાં યોજીને લક્ષ્ય સાધને.

ઊઠતો બળવો છોને એને નિસ્બત ના કશી,
પછાડા મારવા હોય તેટલા ખૂબ મારજો.

પેટમાંનું જરા પાણી એનું તો હાલવાનું ના,
ઊર્મિઘેલાં થવાથી શું શકીશું રળી કેટલું ?

કૈં પ્રત્યાઘાત આઘાતો એ તો સર્વ થયા કરે,
તણાયા જો જશો એમ આરો તો કેમ આવશે ?

ઊઠેલી કોઈ ઊર્મિનો લેવો લાભ ઘટે હૃદે,
એટલુંયે ન જાણ્યું જો, કરી શું શકશો તમે ?

ભલેને જેવું આવે તે તાણ તેવું તણાઈને,
વહેવાનું કરો રાખ્યા, છતાંયે સાન આવશે.

ધૈર્ય છે ઉર એને કે 'ભાવ કામ કરાવશે,
હશે જો ભૂમિકાભાવ જાગેલો આપણા હૃદે'

તેથી મહત્ત્વ આપું છું હૈયાના ભાવને ઊંડું,
કેળવ્યા કરશું પ્રેમ વળે તો કો દી આપણું.

'ઉરના મર્મને વીંધે એવો પ્રેમ થયા જતાં,
'પાકવાનું બધું કામ' એવો નિર્ધાર પ્રાણમાં.

પ્રત્યાઘાત થયેલા જે તમારા મનમાં ઊંડા,
તે તે જો હોત જોયા તો હોત સંબંધ ના ટક્યો.

કિંતુ ત્યાં પ્રેમ તો એવું જોવાનું રાખતો નથી,
ભલેને જેમ જ્યાં જાય પ્રેમને કૈં પડી નથી.

પોતાના સ્વાર્થને આપે મહત્તા માનવી હૃદે,
હાલી તે જાય, ના થાતાં પોતાનું કામ તે રીતે.

ગુલામ પ્રેમ કોનો ના, કૈં ગમે તેટલોય છો,
ભલેને પ્રેમ હૈયાથી તમે સૌ કરતાં હશો.

પ્રેમને રીત પોતાની સર્વથીય અનોખી છે,
પ્રેમ તે સૌ પિછાને છે તે તે કક્ષાથી પ્રેમીને.

પ્રેમને માપવા જે કો પોતાની રીતથી કરે,
તે રીતે પ્રેમને કોઈ પ્રેમ તો ના કરી શકે.

ખીલવ્યા જે ઉરે ઊંડો પોતાના ભાવને કરે,
કોક દી પ્રેમની ઝાંખી એવો માત્ર કરી શકે.

સ્વયંભૂ ને સદા મુક્ત, જેને આધાર કોઈનો,
ક્યાંય ના છે પૂરો એવો સ્વતંત્ર પ્રેમ-પ્રેમ શો !

હશે મેળવવો પ્રેમ એવો જો જીવને હૃદે,
જશું હાલી ભલે આજે કાલે તો ઠામ બેસશું.

મર્યાદા કાળને છે ના, મર્યાદા ભાવને નથી,
બળજોરી નથી ક્યાંયે એવા એ પ્રેમની મહીં.

ભલે ઉદ્વેગ હૈયાનો જગાડ્યા પ્રેમ તો કરે,
પડી કોને નથી એની તો છો તે સૌ સર્યા કરે.

તે રેલાયેલું હૈયાનું જેને જોવા ન આંખ છે,
ભલેને, પ્રેમને તેથી લાગે કે વળગે ન કૈં.

ના કૈં હાલી ઊઠે હૈયું જેનું ભાવ પ્રભાવથી,
સત્કાર પ્રેમનો તેવું શી રીતે તે શકે કરી ?

ખાલી જે પ્રેમને પાછો એમ ને એમ વાળશે,
વધારો પ્રેમનો હૈયે એવાને ના કદી થશે.

વ્હાલાંનો પ્રેમ છો પૂરો મેળવી ના કદી શકે,
પ્રેમ તો પ્રેમીને પૂરું ચાહીને શમશે હૃદે.

પ્રેમ તો ના પરિણામ પોતાને કાજ માંગતો,
માંગે છે તે બીજા કાજે ઝર્યા હૈયે કરી ઊંડો.

*કરાંચી* *તા. ૧-૯-૧૯૪૩*

## પ્રેમજિગર

માલિની

હૃદય હૃદય ભેગાં સંકળાઈ જતાં બે,
જીવન જીવન વચ્ચે ક્યાંય ના ભેદ રે'શે,
જિગર વગર જીવ્યું જોમ પેદા કરે ના,
જિગર વગર ક્યાંથી જાગશે પ્રાણ તેમાં ?

જિગર જિગરમાં સૌ રાખીને તાલબદ્ધ,
જિગર જિગરમાં તે રાખતાં, શક્ય સર્વ,
જિગર જિગરથી જે સાંધીને સાધતો રે',
જિગર જિગરનું સૌ ખેંચીને લાવશે તે.

જિગર વગર ક્યાંથી એકતાલે રહીશું ?
જિગર વગર ક્યાંથી એકતારે રહીશું ?

જિગર વગર ક્યાંથી એકચિત્તે રહીશું ?
જિગર વગર ક્યાંથી એકપ્રેમે રહીશું ?

જિગર વગર સારું જીવવાનું નકામું,
જિગર વગર ક્યાંથી ઠામ તે પ્‌હોંચવાનું ?
જિગર વગર જેનું ઉર ખાલી રહે છે,
જિગર જિગરને તે ખૂંચતું કેટલુંયે.

જિગર જિગર ખાલી શું કર્યા તે કરો છો ?
જિગર ધન બધું કાં સાચવ્યા ના કરો છો ?
જિગર ધમપછાડા મારતું શા બિચારું !
પણ જિગર ધરે ક્યાં એટલું ચિત્ત પ્યારું ?

જિગર જિગરનું સૌ ખાલી તે વ્‌હે જશે શું ?
જિગર જિગરથી તે તૃપ્તિ ના પામશે શું ?
જિગર જિગરથી ના પ્રેમ પ્રાપ્તિ થશે શું ?
જિગર જિગરકેરું માત્ર માગ્યા કરું હું.

હૃદય બૂમબરાડા કેટલા દી થકી હું,
સ્વજન પ્રિય તમોને પાડતો શો રહ્યો છું !
પ્રતિધ્વનિ પણ પાછો સાંભળું હું ન એનો,
પણ પ્રતિધ્વનિ આશા રાખી રાખી જીવું શો !

વીનવી વીનવી પ્રેમે કાકલૂદી કરું છું,
કંઈક કરી કરીને પ્રેમ સંગાથ રે'જો,
ચરણ પડી પડી શું કેવું માગ્યા કર્યું છે !
હૃદય હૃદય જે રે', એકલાં જાણશે તે.

*કરાંચી* *તા. ૧-૯-૧૯૪૩*

## પ્રેમ-સત્કારભાવના

અનુષ્ટુપ

વ્હાલાનું દુઃખ જે ઊંડું પોતાનું દુઃખ તે ગણી,
દૂર સૌ કરવા ભાવો ઉદ્ભાવે, પ્રેમી તે ખરું.

કોઈને તાવવાકેરું ભાગ્ય ના આવશો કદી,
કારમું કામ વ્હાલાને લાગે, તોય શું તે કરે ?

ઊભો છે ધર્મ એનો ત્યાં, પ્રેમ ના કોરી ભાવના,
પ્રેમનું વજ્ર જેવું છે હૈયું, તે સાથ કુમળું.

દ્વિધા એવી રીતે ભાવ એણે તો રાખવો પડે,
દળાવા ઘંટીની રીતે રે'વું તૈયાર ત્યાં પડે.

બતાવાય છતાં હેતુ ના, એમ વર્તવું પડે,
પોતાનું સમજાયે જો ઊંધું, ના પરવા હ્રદે.

પ્રેમ તે પ્રેમને કાજે કામ ત્યાં કરતો રહે,
દૃષ્ટિ વૃત્તિ વિના પ્રેમ એને કોઈ ન બીજી છે.

પ્રેમ છે કે નહિ એવું બેસે તે ન વિચારવા,
પ્રેમ પોતે કરે પ્રેમ પ્રેમ માત્ર જઈ ધર્યા.

થવાનું જે હશે, થાશે પ્રેમ સત્કાર પામતાં,
પ્રેમની બલિહારી શી ! પ્રેમ તાદાત્મ્ય સાંધતાં.

પ્રેમ તાદાત્મ્યને જેને સાધતાં હ્રદ આવડે,
સામર્થ્ય મેળવ્યા કર્મે તેવો તો કરશે હ્રદે.

આપણે કરવું ના કૈં યોગ્ય રીત પ્રમાણથી,
પાડવી તોય બૂમો ત્યાં, દુન્યવી રીત શી ખરી !

પ્રેમ તોયે ન પોતાનું કામ મૂકી દીધા કરે,
મર્યાદા અંત સુધી તે પોતે સ્થિર રહ્યા કરે.

ભલેને ધારવું જેને જેમ હો, તેમ ધારશે,
કશી લેવા ન દેવા છે પ્રેમને તે કશા વિશે.

પ્રેમનું ના જવાનું છે તે પ્રત્યાઘાતથી કશું,
જવાનું હોય જો કાંઈ સામાનું તે જવાનું સૌ.

તેથી નિશ્ચિંત તો પ્રેમ પોતામાં શો રમ્યા કરે !
સૌ પ્રત્યાઘાત આઘાતો એને ના વળગ્યા કરે.

એની તો એક છે રીત એને સત્કારી જે હ્રદે,
વધારી પ્રેમ પોતાનો કર્મ તે શક્તિથી કરે,
તેવાનામાં હ્રદે પ્રેમ ઊતર્યાં ઊતર્યાં કરે.

પડી રે'વા જ જે દે છે એમનો એમ પ્રેમને,
એનાથી કામ જે ના લે તેનામાં વધી ના શકે.

ઘસાતાં લોઢું લોઢાથી તેજસ્વી વધુ તે બને,
પ્રેમનું પ્રેમથી તેવું ઘસાયા કરવું ઘટે.

ખાલી ખાલી વહેવા દે નકામો પ્રેમ જે સદા,
શક્તિ ઓછી કરી નાંખે પોતાની તે અજાણતાં.

પ્રેમ જે વાપરી જાણે યોગ્યતાના પ્રમાણથી,
કર્મકૌશલ્ય જન્માવ્યા વિના તેવો રહે નહિ.

દૃષ્ટિ વૃત્તિ અને શક્તિ મેળ સૌ યોગથી થતાં,
વીંધાયે લક્ષ્ય પોતાનું એમાં સંશય ના જરા.

પોતાનું ધ્યેય ચૂકીને જ્યાં ત્યાં ના ભળતાં જવું,
પોતાનું ભાન મધ્યસ્થ રાખીને કરવું બધું.

રાખવું ના કશાનામાં ડો'ળાવાનું મને* કશું,
કર્મનો હેતુ જીવંત રાખી સર્વ કર્યા જવું.

મર્યાદા પ્રેમની કોઈ ઓળંગાવી જવા ન દો,
વિનંતી એટલી સૌને લળીને તમને કરું.

સાચો પ્રેમ હજી હૈયે આપણે પ્રગટ્યો નથી,
હોત જો તેમ તો હૈયે થાત સાંકળ ચેતના.

ખોટું જો હોય તો તે તે પાછું સૌ આપજો ભલાં !
પ્રસાદી પ્રેમની માની સંગ્રહી લૈશ તે સદા.

*કરાંચી* *તા. ૧-૯-૧૯૪૩*

## પ્રેમની ચેતવણી

અનુષ્ટુપ

બીજાનું કોક સાથેનું વર્તવું જોઈ જોઈને,
ખ્યાલ જે બાંધશે તેવા ભુલાવામાં પડી જશે.

પત્ની, માતા, પિતા, બેન, સગાં, બંધુ, સહોદર,
તે તે સાથે કદી થાય એક રીતે ન વર્તન.

ને વ્હાલાંનુંય તેવું છે વ્હાલાં તો સહુ એક છે,
છતાં સ્વભાવથી જેવા નોખા, તેવું થવું પડે.

સ્વભાવ એક રીતે ના કોઈનો ક્યાંય તે મળે,
'વર્તવું કેમ સૌ સાથે' પૂછી પૂછી ન તે થશે.

---

* મનમાં

ભલેને લાગશે ખોટું તે સંબંધ ત્યજી જશે,
કાલે જો ત્યજતો હોય આજે તે ત્યજતો ભલે.

રાગ એવો કશો ના કૈં ચોંટી રે'વા વિશે હૃદે,
સ્વતંત્ર પ્રેમના જેવું બીજું કો તત્ત્વ ના ખરે.

જેવો તે હો, સહેવાને એનું તૈયાર સૌ હશો,
સહેવામાંય આનંદ માણવો પડશે પૂરો.

મિજાજી પ્રેમ એવો છે, ઉસ્તાદી પ્રેમની શી તે,
કળા તે પ્રેમની શી શી ! પ્રેમ તે પ્રેમ જાણશે.

પ્રેમને જાણવા કાજે પોતે પ્રેમ થવું પડે,
થઈ પ્રેમ જતાં પોતે કામ કેવાં બધાં સરે !

પ્રેમ ઉદ્ભાવશે શક્તિ હૈયે હૈયાં નિભાવશે,
માધુર્યભાવ જન્માવી આત્માને ઓળખાવશે.

તપાવી રાખશો હૈયે પ્રભુને ના કદી હવે,
ઠેકાણે જીવ લાવીને પ્રિયમાં દો પરોવી તે.

એક શાં પ્રિયમાં થાતાં એક નિત્ય રહ્યા કરો,
પ્રેમના ભાવથી જે તે એક રૈ' સૌ કર્યા કરો.

પડેલી માન્યતાઓને ફગાવી દેવી તો પડે,
સંસારના ચીલાથી ના શકાયે ચાલી એ પથે.

હજીયે જે નહિ છોડે પોતાની જીદ કારમી,
દુઃખ ને દુઃખ આવીને ભાંગી તે નાંખશે પૂરી.

પછી ત્યાં દોષ કોઈને દેવો યોગ્ય નથી ખરે,
માનવી માનવી કર્મે જીવતાં મરતાં ખરે.

પોતાને છાવરીને જે બીજાનો દોષ ત્યાં જુએ,
પોતાની પ્રકૃતિ પૂરી એવો જોઈ શકે ન તે.

પોતાની પ્રકૃતિથી તે જ્યાં ત્યાં શો અફળાય છે !
અફળાવાનું એવું સૌ પોતાથી જ બન્યા કરે.

પોતા વિના બીજો કર્તા ક્યાંય ના વિશ્વમાં રહ્યો,
બીજાનાં, આપણાં, કર્મે પોતાનાં મૂળને જુઓ.

જાતવિલોપને કાર્ય પૂરું ના આપણું થશે,
ઊર્ધ્વીકૃત બધાં અંગો સર્વભાવે થવાં ઘટે.

જે જે કૈં આપણામાં હો આતતાયીપણું બધું,
ટાળી તે નાખીને પૂરું આત્મ સ્વામિત્વ સ્થાપજો.

સચ્ચિદાનંદનો ભાવ સર્વ કર્મ વિશે ઊંડો,
રહેવો તે ઘટે પૂરો જાગ્રતિ જ્ઞાન સાથ શો !

તણાયા કરીશું તો તો સ્વભાવ બદલાય શેં ?
ચેતજો, ચેતજો, વ્હાલાં ! કાળ આ વહી જાય છે.

જિંદગી સૌ વહી ચાલી આંખ મીંચ્યાં કરીશું શું ?
જુએ છે કાળ ના રાહ ક્યાં સુધી અથડાઈશું ?

તર્ક વિરામ જ્યાં પામે કો અગોચર દેશ તે,
જવાને આપણે ધાર્યું, તો ઊઠો, સૂવું છોડીને.

આત્મવિશ્વાસ રાખી સૌ શ્રદ્ધાનિષ્ઠ થઈ હૃદે,
ઝંપલાવ્યા કરી પંથે વર્યા શ્રેય કરો પદે.

*કરાંચી* *તા. ૧-૯-૧૯૪૩*

## વહાલાંઓને આર્તનાદ

મંદાક્રાંતા

ઊઠો ઊઠો ધરપત ધરી શક્તિ તો આપમાં સૌ,
ઊઠો ઊઠો મન દૃઢ કરી શક્તિને કાર્ય પ્રેરો,
ઊઠો ઊઠો મનહૃદયને સ્નિગ્ધ પ્રેમે બનાવી,
જે ધાર્યું તે ફલિત કરી દો ઈષ્ટકેરી કૃપાથી.

આવો આવો પ્રિય જન, હૃદે ઝંખવું શું તમોને ?
આવો આવો પ્રિય જનતણી સાથ રે'વા તમોયે,
આવો આવો સહુ બળ થકી ઝંપલાવો જ યુદ્ધે,
આવો આવો સહુ હળીમળી ખેલ તે ખેલવાને.

આઘી પાછી મનનજરને ના થવા દો કહીંયે,
રાખો રાખો સતત સ્થિર તે એકના એક ધ્યેયે,
એવી રીતે મન વલણને ઊંડું એકાગ્ર રાખી,
પ્રેરાવીને પ્રિય સ્મૃતિ હૃદે શક્તિને ઉદ્‌ભવાવો.

વસંતતિલકા

પાજીપણું મનતણું સઘળું ફગાવો,
સૌ વૃત્તિઓ શમવીને મનશાંતિ પ્રેરો,
માથે લીધું ધીરજ રાખી કર્યા કરો સૌ,
છેડ્યા કરી હૃદય તાર, પ્રસન્ન રે'જો.

શિખરિણી-મંદાક્રાંતા

નિરાશા શાને તે હૃદય ધરવી આશરે જો પ્રભુને ?
પ્રભુને સંભાર્યા સતત કરીને ભાવમાં લગ્ન રે'જે,
પૂરું સંભાળે જે સતત નિજને તે ન ભૂલો પડે છે,
પૂરું જે સંભાળે હૃદય નિજનું લાજ એની રહે છે.

અનુષ્ટુપ

પોતાને ભાગ આવેલું જે જે સર્વ કર્યા કરે,
એને નિશ્ચિંતતા રે'છે એવો ના અટવાય છે.

રાખવું યોગ્ય જે ધ્યાન તેવું તેવું ધર્યા કરી,
ઊભા થાઓ, રહો ઊભા કેડ બાંધી પૂરેપૂરી.

માલિની

પ્રભુચરણ પ્રસાદી પામવાને ચહો છો,
પગમહીં પછીથી કાં થાક ત્યાં લાગવા દો,
સહન કરશું ભાવે હેતુથી તેટલું જો,
હૃદય પ્રકટ શક્તિ તેથી નિશ્ચે થશે તો.

અવિરત રહી મંડ્યા કામ પોતાનું જે લે,
કદીય પણ નિરાશા એહને ના રહે છે,
થતું સહુ કંઈ તેથી પ્રાણ તે મેળવે છે,
સમજણ નવી એને ઉરમાં જન્મતી રે'.

પ્રિય સ્મરણમહીં જો પ્રેમ આહ્લાદ જન્મે,
સ્મરણ પ્રિય ગણો તે ભાવનાવાળું હૈયે,
સ્મરણ સ્મરણ ખાલી, ચેતના જો ન ત્યાં છે,
પણ સ્મરણ અખંડ કોઈનું ક્યાં રહે છે ?

ભળી ભળી મન જ્યાં ત્યાં સ્વસ્થતાયે ગુમાવો,
નિજ હૃદયતણું કાં ધ્યેય ના યાદ લાવો,
ક્યમ કરી તમને તે ઊંઘવાનું ગમે છે ?
જીવન વહી જ ચાલ્યું, કેમ ના આંખ ફાટે ?

*કરાંચી* *તા. ૧-૯-૧૯૪૩*

## પ્રભુપ્રેમ એટલે જ સાધના

અનુષ્ટુપ

જે જે કાંઈ કરો તેના હેતુમાં પ્રાણ રાખજો,
પ્રાણ જો હેતુમાં ના હો ઢીલી પ્રવૃત્તિ તો થશે.

સર્વ કર્મ વિશે હેતુ ભાવની વૃદ્ધિ કાજ છે,
ભલે તાદાત્મ્ય રે' તોયે હજો તાટસ્થ્ય વર્તને.

વિના તે એવું વર્તાયા સર્વ કૈંમાં અલિપ્તતા,
આવવાની ન કો રીતે આપણામાં કદીય ત્યાં.

ઊંડો કેંદ્રિત એકાંગી ભાવ એકાગ્ર જો રહે,
ભાવમાં જ્ઞાન રે'વાનું ભાન તાટસ્થ્યનું હૃદે.

માલિની

સરળ સરળ હૈયું ચિત્ત રાખી પ્રસન્ન,
મનની ગતિ વહેવા આપણે દેવી સર્વ,
કશું પણ મન એની સ્વેચ્છાયે તો કરે ના,
સતત મનનું એવું ભાન રાખ્યા કરો ત્યાં.

સમજી સમજી હેતુ કર્મમાં પ્રેરશો તે,
ડગડગ ભરવાનું ચેતના રાખી કર્મે,
કશું પણ ન જવા દો આપણી જાણ બ્હાર,
મનની ગતિ તપાસ્યા રાખવી ચારકોર.

હૃદય પ્રકટશે જ્યાં ભાવ ને ભક્તિ જ્ઞાન,
પછીથી નવ થવાનું કાંઈ રે'શે કશુંય,
ત્યહીં સુધી મનને તો સૌ ટકોર્યા કરીને,
સતત હૃદય ભાવે ઉર સંકેલવું તે.

જીવનતણી તમા હો જેટલી ઉગ્ર ભારે,
જીવનમહીં રહેશે જાગૃતિ તેવી હૈયે,
જ્યમ ગતિ યમુનાની ઊલટી વ્હેવરાવો,
ત્યમ હૃદય રહેશે ચેતના ખંતવાળું.

*કરાચી* *તા. ૨-૯-૧૯૪૩*

## પ્રેમ એટલે આશા

માલિની

સહુ રીત તમને તો પ્રીછી ક્યારે શકાશે ?
તમ હૃદય કહેવા યોગ્ય ક્યારે થશે તે ?
કંઈક સમય ઊંડા કેટલા શા બનો છો !
મૂઢ પણ બની જાઓ ને નિરાશા ધરો છો.

*કરાંચી* *તા. ૨-૯-૧૯૪૩*

## શુદ્ધ પ્રેમની શક્તિ ને લક્ષણો

અનુષ્ટુપ

હૈયામાં પ્રિયનું ઊંડું ચિંત્વન પ્રાણવાળું તે,
થયા જેને કરે, એવો કર્મે ઉતારી ત્યાં શકે.

વિચારો એકબીજામાં કેવું કેવું કર્યા કરે !
ભલેને કોઈ ના માને છતાં તે વાત સિદ્ધ છે.

પ્રેમની એકતા એવી હૈયે હૈયાંમહીં થયે,
ભાવના પ્રેમની ત્યારે એવો તે ઓળખી જશે.

નકારાત્મક વૃત્તિઓ જ્યારે સર્વ ગળી હશે,
પ્રેમનું જોશ ત્યારે તો લાગવા માંડશે હૃદે.

સંકળાવી શકે જેઓ સાંકળચેતના હૃદે,
પોતાનાં કર્મમાં ભાવ આવતો, નીરખ્યા જશે.

શક્તિ ઉદ્‌ભાવવા હૈયે પ્રેમ આધાર જોઈશે,
હશે જેના વિશે પ્રેમ ચિંત્વને ત્યાં રખાવશે.

હૈયાનું વ્‌હાલું જે ઊંડું એની યાદ હૃદે થતાં,
સ્મૃતિ તે વેળ શી પ્રેરે પ્રાણ, આહ્‌લાદ, શક્તિ ત્યાં !

એવા વ્‌હાલમહીં હો જો રાગાત્મકપણું ઘણું,
એવાની સ્મૃતિ તો હૈયે વધારે રાગ આપણો.

કિંતુ જો કોઈ હો જેમાં રાગાત્મકપણું નથી,
શ્રદ્ધા વિશ્વાસ જન્મેલાં એવામાં પ્રેમ જો હશે,

ચેતનાસાંકળે હૈયે એવાની જો રહ્યા કરો,
એવાની ભાવના જે તે ઝીલવા શક્તિમાન રો' !

હૈયે જે સાથ તાદાત્મ્ય ભાવનો પ્રેમ જો રહે,
ચેતનાસાંકળે તો તો જોડાઈ ત્યાં શકો ખરે.

ભાવયુક્ત વિચારોની શક્તિથી કેટકેટલી,
ધારણા ધારી ધારી તે પૂરી કેળવવી રહી.

ચિંત્વને મસ્ત તે પ્રેમે ઊંડું જો કો રહી શકે,
વિશ્વે હોય છતાં પોતે એકલો એવું લાગશે.

બીજા કોઈ વિચારો તે એને સ્પર્શી નહિ શકે,
એવાની સ્મૃતિથી શક્તિ જન્માવ્યા તે કરે હૃદે.

રસાત્મક રહેવાનું સાધકે રાખવું હૃદે,
ઊર્મિ એવી થતાં ઓછી ચેતવું સાધકે ઘટે.

અત્યંત આર્દ્ર ને આર્ત પ્રેમની ભાવના વડે,
ચેતનાસંકળે હૈયે ઊંડું ઊંડું રહ્યા કર્યે.

આવે ત્યારે વિચારો જે ઘટે સ્વીકારવા હૃદે,
કર્મમાં મૂકવા એને યોગ્યતા ભાવ રાખીને.

સત્કારે પ્રેમ જે હૈયે આશા ઈચ્છા કશી વિના,
પ્રેમની કાજ જે પ્રેમ સત્કારે, પ્રેમ તે વરે.

પૂરી તૈયારી સૌ રાખો પ્રેમ સત્કારવા હૃદે,
બાકી કો ભાગ તે કાજે રહેવો ના ઘટે કશે.

પૂરો કેંદ્રિત એકાગ્ર એકાંગી જો થયો હશે,
પ્રેમ, તે પ્રેમ તો શક્તિ ખેંચી સૌ લાવશે હૃદે.

'પ્રેમ તે દુઃખ નાખે સૌ પ્રેમ દુઃખી કરે મને',
એવું પ્રેમી પછી કો દી બોલવાનું નથી ખરે.

પોતાના પ્રેમની માત્રા કેવી તે જાણતા નથી,
મિથ્યા શી પ્રેમની વાતો આપણે કરીએ બધી !

પ્રેમની વાત ના કોઈ કરી તે શકશે કદી,
પ્રેમને વર્ણવી ના કો શકે કોઈ રીતે કદી.

પ્રેમને કો પૂરેપૂરો પામી ના શકતું હૃદે,
લેવાદેવા કશી રાખે પ્રેમ પોતે ન ક્યાંય તે.

ના પ્રત્યાઘાત આઘાતો પ્રેમને વળગ્યા કરે,
કરે જો પ્રેમ એવું તો પ્રેમી કાજ કર્યા કરે.

## અનુભવગમ્ય પ્રેમ

માલિની

ઘડી ઘડી હૃદ જેને પ્રેમ ના યાદ આવે,
પળ પળ ઉર જેનું ના સ્મૃતિથી ભીંજાયે,

પ્રણય પણ છતાંયે તેમને શો સ્મરે છે !
હૃદય ત્યમ છતાં સૌ ના સ્મરે છે વધારે.

હૃદયમહીં કરેલું તે બધું સિદ્ધ કેવું !
પ્રભુરહમથી મેળે સૌ થયા તે કરેલું,
પ્રિય જનથી વધારે તેમને તે સ્મરે છે,
મચક પણ ન આપે કોઈ એને અરેરે !

ધીરજ ધીરજ ભારે રાખી સૌ કામ લેવું,
પ્રિય જન મન રાખી સર્વ સત્કારી લેવું,
કંઈક અવળચંડા તે વિચારો કરે જો,
સકળ ગળી જઈને પ્રેમથી ચોંટી રે'વું.

અનુષ્ટુપ

મર્યાદા આખરી સુધી એવો તો વળગ્યા જશે,
ત્યાં સુધી રાહ શી જોઈ પોકાર્યા પ્રિયને જશે.

એને નિસ્બત કો સાથે પ્રેમ વિના કશી ન તે,
પ્રેમથી ઉદ્ભવે પ્રેમ જો ના, નિસ્બત તો ઘટે*

વેવલા પ્રેમનો એને કશોયે ખપ ના હૃદે,
જે પ્રેમે શક્તિ ના હોય આવે શો ખપ પ્રેમ તે ?

વિદ્વાન પ્રેમ વિસ્તાર લખી તે શકશે છતાં,
પ્રેમને કામ લેવાની જાણતો હોય ના કળા.

જાણવાથી મળે ના કૈં, 'પ્રેમ વાપરવો ઘટે
પ્રેમમાં,' તે કળા જાણે એવાને પ્રેમ તો મળે.

*ઓછી થાય

સ્નિગ્ધ, આર્દ્ર અને આર્ત પ્રેમથી હોઈને હૃદે,
સાંકળે ચેતના એવી આઠે પ્હોર, રળ્યા જશે.

સાંકળે ચેતના હૈયે તે સળંગ, સમગ્ર રે',
પ્રેમથી પ્રેમમાં પ્રેમે ત્યારે કામ બન્યા કરે.

*કરાંચી* *તા. ૨-૯-૧૯૪૩*

## પ્રભુસ્મૃતિમાં જ પ્રાણશક્તિ

અનુષ્ટુપ

જેના આધારથી પોતે ધાર્યું છે ચઢવા ઊંચું,
તેનો આધાર લેવાનું ચિંતવ્યા કર્યું ના કશું.

એની સ્મૃતિ બધાં કર્મે જાગ્યા ઊંડી કરી ન તે,
ઊભો પૂંઠે અને એ તો એવી ના ધારણા હૃદે.

સ્મૃતિ કો વેળ ઊઠેલી તેમાંયે પ્રાણ ના કશા,
કેવી રીતે પછી આવે કૈં ભલીવાર કામમાં ?

*કરાંચી* *તા. ૨-૯-૧૯૪૩*

## પ્રેમની યાચના

માલિની

હૃદય હૃદયનો જે પ્રેમનો ભાવ ઊંડો,
વિનિમય હજુ એનો ના થતો રે' કશોયે,
અનુભવ હૃદ એનો ભાન સૌ જ્ઞાનવાળો,
જહીં સુધી નવ થાયે, ત્યાં સુધી સૌ અધૂરું.

સતત મન વહેતું એકભાવે થવા દૈ,
ચરણકમળ એને ભક્તિભાવે ભીંજાવી,
હૃદયથી ઉપજાવી પ્રેમની ભાવશક્તિ,
કંઈ પણ કરતાં હો તેમહીં દો પરોવી.

કશું પણ અમથું ના હેતુ વિના થવા દો,
સ્મરી સ્મરી પ્રિય સૌમાં ચેતના પ્રાણ રેડો,
અમથું અમથું જે કૈં હેતુ વિનાનું થાયે,
ગણવી ગણવી તે તો સૌ નકામી પ્રવૃત્તિ.

ચરણકમળ વ્હાલાનાં વિના ક્યાંય બીજે,
કદી પણ મનને ના સ્થિર સ્હેજે થવા દે,
સગડગ કશીયે ના ક્યાંય ઊભી થવા દે,
સરળ મન રહેવા દૈ કરો કર્મ સર્વે,

*કરાંચી* *તા. ૩-૯-૧૯૪૩*

## અતૃપ્ત પ્રેમ

માલિની

હૃદય હૃદયનો જો મેળ પૂરો મળે ના,
હૃદય હૃદયથી શો ખ્યાલ ત્યારે રહે ત્યાં ?
હૃદય હૃદય સાથે પ્રેમભાવે મળેલાં,
સતત રહી શકે તો પામીએ લ્હાણ કેવાં !

સ્મરણ હૃદય થાતાં પ્રેમીની રમ્ય મૂર્તિ,
હૃદય હૃદય ઊઠી જાદુ કેવું કરે શી !
કુમળી કુમળી કેવી ભાવનાઓ સ્ફુરાવે,
ભીંજવી ભીંજવી કેવું હૈયું ત્યાં સ્નિગ્ધ થાયે !

હૃદય પણ છતાંયે કેમ સંતોષ ના રે',
વધુ વધુ હજુયે તે ખૂબ માગ્યા કરે છે,
ભરપૂર મનમાન્યું કાળજું ના ધરાયે,
નવ મળી શકતાં તે બૂમ પાડ્યા કરે છે.

હૃદય ધમપછાડા સંભળાયે છતાંયે,
હૃદય જીવનમાર્ગ સર્જવાનું હૃદે તે,
હૃદય હૃદયમાં સૌ એકભાવે ન રે' છે,
જીવનભરનું હૈયું આત્મનું સુખ વાંછે.

ઠરતું ઠરતું ના આ રાંકનું હૈયું પૂરું,
હૃદયમહીં થતું રે' પીડતું દર્દ કેવું !
શિર વગરજણ્યાંની પ્રેમ ઉપાધિ આ તો,
સહન કરી કરીને પ્રેમીમાં રે'વું વાંછું.

હૃદય જિગરનું તે પ્રેમથી ના ધરાયે,
સતત જીવનકેરી સૌ કમાણી જ ઈચ્છે,
રળી રળી જ્યમ તે દે, શી અધૂરી જણાયે,
અધિક અધિક માગ્યા તે કરે છે છતાંયે.

મુજ હૃદય ભીંજાવા માગતું પ્રેમભાવે,
જીવન ટકવી રે'વા એટલું નિત્ય દેજો,
સહી ક્યમ શકું જો સૌ વેગળાં વેગળાં રો',
જીવન ટકવવાને શક્તિ સૌ પ્રાણ દેજો.

જીવનભર લીધેલાં કામમાં ધૂન રાખી,
જીવનતણી કમાણી રો' કમાતાં હંમેશાં,
સતત મનતણું ત્યાં ટોકવું રે'તું કાં ના ?
મનમહીં ઉર કોરાં ભાન ને જ્ઞાન કેવાં !

કંઈ પણ થતું જે રે' ત્યાં સ્મૃતિ પ્રેમકેરી,
હજુ નવ ક્યમ રે'તી ? તે ન ખૂંચે હજી શું ?
મુજ સ્વજન તમોને પ્રાર્થનાઓ કરું છું,
'જીવન પ્રતિનું ઊંડું લક્ષ આપ્યા કરો સૌ'.

મન નથી જીરવાતું, જાગીને જીવતાં રો',
મુજ પર તમ એવી તે કૃપાદષ્ટિ રે'જો,
જીવન પર તમારાં સર્વ મારો મદાર,
સફળ પ્રભુ કરાવો એટલી એક આશા.

*કરાંચી* *તા. ૪-૯-૧૯૪૩*

## પ્રેમનું દર્દ

માલિની

હૃદય હૃદય ઊંડું જો ચહાવાનું થાયે,
અરસ પરસ કેવો રંગ સત્સંગ જામે !
કહીંથી નસીબ એવું લાવું હું ભાગ્યશાળી,
ઉર બસ રસ રેલી કે રહે રંગ મસ્તી !

દિવસભર કદી કો ધન્ય એવી ક્ષણોએ,
પ્રિય સ્મરણતણી તે ઝાપટો કોક લાગે,
હૃદય હૃદય ત્યારેયે ન પૂરાં મળે છે,
પણ દિલ ઝબકારો તોય લાગે મધુરો.

ઘડીકભરનું છોને સુખ તે મીઠું લાગે,
જીવન કિરણ આશા ફૂટતાં હો જણાયે,
મુજ જીવનતણો તે એક આધાર માત્ર,
જીવન નભી રહેલું આશના તાંતણે તે.

જીવનથી નિપજાવી જો શકાયે કશું ના,
જીવન જીવવું એવું લાગતું સર્વ મિથ્યા,
ધીરજ ધીરજ રાખી પ્રેમીમાં જીવ પ્રેરું,
દિવસ જરૂર સારા કોક દી ભાળશું સૌ.

જીવન મધુરું આશા સ્વપ્નથી શું ભરેલું !
પળભર પણ એનો છેહ જોવાય ના તે,
મરમ કથની ભાંગ્યા ઉરની એવી મારી,
પ્રિય હૃદય કને તે ઠાલવ્યા કરું શી !

પ્રિયજનતણું હૈયું તેથી જો જાગવાનું,
નિજ પ્રિયતણું દુઃખ તેથી તો ભાગવાનું,
સફળ કરી જ દેશે જન્મ ને જીવવાનું,
હૃદય મુજ રહેલી આશ શી તે જ્વલંત !

હૃદય પ્રિય રહેલાં કાં ઊડી ઊડી જાઓ ?
સરળ પડી રહેવું ના ગમ્યું કે ખૂંચ્યું શું ?
મન હૃદ સરતાં કાં આમથી તેમ બાપુ !
સ્મરણ કરી કરીને ઝંખીને સુખ આપો.

મુજ હૃદય ધરાવો 'આભ જો પ્રેમ થાયે,
'પ્રસરી પ્રસરી જ્યાં ત્યાં એકરૂપે થવાયે',
'કહીં સ્થળ પણ બાકી કોરું એકે ન હોયે,
અરર ! પણ છતાં એ થાય ના કોઈ રીતે.

જરીક જરીક પાસે, ખૂબ પાસે હજીયે,
સરકી સરકી આવો ભીડતાં હૈયું ભાવે,
હજુય ઉર દબાવી પ્રેમથી ભેટી ભેટી,
કદીય પણ ન થાકો એટલું તો કરોને.

અનુષ્ટુપ

અરેરે ! ભેટવામાંયે પ્રેમ પાછો ચહ્યા કરું,
પ્રેમનું ભૂત લાગેલું ક્યારે તે છૂટશે ભલું !

આતશ પ્રેમની જેને લાગેલી, તે બૂરી દશા,
કોઈને પ્રેમમાં એવું લાધશો પડવાનું ના.

તૃષા ભૂખ હૃદે લાગે સંતોષાય છતાં ન તે,
કારમું કેવું તે લાગે સાચો જે પ્રેમી, જાણશે.

તૂટે તૂટે હૃદે તાર સાંધવા તે મથ્યા કરે,
છતાં સંધાય ના તાર ઐક્ય સામેથી ના મળ્યે.

મેળવેલા બધા સૂર બેસૂરા જ્યાં થઈ જતા,
નાદનો મેળ ના જામે એવો બેસૂર તારમાં.

કંઠના સૂરની સાથે તાર મેળવવા પડે,
મળંતાં સૂર બંને તો એકરાગપણું બને.

એકરાગપણું એવું હૃદે જન્માવવા ઊંડું,
ચૈતન્ય આપણું જે હો ખપાવી સર્વ નાખવું.

આજ તો દી ગયો કેવો ! 'તોબા' 'તોબા' કર્યા કરું,
ખોળો પાથરી શો હું તો પ્રભુને પ્રાર્થના કરું.

માલિની

હૃદયથી ખસજો ના વ્હાલુડાં પ્રેમીઓ સૌ,
હૃદય હૃદય સાથે ઐક્યભાવે રહેજો,
જીવનમહીં બીજું શું સુખ એનાથી રૂડું,
મનમતિની નથી તે કલ્પનાથી લખેલું.

નિજ રુધિરતણાં જો બિંદુઓથી કરીને,
લખી લખી કદી દેતાં ઉર સંતુષ્ટ થાયે,
જરીક ન ખચકોયે લાગશે ઉર એને,
જરૂર મુજ કસોટી લેઈ જોજો તમે તે.

પણ નવ ટટળાવો આવી રીતે હૃદે કૈં,
જીવનમહીં જગાડો આગ શી તે તમન્ના,
રમત કંઈક જાણે ખેલતાં હો, અરે, શું !
ભુલભુલવણી આવી ના હજી છોડશો શું ?

રુધિરની ગપ માને કોઈ એવી રખે તે !
જરૂર પૂરતું એવું તે બતાવ્યા કર્યું છે,
ડર કંઈ બતલાવી ઝૂંટવી લેવું ના છે,
જરૂર ઝૂંટવવું છે પ્રેમથી દિલ મારે.

અનુષ્ટુપ

લૂંટ તે કરવી મારે ભલેને ચોર કો ગણે,
હૈયાંને લૂંટીને પૂરાં આપવાં છે પ્રભુપદે.

માલિની

જીવન મન તમારે કાં ન તે ભવ્ય લાગે ?
જીવનતણી તમા કાં લાગતી ના તમોને ?
સ્વજન દૂર વસેલાં દૂરનાં દૂર રે'છે,
કઠણ સમય આવ્યો જીવવાનો અરે રે !

કંઈક કંઈ કરોને વ્હાલુડાં ! પ્રેમ લાવી,
હૃદય તમ વસાવો ભાવવર્ષા સ્ફુરાવી,
જલદી જલદી જે કૈં કામ નીવેડવાનું,
નીપટી તુરત લૈને હર્ષઘેલાં મળોને.

'જીરવવું કઈ રીતે ?' પ્રેમના દર્દીઓને,
પછી પૂછી મન થાકું, કોઈ ના દે જવાબે,
મશગૂલ દુનિયામાં પ્રેમીલાં મસ્ત રે' શાં !
ફુરસદ નથી એને કોઈની સામું જોવા.

હૃદય રીઝવશો જો પ્રેમીનું ઝંખવું તે,
પ્રભુતણી કરુણા સૌ આપમેળેથી થાશે,
હૃદય તલપવા દો ના હવે કૈં વધારે,
પ્રિય ચરણ પડેલો માંગતો, દો કૃપા તે.

અનુષ્ટુપ

આપજો આપજો વ્હાલાં ! હૈયાંથી પ્રેમ આપજો,
પ્રેમીનું સુખ આપી સૌ પ્રેમનું સુખ લૈ જજો.

*કરાંચી* *તા. ૪-૯-૧૯૪૩*

## પ્રેમનો વલોપાત

માલિની

ઉર ઉર અથડાઈ કાં પડે પાછું પાછું ?
લગીર પણ ધરો ના એટલીયે 'અરે' શું !
રમત રમત ઊંડી જિંદગી સાથ કોઈ,
કદીય પણ ન ખેલો કારમી કારમી શી !

હૃદયમહીં ઉચાટ કોઈને કાં ન થાય ?
હૃદયમહીં અજંપો કોઈને કાં ન થાય ?
જીવતર ધૂળધાણી શું કરી નાખવું છે ?
હજુય પણ સફાળું જાગવું પૂરું ક્યાં છે ?

પ્રભુ શિર પર નાખે વાંકનો ભાર સૌ એ,
પ્રભુ પર સહુ ઢોળે દુઃખ પોતાનું તે તે,
સ્વજન મન બધાંને પ્રેમ લેવો ગમે છે,
પણ નવ મરવાનું પ્રેમને કાજ વાંછે.

‘હૃદયજિગર શાથી શાંતિ આનંદ પામે,
પ્રણયીજન થઈને ખ્યાલ તે કેમ ના’વે,
હૃદય દૂર પડેલું ઝંખતું ઝંખતું જે,
તડપતું દિલ કેવું કોણ જાણી શકે તે ?

‘સતત હૃદયકેરી પ્રેમ સંભાળ લેજો,
હૃદય હૃદયને સૌ વારી વારી રહેજો,
ગમતું ગમતું જે સૌ વ્હાલસોયું હૃદેનું,
સરસ સરસ લાગે એવું પ્રેમે વહેજો.

પ્રિયજન પ્રભુ પાસે એવું વાંછ્યા કરે છે,
પણ ગમતું થવાને કોઈ એનું ન વાંછે,
નિજ મન ગમતું તો સર્વને વ્હાલું લાગે,
પણ પ્રભુ નવ જે હો શ્રેય, ના તે કદી દે.
પણ પ્રિયજન પાછાં બોલતાં ભાળતો કે,
‘અમ હૃદય અરેરે ! ભાંગી કાં નાખતો તે.’

અનુષ્ટુપ

કોણ તે કોનું ભાંગે છે વિવાદાસ્પદ હો ભલે,
માપી લે છે પ્રભુ વ્હાલો આપણો પ્રેમ અંતરે.

માલિની

વળી પ્રિય વદતાં કે 'પ્રેરણા, પ્રેમ, જોશ,
હૃદય પ્રભુ અમોને પ્રેરતો રે' ન કેમ ?
જીવનમહીં સ્ફુરંતાં ભાવ ઉલ્લાસ પ્રેરે,
વચન કથન એવાં પ્રેમથી ના મળે શેં' ?

પ્રિય હૃદય તમારે સૌ તમારું જ જોવું,
પણ પ્રિયજનકેરું કાં ન જોવાનું ટેવો,
પ્રિયતણી નિજ રાખે દૃષ્ટિ-વૃત્તિ હૃદે જે,
હૃદય પ્રિય જીતી લે એવું જે કો કરે છે.

'હરનિશ સમજ્યા તે સૌ કરોને અમારું,
'ગમતું કહી કહી કાં ઉર ઉત્સાહ ના દો ?
'ગમતું અમ મને જે તે રીતે વાળીવાળી,
'અમ જીવનતણા તે વ્હેણને કાં ન જોડો ?'

મુજ પ્રિય હૃદકેરાં ! જોઉં શું હું તમારું ?
નીરખી નીરખી જેને હું કથી ખૂબ થાકું,
પણ નવ ધરતાં જ્યાં કાન તેવું કથેલું,
હૃદયમહીં પડેલા રૂઝશે ઘા પછી શું ?

પ્રિયકર મરવાનું કેવું કેવું મધુરું,
જીવન પ્રભુ પ્રસાદી તે મળી ધન્ય શો હું ?
ચરણરજ પ્રભુની તે ચઢાવી શિરે હું,
પ્રિયજન, તમને તે રાખી હૈયે ફરું છું.

પ્રિયનું હૃદય લેવા જો ધરી આશ, ઈચ્છા,
પછીથી બૂમબરાડા પાડતું તું રહે કાં ?
રજ રજ પણ એની છો ઊડી જાય પ્રેમે,
જીવન પણ ફના છો થાય, ચિંતા નથી તે.

જીવતર કરવાનું એ રીતે ધન્ય જો હો,
પ્રિયજન ! સહુ કે'જો જે ચઢે દિલ તે સૌ,
શિર પર ચઢી જ્યારે બાળ મસ્તી કરે છે,
જનક હૃદય કેવો પ્રેમ ઉલ્લાસ ત્યારે.

જીવનની કુરબાની એ રીતે થાય છોને,
હૃદય ન પરવા છે 'મારું ત્યાં શું થશે' તે,
પણ હૃદય વસેલી પ્રેમીની દર્દચિંતા,
સતત મન બકાવ્યા તે કરે , શું કરું ત્યાં ?

મુજ જીવનથી ભારે પ્રેમની ઉર ચિંતા,
મુજ ઉર વધુ કોર્યા તે કરે, શું કરું ત્યાં ?
સ્વજન મન પડી ના તેમની તેમને જ્યાં,
મુજ હૃદય લવારો કોણ ક્યાં સાંભળે ત્યાં ?

પણ મૂરખ ! અરે ! ક્યાં કોઈને સંભળાવે ?
હૃદયમહીં રહેલા પ્રેમીને તે જણાવે,
પછીથી હૃદય શાને તાહરે શી પડી છે ?
હૃદય હૃદય જેવું સૌ ગ્રહી તેવું લેશે.

'જીવતર થકી જેનો જન્મ ભાવે થયેલો,
તુજ હૃદયની શું તે ભાવના કોરી કોરી ?'
જીવનપથ મળેલો સાથ જે પ્રેમીઓનો,
જીવન પ્રકટવાને તે દીધેલો પ્રભુએ.

પણ સફળ થતાં એ હું ન જ્યાં નીરખું છું,
જીવન મુજ અકારું લાગતું કારમું શું !
પ્રિયજન નવ દેતાં ધ્યાન ત્યાં એકધારું,
વળી ઉપરથી દે છે ડામ કેવા મને શું !

પ્રિય મનતણી તેથી તે દશા જોઈ જોઈ,
હૃદયતણી થતી રે' શી દશા હાય ! કેવી !
જગતમહીં કદાપિ કોઈની ના થશો તે,
જીવન પણ ભલે સૌ પ્રેમથી ભોગવી લે.

અનુષ્ટુપ

ગમે તેવું કરે છોને વ્હાલાંઓ તોય તે મને,
વ્હાલાં લાગ્યા કરે તેથી હૈયે ઉત્પાત થાય છે.

ભલે વ્હાલાં ! વહેજો જ્યાં વહેવું હોય ત્યાં તમે,
છો કોઈક ભલે ખાય કોઈક ભોગવ્યા કરે.

અરે ! આ ન્યાય ક્યાંનો છે ? કૈંક ઊંડું હૃદે જુઓ,
કૃપા હાવાં કરો, બાપુ ! હૈયે લક્ષ ઊંડું ધરો.

*કરાંચી* *તા. ૪-૯-૧૯૪૩*

## મૂર્તિયોજક પ્રેમ

શાર્દૂલવિક્રીડિત

જે પ્રેમેભરી સ્નિગ્ધતા હૃદયની ને આર્દ્રતા, આર્તતા,
તે પ્રેમેભળી એકતાર બનતાં જન્મે શું માધુર્ય ત્યાં !
સૌ રાગાત્મક વૃત્તિઓ સરકતાં તે પ્રેમ જન્મ્યા કરે,
તેવાં જીવન દૃષ્ટિ વૃત્તિ વલણે તેવું થવા હો હૃદે.

### શિખરિણી-મંદાક્રાંતા

હૃદે પૂરેપૂરું, જીવન મળવા સુખ નિશ્ચિતતાનું,
ઊંડી જેને લાગી હૃદય લગની તે ન બેસી રહેતું,
પ્રસંગો જે જે કૈં જીવન મળતા, વેડફી તે ન દેશે,
સદા તેનો હેતુ ફલિત કરવા સૌ ઉકેલ્યા કરે તે.

ગમે તેવી છોને પરિસ્થિતિ ભલે નિસ્બત ત્યાં કશી ના,
'સરાવ્યો કે તેનો સકળ ગમનો હેતુ?' એ મુખ્ય વાત,
નથી સારુંખોટું કશુંય પણ તે હેતુ જો તેથી ફાલે,
સદા હેતુને તે હૃદય ધરી સૌ કર્મ આટોપવાં તે.

લઈ જે જાયે છે જીવન ગતિને ધ્યેયથી બીજી બાજુ,
હૃદે તેવું કાર્ય અઘટિત લહી છોડી દો, છો મઝાનું,
સરે છે શી રીતે નિજ જીવનનો હેતુ તે એકમાત્ર,
ઘટાવ્યા તે ઊંડો કરી કરી હૃદે, માપવાં તેથી કર્મ.

ઊંડા તે હેતુને ઉર ફળવવા ખામીઓ શી રહી છે,
હૃદે જિજ્ઞાસુને સમજ પડતાં તેની ના વાર લાગે,
પડેલી છે જેને સમજ પૂરતી એવી, તે કેમ ઊંઘે ?
સફાળો તે જાગી ઝટપટ કરે કર્મ હેતુ પ્રમાણે.

### મંદાક્રાંતા

જે કર્મોમાં નિજ જીવનના હેતુનું જ્ઞાન ના છે,
તે કર્મો સૌ કહીં જીવનને આડફંટે પછાડે,
જેને હૈયે સજીવ ઠરતું હેતુનું ધ્યાન ઊંડું,
એવો ભૂલી કશું નવ શકે ભૂલવામાંય હેતુ.

શિખરિણી-મંદાક્રાંતા

દયાળુ કેવો છે પ્રિયતમ પ્રભુ ! દૂર હેમંત છોને,
કૃપાથી શી એ તો સ્મરણ કરવા પાસ હેમંત રાખે,
રખે કોઈ એને નિજ મનતણી કલ્પના માત્ર માને,
અહીં સાચેસાચો શરીર ધરતો એક હેમંત રે' છે.

બીજાને કોઈને રસ નવ કશો છોકરા તે વિશનો,
મને એમાં હેતુ ગૂઢ પ્રભુતણો લાગતો કો અનેરો,
હસી કાઢે છોને પ્રિયજન મને, કિંતુ મારો સરાવે,
પૂરો હેતુ એ તો-પ્રભુ પર જઉં વારી વારી હું હૈયે.

તમન્ના હૈયામાં નિજ જીવનના ધ્યેયમાં લાગી જેને,
સદાયે તેવાને જહીં તહીં થકી હેતુની દૃષ્ટિ લાગે,
પરોવી તે કર્મે ઊંડું ઊતરીને ઉર તાદાત્મ્ય સાધે,
ફળાવાને હેતુ તહીં હૃદયમાં એકલું માત્ર જુએ.

અનુષ્ટુપ

શક્તિ કેંદ્રિત, એકાંગી એકાગ્રી જે થઈ હશે,
હેતુમાં તે તમન્નાને ખેંચી લાવ્યા કરે હૃદે.

'હૃદે ઉદ્‌ભાવવા એવી શક્તિ કેમ મળી શકે ?'
હજી જો પ્રશ્ન એ ઊઠે તો તો શું કરવું હવે ?

સાધના એટલા કાજે કે જેથી શક્તિ સાંપડે,
શક્તિનો તે વિનિયોગ કર્મમાં કરવો પડે.

જીવને તો જ કર્મોથી સર્વોપરી રહી શકી,
પાડવા પાર હેતુને શક્તિશાળી થઈ શકો.

હેતુને યોગ્ય સૌ ભાવ કર્મમાં તે ઉતારતાં,
ઘડાતાં જીવને જાશું સુમેળ ત્રણનો થતાં.

*કરાંચી* *તા. ૬-૯-૧૯૪૩*

## અભેદ પ્રેમ

અનુષ્ટુપ

શમાવાને વહાલામાં છોડજો આપણું બધું,
વ્હાલામાં પ્રાણ રાખીને વ્હાલાને ગણજો બધું.

વ્હાલાનો પ્રેમ તે માત્ર જીવન આપણું ગણી,
'શી રીતે પ્રેમ તે પ્રાપ્ત થાય,' તે કરવું ચહી.

વ્હાલાના પ્રેમને હૈયે આધાર આપણો લહી,
વ્યવહાર બધો જે જે રાખી તે લક્ષ્ય સૌ કરો.

જરાયે રંજ વ્હાલાને લાગે ન દિલમાં કશે,
ફોરમે હૈયું એવું તે ભર્યા ભર્યા કરી રળો.

પ્રસન્ન જે રીતે વ્હાલો થાય, તે કરવું બધું,
કંટાળો જો જરા આવ્યો, કથળ્યું સૌ પ્રમાણવું.

વ્હાલો જો આપણું હોય સર્વસ્વ રૂડું જીવને,
વારી વારી જઈ તો તો ત્યાં બ્હેલાવવું દિલને.

વ્હાલામાં પ્રેમ રાખીને એનું જે તે કર્યા કરો,
રાજી રાખી બધી રીતે વ્હાલાનો પ્રાણ મેળવો.

ગમે તેવું ભલે છોને વ્હાલાનું હોય, તોય તે,
'પોતાના પ્રિયનું તે છે' જાણી હર્ષે સ્વીકારજો.

‘વ્હાલો કેમ વધુ વ્હાલો લાગે’ તે તે વિચારવું,
પરોવી પ્રિયમાં પ્રાણ વ્હાલાનું કરવું બધું.

‘તેથી વ્હાલાતણો પ્રેમ મળે’ એમ ન ધારવું,
પોતાના પ્રેમના કાજે તે તે સૌ કરવું રહ્યું.

વ્હાલાની રીતથી જે તે વિચાર્યા કરવું બધું,
જે લાગે વ્હાલું વ્હાલાને આપણે વ્હાલું ધારવું.

વ્હાલાને જે ગમે વ્હાલું વ્હાલું થૈને કર્યા કરો,
આત્મસમર્પણે એને નિવાજ્યા પ્રેમથી કરો.

વ્હાલાના પ્રેમને હૈયે સર્વશ્રેષ્ઠ મહત્ત્વ દો,
વ્હાલાનું ઉર વિચારી વ્હાલાની રીતથી કરો.

વ્હાલાના પ્રેમમાં જ્યારે ઓતપ્રોત થઈ જશું,
વ્હાલાનું કે, પછી મારું, એવા ભેદ ન શોધશું.

વ્હાલાથી જુદું મારું શું ક્યાંથી હોઈ શકે ભલા ?
‘વ્હાલો’ ને ‘હું’ હૃદે એક જગાડો એવી ભાવના.

હૈયાના પ્રેમના દોર સર્વ છુટ્ટા મૂકી જ દો,
વ્હાલાને સૌ થતાં કામે જોયા એક વ્રતે કરો.

હૈયાનો તાર વ્હાલામાં જોડવ્યા કરીને ઊંડો,
વ્હાલામાં નિત્ય રે’વાનું એકભાવે કર્યા કરો.

વ્હાલો જે કૈં કહે તે તે સ્વીકારી પ્રેમથી હૃદે,
ખંતથી કરવાનું તે આપણે રાખવું ઘટે.

વ્હાલાનો પ્રેમ સર્વસ્વ આપણી મૂડી રાંકની,
સંઘરી રાખવી પ્રેમે વધારો ત્યાં કર્યા કરી.

આપણાં સર્વ કર્મોને વ્હાલાનાં ગણીને કરો,
પ્રેમની ભાવના શક્તિ સમર્પ્યા કર્મમાં કરો

વ્હાલો જે કો રીતે રીઝે એને તે રીત રીઝવો,
આપણું સર્વ અસ્તિત્વ વહાલામાં ઓગળાવી દો.

ભલેને કૈં ગમે તેવું વ્હાલો છો આપણું કરે,
પ્રસાદી પ્રેમની એની ગ્રહી લો વ્હાલથી હૃદે.

પ્રેમની મૂડી, થોડીયે જે પાસે નથી, હું સમો,
મૂર્ખ તે પ્રેમની વાતો ગાંડી ગાંડી બક્યા જતો.

જાણું શું પ્રેમને હું તો ? પિછાની પ્રેમ શું શકું ?
તમો પાસેથી જે શીખ્યો ધર્યા તે ચરણે કરું.

તમારો મેળવી પ્રેમ પ્રેમ રાખી શકીશ હું,
પ્રેમથી ધન્ય તે થૈને પ્રેમ ત્યાં દૈશ તે બધો.

*કરાંચી* *તા. ૬-૯-૧૯૪૩*

## ઘરેડમુક્તિ

અનુષ્ટુપ

પરિસ્થિતિમહીં ચાલુ પડી રે'વાનું જે કરે,
તેમનામાં નથી હોંશ તેવા તે યુદ્ધ શું લડે ?

કીધી છે ન શરૂઆત લડાઈ કરવાતણી,
લડ્યા વિના કઈ રીતે આવડી લડવું શકે ?

યુદ્ધ આપ્યા કર્યે પૂરી કળા સૌ યુદ્ધની ખરી,
આપોઆપ શીખાશે તે લડ્યા જો કરશો ચહી.

ધૂન લાગી નથી જેને તેવા તે શું કરી શકે ?
હૈયે લગાડવી ધૂન આપણું કામ એક તે.

કિંતુ વિચારશો કે રે' 'ધૂનમાં આંધળાપણું',
વિવેકવાળું આ ધૂને જોઈશે દેખતાપણું.

સાહસે આંધળું ધૂને કામે ના આવશે કશું,
હિસાબી સાહસેથી ત્યાં થશે કામ આપણું.

પોતાની પકડી જેણે રગ પૂરેપૂરી હૃદે,
એવાને માર્ગને કાજે ફાંફાં ના મારવાં પડે.

સર્વનો ત્યાગ પ્રેમેથી જેણે કર્યા કર્યો હશે,
એવાને મળવાનું શું બાકી રે'શે કશું પછે.

*કરાંચી* *તા. ૮-૯-૧૯૪૩*

## સાચું સુખ

અનુષ્ટુપ

પોતામાં જે રહ્યું સુખ બીજે ક્યાંય ન તે મળે,
ખોળવા જાય જે બીજે મેળવી સુખ ના શકે.

સુખના પડછાયા શું કૈંક છો મેળવે કદી,
તૃષ્ણા એથી છિપાવાની એવાની કોઈ દી નથી.

સુખ આનંદ પોતામાં ખોળવા જે મથ્યા કરે,
નિરાશા છો મળે પ્હેલાં ત્યાંથી તે કિંતુ મેળવે.

પ્રાકૃત વસ્તુઓની જે આકાંક્ષામાં રમ્યા કરે,
તેવો તે કોઈ દી સુખ અમર્યાદ ન મેળવે.

ફાંફાં કૈં સુખને કાજે મારે આમથી તેમ જે,
એવા તે શાંતિ ને ક્યાંથી સંતોષ મેળવી શકે ?

નાનાં નાનાં સુખોથી જે ધરાયા કરતું રહે,
આનંદ, સુખનો કેવો તેવા શું ઓળખી શકે ?

વૈભવી જિંદગી જેને ગાળવા મન હોંશ છે,
નિત્યનું સુખ એવાને કો કાળે ના મળી શકે.

નિત્યનું સુખ લેવાને જેની તૈયારી હો હૃદે,
નાનાં સુખો જતાં એને કરવાં સૌ પડે ખરે.

આનંદ સુખનો એવો તેના તે સુખમાં સદા,
આકર્ષાવ્યા કરે છે, તે ભુલાવા દે ન ત્યાં જરા.

ક્ષણિક સુખના લોભે માનવી શાં સડ્યા કરે !
એના એ જ કૂંડાળે તે ગોળગોળ ફર્યા કરે.

ઈતિ કર્તવ્ય માને છે જિંદગીતણું ત્યાં બધું,
એવાને શાશ્વતી સુખ દુર્લભ મળવું ઘણું.

વંધ્યાએ સ્વપ્નમાં પુત્ર જણ્યા જેવું જ સુખ તે,
છતાં રાચી રહે લોકો એવા કો સુખમાં જગે.

વસે સ્વચ્છંદતા એવા માનવી સુખમાં ઘણી,
પોતાને શા વળી માને ડાહ્યા, બુદ્ધિ-શિરોમણિ !

સંજોગો એમને ઊંધા આવતાં સુખ ભાગતું,
વેશ્યાના સુખના જેવું સુખ તે અળખામણું.

ગમે તેવું ભલે સુખ ભોગવ્યા માનવી કરે,
કિંતુ તે સુખમાં કોઈ પૂરી ના શાંતિ ભોગવે.

ક્લેશ, સંતાપ ને દુઃખ તેવા તે સુખમાં વસે,
નિર્ભેળ સુખની છાયા ક્યાંયે તે સુખમાં ન છે.

તોયે તે પડછાયાની પૂંઠે કાં ચિત્ત દોડતું ?
હૈયે ના સમજાયું છે આનંદ-સુખ ઈશનું.

પ્રભુનું સુખ વાતોથી મેળવી ના શકાય તે,
પ્રભુનું સુખ તો યજ્ઞે હોમાઈ મેળવાય છે.

મરવાનું પ્રભુ કાજે વ્હાલું વ્હાલું હૃદે ગમે,
એવા તે ભાગ્યશાળી કો પ્રભુનું સુખ મેળવે.

ગુણો દુર્ગુણ પોતાના શોધી શોધી જ કાઢીને,
તે રીતે વર્તવું છોડે તો તેવો સુખ મેળવે.

એટલુંયે નથી પૂરું તપાવાનું ઊંડું રહે,
જીવવું તપ જેનું હો પ્રભુને કાજ, તે રળે.

વ્હાલામાં વ્હાલું જેને હો વિશ્વમાં આ બધાં થકી,
એને સંતોષી જે રાજી રે', તેવા સુખ મેળવે.

ગમે તે સ્થિતિમાં છો હો સ્મર્યા ત્યાંયે પ્રભુ કરે,
જીવવાનું પ્રભુ કાજે જે રાખે, સુખ મેળવે.

સ્મર્યા વિનાનું સૌ જીવ્યું જેને ખૂંચ્યા ઘણું કરે,
સાર્થકતા જીવ્યાકેરી એને સ્મર્યામહીં ગણે,
સુખ તે મેળવે એવા હોમાયે જે ક્ષણે ક્ષણે.

જેને લ્હે હૃદયે લાગી પ્રભુની, તેનું સૌ જીવ્યું,
કૃતકૃત્ય થયું, એવું પોતામાં માણશે બધું.

*કરાંચી* *તા. ૯-૯-૧૯૪૩*

# પ્રેમભક્તિનાં લક્ષણો

અનુષ્ટુપ

તમારા ભાવથી મારે વેપાર ખેડવો રહ્યો,
મૂડી વિના ભિખારીથી થઈ વેપાર શેં શકે ?

મૂડી માગ્યા કરું તેથી હૈયાના પ્રેમભાવની,
કરો આપ્યા સ્મૃતિ જોડી જ્ઞાનપૂર્વક તે વળી.

એવી સ્મૃતિતણા તાર સંધાતા જો અખંડ રે',
કર્મમાં જ્ઞાન હેતુનો તો તો અર્થ સર્યા કરે.

ભાવસ્મૃતિ ન તે જો હો પ્રાણવાળી પૂરી હ્રદે,
તાદાત્મ્યભાવ શી રીતે તે વિના જામશે હ્રદે ?

ચેતના સ્ફૂર્તિ હૈયામાં પ્રકટાવ્યા સ્મૃતિ કરે,
ત્યારે સ્મૃતિતણું જોશ આવેલું જાણવું ઘટે.

સ્મૃતિમાં ચેતનાકેરો હોવો ત્યાં ખ્યાલ જે,
ઊંડો ઊંડો હ્રદે જેને રહે, તે લાભ પામતો.

જોડાઈ ત્યાં રહેવાનું ભાવની સાથ ભાવથી,
કરો સૌ આવતાં કર્મ એને મહત્ત્વ ત્યાં દઈ.

લૂલો કેવો હું છૂટો છું શકું ચાલી હું શી રીતે ?
મને દૈ ચેતનાશક્તિ જીવતો રાખજો હ્રદે.

સળંગતા પૂરેપૂરી ભાવભક્તિ સ્મૃતિતણી,
જ્ઞાનથી, યોગ ધ્યાનેથી, હૈયામાં રાખવી રહી.

કશાયે કૈં વિચારોમાં પરોવાઈ જવું ન ત્યાં,
કર્મમાંયે પરોવાવું રાખવું કર્મ કાજ ના.

કર્મથી ભાવનાને જો વહેવાપણું સામટું,
રહે ના, તો પછી કર્મ એળે ગયેલું જાણવું.

કર્મ તો સાવ નિમિત્ત ભાવ પ્રાકટ્ય તે થવા,
ભૂમિકા સૌ મળેલી તે જીવને જાણવી તદા.

જે જે પળે થતું જે રે' જે જે કૈં થાય તે બધું,
ભાવ ઊર્મિ થકી પાદે સમર્પ્યા કરવું રહ્યું.

સમર્પ્યાની કસોટી કે આપ્યા કેડે કશું હૃદે,
આગલા પાછલા એના વિચારો જન્મશે ન કૈં.

જ્યાં સુધી કાંઈયે ખ્યાલ કશા વિશે કશો ઊઠે,
ઉદ્ભવેલો હશે ક્યાંથી જાણવું ઘટતું હૃદે.

નિરપેક્ષ રહી પૂરું શક્તિ સૌ જાળવ્યા કરી,
હૃદે સરળતા રાખી નિશ્ચિંતે કર્મમાં જવું.

અસ્વસ્થતાથી કર્મોને આપણે કરવાં ન તે,
છતાં આળસ ના હોવું કે રે'વું ઘટતું કશે.

પ્રત્યેક પરિસ્થિતિને યોગ્ય કર્મ થયા કરે,
તે સાથે ભાવ સૌ જાગે ચેતના જ્ઞાન શક્તિથી.

ભલેને આ જુદું જુદું લાગતું બોલવામહીં,
કિંતુ એ માપ જાણીને આપણે વર્તવું રહ્યું.

વૈજ્ઞાનિક યુગે જન્મ્યા કાળના ભાવથી વહી,
સાર્થક્ય જીવવાકેરું એ રીતે કરવું ચહી.

ભલેને અઘરું લાગે કિંતુ તે સત્ય જાણજો,
ભાવનું માપ રાખીને તે સાથે કર્મ સૌ થજો.

ભાવ વિનાનું કર્તવ્ય કોરું કોરું થવા ન દો,
જીવનકેરું ત્યાં મૃત્યુ કર્મમાં ભાવ જો ન હો.

જે કર્મે ભાવ પૂરો હો જેમાં જ્ઞાનભરી સ્મૃતિ,
એવું રે' આપમેળે જ્યાં એને જીવન હું ગણું.

એવું જીવવું હૈયામાં બ્રહ્માનંદ ફળાવતું,
જીવવું હોય જો એવું લાગેલા રો' હૃદે ઊંડું.

હૈયામાં જીવતો એવો જાગતો ખ્યાલ ના રહે,
પરોવાઈ ન રે'વાનું ચેતના ભાવમાં બને.

આટલું જ્યાં થતું ના હો તેમ તેમ વળી કંઈ,
વિચારો-વમળે કેવા ક્યાંય ક્યાંય પડ્યા કરો !

ઓછું તે હોય જાણે કે વધસ્તંભે ચઢાવતાં,
એના વિશે વિચારીને ઊંધુંચત્તું કંઈ ભલાં !

કદી વિચારવું રાખો એના વિશે હૃદે તમે,
વિચારો એવું કે જેથી ચેતના ઊપજી શકે.

વ્હાલાને સ્મરવાનું તો ચેતનાશક્તિ કાજ હો,
નકામી ચીજની જેમ વખારે નાખી કાં મૂકો ?

વિષપાન કરાવ્યું છે એવી પ્રસાદીયે પીધી,
હવે તિલાંજલિ આપી કૃપા રાખી ઠરો ચહી.

ફરિયાદરૂપે આવું કહેતો ના કશુંય હું,
કોઈ ઉપાયથીયે તે જાગે જો ખ્યાલ, તો રૂડું.

પ્રેમ અભેદ અભેદમાર્ગી છે લીલા પ્રેમની અદ્ભુત,
પ્રેમનો તે ચમત્કાર, ભાવ એ પ્રેમનું રૂપ.

તાદાત્મ્ય પ્રેમમાં તેથી હૈયે ઊંડું રહ્યા કરી,
સાફલ્ય જીવવું એવું ધન્ય સૌ કરજો ભળી.

પનારે જે પડેલું છે તમારે તો કૃપા કરી,
ધન્ય પોતે બની, ધન્ય પેલાનું કરજો વળી.

*કુંભકોણમ્* *તા. ૨૧-૯-૧૯૪૩*

## પથિકને ઉદ્‌બોધન

માલિની

હૃદય નથી રહેતું લક્ષ પૂરેપૂરું કાં ?
કંઈ કંઈક વિચારોમાં વળી ડૂબતાં કાં ?
પળ પળ મન ચેતી જીવવાનું જ રાખો,
સતત મન પરોવો તે પ્રભુભાવ કામે.

અહીં તહીં મનને તે ઊડવા દેવું ના કૈં,
બળજબરી છતાંયે ના થવા દેવી સાથે,
કશુંય પણ દબાવી રાખશો ના હૃદેમાં,
ચરણકમળ એને દો જણાવી બધામાં.

જીવન બનવી રે'જો આરસી જેવું ખુલ્લું,
શ્રમ જરી નવ લેશે વાંચવાને પ્રભુ તો.

અનુષ્ટુપ

જીવનચોપડી એને વંચાવ્યા કરશો તમે,
પ્રભુ સાંભળશે તો તો બાકી એને પડી ન છે.

પડી હો આપણે એની એ રીતે વળગ્યા કરી,
જણાવ્યા પ્રેમથી જે તે એને ઉરથી સૌ કરો.

## માલિની

હજુ નવ પ્રકટી છે પ્રેમઉષ્મા લગારે,
હૃદય પ્રકટવા દો પ્રેમમાં અગ્નિ ભારે,
હૃદય હૃદય ભાવે એક તારે થતાં રે',
'જીવન જીવવું કેવું' સૌ ઉકેલાઈ જાશે.

પળ પળ જીવતાં રે' મૃત્યુને જીતવાનું,
પ્રભુશરણ થવાનું એકલું કામ જાણો,
'કશુંક પણ કરો જે તે પ્રભુ કાજ થાજો',
મનમહીં દૃઢ એવી ધારણા તે ધરાજો.

સ્મરણ પ્રિયનું હૈયે ઊંડું ઊંડું થવા દો,
સઘળું સ્થૂળપણું તે એથી ઉરાડી દેજો,
પ્રિય જીવનની શક્તિ અંતરે ઊતરાવા,
લગની મન લગાડી જો શકો, તો ફવાય.

જીવન જીવવું એને કાજ સૌ રાખવાનું,
નહિતર નથી સ્હેલું કામ એવું જ એ તો,
મન થકી નિજનો સૌ ખ્યાલ તો છોડવાનો,
સતત કંઈ કરો ત્યાં ભાવનો ખ્યાલ જોડો.

અવિરત સ્મૃતિ હૈયે રાખતા રો' ઉમંગે,
કંઈ પણ કરતા હો તે કરો પ્રેમભાવે,
તમ પ્રિય હૃદ શક્તિ જો જગાડી શકો તો,
તમ પ્રિય દૂર છોને, લાગશે પાસ ત્યારે.

અનુષ્ટુપ

જાગતો જે રહે, જીવે, ઊંઘે તે મરતો દીસે,
જાગવાનું ન જો રાખ્યું તો તે મૃત્યુ મુખે પડે.

*કુંભકોણમ્* *તા. ૨૨-૯-૧૯૪૩*

## પ્રેમનો તલસાટ

માલિની

ચરણકમળ જાગે પ્રેમ ઊંડો હૃદે જો,
અવર વિષયમાં ના વૃત્તિઓ દોડશે તો,
પ્રભુ સ્મરણમહીં સૌ ચિત્ત આસક્ત થાતાં,
મન વમળ ગતિને રોકતાં વાર શી ત્યાં ?

હૃદયમહીં તમન્ના 'આપણે સૌ પ્રભુમાં,
ભળી જઈ હૃદયે તે પ્રાપ્તિમાં પ્રેમ લેવો',
'દૃઢ દૃઢ મન એવાં ખંત નિર્ધાર રાખે',
જરૂર વલણ એને થાય તો પ્રેમ વિશે.

સતત મન પરોવી રાખવાનું સ્મરંતાં,
અવર વિષયમાં તે ક્યાંય દેવું જવા ના,
કળ કરી વળી એને પ્રેમથી ત્યાં ટકોરો,
પ્રભુ સ્મરણમહીં તે ખેંચી સંકેલી લેશો.

તક ન અટકવાની આપશો ક્યાંય એને,
પકડી પકડી એને વાળજો પાદપદ્મે,
પળ પળ મનકેરી શી ગતિ થાય જોવું,
કહીં પણ મન સાથે રાખવું ના જવાનું.

મન રમત રમે છે કેવી કેવી અનેરી !
સતત નીરખવાની ટેવ તે પાડવાની,
જીવન, મનતણા તે ખેલ સ્વચ્છંદથી શા,
થઈ જતું ધૂળધાણી, તોય કાં જાગતા ના ?

રસ નવ કંઈ ચાખો ચિત્ત જ્યાં જ્યાં ઊડે ત્યાં,
મન જહીં જહીં બેસે ઈષ્ટ ભાવે સ્મરો ત્યાં,
મનન હૃદય ભાવે જેનું ઊંડું પ્રભુમાં,
કરણની ગતિ દિશા, ક્ષેત્ર, એનાં જ ન્યારાં.

મન વલણ રહેવા એકમાં ખ્યાલ રાખો,
મન વલણ રહેવા એકમાં વૃત્તિ જોડો,
મન વલણ રહેવા એકમાં પ્રેમ રાખો,
મન વલણ રહેવા એકમાં ભાવ રાખો.

સરકી સરકી જાતાં પ્રેમ શ્રદ્ધા પ્રવાહે,
મન ગતિ નિજ મેળે વ્હેતી રે'શે સુમેળે,
સતત સ્મરણમાં તો પ્રેમથી મગ્ન રે'વું,
મન પણ પછી કેવું, ભાળશો સાથ દેતું !

હૃદયમહીં તમન્ના સાચી જો હો થયેલી,
કદીય પણ જરી તે ના હઠે છે ચીલેથી,
જીવનધન રહેલું સાચું શેમાં હૃદે તે,
સમજણ પડી જાતાં તે કમાવા મથે છે.

* * *

અનુષ્ટુપ

જવું શાને, હૃદે જો ના પ્રભુમાં પ્રેમ પૂરતો ?
જતાં ક્યાં ક્યાં, વિચારો તે, વ્હાલાને મૂકી વેગળો ?
વ્હાલાને મૂકી દેતાં ત્યાં જીવ તે કેમ ચાલતો ?
જ્યાં જાઓ ત્યાં હૃદે સાથે વ્હાલાને રાખીને ફરો.

માલિની

કશુંક અવળચંડું પંથમાં જો મળે તે,
હૃદય નજીક વ્હાલો સોંપી દેવું જ એને,
ગડમથલ કશાની ઝાઝી કૈં ના થવા દો,
સ્મરણ પ્રિયનું હૈયે રાખી નિશ્ચિંત રે'જો.

સ્મરણ સ્મરણમાંહે કૈંક ને કૈંક ફેર,
પ્રિયમહીં જ્યમ વાધે, પ્રેમ, તે યાદ શ્રેય,
સ્મરણમહીં વજૂદ જો ન હોય, તો નકામું,
સ્મરણમહીં ઊઠે જો પ્રેમનો ભાવ, સારું.

* * *

અનુષ્ટુપ

કંટાળીને કશુંયે ના આપણે કરવું રહ્યું,
જે જે કાંઈ કરો તે તે આનંદે કરવું ભલું.

હૈયાના દોર સૌ મુક્ત કરીને પ્રભુમાં ભળો,
પ્રભુને સર્વ કર્મોમાં સાક્ષી રાખી કર્યા કરો.

વ્હાલું જે ઉરનું હોય એને શું યોગ્ય ભૂલવું ?
પ્રભુના ભાવને હૈયે આપ્યા મહત્ત્વ સૌ કરો.

માન્યો છે આપણે એને, માન્યાને શું વૃથા કરો ?
કૃપા રાખી પ્રભુનામાં ચિત્ત સર્વસ્વ આપજો.

પ્રભુ છે આપણો બેલી ચિંતા શી પછી ધારવી ?
હૈયે સાક્ષાત જન્માવો પ્રભુને પ્રેમથી કરી.

પરોવો ચિત્ત ભાવેથી પ્રભુમાં પ્રેમ ભક્તિથી,
કહીં ફંટાઈ હૈયે એથી શો લાગતો હશે !

વ્હાલાનું ના વિચારે કો કે એવી કોઈ વૃત્તિથી,
બિચારાને થશે શું શું ? એનો ખ્યાલ હૃદે નથી.

ગપાટા કોકને લાગે એવાં માનવી દિલ છે,
કોકને થાય શું શું તે બિચારું કોક જાણશે.

કોકનું દિલ તો જાણે ખેલ આવા નવા નવા,
આરંભ્યું કામ શા કાજે તો પછી આપણે ભલા ?

ભલેને મૃત્યુ છો આવે કામ જે હાથમાં લીધું,
પરોવાઈ રહી તેમાં જે આવે તે સ્વીકારવું.

લીધેલાં કામથી આડું ફંટાતાં ઉરમાં ઊંડા,
લાગે છે કેમ ના ત્યારે આંચકા હાય ! કારમા ?

હૈયાનો પ્રેમ જો લાગે, આડફંટે જવા ન દે,
ભાવે પરસ્પરે એવો જોડાવી પ્રેમ રાખશે.

આકર્ષાયેલું જેનું છે હૈયું પ્રેમતણા બળે,
પ્રેમમાં તે રહેવાનું બીજે ક્યાંય નહિ ભળે.

હૈયાના પ્રેમને સાચો આપણે કરવો રહ્યો,
ગમે તે ભોગ આપીને પૂરો પાર ઉતારવો.

સારું કે નરસું કૈં કૈં જીવને તો મળ્યા જશે,
તો પછી 'ઘડીમાં તોલા ઘડી માસા' થવું શું તે ?

હવાં તે ક્યાં સુધી એવું અફળાયા જવું હૃદે,
જીવનધ્યેયમાં આપો પૂરું લક્ષ ન કાં તમે ?

જાણ્યું યજ્ઞ પ્રભુનો તે તેથી તો ભાવ આદર્યો,
પ્રેમથી પ્રેમ જન્મે છે હૈયાનો ખ્યાલ જો ધરો.

બધાં વ્હાલાં જનોને હું પ્રાર્થના કરી વીનવું,
અધીરાઈ હૃદે સાલે કોરવાતાં જતાં ઊંડું.

કસોટી સૌ કરી લેવા ચિત્ત જે હોય તે કરો,
કિંતુ આવું હવે રે'વું કેવું તે ઉર વીંધતું !

શું કરું જેથી હૈયામાં એવો ભાવ રહ્યા કરે,
ઉપાય કો બતાવો તો કરીને બતલાવું તે.

પ્રેમથી શું કશું ઓછું ? પ્રેમ સર્વ દઈ શકે,
કિંતુ પ્રેમ હવાં માગે એકધારું થવા હૃદે.

આમતેમ બહુ આંટાફેરા શા આપણે ફર્યા !
હવે સૌ હામ ભીડીને એકાગ્રે તાન રો' ભર્યા.

તમારી સાથ જોડાયો ખાલી મશ્કરી તે નથી,
જીવવાનું ન જો યોગ્ય થશે, તો શું થશે પછી ?

પ્રાણને આપી દેવાના પ્રભુને મૂલ્ય આપીને,
પ્રત્યક્ષ જીવવું એવું પ્રભુમાં લક્ષ રાખીને.

આપણે આપણો ધર્મ યોગ્ય રીતે બજાવવો,
બીજું કોક કરે કે ના એમાં લક્ષ ન આપશો.

કોઈને કાજ ના કાંઈ સહેવાનું જગે રહ્યું,
સહેવાનું કશું હોય આપણા કાજ તે રહ્યું.

કશું આવે સહેવાનું પ્રભુની ભેટ માનીને,
સ્વીકારી પ્રેમથી લેવું આનંદે, ખંતથી, હૃદે.

સહેવામાં હૃદે જેને ત્રાસ આવે જરા કશો,
મિથ્યા એવું સહેવાનું એળે સૌ જાય તે જગે.

સહ્યા વિના કશો આરો માનવીને જગે નથી,
તો પછી માનવી શાને સહે છે તે ન પ્રેમથી ?

માલિની

હૃદય હૃદય જાગે પ્રેમનો ભાવ પૂરો,
કશું પણ સહેવામાં સ્‌હેવું લાગે ન ત્યાં તો.

અનુષ્ટુપ

પ્રેમની ભાવનામાં તો આપણે એકલા છીએ,
બીજાનો ભાવ ના રે' છે પ્રેમની ભાવના વિશે,
થવાનું એવું ધારીને જે કરો તે બધાં વિશે,
'આપણા કાજ તે તે સૌ' ધરો તે ધારણા હૃદે.

* * *

માલિની

દિવસ દિવસ વીત્યા કૈંક વર્ષો વહ્યાંયે,
જીવનરસ છતાંયે મેળવ્યો ના અરેરે !
કહીં સુધી હૃદયે તો રાહ જોવાનું રાખું ?
સુખી દિવસ ગણી તે આશથી જીવ્યું રાખું.

નરદમ ઢીલુંપોચું જીવવું સૌ નકામું,
જીવનમહીં અરેરે ! પ્રાણ ના આવતા શું ?
જીવનમહીં અનેરા પ્રેમ ઉલ્લાસ ભાવો,
હજુ નવ પ્રકટે કાં ? શું વકાસી રહ્યા છો ?

ઝટપટ પરવારી કામમાં પ્રાણ રાખો,
ઝટપટ મન વાળી કામમાં ભાવ રાખો,
હૃદય હૃદય સાથે એક તાલે મિલાવો,
હૃદય હૃદયકેરો મેળ પૂરો જમાવો.

કહીં સુધી ખવરાવ્યા ખાલી ખત્તા કરો છો ?
કહીં સુધી અમળાવ્યા કાં કરાવો હૃદે સૌ ?
કહીં સુધી ટટળાવ્યા કાં હૃદેમાં કરાવો ?
તમ ચરણ પડેલાનું હૃદે લક્ષ લેજો.

તમ જીવનતણી શું ના પડી કૈં તમોને ?
ક્યમ કરી ઊંઘ આવે ધ્યેયને ચૂકતાં તે ?
દિલમહીં તમને કાં શૂળ લાગે ન પૂરું ?
કહીં સુધી તમ સૌને ખાલી જોવાનું એવું ?

પ્રભુ પણ નવ દેતો પ્રેરણા પ્રાણદાયી,
મરણ પણ દઈને કે બતાવ્યા કરું તે ?
હૃદય હજુ પ્રભુએ ખ્યાલ ઊંડો ન પ્રેર્યો,
પણ પ્રભુતણું એવું કાર્ય શું ખાલી જાશે ?

'નહિ નહિ પ્રભુ ખાલી કૈં જવા દે' હૃદેમાં,
ધરપત ભરી રાખી સૌ કરો કામ લીધાં,

ધરપત નથી રે'તી હું કરું શું બિચારો ?
પ્રિય જીવન પરે સૌ પ્રાણ આધાર મારો.

જીવન ખૂબીતણું તે તત્ત્વને પામવાને,
પ્રિયજન હૃદયે કાં પ્રાણ ઊંડો ન પ્રેરે ?

મુજ જીવનતણો શો પ્રાણ ખોરાક તે છે !
જીવનથી જીવવાનું રાખશો તો જિવાશે.

જીવનથી પ્રકટે ના પ્રાણ પૂરા હૃદે કાં ?
નહિતર રસ મારે શો રહે જીવવામાં ?

જીવન જીવન ખાલી બૂમ શું મારવાની ?
નસીબતણી ખૂબીમાં શું પરોવાઈ રે'વું ?

જીવન પ્રભુતણું શું સાવ ગુલામી જેવું !
જીવન શું કરવાનું એવું તો કૈં અમસ્તું,

હરદમ પ્રભુ ! મારે તે પ્રભુકાર્ય થાવા,
સતત હૃદય જ્વાળા શી ભભૂકી રહે ત્યાં !

પણ કઈ રીત એને સર્વ પ્રેમી જનોને,
હૃદયથી બતલાવી હું શકું શા ઉપાયે ?

પ્રિયજન કદી કો જો એ વિશે દે જવાબ,
પ્રભુ પરમ કૃપાથી શક્ય તો સૌ અશક્ય.

અનુષ્ટુપ

કોઈ વ્હાલું કહેતું કે 'અમોને પ્રભુ મેળવો,
સાક્ષાત્કાર કરાવો તે જાણીશું ઉર સાચું તો.'

હોત તે હાથ જો મારે વાત, તો ક્યારનુંય તે,
પ્રત્યક્ષ તે કરાવીને દીધું હોત ઊંડું હૃદે.

કોઈનું ત્યાં ન ચાલે છે પોતે તેવા થયા વિના,
પ્રભુએ પાંસરો ના છે, સીધો તે ક્યાંય ના ભલા !

એ તો શી આવવાકેરી માગી લે ભૂમિકા હૃદે,
તે વિના તે ઠરે ત્યાં ના કાયદો સૂક્ષ્મ એહ છે.

એવું કરાવવા કેવો ઝંખ્યા નિત્ય કરું ઊંડું,
મને સાથ મળે ના ત્યાં કહો ત્યાં શું પછી કરું ?

તમારો સાથ જો પૂરો હૈયામાં મળતો રહે,
પ્રત્યક્ષ જો બધી વાતે રે'વાતું એમ હોય તે,
આપમેળે તમોને તો જણાયા કરશે બધું,
માથાકૂટ પછીથી તો રે'શે ના કશી આપ શું.

કૃપાથી સૌ કરી જોવા આટલુંયે મથ્યા કરો,
સાચું કે ખોટું છે એની પરીક્ષાયે કરી જુઓ.

તમેયે રાહ ક્યાં સુધી આવી તે નીરખ્યા જશો ?
વેવલું જીવવું આવું નિભાવી કેમ રાખશો ?

માત્રા કેવી રીતે ઊંડી તમન્નાની વધારવા,
હૈયામાં પ્રેમથી ગૂઢ કેવું કેવું કર્યા કર્યું !

તમો જો ભાન રાખો ના ખ્યાલયે ના ધરો ઊંડો,
મારે પછીથી શું કે'વું તમોને ? ખ્યાલ તે કરો.

હોય પાલવતું પૂરું લક્ષમાં રે'વું તે ઘટે,
જીવન ખ્યાલમાં ઊંડું મથીને મથીને હૃદે.

હૈયાની ચિત્તવૃત્તિ સૌ લગાતાર રહે ન શું ?
લગાતાર થવા એને પૂરું જાગૃત ના રહો.

પ્રભુ વ્હાલો હૃદે જો હો પ્રભુને વરવા ચહો,
ભાવે હૈયે લગાડીને ચહ્યા એને કરો ઊંડો.

જેમ જેમ હૃદે મુગ્ધ પ્રેમ એનો વધ્યા જશે,
તેમ તેમ હૃદે એનો સંકળાયેલ તાર રે'.

પ્રેમ એ મુખ્ય છે વાત તમારો પ્રકટ્યો નથી,
કૃપાથી પ્રેમ એનામાં જાગો ચેતાવવા મથી.

થતાં એના પરે એવો પ્રેમ પૂરો હૃદે ઊંડો,
ના મુશ્કેલ કશુંયે છે એની સાક્ષી પૂરું હું તો.

નિરાશાથી હવે શાને ઘેરાઈ ત્યાં જવું ઘટે ?
નિરાશાથી જગે ઊંચું આવી કોઈ શક્યું ન છે.

પ્રાણવાળો પુરુષાર્થ સાંકળી ચેતના હૃદે,
થવામાં લક્ષ આપો સૌ જાગૃતિ ભાવ રાખી તે.

તમારા પ્રેમથી મારે જીવવાનું હૃદે રહ્યું,
હૈયાનો ભાવ એ શક્તિ જોમ મારા ગરીબનું.

પ્રેમને કાજ ઝંખું છું પ્રેમ સૌ આપજો બધાં,
આપજો પ્રેમયે જ્ઞાને હેતુએ કરી ત્યાં સદા.

વધારે શું કહેવું તે મને લાજમ ના કશું,
મૂર્ખ તોયે અરે ! કેવા બખાળા ઉરના બકું.

ભલેને આજ વ્હાલાંને એની ના ગણના હશે,
કોઈ કાળે હૃદે સત્ય એનુંયે ઉર લાગશે.

પશ્ચાત્તાપ પૂરો ત્યારે એવાને લાગશે હૃદે,
'હતું કોક મળેલું જે જીવ્યું તે પ્રેમ કારણે.'

*કરાંચી* *તા. ૨૪-૯-૧૯૪૩*

## સાધનામર્મ

અનુષ્ટુપ

ઐહિક ભોગની વસ્તુ જન્માવ્યા આશ તે કરે,
અંતે તે છેતરે કેવી ! ક્ષણિક સુખ આપીને.

કરે તે આપણો ત્યાગ, આપણે ત્યાગ એમનો,
કરી ના શકીએ છીએ એવી નિર્બળતા ભર્યો.

કામનાઓ જુદી જુદી શત્રુનું કામ સારતી,
ફસાવ્યા તે કરે ચિત્ત શી શી લોલુપતા ભરી.

કામના સાથ તે ચિત્ત દોડાવ્યા કરવું નહિ,
તટસ્થ ચિત્ત ત્યાં રાખી એના સાથી થવું નહિ.

સંયમી હોય જે પૂરો વર્તી એવું શકે હૃદે,
બાકીનાનું ગજું ત્યાં ના, કામના બળવાન છે.

કામનાથી વધુ જેણે શક્તિ ચેતાવી છે હૃદે,
જશે ઓળંગી તેવો કો સામર્થ્યવાન જે હશે.

વૃત્તિઓ તેથી જે જે સૌ કરે આવ્યા, છતાં હૃદે,
સાથ ના આપવો એને કોઈએ રીતનો કશે.

પરોવાયેલું તે વેળા આપણું ચિત્ત જો હશે,
પ્રભુની ભાવનામાં તો સ્હેલું તે સઘળું બને.

વૃત્તિને સાથ ના દેતાં વૃત્તિનું જોશ તો ઘટે,
વૃત્તિ જોશ મરી જાતાં વૃત્તિ પોતે ખરી જશે.

પરોવાવ્યા કરો ઊંડું ચિત્તને પ્રભુભાવથી,
તે વિના કોઈ ઉપાય આપણો તરવા નથી.

તમન્ના તરવાની જો હ્દે લાગેલી હો ખરી,
પ્રભુભાવ રખાશે તો એક ચિત્ત રહ્યા કરી.

પ્રભુનો ભાવ રાખીને અંતરસ્થ હ્દે ઊંડા,
કર્મ સૌ કરતાં રે'જો, ભાવ ઊંડો વધારવા.

આપણે ભાન હૈયામાં ઊંડું ઊંડું જગાડવું,
પડ્યા રે'વાનું મૂકી સૌ ઊતર્યા ભાવમાં જવું.

તત્ત્વજ્ઞાનતણી વાતો છોડી દેવાની રાખવી,
બુદ્ધિ તો છેતરે તેથી તાટસ્થ્ય કેમ કે નથી.

કૃપા રાખી તમારામાં સંધાયેલો રહે ઊંડો,
હૈયાનો તાર, એ રીતે વર્તવાનું કર્યા કરો.

ભાવ ને ચેતના રાખો ભારોભાર પૂરાં હ્દે,
કર્મમાં ભાવનું જ્ઞાન રાખવાથી બધું ફળે.

હૈયાનો ભાવ જ્યાં પૂરો ઊઠશે માનવી હ્દે,
તત્ત્વજ્ઞાન ખરું ત્યારે આપોઆપ પ્રકાશશે.

વધારો ભાવ હૈયાનો ભક્તિ ને જ્ઞાન, ધ્યાનથી,
યોગથી સાંધી તે રાખો સમગ્રે ઉર લૈ વણી.

માથાકૂટ બધી છોડી એકતારે રહ્યા જવું,
એટલું જો થશે તોય પામીશું તત્ત્વ સૌ રૂડું.

આપમેળે નદી વહે છે, સુવાસ પ્રસરે બધે,
પ્રભાવ ભાવનો એવો પ્રસરાતો જ લાગશે.

નિશ્ચિંતતા નિરાસક્તિ પૂરેપૂરી પ્રસન્નતા,
સરળ સર્વ *વાતોમાં ઉકેલાવું રહે બની.

કોઈ મુશ્કેલીથી શાંતિ ચિત્તથી હઠશે નહિ,
સ્વસ્થતા આપમેળેયે રહ્યા શી કરશે ઊંડી.

વસ્તુ કે વ્યક્તિ કે કર્મ સૌનું હાર્દ કળી શકો,
પૂરી તટસ્થતા સાથે હૈયામાં ધારી તે શકો.

સૌ સાધારણ વાતોનું પામી અંતર ત્યાં શકો,
પ્રવૃત્તિ સર્વની જાણી મૂળ એનું લહી શકો.

તે છતાં સર્વમાં વ્હેતો ચેતનાનો પ્રવાહ જે,
કરે ગતકડાં શાં તે આપમેળે જણાય છે.

ગમે તે ભાવથી છોને ભાષા બોલાઈ હોય છે,
છતાં અંતરનો હેતુ ઓળખાઈ જતો હૃદે.

ભાવનું ભાન જેને હો પોતાનું સૌ થયા વિના,
એવો જંપી ન બેસે છે, આપશે ભોગ, ના થતાં.

જે અર્થે ભાવ ચોંટેલો કામ પૂરું થયા વિના,
ભલે શરીર છો જાય છતાં તે છોડતો જ ના.

પોતાના કાર્યની સિદ્ધિ ભાવથી શી રીતે થતી,
ભાવવાળો હશે જે કો એને સૂઝ પડ્યા જતી.

---

* ગૂંચોમાં

ભાવ કેવું રમે ! એને મર્યાદા જો કશી હશે,
ભાવની એકલી, બાકી નિરંકુશ સ્વતંત્ર તે.

આપણે આપણાં કામો ભાવ ઉદ્‌ગમથી કરો,
પ્રાધાન્ય ભાવને આપ્યા ઊંડું ઊંડું હૃદે કરો.

ભવિષ્ય ભૂતના કોઈ વિચારે ચઢવું નહિ,
વિના ભાવ વિચારોને ચિત્તમાં ધરવા નહિ.

ભાવ કેમ વધ્યા જાય એવું ચિંત્વન ઊંડું હો,
પ્રભુમાં એકધારે તો રહેવાનું ચહ્યા કરો.

ગમે તે રીત ભક્તિથી જન્માવો ભાવને હૃદે,
તે વેળા ભાવનું જ્ઞાન મેળે ઉદ્‌ભવશે બધે.

થતાં એકાગ્રતા હૈયે ભાવના ઊર્મિ ચેતશે,
ચેતના શક્તિથી એવી ભક્તિમાં પ્રાણ જાગશે.

પ્રાણ એવા લગાડીને કરો કેંદ્રિત ચિત્તને,
કરી કેંદ્રિત હૈયામાં ભાવ, ઊંડે રમ્યા કરો.

*કુંભકોણમ્* *તા. ૨૬-૯-૧૯૪૩*

## વૃત્તિઓ

મંદાક્રાંતા

વૃત્તિઓ જે મનમહીં થતી તે કરી સૌ નિહાળ્યા,
ક્યાં ક્યાં એનું અવળું સવળું પારખી લેવું ત્યાં ત્યાં,
જ્યાં જ્યાં એની અવળી ગતિ ત્યાં ના જવું એની પૂંઠે,
એવી રીતે રહી નીરખતાં, કામ લ્યો એની સાથે.

વૃત્તિઓને મન સમજતાં સ્હાય એથી મળે છે,
ને પોતાનું સ્વરૂપ નિજ શું જાણવાને મળે છે,
ઊંડું એવી રીત ઊતરતાં અંતરે તો જવાશે,
ઊંડું ઊંડું હૃદ ઊતરતાં સૌ બધું નીરખાશે.

કેવી કેવી રમત રમતી વૃત્તિઓ આડીતેડી,
કેવી એની ભુલભુલવણી માનવીથી અજાણી !
ના ! ના ! એને મન પણ નથી ભાન એનું લગીરે,
વૃત્તિ શું તે ? વળી પણ હશે કાર્ય એનું શુંયે તે ?

વૃત્તિનું તે સ્વરૂપ સઘળું જાણી લેવું જ જોશે,
એ કેવી છે હલન ચલને ઉદ્ભવે કેવી રીતે ?
એ વૃત્તિની ગતિ થઈ પછી કાર્ય કેવું કરે તે ?
એ વૃત્તિની મહીં રહી ઊંડી ભાવના શી હશે તે ?

એ વૃત્તિને મનમહીં હશે કોણ ઉદ્ભાવનારું ?
એ વૃત્તિને મનમહીં પછી વેગ દેનાર કો શું ?
એ વૃત્તિને ગતિ કરી પછી પ્રાણ દેનાર કો છે ?
એ વૃત્તિનો પૂંઠળ મનમાં કોણ સંચાલકે છે ?

એ વૃત્તિનાં મૂળ કહીં હશે મૂળ ક્યાંથી થયાં તે ?
ને એ ક્યાંથી થયું વળી હશે તે વિચારે જવાશે,
ને તેયે તે કહીં થકી થયું એમ વિચારતાં તો,
ઊંડું ઊંડું કહીં ઊતરશો પાર ના પામશો ત્યાં.

એવા એવા પણ મનતણા ઊંડું વિચારવામાં,
ના'વે બુદ્ધિ ખપમહીં કશી એકલી જાણશો ત્યાં,
એને માટે મનતણું થવું સ્થિર એકાગ્ર જોશે,
ને એ માટે અલગપણું તો સર્વથી રાખવું રે.'

એ ના રહેલું મથી મથી મરે, ચિત્તની સ્થિરતા તે,
સ્હેજે ના કૈં મળી જ શકતી એકલા તો વિચારે,
એની પૂંઠે પ્રખર વીરની જેમ છે ઝૂઝવાનું,
કો ખંતીલો પરમ રસીલો કો પુરુષાર્થી ફાવે.

વૃત્તિઓને પરખવી નથી સ્હેલ તે સ્હેજમાંયે,
ઊંડાં ઊંડાં કંઈ કરતૂકો ખેલ એના ઊંડા તે,
કેવી કેવી રમત રમીને ક્યાં બધે તે પછાડે !
કેવી કેવી ભુલભુલવણીમાં બધે તે ફસાવે !

ક્યાંથી ક્યાંથી નીકળી નીકળી યોગ્ય માર્ગે વહેવું,
ને પાછી ક્યાં સરકી સરકી તે જતી તેય જોવું,
એવું એને સતત પકડી એકગામી કરીને,
એની પાસે કરવવું રહ્યું કામ ત્યાં જાગતા રૈ'.

એને દોરી પથ વહનમાં રાખવી ત્યાં ગજું શું ?
કેવી એ તો છટકી જ જતી સૂક્ષ્મ રીતે અજાણ્યે !
એવી એની અકળ રીત શી ! માનવી તે બિચારો,
બેઠો બેઠો કરી શું શકશે ? ખંતીલો યત્ન ના જો.

જેને વૃત્તિ પૂંઠળ પડીને તે પૂરી દોરવાની,
તેને કેવી હૃદય જરૂરી જાગૃતિ રાખવાની ?
ને તેયે તે પૂરી નવ થશે ચેતના સાથ જોશે,
ને તે સાથે મનહૃદયના ઉગ્રતા પ્રાણ જોશે.

એ સૌયે તે પૂરતું ન થશે, સાવધાની ચકોર,
આઠે પ્હોરે સતત હૃદયે રાખવાની રહેશે.
ઊંડું ઊંડું સતત મનમાં ચિંતવાનું રહે છે,
આડુંતેડું જરી પણ જતાં વાળવું માર્ગ રે' છે.

આને માટે મનહૃદયની સૂક્ષ્મતા એવી ભારે,
આને માટે મનહૃદયની જાગૃતિ એવી ભારે,
આને માટે મનહૃદયની દક્ષતા એવી ભારે,
કેવા ભારે પરિશ્રમ થકી પ્રાપ્ત થાયે કૃપાયે !

વૃત્તિઓનું પરિશીલન સૌ યોગ્ય માર્ગે થવું તે,
વૃત્તિઓને વહન કરવું યોગ્ય માર્ગે પૂરું તે,
વૃત્તિઓને સતત કરવી ઊર્ધ્વ માર્ગી હૃદે તે,
ઢીલાપોચા જનતણું નથી કામ, કો વિરલાનું.

જેની વૃત્તિ થઈ નથી કશે ઊર્ધ્વગામી જવામાં,
એવો એ તો કરી નહિ શકે વૃત્તિના તે વિચારો,
એવા એને કશી ગમ નથી વૃત્તિ કે શું વિચારો,
એવો તે, ના જીવન સમજે, ત્યાં બિચારો કરે શું !

જેને હૈયે જીવનતણી તે દૃષ્ટિ કૈં પ્રાપ્ત થૈ છે,
જે જે એવું જીવન જીવવા ખંત રાખી મથે છે,
જેને જેને નિજ જીવનના ધ્યેયની ઝાંખી લાગી,
વૃતિઓને સમજી શકશે એકલા માત્ર તે તે.

જેને જેને સળવળ થતી ઝંખના છે કશામાં,
જેને જેને હૃદય બળતી છે તમન્ના કશામાં,
જેને જેને ધગશ લગની કૈં કશામાંય ઊંડી,
તેને તેને સમજણ પડે 'શું કરે કેવી વૃત્તિ!'

જેને જેને મન, જીવન, શું એહની ના પડી છે,
સાચુંખોટું પણ ન પરખે ના વિવેકે કશો તે,
જેઓ રાચ્યા ભરપૂર રહે સ્વાર્થમાં લીન કેવા !
એવાને તે ક્યમ ગમ પડે વૃત્તિના ખેલ કેવા !

એ તો વૃત્તિમહીં ભળી જઈ વૃત્તિની સાથ વર્તી,
વૃત્તિ એને જ્યહીં લઈ જશે ત્યાં બિચારા જશે તે,
ને તે સાથે પણ નથી કશું ભાન એને જરાયે,
કે વૃત્તિથી જ્યહીં ત્યહીં બધે આથડે ક્યાંય પોતે.

એવા તે શું જગત નવરા કામ વૃત્તિથી લેશે !
એવાનામાં જગત ઊભવા સાહસે ક્યાં બળ્યું છે,
લાખોવારે જીવનમહીં તે જીવતાં મૃત્યુ પામે,
ના ! ના ! એ તો નિજ જીવનમાં છે મરેલા સદાયે.

રે ! તેઓને મન જીવનનો ખ્યાલ સ્હેજેય ના'વે,
રે ! તેઓને પણ જીવનનો કો'દી વિચાર ના'વે,
રે ! તેઓ તો જીવવું પણ શું એ જ જ્યાં કૈં ન જાણે,
રે ! તેવા તો ક્યમ કરી શકે વૃત્તિનો ખ્યાલ કૈં એ.

વૃત્તિઓ તે સમજવી ઊંડી ખેલ ના બાળકોના,
ના ! ના ! એ તો કદી પણ બને સ્હેલ, કિંતુ હૃદેમાં
–એને વાળ્યા સતત કરીને કામ એનાથી લેવું,
એ તો ભારે વીર થકી થવું શક્ય, એની કૃપા જો.

વૃત્તિઓ તો કંઈક ઊઠતી ભોરમાં ઝાકળે શું !
એનાં બિંદુ પ્રથમ કિરણે લુપ્ત થતાં દીસે સૌ,
એવી એવી છીછરી છીછરી વૃત્તિઓથી બને શું ?
એને વ્હેવા અનિયમિત તે લોક દેતા હશે શું ?

શિખરિણી-મંદાક્રાંતા

મિનારાઓ લાખો જગજન ચણે વૃત્તિઓ લૂલીથી તે,
અને બાંધેલા તે જમીન પર છે કે નહિ તે ન જાણે,
છતાં આશા એના પર ધરી ધરી માનવીઓ જીવે છે,
સમો આવે ત્યારે કકડભૂસ થૈ તે મિનારા પડે છે.

મંદાક્રાંતા

લૂલી એવી નિજ મનતણી વૃત્તિથી શું થવાનું ?
ઊડી જાયે પવનથી પીંછા તેમ એનું થવાનું,
વૃત્તિઓને જકડી જકડી રાખવાકેરી શક્તિ,
એ તો કોઈ ભગીરથતણું કામ છે એકલાનું.

સેવા જેને જગજન ગણે ત્યાંય શા રાગદ્વેષો !
એનાથી જે પર જઈ શક્યા કોક ભાગ્યે હશે ત્યાં,
સેવાનીયે ધગશ લગની જેહને લાગી હૈયે,
એને 'વૃત્તિ, જીવન નિજ શું' સર્વ તે ખ્યાલ જાગે.

વૃત્તિઓ જો મનહૃદયને ઊંડી ના સ્પર્શતી રે',
તો એ એળે સહુ વહી જશે વાયુની લ્હેર પેઠે,
વૃત્તિઓની અસર હૃદયે કેવી કેવી રહે છે,
ને કેવા તે જીવનપથમાં લે વળાંકો, તપાસે.

જે પ્રેમીએ સ્ફુરણ કરવી આ મને કૈં લખાવ્યું,
તે પ્રેમીનાં પદકમળમાં પ્રેમથી અર્પું તે સૌ,
એ 'વ્હાલાંને' મુજ હૃદયના કૈં નમસ્કાર હોજો,
એ 'વ્હાલાંને' સ્મરી સ્મરી કરું કૈં નમસ્કાર હું તો.

એ વ્હાલાંના જીવન રસના કૈં પ્રસાદે કરીને,
મ્હારું હૈયું જીવન રસને મ્હાલવાને ચહે છે,
એમાં ભારે નિજ સ્વજનનાં પ્રેરણા, પ્રેમ, હૂંફ,
એની કેવી જરૂર મુજને એકલો જાણું હું જ.

દેજો દેજો મન ઉમળકે સર્વ સંકોચ છોડી,
દેજો દેજો મન ઉમળકે ભેદની વાડ તોડી,
દેજો દેજો મન ઉમળકે વિશ્વના ખ્યાલ છોડી,
દેજો દેજો મન ઉમળકે માગું બે હાથ જોડી.

*ત્રિચિ* *તા. ૨૬-૯-૧૯૪૩*

## પ્રેમ ભક્તિભાવ

અનુષ્ટુપ

પોતાની પ્રિય વસ્તુના વિના હૈયું ન કૈં ચહે,
ભક્તિ અહૈતુકી તે, જે એકલી પ્રભુને ચહે.

ઐહિક પ્રાપ્તિને કાજે ઝંખે એવો કદી ન તે,
મોક્ષને કાજ ના યાચે એવો, જે ભક્ત હોય છે.

ઇચ્છા જો કૈં રહી હોય એકલી પ્રભુ પ્રાપ્તિની,
હૈયે સર્વસ્વ પોતાનું પ્રભુને ગણતો રહે.

વિના ચાહ્યા પ્રભુને તો એને ચેન નહિ પડે,
ચાહ્યા તે કરવાકેરો એનો સ્વભાવ થૈ રહે.

આર્ત, જિજ્ઞાસુ, અર્થાથી ભક્તના તે પ્રકાર છે,
આઘે કૈં તે બધાથીયે પેલી પાર જવાનું છે.

ત્રણે આ જાતના ભક્ત માગ્યા કરે ઊંડું,
આપણે માગવાનું ના પ્રભુની પાસથી કશું.

પ્રેમયે માગવાનો ના આપણે ઉરમાં ઊંડો,
પોતાને કાજ ઉદ્‌ભાવી એને આપ્યા કરો બધો.

શ્રદ્ધાને ચેતનાવાળી કરીને જીવતી હૃદે,
જ્ઞાનવાળી કરી બુદ્ધિ સંશયો સર્વ ટાળજો.

જ્ઞાનવાળી થયેલી છે બુદ્ધિ જેની રસાત્મક,
ક્યાંયે એને કશી વાતે પડે છે ગૂંચ ના ઉર.

પ્રશ્નને તે ઉકેલે છે કો શી અગમ્ય રીતથી !
લાભકારી થતું સૌને ઉકેલાયેલું કોકડું.

અજ્ઞાની કો ભલે ભારે કષ્ટ તેથી પડ્યું ગણે,
કિંતુ તે કષ્ટમાંયે તો એનું કલ્યાણ સૌ હશે.

ભલે અજાણતા એવો કષ્ટ તે સહશે બધું,
છતાં તે કષ્ટમાં છાયાનું પરિણામ આવતું.

અજ્ઞાન નાશથી વૃદ્ધિ શ્રદ્ધામાં કેવી થાય છે,
અજ્ઞાની દૃષ્ટિ સૌ જાતાં ચેતના પ્રકટ્યા કરે.

શંકા ને સંશયો એને કો કાળે ના ઊભાં થશે,
ને કદી જો થશે તો તો પોતાનામાં ઊંડો જશે.

કિંતુ ખુલ્લો બધી રીતે પ્રભુમાં તે રહ્યા કરે,
સંશયો સૌ પ્રભુપાદે ગળાવી નાખશે હૃદે.

સર્વ સંસારનાં કર્મે કરી પ્રત્યક્ષ ભાવને,
પ્રભુ નિમિત્ત સૌ કર્મો આનંદે તે કર્યા કરે.

એવાને કૈં નથી ચિંતા કશી વાતે જરી કશે,
ઉપરામ થઈ ચિત્ત જ્યાં ત્યાંથી પ્રભુમાં ઢળે.

બધી વાતેથી વાળીને ચિત્તને પ્રભુભાવમાં,
લાવ્યા તે આપણે હૈયે કર્યા સૌ કરવું સદા.

સંકેલ્યા કરવું ચિત્ત પ્રભુના ભાવમાં ઊંડું,
પરોવાયેલ એનામાં રાખી, જ્યાં જવું હો, જવું.

જ્યાં જ્યાં સ્પર્શે જરા ચિત્ત, ત્યાં ત્યાંથી પ્રભુભાવને,
હૃદે આકર્ષતો ઊંડો લાગવો ઘટતો બધે.

લાગેલી ચેતના જો હો સૌ એકાગ્ર રસાત્મક,
મળ્યા તો કરશે ભાવ સ્ફુરંતો ઉરથી ઊંડો.

*કુંભકોણમ્* *તા. ૨૬-૯-૧૯૪૩*

## આચરણ વિધિ

અનુષ્ટુપ

ઐહિક લાભને લોક અણિશુદ્ધ પૂરેપૂરો,
રાખવા માગીને એને ભજાતો હોય તો ભજે.

પોતાની ધારણાઓને પ્રભુ ના પારખી શકે,
ઘણાંયે એમ માનીને ભરી રાખી, પ્રભુ ભજે.

માયા અને પ્રભુ બંને સાથે સાથે કદીય તે,
શકીશું ના ભજી નિશ્ચે કોઈયે રીતથી હૃદે.

પૂરો બાહ્યાંતરે મેળ હૃદે મેળવવો પડે,
શંભુમેળો નહિ ચાલે, પ્રભુને ગમતો ન તે.

શુદ્ધ પ્રેમ વિના એને પૂરો સંતોષ ના વળે,
આપવાનું ન કૈં રાખો જોખી જોખી પ્રભુપદે.

વ્યવહારી રીતે પ્રેમ એને જો કરવા જશો,
પ્રભુને ના ખપે તે તો અજીઠો પ્રેમ તે ગણો.

ખુલ્લે ખુલ્લી બધી વાતો એને કે'તા રહો તમે,
પ્રપંચી વૃત્તિ એથી તો કેવી સૌ દૂર થાય છે !

વિશાળ ને પ્રફુલ્લિત ઉદાર ચિત્ત રાખીને,
પ્રભુને પામવા કાજે જ્યાં ત્યાં ભાવ ધરો હૃદે.

પોતાનો સ્વાર્થ ના જોવો, પોતા કાજ છતાં બીજું,
કશું કૈં કરતું હોય, પ્રેમે તે તોળવું બધું.

નિઃસ્વાર્થતા પૂરેપૂરી, હૈયાની નિષ્પ્રપંચતા,
નિર્દોષતા શિશુ જેવી, વિવેકવાળી કેળવો.

લોકો શું શું કહેશે તે આપણે ભય છોડવો,
દરકાર કર્યા વિના પ્રભુને ભજવા ચહો.

કોઈ પ્રકારની ચિંતા દિલમાં રાખવી નહિ,
ઉધામાં કોઈયે વેળા નકામા ધરવા નહિ.

ભવિષ્યના વિચારોયે દેવા ના જાગવા કદી,
'કાલે તે શું થશે' એની ચિંતા કૈં કરવી નહિ.

'કાલ'ની જે કરે ચિંતા બગાડે 'આજ' એની તે,
ફસાઓ કો ન દુગ્ધામાં ફસાઈ બાકી તો જશો.

'દુગ્ધા સંસાર' જેને હો ભાવમાં ના વધી શકે,
પ્રભુને સોંપીને જે તે થવું નિશ્ચિંત ત્યાં ઘટે.

પરોવાયેલું જે રાખે ચિત્ત પોતાનું ભાવમાં,
બીજા વિચાર એવાંને આવતાં અટકી જશે.

*કુંભકોણમ્* *તા. ૨૬-૯-૧૯૪૩*

## એક સ્વજનની લૌકિક પ્રેમવૃત્તિ

માલિની

હજુય પણ કંઈ શું ચિત્ત લાવ્યા કરો છો !
તમમહીં ચગડોળે કાં મને તે ચઢાવો ?

હૃદય ઊંડું વિચારી શૂળીએ જો ચઢાવો,
અરર ! ઉમળકે ત્યાં હોંશથી હું ચઢું તો.

તમ જીવનમહીં મેં આવીને શું કર્યું છે ?
મુજ પર શીદ ઢોળો આળપંપાળ સર્વે ?

'તમ શુભ ક્યમ થાયે' એકલું ચિંતવી તે,
કઈ ગમ જવું, ખાલી તે બતાવ્યા કર્યું છે.

અનુષ્ટુપ

તમારું લૂંટી લીધું શું કૃપાથી તે બતાવશો,
પાછું આપી દીધા જેવું હશે, તો તે દઈશ હું.

વારે વારે મને ગોદા માર્યા શું કરવા ઘટે ?
તમારા ચિત્તની જોડે કાં ન લો સમજી હૃદે ?

તમારું શું બગાડ્યું છે ? જરા તો ખ્યાલ તે ધરો,
પ્રભુએ તો સુધાર્યો છે તમારો સ્વાર્થ તે ઘણો.

પાડ તે માનવો મૂકી અન્યથા કાં વિચારવું ?
માનવીને ઘટે તે શું ? હૈયે ઊંડું વિચારશો.

શાતા દેવા હૃદે ઇચ્છી પ્રભુએ જે બતાવિયું,
તે પ્રમાણે બનાવીને શાંતિ દેવા ચહ્યા કર્યું.

તમારી પ્રકૃતિ ઊંડી ગુણે કેવા ભરેલી છે !
કરે જે શ્રેય પોતાનું એને કાં નિંદવો ? ભલા !

તમારા શ્રેયનું એને ચિંત્વવું એકલું રહ્યું,
તમારી પ્રકૃતિ એને કેવું *ધર્યા કરે શું શું !

માલિની

થઈ નવ શક્યું તે સૌ ચિત્ત ધાર્યા પ્રમાણે,
થઈ નવ શક્યું તે સૌ ઉર માનેલું જે જે,

નિજ મનનું ચહેલું સુખ ઉડાડી દીધું,
મન કંઈક રચેલું સ્વપ્ન તે ભાંગી નાખ્યું.

કંઈક ભલું કરાવા યજ્ઞ જ્યાં આદરાવું,
અરર ! તહીં વિચારો હાડકાં રે ! પડે શું !

હૃદય સમજવાની છે શરૂઆત થૈ જ્યાં,
અરર ! અવળચંડું કૂદવું યોગ્ય ના ત્યાં.

અનુષ્ટુપ

તમારી ઊર્ધ્વ તે જોઈ ગતિ શું રાચતો હતો !
વિધાતા કારમું કેવું ચખાડ્યા ત્યાં કરે નવું !

પોતાને કાજ જો કોઈ થોડુંયે શુભ કૈં કરે,
આપણું ઉર ભાવોથી છલકાવું પૂરું ઘટે.

---

* ધાર્યા

ઘણાયે આપણા બીજા આવા કૈં સ્વાર્થત્યાગ જે,
કરી તે શું શક્યા હોત ? ચઢ્યું ના એવું કાં હૃદે ?

એવાનો ત્યાગ તે ન્યાળી એના પ્રત્યે ઊંડું ઊંડું,
ભાવનાથી ભર્યું હૈયું આપણું કાં ન તે થયું ?

બીજાનો આપણા કાજે થયેલો ત્યાગ જોઈને,
જેનું હૈયું દ્રવે છે ના ખૂંપે તે પ્રભુ પંથ શેં ?

તેવું તે આપણું કોઈ બીજું જે સગું, તે કદી,
વર્તવા તે પ્રમાણે શું ત્યાં તૈયાર થયું હતે ?

છતાંયે આપણો પ્રેમ ના એના પર તે દ્રવ્યો,
પાણી કેવું શું હૈયાનું સત્ત્વદર્શન ત્યાં થયું !

*કુંભકોણમ્* *તા. ૨૬-૯-૧૯૪૩*

## સ્વજનોને પ્રાર્થના

શિખરિણી-મંદાક્રાંતા

તમે મારે કાજે તમ હૃદયમાં માનતા કેવું કેવું !
કરો મારે કાજે કંઈ કંઈ બધું કેટલું કેવું કેવું !
વધારો છો કેવો મુજ ઉપર સૌ ભાર તે કેટલોયે !
મને બોજો એવો કંઈ કંઈ તમે ઊંચકાવ્યા કરો છો.

ઘટે દેવી ભારે મદદ મુજને ત્યાં તમે શું કરો છો ?
વિચારી તે જો જો તમ હૃદયમાં કેટલું, શું કરો છો !
તમારું સૌ શ્રેય સતત કરવા ઝંખતું દિલ કેવું !
તમે એને કેવો પરત બદલો આપતા, તે વિચારો.

તમે ઊંધું વાળો મુજ કંઈ કર્યું હેતુ ના ત્યાં વિચારો,
ગમે તે ફેંકો છો મન પર ચઢ્યું, સાવચેતી ના રાખો,

હૃદે ઠામે પોતે સતત નવ રો’ ક્યાંય ને ક્યાં ભમો છો !
અને ડાહી વાતો વળી ઉપરથી શી કરો છો તમે તો !

તમારી સૌની તે અવનવી ખરે, શી બલિહારી ભારે !
નમું કોટિવારે જીવન મુજને ધન્ય કેવો બનાવે !
તમે મારાં કામો બહુ સરળતાથી કરી કેવું દો છો !
મને આપો શી શી અનુપમ ગુરુ દક્ષિણા પ્રેમથી તો !

વધારો છો મારી જગતમહીં સૌ નામના કેવી કેવી !
કરી દો છો જ્યાં ત્યાં અગવડભરી મુગ્ધતા કેવી !
તમારી લીલા તે ક્યમ કરી કથું ? શેં સ્તવું હું તમોને ?
તમારું બોલેલું જીવન ભજવે ભાવ કેવો અરેરે !

તમારી સંગાથે જીવન જીવવા પ્રેમ જે ઉદ્‌ભવેલો,
તમે જેવી આપો દિલ સરળતા તેવું હુંથી જિવાશે,
તમો સાથે મારે પ્રભુમય થવા ગોઠડી રાખવી છે,
વિના તે કો હેતુ, અવર હૃદયે કૈં વસેલો નથી તે.

ફળાવા તે હેતુ સતત હૃદયે ઝંખતો સેવતોયે,
તમો સાથે તેવું સતત હૃદયે લક્ષ તેવું ધરાયે,
તમો સાથે તેવું જીવન હૃદયે સંકળાવા મથાયે,
તમે જેવો દેશો હૃદય મુજને સાથ, તેવું થવાશે.

તમો સૌથી ભારે મુજ હૃદયથી કેટલાયેગણું તે,
મથાવે છે જેવું પ્રભુજી મુજને તેમ ભાવે રહું તે,
તમારા સૌનીયે કંઈ અવનવી શી પ્રસાદી મળે છે !
તમારી માગું હું લળી લળી કૃપા, આપતાં થાય શું તે ?

તમે મારો ઊંધું, મુજ કંઈ ચણ્યું તે ઉકેલી જ નાખો,
તમારી બુદ્ધિની અનુપમ કળા કેવી અદ્‌ભુત તે સૌ !
કરેલું મારું કૈં બહુ ખૂબી થકી શું સુધાર્યા કરો સૌ !
તમો શી શી આપો મદદ મુજને પાડ શું માનું હું તો !

તમે કેવું હાંકો તમ મરજીની તે પ્રમાણે અનેરું ?
તમે ડાહ્યાં કેવાં અજબ રીતનાં શું કરો કામ કેવું ?
કરો જે જે તેથી હૃદય ઊપજે ભાવ શો ના જુઓ તે !
છતાં પોતે માને સરળ દિલનાં શી તમારી ગતિ તે !

તમે ફેંક્યે રાખો તમ જીવનને શા અનેરા પ્રવાહે !
મને કેવું કેવું તમ તરફથી દાન રૂડું મળે છે !
જવાનું ક્યાં છે ને કઈ તરફ તે કેવું હંકારતાં રો'!
કશું પાછું વાળી વળી ન નીરખો યોગ્ય પૂરેપૂરું તો.

વિના વિચાર્યું જો કરવું કંઈ હોય તો તો મને છોડી દેજો,
તમારું સૌ જે તે પ્રભુ કરવશે શ્રેય કલ્યાણ પૂરું,
મને બિચારાને ગરદન તમે મારતાં કાં નકામાં ?
બગાડ્યું ના મેં તો તમ કંઈ કશું એ રીતે તો વિચારો.

*કુંભકોણમ્* *તા. ૧૩-૧૦-૧૯૪૩*

## સાચો પ્રેમ

અનુષ્ટુપ

કો પ્રત્યે જો હૃદે પ્રેમ કોઈનો ઉદ્‌ભવેલ હો,
આપે જો ભાવમાં કામ ના, તો તે નહિ કામનો.

પ્રેરાવે શ્રેયકર્મે જે પ્રેમ તે ખપનો પૂરો,
બીજો તો 'વેવલાવેડા' કશો ના ઉપયોગનો.

કંટાળો ઉપજાવે ને પીડાકારી વળી બને,
તેવો પ્રેમ બધાંનો તો ભોગવાવ્યા વધુ કરે.

તેથી હું પ્રેમ માગું છું કે જે ઊર્ધ્વ કર્યા કરે,
પ્રભુભાવ વધારી જે ગતિ શ્વેત કરાવશે.

જે પ્રેમે થતી કૈં જાય ઊર્ધ્વ કલ્યાણની ગતિ,
તે પ્રેમ-પ્રેમ સાચો છે તેવા પ્રેમે ધરો મતિ.

આકાશે રાખતો જે રે' તે પ્રેમ ખપનો ખરે !
ચોંટાડી માટીમાં રાખે મિથ્યા તે પ્રેમ જાણજે.

જે પ્રેમ એકબીજાને ઊંડું ચાહી ઊંચાં કરે,
રાખજો ચાહવું એવું કે જેથી સાથમાં ઊંડો.

પોતે બંધાઈ રે'વું ને બીજાને બાંધી રાખવો,
પ્રેમ તો નામ ના એનું એ તો મોહ ગણો ખરો.

પ્રેમ તો કારમો અગ્નિ બાળી ભસ્મ કરે બધું,
પ્રેમ ના ચાહના રાખે પ્રેમ વિના બીજું કશું.

પ્રેમ તો એટલે ભાવ, ભાવ ત્યાં પ્રેમ સૌ રહે,
એવો પ્રેમ ધર્યા હૈયે કરો નિત્ય નવો નવો.

પ્રેમ ના બદલો માગે, પ્રેમ આશા ધરે ન કૈં,
પ્રેમ આશા ધરે માત્ર 'પ્રેમની કાજ પ્રેમ હો.'

પ્રેમ નીચાં જતાં રોકે લાગે કારમું તે ભલે,
પ્રેમ જેવું હશે તેવું કે'તાં ના અચકાય છે.

કિંતુ પ્રેમ વિચારે છે યોગ્યાયોગ્યપણું બધું,
શેમાં કેવું રહેલું છે આપોઆપપણે ખરું !

એકબીજાતણો પ્રેમ ગતિ ઊંચી પરસ્પરે,
ચારેબાજુતણી પૂરી કરાવ્યા કરતો રહે.

નીચલી ભૂમિકાની સૌ વૃત્તિ ભોગવવામહીં,
હૈયાનો પ્રેમ સાચો જે દોરી ના જાય છે કદી.

પોતાના સ્થાનથી ભ્રષ્ટ વિવેક ધર્મ સાંપડ્યો,
કરાવી ના શકે એથી ચ્યુત તો પ્રેમ ઉરનો.

જે સ્થિતિમાં મુકાયેલા તે સ્થિતિનો વિવેક હો,
બુદ્ધિને વિકસાવી ત્યાં ખોલાવે આંખ પ્રેમ તો.

બતાવે સ્પષ્ટ પોતાનો યોગ્ય શો ધર્મ ત્યાં ખરો,
વીંટળાયેલ જ્યાં છીએ બતાવે યોગ્ય કર્મ સૌ.

સ્થાન ને કર્મથી ભ્રષ્ટ થવા દે પ્રેમ ના કશે,
કરાવ્યા તે કરે યોગ્ય ચારેદિશાતણું બધે.

ભ્રાંતિ બુદ્ધિતણી પ્રેમ કરાવે દૂર આપણી,
નિર્મળી દૃષ્ટિ ને વૃત્તિ પ્રેમનાથી થતી જતી.

વિશાળ ખુલ્લું ઉદાર દિલ પ્રેમ કરાવતો,
નિષ્પ્રપંચી બનાવી શું વર્તવું તે બતાવતો !

હૃદે પરસ્પરે પ્રેમ જેને જાગ્યો ખરો હશે,
પ્રેમ એવો હૃદે આપે પારલૌકિક દૃષ્ટિને.

આંતર કામનાઓને નવો તે જન્મ પ્રાણ દે,
પ્રેમની શીળી છાયા તે કરે લાગ્યા બધાંયને.

જીરવી શકવો એવો દુર્લભ પ્રેમ તો હૃદે,
કાચો પારો ગળ્યા જેવી પ્રેમની વાત ઓર છે.

ફૂટીને નીકળી કેવું દર્દ તે પ્રકટાવશે !
પ્રેમનું દર્દ જન્માવે નવું અંતરમાં ખરે.

ઉત્તરોત્તર કેવા શા હૈયાના ગતિભાવને,
કરાવ્યા તે કરે ઊર્ધ્વ ! જાતે જાણે અનુભવે.

પ્રેમ આકર્ષણે હૈયાં એકભાવે રમ્યા કરે,
અભેદ પ્રેમ જે તેમાં કરાવે મેળ શો હૃદે !

દુન્યવી પ્રેમ ને આવા પ્રેમમાં ફેર તો ઘણો,
એક તો નિમ્નગામી છે બીજો લૈ જાય ઊર્ધ્વ શો !

'પ્રેમ' 'પ્રેમ' કરે લોકો પ્રેમને જાણતાં ન કો,
એકને બદલે બીજું કૂટી સૌ મારતાં જનો.

જાગેલો પ્રેમ જો સાચો પલટાવ્યા વિના ન રે',
આપણું પ્રેમને યોગ્ય તે સંપૂર્ણ રૂપાંતરે.

દુન્યવી લોક જે બોલે પ્રેમ તે પ્રેમ ના ખરો,
પ્રેમ કેવો અલૌકિક જાણી કેમ શકે જનો ?

પ્રેમ ને મોહની વચ્ચે ભેદ કેવો અનંત છે !
મોહ ને પ્રેમ ના એક જુદાં જુદાં સ્વરૂપ તે.

મોહના સ્પર્શજાદુથી માનવી ત્યાગ સૌ કરે,
એવા ત્યાગે ભલીવાર જીવને ના કશો મળે.

મોહથી ત્યાગ જે થાય ઊલટો જીવને વધુ,
બંધાવ્યા તે કરે છે શો ! ત્યાગ તે 'ત્યાગ' ના ગણો.

પ્રેમનો માટીનો દેહ મોહને જાણવો ખરે !
બનાવે આંધળું ભીંત એ તો જીવનને અરે !

જીવન પ્રાણ શક્તિની વાટની ખર્ચી પ્રેમ તે,
એવા પ્રેમતણું જેને રહે ચિંત્વન તે તરે.

*કુંભકોણમ્* *તા. ૧૬-૧૦-૧૯૪૩*

## પ્રેમવર્તન

અનુષ્ટુપ

હૈયે પ્રેમ જગાડીને તે પ્રેમે ચેતના લહો,
ચેતના મેળવી ભાવે તાદાત્મ્ય કેળવ્યા કરો.

પ્રેમ જેવો ધરો હૈયે તેવો પ્રેમ મળ્યા કરે,
પાણી ડો'ળાયેલું જો હો ગળાવી લેવું તે પડે.

'પ્રેમ' 'પ્રેમ' કર્યે ખાલી પ્રેમ ના જાગશે હૃદે,
કર્તવ્યે પ્રેમનો ભાવ રખાતાં, પ્રેમ જામશે.

પ્રેમની ભાવના હૈયે કેટકેટલી તે ધરો,
કર્મ આચરતાં તેવું જાગૃતિથી તપાસજો.

પ્રેમની સ્મૃતિ તો ઊંડે કર્મે તે કેટલી રહે,
તપાસી જોઈને કર્મ તે તે આચરવાં ઘટે.

પ્રેમ તાવ્યા વિનાનો તે કામ ના આપશે કશું,
કંઠે ત્યાં પ્રાણ આવે છે તવાવાતાં જતાં કશું.

પૂરી તત્પરતા પ્રેમે એનો હેતુ હૃદે ધરી,
ફેરફાર કરાવાને નિત્ય નિત્ય મથો ચહી.

એવો તે એકલો પ્રેમ પ્રભુને ખપશે, ભલા !
રે'વા દેજો બીજો પ્રેમ જે હો તે, તમ પાસમાં.

*કુંભકોણમ્* *તા. ૧૬-૧૦-૧૯૪૩*

# પ્રેમ એટલે તપશ્ચર્યા

ગઝલ

સમજ, સદ્‌ભાવ ને પ્રેમ હૃદયના ચેતના પ્રાણે,
જીવન કલહોતણી પૂરી પતાવટ સૌ કરો ભાને.

અધીરજ ગૂંચ-ઉકેલે જરાયે ના થવા દેશો,
કંઈ અસ્વસ્થતા હૈયે પ્રકટવા ના ભલા ! દેશો.

ધીરજ, સમતા અને શાંતિ પૂરી મન સ્વસ્થતા દાખી,
કરો ઉકેલ ગૂંચોનો છતાં બળ પ્રાણ ચેતનથી.

બધે મૃત્યુનું સામ્રાજ્ય અહા ! ચોમેર વ્યાપેલું,
ટકી ત્યાંયે રહ્યું જીવન પ્રભુની શી લીલા ન્યાળું !

જીવન જીવવું ઊંચું એ તો તપશ્ચર્યા મહાભારે,
કશું એના સમું બીજું મહાસાહસ નથી ક્યાંયે.

જીવન એવું જગે પ્રેમે સદા ઉત્સાહ ને આશા,
કરે અન્યાય છો કોઈ, છતાં તે પ્રેમ દેશે ત્યાં.

ભલે કોઈ નહિ સમજે પૂરું તે આપણા દિલને,
છતાં સામો રખે કરતા જરા અન્યાય બીજાને.

સહી લેજો ભલા ! પ્રેમે સહી લેજો બધું ભાવે,
સહી લેવામહીં પૂરા ઊછળજો પ્રેમથી હૈયે.

પડે જે જે બધું સ્‌હેજો કશુંયે ના જવા દેશો,
હૃદયમાં પ્રેમ બસ ભરજો રહેવા ના બીજું દેશો.

## વહાલાંઓ પ્રત્યેનો ભાવ

શિખરિણી-મંદાક્રાંતા

સહે જે અન્યાયો અવર જનના પ્રેમ કલ્યાણ અર્થે,
સહેવામાં તે જે નિજ જીવનનો ઊર્ધ્વ વિકાસ માને,
બીજા પોતે છોને મન પર ન લે કિંતુ કો ધન્ય વેળે,
થશે તેવાંનોયે જીવન પલટો પ્રેમના પ્રતાપે.

તપશ્ચર્યાકિરો પરિશ્રમ કહીં ના વૃથા જાય કેમે,
ઊગી ફાલે ફૂલે સુપળ ઘડી કો આવતાં એની મેળે,
રહીશું જો ભાવે રસ હૃદયનો રેડી બીજામહીં સૌ,
નકામા ના જાયે નિજ હૃદયના પ્રેમના આર્તનાદો.

વવાતાં બી પોતે પૂરું મરી જતાં પ્રાણ અંકુર ફૂટે,
મરીને એ રીતે નિજ જીવન તે સાચું ત્યાં મેળવાશે,
બીજાનામાં દૈવી નવ જીવનને એવું જન્માવવાને,
ખપાવી દેવાની હૃદય મનની પ્રાણ તૈયારી જોશે.

ભલેને તોયે તે પ્રિયજન હૃદે સાન પૂરી ન ઊગે,
છતાં એ તો વ્હાલું મન હૃદયના આપણા પ્રાણ પેઠે,
હૃદે એના પ્રત્યે હરખથી ભર્યા વારી દો સર્વ પ્રાણ,
રૂડા જન્માવે છે કઠણ પથરે *પ્રાણ શા શિલ્પકાર !

*ત્રિચિ* *તા. ૨૭-૧૦-૧૯૪૩*

---

* ભાવ

# પ્રેમપ્રાપ્તિ માટેનાં લક્ષણો

શિખરિણી-મંદાક્રાંતા

ડહોળાયેલી જે પરિસ્થિતિ સમે સત્ય તે કેમ ઊગે ?
સ્થપાયેલી શાંતિ મન પૂરતી ના જ્યાં ન તાટસ્થ્ય કૈં છે,
પૂરેપૂરું જ્યારે નિજ પ્રકૃતિનું ભાનનું સ્વાસ્થ્ય રે'શે,
બીજાનું જે તે કૈં સ્વરૂપ સઘળું આપમેળે પમાશે.

સુધારો પોતાને મન, ચિત, હૃદે પ્રેમ એકાત્મ ભાવે,
છીએ જ્યાં ત્યાં એના જીવન પ્રતિનો ઊગવા ધર્મ દો તે,
અપેક્ષા બીજાની કંઈ નવ ધરો કર્મ જે તે કરંતાં,
કરી ચૂકો ધર્મ નિજ જીવનનો સાંપડેલો, જીવંતાં.

જગે ક્યાંથી યુદ્ધો, જીવન કલહો, દર્દ, દારિદ્ર આવાં ?
હશે જેવા રોગો ત્યમ દરદીને ઉપચારો કરાતા,
અનેરી રીતો તો પ્રભુની ઘડવા જેવી સામગ્રી હોયે,
છતાં અજ્ઞાની તે નવ સમજતાં દોષ શો દે પ્રભુને !

તમોને પોતાને મન સમજવા આરસી જ્યાં બતાવે,
ઊંધું જોઈ ત્યારે મન પરખવાના પ્રસંગો ગુમાવો,
મળેલી એવી સૌ તક સુધરવા માનવી ખોઈ બેસે,
પછી તે બિચારો કરી શું શકશે જો પડી ના કશીયે ?

અનુષ્ટુપ

માનવી બોલવામાં તે પૂરું મૂકું મહત્ત્વ ના,
આજે તો એક ને કાલે નીરખું ફરતાં બધાં.
ફેરવાતાં જતાં તેઓ ફેરવાઈ હુંયે જઉં,
તમારું રે' ન ઠેકાણું, મારે ના રાખવાપણું.

યદચ્છા ખેલ તો ખેલો તમે સૌ, ને મને પછી,
એકધારું રહેવાની આશા કેમ શકો ધરી ?

મારે એક રહેવાની પડી ક્યાંયે ન કો વિશે,
સૌને અર્થે રહેવાનું તેવું તેવું બધાં વિશે.

કાઢવા ગાળિયું જે કો મારી જો ઉપરે જશે,
બેવડું ચોંટશે તેવું ઊલટું તેમને ગળે.

વિશ્વમાં કારમું યુદ્ધ કારમાં દર્દ રોગથી,
ઘડવા વિશ્વને માગે કૃપા સૂક્ષ્મ પ્રભુતણી.

છૂપો હેતુ પ્રભુકેરો તેવો ત્યાં કો ન પારખે,
પોતાના જીવને હેતુ એનો તો કેમ પ્રીછશે ?

પણ બુદ્ધિ અને ચિત્ત, પ્રાણ, જે જે બધું મળ્યું,
પ્રભુની શક્તિ તે સૌ છે, તે રીતે વાપર્યા જવું.

જો જોવા હોય કૈં દોષ, પોતાના નીરખ્યા કરો,
દોષ સુધારશો સૌ તો થશે મેળ બધે પૂરો.

જે રીતે જ્યાં રહેવાનું મળેલું યોગ્ય તે રીતે,
મર્યાદા તે પ્રમાણે સૌ રાખીને વર્તવું હૃદે.

મળેલી શક્તિથી શક્તિ સૌ ત્યાં વધારવી ઘટે,
જો જતી વધતી દેખો યોગ્ય વર્તન સૌ હશે.

પ્રભુ તો સ્હાય દેવાને ઊભો પ્રત્યક્ષ સૌ પળે,
કિંતુ તે સ્હાય લેવાની તૈયારી આપણી ન છે.

આપણે આપણી રીતે ચાહ્યા સૌ કરીએ છીએ,
એ રીતે ખેંચવા પ્રેરે પ્રભુનેયે જનો ખરે.

પોતાની આરસી રૂપ આપણે જ્યાં બની જવું,
પોતાની મેળ સૌ યોગ્ય ત્યારે ત્યાં બનશે ખરું.

પ્રસન્ન ચિત્તને સ્થિર રાખી જે તે બધું કરો,
કરો તેમાં હૃદે ભાવ ઊંડો ઊંડો ધર્યા કરો.

વીલો મૂકી ન જે દે છે પ્રભુને ક્ષણવારયે,
પ્રભુ સંભાળીને એને પ્રત્યેકે પળ પ્રેમ દે.

*ત્રિચિ* *તા. ૨૯-૧૦-૧૯૪૩*

## પ્રેમસ્વરૂપ

અનુષ્ટુપ

પ્રેમ પ્રેમ કહીએ જે સાચો જો પ્રેમ તે હશે,
કરાવી પ્રેમ તે જંપે કાર્ય પૂરેપૂરું હૃદે.

પ્રેમ ધક્કેલશે પંથે પ્રેરણા પ્રેમ આપશે,
પ્રેમ ઉત્સાહ ને વેગ કર્મમાં પ્રાણ પ્રેરશે.

જે કાર્યે પ્રેમથી જેના પરોવાયેલ હો હૃદે,
ના વિકાસ થતો હોય, પ્રેમ ના યોગ્ય તે હશે.

હૈયાનો પ્રેમ જો સત્ય ઠર્યો પરસ્પરે હશે,
દોરાવ્યા તે વિના ના રે' કર્તવ્ય પંથ આગળે.

પ્રેમ પ્રેમ કર્યે ખાલી પ્રેમ કો માનશે નહિ,
પ્રેમ પોતાનું માગી લે બલિદાન પૂરું સહી.

પ્રેમ ત્યાગ કરાવે સૌ ચેતવી ચેતવી હૃદે,
જેના લક્ષ્ય પ્રતિ પ્રેમ, કરાવે સાધ્ય તે ખરે.

પ્રેમની એ કસોટી છે ઊતરો પાર એની જો,
તમારો પ્રેમ તો સાચો આપોઆપ ઠરે નર્યો.

લૂલો ના પ્રેમનો ભાવ, ખાલી ના થૂંક તે કદી,
પ્રેમ પોતે મરી જાણે કર્મનું લક્ષ્ય મેળવી.

હૃદે જેના પરે પ્રેમ આપણો હો પૂરેપૂરો,
એ પ્રેમે જે ચહ્યું હૈયે તેમાં પ્રેરાવશે ખરો.

પોતાનાથી થતું સર્વે કરીને તે બધી રીતે,
ઈચ્છેલું પ્રેમનું પૂરું આપશે સૌ પ્રમાણ તે.

પ્રેરાયે કાર્યમાં વિશ્વે માનવી ગૂઢ કારણે,
તે વિના સંભવે કાર્ય એની મેળ ન તો કશે.

કાર્યની પાછળે કોઈ પ્રેરણાત્મક ચેતના,
જેને જાગેલી, તે કાર્યે પરોવાયેલ રે' સદા.

પ્રેમ ના જંપવા દેશે, દેશે ના ઠરવા કશે,
પ્રેરીને કામ તે લેશે પ્રેમ પોતાનું સૌ રીતે.

નિરાશા પ્રેમને ના છે, હાર ના પ્રેમને કદી,
વધારે માગશે પ્રેમ જતાં આગળ તો વળી.

ધરાઈ ના જતો પ્રેમ, અનંત પ્રેમ તો ખરે,
થતાં એક બીજું કામ લાવે છે પ્રેમ આગળે.

ઉત્પાદક પૂરું એવું કર્મનું મૂળ પ્રેમ તે,
કર્મ પરંપરા કૈંક ચેતાવે પ્રેમ અંતરે.

કર્મનો મૂળ જે હેતુ સધાવ્યા કરવા વિશે,
રખાવે ચિત્ત એકાગ્ર એવું પ્રેમસ્વરૂપ તે.

ચોંટાડી પ્રેમ તો રાખે ધારેલા નિજ લક્ષ્યમાં,
આડુંતેડું જવા ના દે એવી તે પ્રેમ લક્ષણા.

સંતોષ પ્રેમને આપે ભૂલી પોતાનું સૌ જઈ,
પોતાનું શું થશે એની ચિંતા તેવાં ધરે નહિ.

ચીંધેલું પ્રેમનું કાર્ય પૂરું પાર ઉતારવા,
ન્યોછાવર થતાં જેઓ એમનો પ્રેમ ધન્ય હા !

ચિત્તુથી આ લખાયેલું ચિત્રાના ધરું પાદમાં,
દર્શાવી પ્રેમ એવો તે અમોને ઠારજો સદા.

*કરાંચી* *તા. ૨૯-૧-૧૯૪૪*

## પ્રેમઅનુભવ

વસંતતિલકા

જ્યાં પ્રેમનો હૃદય ભાવ નિગૂઢ જામે,
શો ચેતનાત્મક પરસ્પર રંગ વ્યાપે !
વૃત્તિ વિલીન થઈ ભાવમહીં વિરામે,
એવી કૃપા વરસજો પ્રભુની સદાયે.

* * *

શાર્દૂલવિક્રીડિત

કેવો પ્રેમ રસાત્મકે હરિતણો જ્યાં ત્યાં પ્રવર્તી રહ્યો !
એવું મંગળ ઉર દર્શન થયું તો ધન્ય જીવ્યું ગણો,
પ્હોળા હાથ કરી પ્રભુ પ્રણયથી લે બાથમાં પ્રેમીને,
એવો પ્રેમ રસાળ શો પ્રભુતણો ! ભાખી શકું કેમ તે ?

* * *

વ્હાલાંને બસ છોડીને નવ કશે ક્યાંયે જવાનું ગમે,
એની સોડમહીં પડી હ્રદ રહી ત્યાં લાડવું શું ગમે !
વ્હાલો શો મુજ જીવને રમી રહ્યો ! એ પ્રેમનો ભાવ શો !
અંગે અંગ ભળી જઈ રસ બધે શો ધન્ય વ્યાપી રહ્યો !

* * *

એવો તે વરણાગિયો પ્રિય મને આહ્લાદકારી હ્રદે,
એની શી બલિહારી ! વારી જઈને ગાયા કરું હું હવે,
એના પ્રેમની તોલમાં તણખલા જેવોય મારો ન છે,
પાત્રાપાત્રતણી કશી ગણતરી મારો ન વ્હાલો જુએ.

* * *

એ કાજે બસ એક છે શરત કે એનાં બનીને જીવો,
એને લક્ષ્ય ધર્યા કરી જગ વિશે આનંદથી સૌ કરો.

*કરાંચી* *તા. ૪-૨-૧૯૪૪*

## પ્રાર્થના

હરિગીત

ગ્રંથિ સમજની તોડવા આઘાત શા દેવા પડે !
વ્હાલાં જનોને પણ અકારું કોક વાર થવું પડે,
તો ‘તું કૃપાળુ ઈશ જોજે, ક્યાંય નાદાનીપણું,
મારાથી ના બનજો કદી’ એ પ્રાર્થના તુજને કરું.

કલ્યાણકેરી માત્ર એ વાંછાથી પ્રભુ ! બોલાવજે,
બીજી કશી વૃત્તિ હ્રદયમાં કોઈ ના ભેળાવજે,
જે જે ભજવવું કંઈ પડે નિર્દય ભલે લાગું પ્રભુ !
એ હો સમર્પણ તુજને એ પ્રાર્થના દિલથી કરું.

ઊઠ્યું મને જે એકવારે સંભળાવી તે શકું,
પ્રભુ હામ સાહસ આપજે તે કાજ, વીનવું હું ઊંડું,
વ્હાલાં જનોનાં ચરણમાં તુજ પ્રેમમૂર્તિ ભાળીને,
ઉર નમ્રતા રાખી શકું એ પ્રાર્થના કરું તુજને,
જ્યાં ધર્મ લાગે મુજને તે છો ન લાગે અવરને,
પડકાર ત્યાંયે અપવજે પ્રત્યક્ષ તારો મુજ થકે.

તારા પરે આધાર રાખી મૂર્ખતા હું તો કરું,
તુજ પ્રેમ વ્હાલ વિના પ્રભુ પળ પણ રહી હું ના શકું,
જ્યાં જ્યાં કશે અવળાપણું શો ત્યાંય તું વસતો પ્રભુ !
તાદાત્મ્ય ભાવ નહિ જરાયે રખવજે ત્યાં તું વિભુ.

મારું અવળચંડું કશું ના કોઈના દિલમાં રહો !
શિક્ષા મને દેજે, છતાં જો કંઈ અયોગ્ય થતાં, પ્રભુ ,
જ્યાં જ્યાં મને ભેળાવવાનું તું કરાવે છે પ્રભુ !
ત્યાંયે મને તારી છબી દેખાડતો રે'જે વિભુ !

ના ઠામઠેકાણું કશું મતિમંદ હું તો છું પ્રભુ !
ના બોલવાનું ભાન રાખું આશ્રયે તારે જ હું,
સંભાળી લેજે મુજને જ્યાં ત્યાં બધે સંસારમાં,
તારા વિના મારું બીજું સંભાળનારું કોઈ ના.

વૃત્તિ ભલે સ્ફુરાવજે, વૃત્તિ ભલે દોડાવજે,
તું સાથ કિંતુ રહી ઊભો મન પ્રેરણા પ્રભુ ! આપજે,
મન વ્હાલમાં કમીના કશી પ્રભુ! ના થવા દેજે જરા,
જ્યાં જ્યાં ઠરું પ્રભુ ! યોગ્ય ત્યાં વર્તાવજે મુજને સદા.

*કરાંચી* *તા. ૫-૨-૧૯૪૪*

# પ્રેમભાવ સ્પર્શ

શાર્દૂલવિક્રીડિત

હૈયાકેરી વરાળ કાઢી તમને હું સંભળાવ્યા કરું,
પ્હોંચી ના શકતી દીસે હૃદયમાં, વચ્ચે નડે છે કશું,
'તોડી કોટલું નાખવું જરૂરનું તે કેમ પૂરું બને ?'
એવા કૈંક વિચાર આ હૃદયમાં સ્ફુર્યા કરે છે હવે.

* * *

કેવો પામર માનવી તણખલા જેવો, કહી શું શકું ?
તોડીયે તૃણ ના શકું, બળ પ્રભુ ! મારામહીં ના કશું,
સૌ આધાર ધર્યા કરું તુજ પરે સૌ વાતમાં હું પ્રભુ !
હૈયાની મુજ પ્રાર્થના તુજ પદે મૂક્યા કરું છું પ્રભુ !

* * *

ના ઉતાવળ કૈં કશે પ્રભુ ! મને સૌ ધાર્યું તારું બનો,
છોને કાસળ નીકળી મુજ જતું ચિંતા ન એની ધરું,
ધાર્યું માનવીનું થતાં, મનમહીં ગર્વિષ્ઠ શું લાગતો !
એનું ચિંત્વન જ્યાં થવું ઉર ઘટે, પોતાનું ત્યાં ધારતો.

* * *

પોતાની ઉરશક્તિ માપમહીં જે શક્તિ પ્રભુની ગણે,
પોતાનું ચહ્યું કૈં થતાં પ્રભુતણો આભાર શો માનશે !
તે નિર્માલ્યપણું હૃદે નીરખશે કર્તવ્ય સૌ નિજમાં,
એમાં સર્વ કૃપા પ્રતાપ પ્રભુનો જાણી રહે નમ્ર ત્યાં.

* * *

જ્યાં જ્યાં સ્પર્શ થતાં જ પ્રેમ હૃદયે કોનોય એને હૃદે,
જેને ખ્યાલ પ્રભુતણો ઉર ઊગે તેમાં ખરે ધન્ય તે,
જે જે સર્વ થતું કૃપા પ્રભુની તે એમાં નિહાળી ઠરે,
એવાનું શરણું ગ્રહી કર પ્રભુ લાવ્યા કરે છે* ઊંચે.

* * *

પોતાને તૃણ માનીને પ્રભુબળે જે સૌ મથે છે હૃદે,
જે આધાર પ્રભુ પરે જીવનની સૌ વાતમાં તો ધરે,
જે શ્રદ્ધા પ્રભુની પરે ધરી ધરી મંડ્યો રહે છે સદા,
તેના નાવતણા બધા સઢ વિશે વાયુ ભરે નાથ ત્યાં.

* * *

જ્યાં સુધી શરણે પૂરા થઈ ગયા ના હો તમે ઈશને,
ત્યાં સુધી હૃદયે કૃપા પ્રભુતણી પૂરી ન ખેલી શકે,
પોતે એકલી તે કૃપાબળ પરે જ્યારે ઝઝૂમી શકે,
તે વેળા જ સ્વતંત્રતા જીવનની તે *ન્યાળવા લાગશે.

* * *

જ્યાં હોવાપણું આપણું ભળી જતાં એનામહીં સૌ હૃદે,
ત્યારે પ્રકૃતિખેલમાંય પ્રભુની તે ચેતનાને જુએ,
પૂંઠે વર્તી રહ્યા સહુમહીં ગુણો તે ચેતનાના બળે,
તેથી સારું ન ખોટું ક્યાંય દીસતું ગુણો વિના અન્ય કૈં.

* * *

ક્યાંયે ના બળ છે સ્વતંત્ર ગુણનું, એની પૂંઠે ચેતના,
આખું વિશ્વ રમે ગુણોની રમતે શું કેવું કેવું મહા !
જેવી હો ભૂમિકા ગુણોની જીવને તેવી દડે ચેતના,
જેવું બાળ રમે ઘડી રમકડું ને ફોડી નાખે કદા.

* * *

---

*લાવ્યા ઊંચે સૌ કરે.

* માણવા

યદૃચ્છા પ્રભુચેતના જગતમાં શા ખેલ એવા રમે !
એનું સાક્ષીપણું હૃદે દૃઢ થતાં આનંદ શો ત્યાં ઝરે !
એ આનંદ થકી વળી પર રહ્યો આનંદ ઊંચો ખરે,
લાડીલો પ્રભુનો હૃદે વિરલ કો આનંદ તે પામશે.

* * *

કેવી ક્ષુલ્લક વાતમાં મન હજી શું આપણે રાચીશું ?
ગુણો ખેલ કર્યા જશે અવનવા ત્યાં ન્યાળવું યોગ્ય શું ?
ગુણોની રમતેથી ચિત્ત સઘળું ઉઠાવી લો પ્રેમથી,
એની પાછળ જે રમી રહી દીસે તે ચેતના લો ગ્રહી.

* * *

સર્વે કામ કરાવતી જગતમાં પૂંઠે રહી ચેતના,
ને દેખાવ ગુણો ધરી જ અમથો વચ્ચે રહ્યા છે ઊભા,
ને તેનું ઉપરીપણું કરી શકો જો દૂર પૂરેપૂરું,
તો શક્તિ પ્રભુચેતનાની હૃદયે નિહાળશો સર્વ શું !

*કરાંચી* *તા. ૯-૨-૧૯૪૪*

## પ્રેમવલણ

શિખરિણી

તમારું ને મારું હૃદય હૃદયો એક બનજો,
તમારી ને મારી સમજણ હૃદે એક બનજો,
તમારું ને મારું જીવન સરખું એક બનજો,
તમારું ને મારું પ્રભુમય થવું એક બનજો.

* * *

શિખરિણી-મંદાક્રાંતા

તમારી ને મારી મનહૃદયની ભાવના એક થાજો,
તમો ને હું વચ્ચે નડતર ઊભું સર્વ તે દૂર થાજો,
તમો ને હું વચ્ચે અણસમજ ના કોઈ દી ક્યાંય થાજો,
તમો ને હું વચ્ચે જીવન રસનો પ્રેમ સંબંધ રે'જો.

* * *

તમારો ને મારો અતૂટ બનજો ઉર સંબંધ સૂક્ષ્મ,
વધુ તે સંબંધે ચહી ચહી હૃદે પૂરજો શક્તિ પ્રાણ,
પ્રભુને સૌ વાતે નિજ જીવનમાં આપીને સૌ મહત્ત્વ,
ઊંડું ઊંડું હૈયે ઊતરી ઊતરી પામજો તત્ત્વ લ્હાણ.

* * *

પ્રભુ સૌથી મોટો જીવનમહીં છે, લક્ષ્ય રાખ્યા કરી તે,
થતું જે જે તેમાં હૃદય પ્રભુની ધારણ રાખતો તે,
પ્રભુને વ્હાલો શો હૃદય ગણશો પ્રેમભક્તિથી વારી,
નિવાજ્યા એને તો સતત કરજો પ્રેમમસ્તીથી ન્યારી.

* * *

તમો સૌ સાથે જે મુજ જીવનનો પ્રેમ સંપર્ક લાધ્યો,
કૃપાથી સૌ રીતે અરસપરસે જીવને તે ફળાવો,
જણાતાં દોષો જે નિજ જીવનના વ્હેણમાં, ટાળી સૌ તે,
તમારા જીવ્યાને પ્રભુમય થવા આપજો લક્ષ હૈયે.

* * *

નમાલો હું તો છું થઈ નવ શકે કોઈનું હુંથી ભારે,
પૂરેપૂરો લૂલો, પ્રભુતણી કૃપા સર્વ આધાર મારે,

ગણો જેમાં તેમાં હૃદય પ્રભુને સર્વ વાતે વધારે,
પ્રભુ સામું જોયા સતત કરજો, એ જ મોટો વધારે.

* * *

કૃપાશક્તિ એની કંઈ કંઈ જગે કાર્ય ભારે કરે છે,
કૃપાશક્તિ એની જીવન પલટા શા કરાવ્યા કરે તે !
કૃપાશક્તિ એની સઘળું કરવા સર્વ વાતે સમર્થ,
કૃપા એવી એની જીવન ફળવા આદરો યત્ન સર્વ.

* * *

કશી શક્તિ એવી મુજમહીં હતે પ્રેમી વ્હાલાં જનોનું,
કરી દીધું હોતે સફળ જીવવું ક્યારનુંયે રસીલું,
કૃપાલીલા એની અકળ જીવને શી પડે એની સૂઝ !
પ્રભુ ટોલ્લે મૂકી જીવન જીવતાં માનવી શાં અબૂઝ ?

* * *

પ્રભુને ના ધારે કંઈ પણ કશે શાં મનસ્વી જીવે તે,
પછી ઢોળે દોષો પ્રભુ પર જનો સાંકડાં દિલનાં તે,
પ્રભુને સંભારી પ્રભુ મન ગમે કાર્ય એવાં કરે જે,
પ્રભુ એનો માથે સહુ તરફનો ભાર વ્હોરી જ લે છે.

* * *

પ્રભુ તો સાચો છે જરૂર સમજો, કલ્પનાની ન વાતો,
તમે ને હું છીએ, અધિક કહીંયે એથી સાક્ષાત એ તો,
જગે જેવું દો છો તન મન બધું તેવું જો દો પ્રભુમાં,
જણાશે તે પોતે પ્રકટ થઈને, પ્રેરશે સૌ જીવ્યામાં.

* * *

પ્રભુમાં જે રાખે મનહૃદય શાં એકધારાં રસીલાં,
પ્રભુને ધારી જે મન ઉર રહે ભાવથી ખંતવાળાં,

સદા એનું જેઓ સતત ધરતાં લક્ષ આઠે પહોરે,
પ્રભુ તેવાંને તો નિજ સ્વરૂપનું ભાન પૂરું કરાવે.

* * *

જવા એની પાસે નિજ જીવનનું ઠેરવે જે સુકાન,
ડૂબે છોને તેવો પણ કરવશે તે સવેળા જ ભાન,
ઘણી વેળા એને નિજ જીવનમાં તાત ચેતાવતો રે',
થતી રે'છે એને પ્રતીતિ પ્રભુની તેથી સાક્ષાત ત્યારે.

* * *

બીજાઓને એવી ગમ પડી શકે પૂરી એની શી રીતે ?
વરેલા જે જે છે સૂઝ બૂધ પૂરી એની એને પડે છે,
અજાણ્યાને લાગે પ્રભુતણી બધી વાત ખાલી ગપાટા,
પડ્યા પાણીમાં કૈં વગર તરવું કેમ જાણી શકો ત્યાં ?

* * *

રહી છે મુશ્કેલી કહીં નવ કશે, વિઘ્ન ઊભાં બધેયે,
જનો કિંતુ તેથી હરગિજ ડરી ના મૂકી દે કશુંયે,
ચલાવ્યા પોતાનાં જીવન કરતાં, તંત ના મૂકી દે તે,
પ્રભુમાંયે તેવું પણ થવું રહ્યું, રો' મથ્યા નિત્ય ખંતે.

*કરાંચી* *તા. ૧૦-૨-૧૯૪૪*

## પ્રેમ-સર્વના જીવનમાં સુમેળ કરાવશે

ગઝલ

હૃદયનો પ્રેમ સૌ કોના સદા વાંછે જીવન સુખને,
પૂરો નિજ ભોગ આપીને બીજાને પ્રેમ તે દેશે.

ન આવે તે ભૂલેચૂકે બીજાના સુખની આડે,

જગે કોના જીવનકેરો ન છીનવી હક્ક તે લેશે.

કદી તે આડખીલી ના બને બીજાતણા જીવને,
સદા પોતાનું વર્તન તે ઘડ્યા એવી રીતે કરશે.

હૃદયનો પ્રેમ રંજાડ થતો કોનાય જીવનને,
સહી લેશે જરા ના તે, નડે ના પ્રેમ કોનેયે.

બધે સુમેળ કરવાને થતું પોતાથી સૌ કરશે,
અકારું છો બને પોતે ધરે એની ન પરવા તે.

અને જો પ્રેમ આકર્ષે બીજાનું દિલ પોતામાં,
પૂરું કલ્યાણ તેઓનું કરવવા પ્રાણ દેશે ત્યાં.

હૃદયનો પ્રેમ પોતાનું બીજાનું દિલ જો કરશે,
જીવનના ધર્મકર્તવ્યે હૃદય પ્રેરાવશે એને.

ક્ષણિક સહુ સુખની વાંછા કદી ના પ્રેમ રાખે છે,
અવિચળ સુખ તે શોધે હૃદયનો પ્રેમ તો જીવને.

*કરાંચી* *તા. ૧૧-૨-૧૯૪૪*

## પ્રેમ સમજ લક્ષણો

અનુષ્ટુપ

હૈયાનો પ્રેમ કોનાથી મપાયો તે મપાય ના,
પ્રેમને માપવા જાતાં પ્રેમ તો બદલાય ત્યાં.

માપવા જે જશે પ્રેમ મપાઈ તે જતાં બધાં,
પ્રેમથી પ્રેમમાં પ્રેમ મપાયા તે જતો સદા.

જામતાં જામતાં પ્રેમ જીવને સૌ અભેદતા,
પ્રેમથી પ્રેમમાં પૂરી કરે લાધ્યા અનંતમાં.

જુદું જુદું ભલે લાગે વિશ્વમાં સર્વ કોઈનું,
સુમેળ ઝરણું સૂક્ષ્મ કિંતુ ત્યાં શું છુપાયેલું !

* * *

શિખરિણી-મંદાક્રાંતા

તમે વ્હાલાં રે'જો અમ જીવનને ખૂબ ધક્કેલનારાં,
ટકોરીને થાજો અમ જીવનને ખુદ ચેતાવનારાં,
અમારામાંનું સૌ તરવી તરવી તારવી ઊંચું લેજો,
અમે ભાંગ્યાંતૂટ્યાં પણ અમ થકી પ્રેમ ના તે મુકાજો.

* * *

અનુષ્ટુપ

પ્રેમને પામવા કાજે પ્રેમ તો આપવો પડે,
આપવા પ્રેમ હૈયાથી શક્તિ કેળવવી પડે.

પ્રેમમાં કોઈ વૃત્તિની છાયા ના આવવી ઘટે,
પ્રેમ તે પ્રેમને કાજે હજો ત્યાં શુદ્ધ ભાવથી.

પ્રેમની ભાવનામાં તો માનવી ગણના સદા,
પોતાની મૂકતાં રે' શાં ! પ્રેમને રગદોળતાં.

ગુણદોષ પરે પ્રેમ આધાર રાખતો નથી,
નિરાલંબ પૂરો પ્રેમ જીવે છે પ્રેમ આપથી.

સ્વયંભૂ પ્રેમ એવો તે જીવને જીવવા પૂરો,
વ્હાલાંઓની અમી દૃષ્ટિ વર્ષ્યા તે જીવને કરો !

પ્રેમનાં લક્ષણો કેવાં ! એક જાતતણાં નથી,
મૃદુ કોમળતા સાથે કઠોર વધુ વજ્રથી.

જીવનને ઘડાવે છે પ્રેમ તે બેઉ રીતથી,
પ્રેમનું વજ્ર સ્હેવાને કૃપા માગું હું પ્રેમની.

સહેવો પ્રેમ ન સ્હેલું મને કોકે બતાવિયું,
પ્રેમથી મારી મારીને પ્રેમને સમજાવિયો.

તોયે ના પ્રેમને પૂરો પમાયે કોઈથી કદી,
ધરાવો પ્રેમમાં થાય કોઈને ક્યાંય ના કદી.

પ્રેમ સંપૂર્ણ સૌ રીતે પ્રેમથી ભાવતત્ત્વમાં,
ત્યાં અનુભવવા ઊંડો હોજો સૌ પ્રેમની કૃપા.

સદા તેથી હું તો માગ્યા કરું છું પ્રેમ સર્વનો,
પ્રેમ વિના લૂખું લૂખું જીવવું લાગતું બધું.

પ્રેમને જાણતો ના જે પ્રેમ તે શું દઈ શકે ?
પનારે મૂર્ખ એવો હું પડેલો છું, નિભાવજે.

પ્રેમને જાણવા પૂરો જ્યાં સમર્થ હું ના હૃદે,
પ્રેમને હું છતાં ઝંખ્યા કરું છું કેવું કેવું તે !

પ્રેમને માપવાકેરી કુબુદ્ધિ ના મને થજો,
તૈયારી પ્રેમને લેવા યોગ્યતાથી રહ્યા જજો.

સર્વ કોઈતણો પ્રેમ પ્રકૃતિના સ્વભાવનો,
છતાં ત્યાં ચેતના શક્તિ સંકળાયેલી તે લહો.

એવા તે પ્રેમનાં પૂરાં જ્ઞાન ને શક્તિ અંતરે,
રહે જેને, શકે પામી પ્રેમના ભાવ અંશને.

વિભૂતિ પ્રેમની જે કો બને, તે સચરાચરે,
પ્રેમને જીવતો દેખે સારા કે નરસા વિશે.

સારું કે નરસું એ તો પ્રકૃતિ દ્વંદ્વ ભાવ છે,
પ્રેમમાં સ્થાન એને ના પ્રેમ એથી વિરક્ત છે.

પ્રેમ તો પ્રેમને પેખે, પ્રેમ તો પ્રેમમાં મળે,
પારાવાર બધો આ છે પ્રેમનો સચરાચરે.

એવા પ્રેમતણા પાદો ભક્તિ ભાવથી હું સ્તવું,
પડી રે'વાનું ત્યાં જાણું બીજું કાંઈ ન સૂઝતું.

તારે કે તે બુડાડે છો એની ચિંતા મને નથી,
જીવવાનું હજો મારું એનાથી પૂરું તે મહીં.

*હિંદુ વિશ્વ વિદ્યાલય, કાશી* *તા. ૧૦-૪-૧૯૪૪*

## પ્રેમને પ્રાર્થના

શિખરિણી-મંદાક્રાંતા

તમારાં હૈયાંનો, તમ જીવનનો પ્રેમનો ભાવ ઊંડો,
જીતી લેવા પૂરો મુજ જીવનથી ભાગ્યશાળી થવાજો,
તમારી આશિષે થઈ ન શકવું શક્ય શું વિશ્વમાં છે ?
તમારો જો માથે મૃદુ કર હશે શક્યતા તો બધીયે.

* * *

પ્રભો ! વ્હાલાં દેજો મુજ જીવનના પ્રાણ ઉતારવાને,
પ્રભો ! વ્હાલાં દેજો મુજ જીવનનું ઋણ ઉતારવાને,
પ્રભો ! વ્હાલાં દેજો મુજ જીવનનું ભાન ઉતારવાને,
પ્રભો ! વ્હાલાં દેજો મુજ જીવનનો પ્રેમ ઉતારવાને.

* * *

ગમે વ્હાલાંકેરાં ચરણકમળે સાવ નિશ્ચિંત સૂવું,
મને ખોળામાં તો પ્રિય સ્વજનના ભાવ આરામ કેવો !
મને વ્હાલાં લાગે મુજ જીવનનાં ચેતના પ્રેરનારાં,
મને વ્હાલાં દીધાં પ્રભુતણી કૃપા માનું કેવી રીતે ત્યાં !

* * *

તમારાં હૈયાંના તમ જીવનના પ્રેમના ભાવ તોલે,
કશુંયે સામ્રાજ્ય કંઈ પણ નથી ક્યાંય એની વિસાતે.

* * *

અનુષ્ટુપ

સામ્રાજ્યો તો થયાં નાશ, બીજાં ઊભાં હજી થશે,
પ્રેમનું કિંતુ સામ્રાજ્ય સદાયે જીવતું હશે.

તમારો પ્રેમ હૈયાનો મેળવી શકવા હૃદે,
તૈયારી તે અમારાથી પૂરેપૂરી હજો ખરે !

તમારા પ્રેમથી પ્રેમ અમારો જીવતો થજો,
તમારા પ્રેમથી માત્રા પ્રેમની તે વધ્યા જજો.

'તમારા પ્રેમનો પૂરો જીવને પડઘો ઊંડો,
પડ્યા તે કરજો' એવી પ્રાર્થના પ્રભુને કરું.

લખેલું કાવ્ય સદ્‌ભાવે કોકના જન્મદિવસે,
રાખી તે પાસ ને પાસ ફર્યા હું તો કરું બધે.

'શ્રેયની ભાવના ઊંડી એના પ્રત્યે તમારી તે,
ઊતરી તે શકો પૂરી' પ્રાર્થના પ્રભુપાદ તે.

ઇચ્છા સ્ફુરાવી હૈયામાં ઇચ્છાનો જન્મ કોકમાં,
પ્રેરાવીને મથાવે તે શક્તિ પ્રેર્યા કરી તદા.

સદ્‌ભાવનાતણું જોશ નાશ તે પામતું નથી,
ફળે છે આજ કે કાલ, મર્યાદા ભાવમાં નથી.

પૂર્યા સદ્‌ભાવના એવી જીવને કરજો સદા,
અમારું ઝેર મારીને રાખજો ઉર જીવતાં.

વિશ્વનું ઝેર પી લેવા સ્વભાવ સંત લોકનો,
અમારી ના દયા આણી પૂરી રીતે મઠારજો.

અમોને રુચતું ના હો સાંભળી એવું કોઈ દી,
ઓછું લાગે ભલે, તોયે ધ્યાન લેશો ન તે જરી.

પ્રેમનો વજ્રઆઘાત આપ્યા ત્યાં કરજો સદા,
*ભાંગવા ના કદી દેશો સકંચે રાખીને સદા.

પ્રાર્થના કરતાં કોઈ આવડી ના શકી મને,
બોલતાં પ્રેમની ભાષા પૂરી ના આવડે મને.

*હિંદુ વિશ્વ વિદ્યાલય, કાશી* *તા. ૧૦-૪-૧૯૪૪*

## પ્રેમ ને આત્મનિવેદન ભાવ

અનુષ્ટુપ

તમારો નમ્રતાભાવ અમારામહીં ઊગજો,
અમારાં જીવને તેવો ભાવ સૌ ફળજો પૂરો.

* * *

પહોંચી ના શકે કોને હૈયાની પ્રેમભાવના ?
બોલશો ના હવે એવું ફરીથી કરીને કૃપા.

તમો જેવો હૃદે પ્રેમ ક્યાંથી તે લાવીએ અમે ?
તમારા પ્રેમને વ્યક્ત થવા દેજો ભલા ! તમે.

---

* ભાગવા

પ્રેમની મીઠી છાયામાં સૂઈ રે'વું પૂરું ગમે,
પ્રેમની ગોદમાં કેવું ઊંડું સુખ મળ્યા કરે !

પ્રેમ સ્પર્શી શકે સૌને પ્રેમ ઓળંગશે બધું,
મર્યાદા પ્રેમમાં ના કૈં પ્રેમ તદ્રૂપ સર્વશું.

પ્રેમમાં સર્વ સામર્થ્ય પ્રેમમાં સૌ કળા વસે,
અંતર્યામીતણી શક્તિ પ્રેમમાંથી જ ઉદ્‌ભવે.

એવો પ્રેમ છતાં જાણે પોતે તો કશુંયે ન છે,
પોતાને નમ્રમાં નમ્ર રાખે તે ઢાંકીને હ્રદે.

નમ્રતા પ્રેમનું કેવું અદ્‌ભુત ઢાંકણું ખરે !
એવાને જાણવા પૂરું શક્તિશાળી ન કોઈ છે.

તમારા પ્રેમની એવી નમ્રતા પ્રીછીને હ્રદે,
પ્રણામો કોટિ વારે ત્યાં કરું હું ગુરુના પદે.

અમે ઉછાંછળાં કેવાં ! કોઈના પ્રેમનો પૂરો,
યોગ્ય ઉત્તર તો વાળી અમે ના શકીએ કશો.

સામાના પ્રેમને પૂરો ઓળખી શકીએ ન જ્યાં,
થતો સ્પર્શ મૃદુ કેવો તમારા પ્રેમનો છતાં !

નાનામોટાપણું ભારે પ્રેમના ભાવમાં નથી,
પોતાનાં માનીને પ્રેમ અંકમાં લે બધાં ગ્રહી.

પ્રેમમાં શી સમાયેલી શક્તિ સર્વ પરાત્પર !
પ્રેમને શક્ય શું ના છે ? ના કૈં એને અસંભવ.

અમોને આપતા રે'જો તમારો પ્રેમ દિલનો,
યોગ્યાયોગ્યપણું જોવા ન તમે કદી બેસજો.

પ્રેમ મેળવવા પાત્ર અમારાથી મથી મથી,
બધી રીતે રહેવાજો પ્રભુની તે કૃપા થકી.

'भक्ति में चूनीकाका को नहीं छू सकता' લખ્યું,
'એવો તે નમ્રતાભાવ અમોને મળજો' સ્તવું.

સમસ્ત વિશ્વને પ્રેમ પોતાનામાં *સમાવતો,
સમસ્ત વિશ્વને પાછો પ્રેમ શું જન્મ આપતો.

સમસ્ત વિશ્વને પ્રેમ પોષ્યા તે કરતો દીસે,
પ્રેમની તો અનાલંબ ભૂમિકા પાછી શી ખરે !

એવા પ્રેમતણો ભાવ હૈયામાં ટકજો સદા !
એવા પ્રેમતણો ભાવ હૈયામાં જીવજો સદા !

અહા ! અનંત વિશ્વાસ, અનંત ધૈર્ય પ્રેમમાં,
શી હમદર્દી સૌ સાથે, ભળે શો પ્રેમ સર્વમાં !

કોઈને અળગાં પ્રેમ કરી ના શકશે કદી,
બધાંનોયે સમાવેશ પ્રેમમાં થાય પ્રેમથી.

પ્રેમ જે કિંતુ હૈયાનો મૂંગો મૂંગો ન તે રહે,
પ્રેમનો ભાવ જેનામાં ચોંટે, એને લહ્યા કરે.

વીતરાગ કરે જો ના પ્રેમ આપણને પૂરાં,
પ્રેમ તે પ્રેમ ના છે તે, મોહ તો જાણજો સદા.

પ્રેમની ભાવના શુદ્ધ કર્યા જીવનને કરે,
પોતાનો સ્પષ્ટ જે ધર્મ દોર્યા તેના પ્રતિ કરે.

---

*શમાવતો

ધર્મ કર્તવ્ય જે લાધ્યું હોમાતાં સર્વ તેમહીં,
આંચકો ક્યાંય ખાવા દે પ્રેમનો ભાવ ના તહીં.

પ્રેમના ભાવમાં ક્યાંયે વિકારોને ન સ્થાન છે,
પ્રેમમાં જે ભળે તેઓ પ્રેમરૂપ થયા જશે.

પ્રેમને વરવા જેણે પોતાનું દિલ જ્યાં કર્યું,
સર્વ સમર્પવા શક્તિ તૈયારી કરી ત્યાં જવું.

પ્રેમ તો માગશે ત્યાગ, માગશે સૌ સમર્પણ,
પ્રેમ સૌ શૃંખલાઓને તોડાવા કરશે બળ.

પ્રેમને વ્યક્ત થાવાની જીવને ભૂમિકા ખરી,
જેમ જેમ થશે વ્યક્ત તેમ તે વ્યક્ત ત્યાં થશે.

મહત્ત્વ પૂરું હૈયામાં જેને જીવનનું ઠસ્યું,
તેવાં જીવનને પૂરું જીવવા મથશે ઘણું.

બીજું જીવનનાથી કૈં એને મહત્ત્વનું નથી,
મહત્ત્વ આપશે ના તે કશાનેય કશે જરી.

જીવનવ્યાપી જે પ્રેમ જીવને એકતારમાં,
વણાવી તે પૂરો લેવા માનશે ત્યાં કૃતાર્થતા.

જીવન 'સર્વથી શ્રેષ્ઠ પ્રેમનો વ્યક્ત ભાવ તે',
એને અનુભવે જેઓ પ્રેમનો અવતાર તે.

એવાના પાદમાં મારા જેવાનો ભાર શો ખરે !
નાદાન મૂઢ જેવો હું નકામો શું લવ્યા કરે !

પ્રેમને પ્રેમની વાતો કર્યાથી પામી ના શકે,
તોય તે પ્રેમની ગાથા ગાતાં રે'વાય ના હૃદે.

પ્રેમને માનશે જે કો પ્રેમને મ્હાલશે જ જે,
પ્રેમને, આજ કે કાલે હોમાઈ, વરવું થશે.

પ્રેમ સૌ ભોગવી લેશે સહી સૌ પ્રેમ લે હૃદે,
સ્વભાવ પ્રેમનો એવો, છતાં બેસી ન પ્રેમ રે'.

ભોગવી ભોગવી, પ્રેમ પ્રેમને ચેતવે હૃદે,
જે સાચી પ્રેમની જાણ હૈયે સ્ફુરાવશે જ તે.

પ્રેમ તો સુખ કે દુઃખ સંસારી ગણના થકી,
અકલ્પ્ય ને અનેરો શો ! એનાથી પાર તે વળી.

પ્રેમનાં ગીત ગાવાને સારું જીવન દીનનું,
એના તે ભાવમાં યોગ્ય વહે, યથાર્થ તે ગણું.

આશીર્વાદો તમારા હો કૃપા પ્રેમ મળ્યા કરો,
પ્રેમનું ભાન ને જ્ઞાન કરાવ્યા કરજો, વિભો !

પ્રેમ વિના હવે લાગે નકામું જીવવું હૃદે,
કૃપા પ્રેમ બધાંનોયે જીવવા ચહું માગીને.

'જેવો તેવો તમારો છું એવો જાણી તમે મને,
હૈયામાં રાખજો' યાચું વારંવાર લળી હૃદે.

તમે પ્રસંગ જે આપ્યો થવાને વ્યક્ત પ્રેમથી,
પ્રેમનો પ્રેમ આભાર માનશે કેવી રીતથી.

હું તો આળોટવા ચાહું તમારા પાદમાં હૃદે,
એમાં જેવી મઝા આવે બીજી તેવી કશે ન છે.

*બાર* *તા. ૨૯-૪-૧૯૪૪*

## વહાલાંઓને પદે

શિખરિણી-મંદાક્રાંતા

તમે વ્‌હાલાં મારાં, હૃદય મુજ છો, તે જતાં આડુંતેડું,
મને કેવું લાગે ! સહી નવ શકું દોષ કે ભૂલ ત્યાં હું,
થયેલો હું-પ્રત્યે કઠણ અતિશે સાધના જીવને હું,
દયા ખાધી મેં તો મુજ નવ કદી તો કૃપા ઈશ પામ્યો.

* * *

કરીને ગોદાટી સતત મનને જાતને ખૂંદી નાખી,
દઈ શા આઘાતો અવળું બનતાં ત્યાં ટપેર્યું હૃદેથી !
તમોને હું મારા નિજ જીવનની જાત જેવાં ગણું છું,
સદા તેથી ધક્કા મુજ હૃદયના ક્રોધથી આપતો હું.

* * *

હતાં આડાં કેવાં મન, મતિ, અહં, પ્રાણ ને ચિત્ત મારાં,
મઠારાવા પોતે નિજ ઉમળકે સર્વ તૈયાર ન્હોતાં,
છતાં કેડે કેડે પડી પડી અને કામ લીધા કર્યેથી,
કૃપા સ્‌હાયે એની મુજ જીવનને સ્‌હાય દેતાં થયાં તે.

અનુષ્ટુપ

સુધરી ના જશે પોતે પોતાની મેળ પ્રકૃતિ,
પડે મઠારવી એને ઉગ્રતા પૂરી દાખવી.

જાગ્રતિ કાળજી રાખી વળાંકો ઊઠતી પળે,
સાવધાનપણાથી ત્યાં સાધકે ચેતવું હૃદે.

તે વિના કોટિ ઉપાયે સ્વભાવ આપણો કદી,
પૂરો ના ફરવાનો છે જાણજો નિશ્ચયે કરી.

વળાંકો મનના જેવા જેવા જ્યાં ઊઠતી પળે,
તે સાથે ભળવું છોડી એનું જોશ ઉતારી દો.

શાંતિ, તટસ્થતા, કર્મે અનાસક્તિની ભાવના,
પ્રભુપ્રીત્યર્થનો ભાવ કરો મથ્યા જમાવવા.

*ત્રિચિ* *તા. ૮-૬-૧૯૪૪*

# મહોબતની મીઠી લહેજત

ગઝલ

જિગર વિના જિગર ભીનું જિગરનો પ્રેમ ન્યારો છે,
જિગરનો પ્રેમ જો જુદો જિગરનોયે જુદો ત્યાં છે.

જિગરના પ્રેમ જાદુથી સદા ભુરકાઈ રહેવાનું,
હૃદયના પ્રેમને ઐક્યે જિગરમાંહી *સમાવાનું.

હૃદય અમ પ્રેમના રસથી સદા જોડાયેલાં રે'શે,
×જીવન તો એક છે છોને +જીવનના દેહ જુદા છે.

ભલે મૃત્યુ ભલે સ્વર્ગે ભલે જ્યાં હો જવાનું ત્યાં,
અમે તો સાથ રે'વાના અમે સાથે જ ઊડવાના.

અમારા પંથમાં કંટક ફૂલોની જેમ લાગે છે,
અમારી સ્વર્ગની દુનિયા, અમારો રાહ ન્યારો છે.

સદાયે પ્રેમમસ્તીમાં અમારે બસ રહેવું છે,
શરાબે પ્રેમ મહોબતના નિશે બસ ડૂલ રે'વું છે.

ખુવારીના અમે પંથે વળેલાની ખુમારી તે,
મહોબતની મીઠી લહેજત જિગર સમજે જિગર જાણે.

*ત્રિચિ* *તા. ૭-૮-૧૯૪૪*

*શમવાનું, =જિગર, + જિગરના

## જીવનપ્રેમ

ગઝલ

જીવનનો પ્રેમ જો ન્યારો હૃદયનો પ્રેમ ન્યારો છે,
જીવનનો પ્રેમ ન્યારો તો જગત ન્યારું જ લાગે છે.

જીવનને પ્રેમને જેવો પિછાને માનવી હૃદયે,
જીવનને ઓળખે તેવું હૃદયના પ્રેમ પરમાણે.

ગણો ના શબ્દ ખાલી તે ભરી તાકાત તેમાં શી !
જણાશે આપમેળે સૌ જુઓ જીવી અનુભવથી.

હૃદયથી પ્રેમ કરવામાં મઝા આનંદ કેવાં છે !
જીવન એ તો પ્રભુકેરા પ્રણયની શી પ્રસાદી છે !

પ્રસાદીમાં મળ્યું અમૃત ઉકરડે માનવી ફેંકે,
મળેલી બુદ્ધિનો કેવો કરે ઉપયોગ ફાની તે !

જીવનમાં માનવીપણું જે પ્રભુએ પ્રેમથી બક્ષ્યું,
અરે ! આ માનવીઓ તે જીવનધન વેડફી દે શું !

કૃપા કરજો કૃપા કરજો કૃપાળુ ! એ કૃપા કરજો,
જીવનને જીવવા બુદ્ધિ અમારી યોગ્ય તે કરજો.

*ત્રિચિ* *તા. ૯-૮-૧૯૪૪*

## પ્રેમભાવના

અનુષ્ટુપ

જીવનને ઘડાવાને કાજે ઓજાર ગૂઢ તે,
એકલું એક શું દિવ્ય મોટામાં મોટું પ્રેમ છે !

જેટલો શુદ્ધ તે થાય તેમ તેજસ્વિતા વધે,
ઉપયોગીપણું એનું તેટલું યોગ્ય થાય છે.

થયેલો શુદ્ધમાં શુદ્ધ એવો જે પ્રેમ હોય છે,
પાર પાડ્યા વિના કામ રહેતો નવ કો રીતે.

નિષ્કામ પ્રેમ એવો તો કલ્યાણ સર્વનું ચહે,
એવો પ્રેમ ઠરી હૈયે બીજાને વળી ઠારશે.

એવો પ્રેમ થવા હૈયે આદર્શ સામને ધરી,
કરે ચિંત્વન જે એનું તદાકારપણે કરી-
પ્રવૃત્તિમાંયે પોતાની એને જે ભૂલતો નથી,
રાખી તે મોખરે, જે તે કરે ચિંતવી ચિંતવી.

કર્મમાં પ્રેમ એવો જે ઉતાર્યા કરતો રહે,
'કર્મ' 'જીવન' બંનેને એવો પૂરાં ઘડી શકે.

પ્રેમની ભાવના ઊંડી જેનામાં ઉર સાંધશો,
તાંતણો તાર સંધાવા ખંતીલો યત્ન રાખશો.

આમંત્રી નોતરી એને વારંવાર લળી લળી,
ઊંડા બોલાવશો સાદે આર્તભાવે કરી કરી.

જેનામાં પ્રેમ જોડાયે સર્વભાવે કરી હૃદે,
એના જેવું કર્યા વિના છોડી દે છે કદી ન તે.

અંતરે ધ્યાન ને જ્ઞાન એવા પ્રેમતણું ઊંડું,
જાગ્રતિવાળું જે રાખે પ્રેમનું હાર્દ પામતું.

ઉદ્‌ભવે પ્રેમ ના મેળે પ્રેમ કેળવવો પડે,
પ્રેમ આપ્યા વિના પ્રેમ કોટિ કાળે ન તે મળે.

પ્રેમની જે કરે ભક્તિ પ્રેમ કાજે મરી મથે,
પ્રેમ કર્મે ઉતારે જે તે દે આકાર પ્રેમને.

પ્રેમ કેવું કરાવે છે *પોતાકેરું સમર્પણ,
પ્રેમ એવો બનાવે છે પોતાની જેમ સર્વતઃ.

ઘડી જો ના શકે પ્રેમ મિથ્યા તે પ્રેમ જાણવો,
કહી શકાય ના 'પ્રેમ' જે પ્રેમ કૈં ન ફાલતો.

જીવવા ફાલવા તેથી તમારામાં બધી રીતે,
તમારો પ્રેમ માગું છું ઉમંગે આપજો તમે.

આધાર પ્રેમનો પ્રેમ, પ્રેમનું હાર્દ પ્રેમ છે,
સ્વરૂપ પ્રેમનું પ્રેમ, પ્રેમની શક્તિ પ્રેમ છે.

આકર્ષી પ્રેમ શાં ભેગાં કરાવે છે પરસ્પરે,
વિના પ્રેમ કશી શક્તિ કોઈનામાં ન ક્યાંય છે.

પ્રેમની તે પરાકાષ્ઠાતણો પાર ન ક્યાંય છે,
એક ટોચે પહોંચો જ્યાં બીજી ટોચ જણાય છે.

અનંત હારમાળાઓ એકથી એક શી ઊંચી !
ખ્યાલ નાવી શકે એવી અનેરી ને અનોખી શી !

રતિભાર કરાવ્યો શો પ્રભુએ ઉરમાં મને,
એવા પ્રેમતણો હૈયે જે સંતોષ, તમો વિશે.

હૈયે પકડવા એવો જે પ્રસંગ કૃપા તમે,
આપ્યો મને, હું આભાર માનું શો કેટલો હૃદે !

*પંચગનિ* — *તા. ૨૨-૯-૧૯૪૪*

---

*પોતાનામાં સમર્પણ

# પ્રેમનું ગૂઢ સ્વરૂપ

અનુષ્ટુપ

વિકાસ આપણો દિવ્ય તત્ત્વ કો કરનાર હો,
પ્રેમ એ એકલું એવું તત્ત્વ પૂરું મહત્ત્વનું.

નિ:સંકોચપણે એમાં નિર્મળા ભાવથી કરી,
શ્રદ્ધા વિશ્વાસથી જેઓ પરોવાય. જીવે રળી.

જઈશું ત્યાં પરોવાતાં જેટલા કૈં પ્રમાણમાં,
ચૈતન્યશક્તિના તેવા થશે અનુભવો તદા.

'આનંદભાવનું વ્યક્ત માનવી જીવને થવું,
તે અનુભવમાં હોવું'-સ્વરૂપ એ જ પ્રેમનું.

એવા ભાવનું અસ્તિત્વ વ્યક્તિ વિના ન સંભવે,
વ્યક્તિ વ્યક્તિતણી વચ્ચે પ્રેમ સાંકળરૂપ છે.

પ્રત્યેક જીવનું દ્વૈત જીવ-વિશ્વનું દ્વૈત જે,
તે ઓળખાવનારું કો ઈશનું તત્ત્વ, પ્રેમ છે.

પ્રેમમાં ભાવના સર્વે સમાયેલી વસે પૂરી,
ગતિ, સ્થિતિ, ક્રિયા, શાંતિ, વેગ, સૌ પ્રેમમાં વળી.

અસંબદ્ધ જણાતું સૌ એક એકથી જે જુદું,
સુમેળ સર્વનો તે તે સધાયે પ્રેમમાં પૂરો.

અપાર વેગવાળું જે ક્રિયાશીલપણું અને,
સંપૂર્ણ શાંતિ એ સૌનો સુમેળ પ્રેમ તો કરે.

વિસંવાદીપણું જ્યાં ત્યાં ભલે દેખાતું વિશ્વમાં,
છતાં સૌ જાતનું પૂરું સંવાદીપણું પ્રેમમાં.

સૌથી મુક્ત છતાં સૌથી વધારે બદ્ધ પ્રેમ છે,
ગુલામી પ્રેમની એવી મુક્તિથી પ્રિય શી હૃદે !

વિરાટ પ્રેમની શક્તિ ચેતના એની ઓર છે,
એને જો વાપરો જ્ઞાને આવિર્ભાવ હૃદે થશે.

પ્રેમની ભાવના સૌથી સર્વોત્કૃષ્ટ ખરેખરી,
જ્યોતથી જ્યોત શી ચેતે ! પ્રેમની એવી તો ખૂબી.

જીવનહેતુથીયે તે સ્વતંત્ર હેતુ પ્રેમનો,
કરી કાર્ય રહેલો છે વિશ્વે અવ્યક્ત રૂપ શો !

સ્વતંત્ર ક્ષેત્ર એવું છે ભૂમિકા એની વિશ્વ છે,
છતાંયે ત્યાં સમાયે ના પારથી પાર પ્રેમ તે.

મર્યાદા પ્રેમની ન્યારી સ્વતંત્ર સર્વ રીતથી,
ખેલે શી આપમેળે તે ! છતાંયે સંકળાયેલી.

જ્યાં જ્યાં એનો થતો યોગ્ય ઉપયોગ સચોટ સૌ,
વિકસ્યા ત્યાં કરે પોતે એવો કૂટસ્થ પ્રેમ શો !

પોતાની ભૂમિકા ખોળી તે તે વ્યક્ત થવા ખરે !
ત્યાં પોતે ખેલતો રે'છે અનોખી રીતથી હૃદે.

મધ્યસ્થ શો રહી પોતે ક્રીડા ખેલ કર્યા કરે,
માયા અજ્ઞાનથી કેવા ભમાવ્યા સર્વને કરે !

જ્યાં જ્યાં વ્યક્ત થયો પોતે છતાં એના સ્વરૂપને,
સ્વીકારી કામ જે ના લે, એમનો ત્યાગ તે કરે.

કોઈનો ત્યાગ ના પોતે પોતાની મેળ તો કરે,
જાગ્રતિ ભાન જો ના હો ત્યાં પોતે પ્રેમ શું કરે ?

પ્રેમની શક્તિને યોગ્ય કામે જેમ લઈશું તે,
એના અનુભવો તેમ થતા રે'શે અનુક્રમે.

જાગેલી શક્તિને જે કો ખંત જાગ્રતિ સેવીને,
જ્ઞાનભાવે કરી એને વાપરે, પ્રેમ પામશે.

બાકી તો હોય ના પોતે એમ અદશ્ય તો રહે,
ધોયેલા શા મૂળા જેવા ઠાલા લાગીશું તે સમે.

ભક્ત કેવા હૃદે ઝંખે પ્રભુ કાજે દ્રવી દ્રવી,
વધુ એ ભાવથી ઊંચું પ્રેમનું સ્થાન તત્ત્વથી.

અનંત ધૈર્ય ને આશા શો વિશ્વાસ અનંત છે !
પ્રેમના ભાવમાં કેવી કેવી અનંતતા વસે !

એવી અનંતતાકેરું અવ્યક્ત વ્યક્ત રૂપ જે,
રસાત્મક રૂપે પ્રેમ ગૂઢ શો સચરાચરે !

એવા પ્રેમતણા ભક્ત જીવતા બનીને ભલા !
પ્રેમથી પ્રેમમાં પ્રેમ પ્રેમરૂપે જીવો સદા.

*પંચગનિ* *તા. ૨૩-૯-૧૯૪૪*

## પ્રેમ-સાધના જીવન

અનુષ્ટુપ

પ્રેમને ભોગવી જે લે પ્રેમ ના મેળવી શકે,
પ્રેમ જે ઉપયોગે લે પ્રેમ તે મેળવી શકે.

સાધન પ્રેમને જેઓ પોતાના જીવવાતણું,
રાખીને વાપરે પ્રેમ, એને પ્રેમ રળાવતો.

પ્રેમને લક્ષ્યમાં રાખી પ્રેમને કાજ જે જીવે,
પ્રેમ એને બતાવે છે પોતાનું સાચું તત્ત્વ તે.

જીવતાં જીવતાં જેઓ પ્રેમને કાજ વિશ્વમાં,
સર્વાર્પણ કરે ભાવે, શકે તે ભળી પ્રેમમાં.

પ્રેમથી પ્રેમમાં જેઓ પ્રેમનું સૌ સ્વીકારતા,
એવા તે એકલા શૂરા રળે શા પ્રેમમાં સદા !

સ્વીકારાઈ શકાતો ના અમસ્તો પ્રેમ કોઈથી,
પ્રેમની ભૂખ તો કેવી વધે છે આપતાં ઊંડી.

પ્રેમને વરવા પૂરું જે કોઈ જીવને ચહે,
પ્રેમને યોગ્ય સામગ્રી પૂરી પીરસવી પડે.

જતાં પીરસવા એવું જેને આનંદ ઊપજે,
એવાની ઉપરે વારી વારી શો પ્રેમ જાય છે !

સદ્ભાવ પ્રેમની પૂંઠે જેના હૈયે ઊંડો વસે,
એવાને છેતરાવાનું કશાથી ક્યાંય ના બને.

પ્રેમ એની રખેવાળી આઠે પ્હોર કરે સદા,
પ્રેમને એકભાવે જે ચિંત્વે, તે પ્રેમ પામતા.

પ્રેમથી પ્રેમમાં જેને જીવવાની કળા મળે,
ઓતપ્રોત થતો સૌમાં છતાં પાછો જુદો તરે.

પ્રેમ પોતે સહી સૌ લે જે આપો તે સ્વીકારશે,
ઉદાર પ્રેમના જેવો કશો બીજો ન ભાવ છે.

વાંકુંચૂકું કશું ઊંધું પ્રેમમાં તો કંઈ ન છે,
પ્રેમથી પ્રેમમાં જીવે એને કલ્યાણ તો બધે.

પ્રેમનું મૂલ્ય જે આંકે પાછો તે પ્રેમથી પડે,
પ્રેમને પ્રેમ જે આપે આંકવું ત્યાં અયોગ્ય છે.

આંકવા જે જતો, એવું પ્રેમનું સત્યરૂપ તે,
ઓળખી ના શકે પૂરું, રુંધાયા ઊલટો કરે.

પ્રેમથી કેળવાયે છે હૈયાનો પ્રેમ સર્વદા,
ઇચ્છે કેળવવા જેઓ પ્રેમ, તે પ્રેમ પામતા.

પ્રેમને આપવાકેરી કળા યોગ્ય પૂરેપૂરી,
જાણવી પડશે, જેને પ્રેમમાં જવું છે ભળી.

'પ્રેમ તો આંધળો' એવું લોક તો બોલતા દીઠા,
જોનાર પ્રેમના જેવો કિંતુ ક્યાંય ન વિશ્વમાં.

આંધળો પ્રેમ તો મોહ જેમાં લોકો રમી રહ્યા,
ગણે છે તેથી પોતાના જેવો તે પ્રેમને સદા.

કક્ષા તો પ્રેમની લોકો પોતાની યોગ્યતા રીતે,
જાણતાં, માણતાં, તેથી પ્રેમનું રૂપ ઓર છે.

સંકળાયેલ રે' સૌમાં પ્રેમ પોતાની રીતથી,
છતાં તે તેમના જેવો કોઈ રીતે બને નહિ.

અસ્તિત્વ પ્રેમનું સૌમાં, પ્રેમથી સૌ પરસ્પરે,
રહે પ્રવૃત્તિમાં તોય પિછાને કો ન પ્રેમને.

જુદું એક થકી એક પ્રેમનું તત્ત્વ ઓર છે,
જુદી શી એકથી એક પ્રેમની રંગતો દીસે !

પ્રેમ શી ભાત પાડે છે સર્વના જીવને ઊંડી,
રંગાયેલા રહે લોકો કેવા કેવા જ પ્રેમથી !

પ્રેમમાં જાત ને ભાત નથી એક પ્રકારની,
સ્વભાવ પ્રેમનો પૂરો કળાતો કોઈથી નથી.

છતાં સ્વભાવ તો એનો શો ઉઘાડો નર્યો દીસે,
કિંતુ એની પડી ના હો, એને તે ના છતો થશે.

પોતાનું જે ગણ્યું તે સૌ પ્રેમને આપવાપણું,
સ્વભાવ પ્રેમનો એવો નૈસર્ગિકપણે ખરો.

એવા તે પ્રેમનું જેને પ્રવૃત્તિ નિજની વિશે,
પૂરેપૂરું રહે ધ્યાન, તેવા સૌ પ્રેમને વરે.

થોડી વાર થવાતાં જ્યાં પ્રેમથી જુદું ઉરમાં,
જીવવું કારમું સાલે તેવાને સુખ પ્રેમમાં.

પ્રેમને કાજ જે તે સૌ જીવને આ બધું મળ્યું,
તે તે સૌમાં ઊંડો પ્રેમ જોવાતાં, તત્ત્વ મેળવ્યું.

પ્રેમની સાધના એવી દિવ્ય ઉત્તમ જીવને,
પ્રાર્થના સર્વને મારી ધારજો લક્ષ્ય પ્રેમ તે.

*ઘાટકોપર* *તા. ૧૫-૧૦-૧૯૪૪*

## પ્રેમસંબંધ

અનુષ્ટુપ

પ્રેમને જે વિચારે છે, ચિંતવે પ્રેમ જે હૃદે,
પ્રેમને જે નિદિધ્યાસે, વરે છે પ્રેમ એમને.

કરે જે જે બધું તેમાં સર્વ કેંદ્રિત શક્તિથી,
પ્રેમભાવ પરોવે જે એને પ્રેમ શકે મળી.

જે તે કૈં સર્વ વાતોમાં મહત્ત્વ પ્રેમને દઈ,
કરે આરાધના જે કો પ્રેમની પ્રેમનું બની-

-જેમાં તેમાં હૃદે ભાવ પ્રેમનો તે ધર્યા જશે,
આવિર્ભાવ હૃદે પૂરો એકલા એહને થશે.

વિના પ્રેમ કંઈ બીજું ઊગે જ દષ્ટિએ નહિ,
વૃત્તિ બીજી વિના પ્રેમ જેને કૈં જાગતી નથી.

સર્વ આધારમાં જેને પ્રેમ આધાર શ્રેષ્ઠ હો,
એવાને પ્રેમ તો મેળે કરે સંપૂર્ણ ધન્ય શો !

જે જે સર્વ પ્રસંગોમાં પ્રેમના મૃદુ સ્પર્શને,
હો અનુભવવા ઊંડી વાંછા, તે પ્રેમ ન્યાળશે.

આકરાયે પ્રસંગોમાં પ્રેમનો હાથ નીરખી,
પ્રેમનો હેતુ જે જુએ ઘડાયે તે જ માનવી.

મળેલા સર્વ સંબંધોમહીં એકલી એક જે,
પ્રેમની દષ્ટિ ને વૃત્તિ રાખે, તે પ્રેમ પામશે.

જે કૈં થયા કરે તેમાં જુએ જે પ્રેમ મોખરે,
એકલા માત્ર એવાને પ્રેમ તો નિજનો કરે.

પ્રેમને કોઈ મુશ્કેલી લાગતાં ઓગળી જશે,
કારમા મૃત્યુનીયે તે પ્રેમ પાર તરાવશે.

કારમા કારમા કેવા પ્રસંગો જ્યાં ઊભા થશે,
પ્રેમને કેળવાવાને મળેલા જે ગણે હૃદે,

એવો તે એકલો શૂરો પ્રેમને કેળવી શકે,
પ્રેમ આધારથી એવો કામ સૌ પાર પાડશે.

પ્રેમને આપણી વચ્ચે રે'વા ઊભું ન દો બીજું,
પ્રેમને માત્ર જ્યાં ત્યાંયે ખ્યાલમાં રાખી વર્તવું.

પ્રેમને આપણી વચ્ચે એકાકાર થવાપણું,
રાખશે વ્યવહારે જે સર્વથી લાભ પામતું.

પ્રેમને આપણી વચ્ચે માયાનું વિશ્વ જે ઊભું,
એ રીતે વર્તતાં, વિશ્વ મેળે અદૃશ્ય પામતું.

એવાને તો પછી જ્યાં ત્યાં પસારો પ્રેમનો બધે,
લાગશે, ચિત્ત ને દૃષ્ટિ ખાશે શો પલટો હૃદે !

વિશ્વ ને સર્વ સંબંધ પ્રેમ કેળવવા મળ્યા,
એ રીતે જોઈ જે વર્તે, જીવને તત્ત્વ મ્હાલતાં.

શો સચરાચરે પ્રેમ સર્વમાં સૂક્ષ્મ તે રહ્યો !
એવા પ્રેમની સાથે, સૌ સંબંધ આપણો ખરો.

એવા તે પ્રેમની સાથે જીવને બધી નિસ્બત,
ચાલી વિચારી એ રીતે રાખવું સર્વ વર્તન.

પ્રેમરૂપે બધે જ્યાં ત્યાં પ્રેમથી પ્રેમમાં રહી,
પ્રેમ અનુભવે જીવે પ્રેમને નિત્ય મેળવી.

વિસંવાદી બધું લાગે ઉપરછલ્લી રીતથી,
સંવાદ શો ભર્યો લાગે પ્રેમની દૃષ્ટિ જ્યાં ઊગી !

પરાત્પર પૂરો પ્રેમ જેને જીવન ફાલશે,
પ્રાગટ્ય પ્રેમની લીલા જ્યાં ત્યાં એને શી લાગશે !

પ્રેમથી વિશ્વ જન્મે છે, પોષાતું વિશ્વ પ્રેમમાં,
પ્રેમથી મૃત્યુ પામે તે, એવી શી પ્રેમની લીલા !

પ્રેમ આરાધવા જન્મ રૂડો માનવીનો મળ્યો,
મહત્ત્વ એનું જાગ્યું હો એને પ્રેમ ફળે રૂડો.

જેના જીવનમાં જાગ્યો પૂરેપૂરો જ પ્રેમ તે,
પ્રવૃત્તિ એકલી માત્ર એવાને પ્રેમની રહે.

*ઘાટકોપર* *તા. ૧૬-૧૦-૧૯૪૪*

## પ્રેમવંદના

અનુષ્ટુપ

કેડો મૂકે નહિ પ્રેમ, પ્રેમ કેવો પડે પૂંઠે !
જવું ના હોય તે તોય ધક્કેલ્યા ના વિના રહે.

પ્રેમને કબજો પૂરો આપતાં આપતાં ઘણી,
લગાડ્યા શી કરે વાર ! છતાં તે શોભતો નથી.

પોતાનું ભાગ આવેલું કર્યા તે તો કરે સદા,
પ્રેમ રાખ્યા કરે ઊંડી હૈયે તાદાત્મ્યભાવના.

પોતાનો તાંતણો જે કો પરોવી પ્રેમમાં શકે,
પ્રેમનો પડછો એને હૈયે આવે અનુભવે.

પ્રેમને સૌ પ્રસંગોમાં જે જોયા કરશે હૃદે,
એવો તે પ્રેમને જોયા વિના ના કદીયે રહે.

તાલાવેલી રહે જેને એકલા પ્રેમની હૃદે,
પ્રેમનો ભાવ એવાને હૈયામાં ચેતશે ખરે.

'પોતાને એકલાને તે કરો ચહ્યા ઊંડી રીતે',
પ્રેમ માગ્યા કરે એવું, પ્રેમનો તે સ્વભાવ છે.

'એકલા માત્ર પોતામાં દૃષ્ટિ ને વૃત્તિ રાખજો',
પ્રેમની માગ એવી જે પૂરે, ન્યાલ થતો ખરો.

પ્રેમનો ભાવ જ્યાં જાગે આપણું મન આંતર,
પ્રેમ ભાવથી કેવું કરે પામ્યા રૂપાંતર !

ટેકીલો પ્રેમ સૌ વાતે, પ્રેમ શો વ્રતધારી છે,
એનામાં જે પ્રવર્તેલો પ્રેમને તે પસંદ છે.

પ્રેમનો હક્ક જે કોઈ પૂર્યા આનંદથી કરે,
તેવાને હક્ક સર્વસ્વ આપ્યા પ્રેમ સદા કરે.

જેના પરે રીઝે પ્રેમ એને જ નિજનો કરે,
પોતા જેવો બનાવીને પોતાનામાં રમાડશે.

પ્રેમની ભૂખ જે ભાંગે, ભાંગશે ભૂખ એહની,
પ્રસન્ન જે કરે પ્રેમ, વરાયે તે જ પ્રેમથી.

પ્રેમના જીવને જેઓ પ્રવેશે એકભાવથી,
એમનું વિશ્વ તો ઓર એમની ભૂમિકા જુદી.

વિશ્વથી અળગાં તેઓ ઘડીવાર થતા નથી,
છતાં ના વિશ્વના જેવા, સ્વયંભૂ ઓર ભાવથી.

એવા જે પ્રેમમાં જેઓ તદાકારપણે રમે,
બુદ્ધિ કોરી કદી કેમ એવાને સમજી શકે ?

પ્રેમમાં ભળવાકેરી ઝંખના બળતી ઊંડી,
જેને હૈયે થતી ભારે એને પ્રેમ ચહે લળી.

પ્રેમને કાજ જે જીવે પ્રેમ કાજે મરી મીટે,
કરે મનામણાં એને પ્રેમ કેવો નવાજીને.

પ્રેમની દૃષ્ટિ ને વૃત્તિ કેવી અનંતગામિની !
એક તોયે બધાં સાથે ભળેલી શી રહ્યા કરી !

પ્રેમ એવો અહા ! કેવો આકર્ષ્યા સર્વને કરે !
કોઈ ને કોઈ રૂપે તે, છતાં ના ચક્ષુ ઊઘડે.

પામર માનવી એવાં એને શી પ્રેમની પડી ?
જ્યાં જ્યાં જુઓ ત્યહીં પ્રેમ, એની શી રચના ખૂબી!

પ્રેમ પોકાર પાડે છે એને સ્વીકારવા હૃદે,
છતાં ના સાંભળે કોઈ એવાં માનવી મૂઢ છે.

જિંદગીના પ્રસંગોમાં પ્રેમનો સૂક્ષ્મ હાથ છે,
ત્યાં ત્યાં અનુભવે જેઓ એને, તે પ્રેમ પામશે.

પ્રેમનું વિશ્વ ના એક એનાં વિશ્વ અનંત છે,
પ્રેમને પામવો એવો દોહ્યલો દુસ્તરે ખરે.

પ્રેમ પારખવા એવો જેને અભ્યાસ જીવને,
કેળવાતો રહે, એને પ્રેમ દેખા દીધા કરે.

પ્રેમને એવી રીતે જે એકવાર નિહાળશે,
પ્રેમમાં ઝંપલાવ્યા તે વિના ના કૈં રહી શકે.

જેણે ત્યાં ઝંપલાવ્યું છે, પ્રેમના ક્ષેત્રને દિશા,
પોતાના જીવને એને આવે અનુભવે તદા.

પ્રેમ માગ્યા કરે સર્વ જે જે આપણું માન્યું તે,
સહુ તે આપતાં પાછી ઊભી માગણી એની રે’.

પૂરેપૂરી રીતે હૈયે આપણે જ્યાં છતાં થતાં,
છતો સદા રહે પ્રેમ નૈસર્ગિકપણે તદા.

એને ઘૂંઘટ ખોલીને આપણું પૂરું દેખવા,
મુખ દેતા નથી, ક્યાંથી પછી પ્રેમ કરે કૃપા ?

ઘૂંઘટો એકથી એક કેવા અનંત જાતના !
ખસેડાઈ જતાં તેને થાયે દર્શન પ્રેમનાં.

એકધારું ધર્યે ધ્યાન ઊંડું પ્રેમથી પ્રેમનું,
એની પ્રવૃત્તિમાં એને દોરવ્યા તે કરે ઘણું.

સ્પષ્ટ ભાન છતાં એનું માનવીને થતું નથી,
તેથી પ્રેમ અજાણ્યો રે’ આપણાથી કરી વળી.

બાકી પ્રેમ અજાણ્યો ના, અજાણ્યા આપણે સદા,
રહ્યા તે કરીએ કેવા ! દોષ એનો ન ત્યાં, ભલા !

જ્યાં જ્યાં તો પ્રેમ પોતે છે જીવે તો પ્રેમથી બધાં,
પ્રેમનો સ્પર્શ તો સૌને થયા શો કરતો સદા !

પ્રેમ શાં પગલાં પાડે માનવી જીવને ઘણાં !
છતાં મહત્ત્વ ના કોઈ એને માનવી આપતાં.

પોતાનું તે કર્યું માને મહત્તા નિજની ગણી,
પોતાની હોશિયારીથી માનવી મલકાય છે.

જિંદગી માનુષી કેવી પ્રેમથી છે છલોછલ !
માનવી રોદણાં કેવાં છતાં રોયા કરે દિલ ?

એવા તે પ્રેમની ભક્તિ ખૂબ જો કરવી ગમે,
ઓળખી શકશે તેવો પ્રેમને હૃદભાવથી.

તે વિના અન્ય કો રીતે પ્રેમ ના પરખાય છે,
પ્રેમ પારખવા આવી ભક્તિ માત્ર ઉપાય છે.

આપના જીવને પ્રેમ પ્રેમની કેવી નમ્રતા !
જે જે કોઈ મળે એને આપ કેવું નવાજતા !

એક ઢાળે પડ્યો પ્રેમ જાણે શો આપનામહીં,
છતાં તે એક ઢાળેથી કૂદવાનું રહ્યું સહી.

પ્રેમના ઢાળિયા કેવા એકથી એક તે જુદા,
એકમાં ના પરોવાઈ જવાનું રાખવું કદા.

માનવી જીવને જે જે ભાવના રંગ લાગતા,
પ્રેમમાં ભાવના તે તે મેળે આપ્યા કરે સદા.

પ્રેમથી ભાવના જુદી રહી કોઈ શકે નહિ,
પ્રેમને વશ તે સૌ છે, પ્રેમથી અળગી નથી.

પ્રેમથી પ્રેમને ઊંડો એકાકારપણે હૃદે,
કૃપાથી એકધારો તે કરો રાખ્યા સદા તમે.

ભૂમિકામાં થવા દેશો એનો ભંગ ન કો રીતે,
પ્રાર્થના એટલી મારી આપના પાદપંકજે.

પામર માનવી હું તો કરી શું કેટલું શકું ?
તમારો પ્રેમ હૈયાથી મે'રબાની ચહ્યા કરું.

એકલો માત્ર આધાર મારે જો ક્યાંય હોય તો,
લાકડી આંધળાને છે મારે તો તેમ પ્રેમ સૌ.

સૌના પ્રેમ વડે મારું સારું જીવન આ નભે,
આપનો પ્રેમ માગું છું તેથી હું જીવવા હૃદે.

આપજો આપજો પ્રેમ વધુથી વધુ આપજો,
'એને યોગ્ય મને રાખે' પ્રેમને નિત્ય પ્રાર્થતો.

મારા જેવા પરે પ્રેમે કેવી કેવી કરી કૃપા,
તેથી જિવાયું મારાથી શી એવી પ્રેમની દયા !

મારો કો જન્મદાતા હો, મારું કો રક્ષનાર હો,
મારું કો પોષનારું હો, મારું એવું જ પ્રેમ તો.

એવા તે પ્રેમને વંદું, એવા તે પ્રેમને નમું,
આરાધના વિના એની લાગે જીવવું કારમું.

આશીર્વાદે તમો સૌના એવી રો' મનની ગતિ,
એટલું માત્ર માગું તે આપજો પ્રેમથી કરી.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૨૦-૧૦-૧૯૪૪*

## પ્રેમશક્તિ

શિખરિણી-મંદાક્રાંતા

પ્રભુની વ્હાલાંઓ પ્રતિક્ષણ જગે પ્રેમની દિવ્યમૂર્તિ,
પ્રભુની વ્હાલાંઓ પ્રતિક્ષણ હૃદે ભાવની ઊર્મિ શક્તિ,
પ્રભુની વ્હાલાંઓ હૃદ જગવતાં પ્રેરણાઓ અનેરી,
પ્રભુની વ્હાલાંઓ અમ ઉર રહો આત્મની દિવ્ય જ્યોતિ.

અનુષ્ટુપ

પામર હું સમાકેરી મૂડી પ્રેમ વિના બીજી,
હોઈ શકે કશી ક્યાંથી ? આપતાં આપતાં વધી.

અમોઘ પ્રેમની શક્તિકેરું માપ હૃદે ખરે !
કૃપાથી જન્મતાં કેવી દૃષ્ટિ, વૃત્તિ, ફરે બધે !

એ શક્તિ આગળે બીજી શક્તિ ના ખપની કશી,
એવી લક્ષ્મી મળ્યા કેડે રાજા કે રંક કો નથી.

પ્રેમ પોતે બને રાજા જ્યાં તેવું થવું યોગ્ય છે,
પ્રેમ પોતે બને રાંક, રાંક જ્યાં થવું યોગ્ય છે.

પ્રેમની આગળે સર્વે સંકોચો ઓગળી જતા,
પ્રફુલ્લિત સદા રે' તે ઉદાત્ત ભાવનાથી શા !

માનવી જીવને શક્તિ ગૂઢ જે ચેતનાની છે,
નવા પ્રાણતણી સ્ફૂર્તિ તે વેળા જાગતી હૃદે.

જીવન દૃષ્ટિની સામે વિશ્વ તે વિશ્વની રીતે,
ત્યારે ઊભું રહે છે ના, ઓર તે નજરે પડે.

'પ્રેમના ભાવથી કેવું ઓતપ્રોત થયેલ તે,
સાધતા હોઈએ હૈયે એકતા' એમ લાગીએ.

પ્રેમનો એમ હૈયામાં તાદૃશ્યભાવ જામતાં,
પ્રેમ વિના કશું ક્યાંય નથી દેખાતું વિશ્વમાં.

પ્રેમની શક્તિ હૈયામાં થતાં જાગ્રત કેવી તે,
સાંકડા વ્હેણથી મુક્ત કરાવે મન ચિત્તને !

લોહચુંબક ખેંચે છે લોહને, તેમ પ્રેમ તો,
પોતાનું તત્ત્વ સૌમાંથી લાગે શો ખેંચતો હૃદે !

એવા તે પ્રેમની શક્તિ મહાન ધોધની ગતિ,
થકી શી કેટલી મોટી ! એની શી ગણના કશી !

નાખે હલમલાવી તે કેવાં માનવીને હૃદે !
મૃદુ કેવાં બનાવે છે પ્રેમ માનવીને મને !

કેવી નિકટતા પ્રેમ કરાવે છે પરસ્પરે !
એકબીજા પ્રતિ કેવાં બનાવે છે સહિષ્ણુ તે !

પ્રેમ નિર્બળતાથી કૈં સાંખી બીજાંનું લે ન તે,
પ્રેમ જો સાંખતો દેખો તો તે પ્રવેશવા હૃદે.

એકબીજાતણા દોષો પ્રતિ દુર્લક્ષ પ્રેમનું,
જાણે ત્યાં કરતો દેખો, છતાં દે ના જવા જ તે.

કેવા કેવા પ્રસંગોને ઊભા જીવનમાં કરી,
બતાવે રૂપ પોતાનું નગ્ન જે હોય તે વળી.

બતાવી પ્રકૃત્તિ રૂપ બેસી પ્રેમ રહે નહિ,
કોઈ ને કોઈ રીતે તે મથાવ્યા કરતો સહી.

ઉત્સાહ પ્રેરણા આપે પ્રેમ શો માનવી હૃદે !
નિર્ભેળ ભાવનાવાળો એવો તે પ્રેમ હોય છે.

પ્રેમ જીવનનો હૈયે આવિર્ભાવ કરાવતો,
પ્રેમ જીવનથી જ્યાં ત્યાં શો આનંદ સ્ફુરાવતો !

પ્રેમ જીવનની કેવી રંગભૂમિ રૂપે બને,
પ્રેમ જીવનનું ઓર શું આકર્ષણ હોય છે !

પ્રેમનું ભાવના જોશ પ્રેમની ગતિ જીવને,
ક્યાંયે લઈ જવા શક્તિ પ્રેરે માનવીને ખરે.

પ્રેમની શક્તિનું માપ હજી કોઈ ન લૈ શક્યું,
જીવન ભાવનાકેરું ગતિવાહક યંત્ર શું !

દિવ્ય તે પ્રેમ એવાનું ભાન જેણે કરાવિયું,
એવા ગુરુતણા પાદો પખાળ્યા પ્રેમથી કરું.

એવા ગુરુ થયા પોતે આપ પ્રત્યક્ષ આપથી,
આપમાં શા ભળે પોતે ! એને હું નમું ભાવથી.

એના શા ભાવમાં હૈયે કૃપાથી એની શો રહું !
બલિહારી બધી એની કેવી કેવી અનંત શું !

પ્રેમથી ટપલા એણે માર્યા કર્યા મને ઘણા,
એકલો હું જ તે જાણું વાત તે કો ન જાણતા.

ગૂઢ માર ઊંડો મારી પ્રેમ હૈયે ઉતારવા,
ગુરુએ સાન ઠેકાણે મથાવિયો શું આણવા !

પ્રેમ તદ્રૂપ પોતે શા મારા કાજે થયા હૃદે !
અને પાઠ ભણાવ્યા શા કોણ જાણી શકે જ તે ?

એમણે શીખવ્યું જે જે વિશ્વને ગુરુપાદ હું,
ગણી તે સોંપું છું પાછું, ગુરુ-વિશ્વ ! નમું નમું.

ભજવ્યો ભાગ ના ઓછો મને વિશ્વે મઠારવા,
તેથી વિશ્વ ગુરુ મારો જોયા શા ગુરુ વિશ્વમાં !

પ્રેમનો પાઠ તે પાકો વિશ્વે કરાવિયો મને,
વિશ્વ તો પાઠશાળા છે પ્રેમજીવનની ખરે !

હજારો વંદનો એને પ્રણામો લાખ એહને,
પ્રેમ શો હોય સાચો તે બતાવ્યો મારી મારીને.

સચ્ચિદાનંદ શું રૂપ પ્રેમનું સચરાચરે,
પ્રેમને પામવા પૂરું રે'જો સૌ લક્ષ્ય અંતરે.

સંપૂર્ણ રીતથી પ્રેમ પમાશે કે પમાય ના,
કોણ જાણી શકે એ તો પામર માનવી જ જ્યાં ?

પ્રેમથી પ્રેમમાં હૈયે પ્રેમરૂપે સદા બધે,
રહેવાજો ઊંડા ભાવે પ્રાર્થના પ્રેમપાદ તે.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૨૫-૧૦-૧૯૪૪*

## પ્રેમભક્તિ

અનુષ્ટુપ

પ્રેમ બતાવવા રૂપ આવે પોતાનું ના કદી,
પ્રેમને જાણવા જે કો જાય. તે જાણશે વળી.

પ્રેમના ચરણે બેસી પ્રેમથી પ્રેમમાં ભળી,
પ્રેમને શીખવા ચાહે પ્રેમ એને જશે વરી.

માનવી રીતથી કોઈ પ્રેમને ના ગ્રહી શકે,
પ્રેમ ને પ્રેમની રીતો અનોખી ન્યારી ઓર છે.

જેને હો પામવા હૈયે મોંઘી આશા અનેરી શી !
હોમાઈ ત્યાં ગયા વિના ફળે આશા કદી નહિ.

પૂરાં કહ્યાગરાં હૈયે સર્વ ભાવે ન પ્રેમને,
તે છતાં પ્રેમને કેવા દોરવા ચહીએ છીએ !

'ઈશારે આપણે નાચે, ઈશારા આપણા વડે,
પ્રેમ સર્વ કરે' એવું માનવી શાં ચહ્યા કરે !

પોતે ચલાવવા પ્રેમ પોતાની માન્યતા રીતે,
સદા તે માનવી ધારે કેવાં પામર મૂઢ તે !

સંકળાયેલ જો પ્રેમ માનવીજીવને હશે,
નીચેમાંના નીચે એવા થરોમાંયે પ્રવેશશે.

આપણો સાથ શો ત્યાંયે રાખીને ચેતના વડે,
ઊંચા તે લાવવા ગૂઢ કેવો યત્ન કર્યા કરે !

ખીલેલી બુદ્ધિ જેની છે, જેની કૈં આંખ ઊઘડી,
ઊંડી કરામતો એને જણાયે સૂક્ષ્મ પ્રેમની.

ઘડાવે પ્રેમ શી રીતે ! મથાવે પ્રેમ શી રીતે !
જગાડે મંથનો પ્રેમ, પ્રેમની બલિહારી તે.

'આપણાં સર્વ કર્મોમાં એનો સંગાથ મોખરે',
એવું જે ચિંતવી હૈયે ચાલે, પ્રેમ નિહાળશે.

આંખો શી ખોલતો રે' તે બતાવે તે નવું નવું,
જીવને આવકારે જે પામતો તત્ત્વ પ્રેમનું.

પ્રેમની ભાવના મિથ્યા માનવી શી કરાવતાં !
ચેતેલાં ના રહી પૂરાં મૃત્યુજીવન જીવતાં.

પ્રેમ તેમ છતાં પાછો માનવી પૂંઠળે પડી,
કેવો ગોદાટતો પ્રેમ ! કેડો પ્રેમ મૂકે નહિ.

પ્રેમથી ભાગવા કોની નથી તાકાત જીવને,
પ્રેમમાં સૌ સમાયેલાં જેવાં તેવાં બધાંય તે.

મર્યાદા પાર તો પ્રેમ, પ્રેમ, પોતે પરાત્પર,
કેવી ગહનતા સૂક્ષ્મ પ્રેમની સચરાચર !

આપણે પ્રેમથી જુદાં જીવને રહીએ છીએ,
આપણાથી જુદો રે'વા પ્રેમને દોષ આપીએ.

જીવને પ્રેમની શક્તિ સર્વ કામ કરાવતી,
આપણે સૌ કર્યું માની પ્રેમ નિહાળતા નથી.

પોતા સિવાય કૈં પ્રેમ કોઈને આપતો નથી,
પ્રેમ બીજા કશામાંથી પોતા સિવાય લે નહિ.

સંતાકૂકડી તો પ્રેમ જીવને શી રમ્યા કરે !
ખોળી જે કાઢતો એને પ્રેમ તાળી દીધા કરે.

ખોળી જે પ્રેમને કાઢે એહને પ્રેમ ખોળશે,
છતો એને કરે, એના જીવને તે છતો થશે.

તાબેદારી સ્વીકારે છે પ્રેમ તો કોઈની નહિ,
પોતાનો કોઈને પ્રેમ તાબેદાર કરે નહિ.

સ્વતંત્ર પ્રેમ એવો શો ! બક્ષે સ્વતંત્રતા બધી,
ભુલાવામાં પડે છે સૌ તેથી અજ્ઞાન માનવી.

સંપૂર્ણ સાત્ત્વિકી બુદ્ધિ પ્રેમની આંખ જાણવી,
એવી આંખ થતાં જેની, મળે છે દૃષ્ટિ પ્રેમની.

પ્રેમ છૂપામહીં છૂપો રહે કેવો ! જણાય ના,
જુએ તે જ મથે એને પ્રાદુર્ભાવ કરાવવા.

પ્રેમને આળપંપાળ કોઈ વાતે કશી નથી,
આળપંપાળ આરોપે છતાં પોતાની માનવી.

પોતાનો કરવા પૂરો પ્રેમને જે ચહી ઊંડું,
સર્વ કર્મ વિચારોમાં ઉતારે પ્રેમ આપ શું !

'પોતાના વ્યવહારો સૌ પ્રેમ પૂરા ભળાવવા,
મળેલા' માની જે વર્તે તેનો પ્રેમ થશે સદા.

ગમે ત્યાં હો ભલે ક્ષેત્ર પોતાનું તે છતાં હૃદે,
પ્રેમને ચિંતવે જે ત્યાં પ્રેમને તે ઉતારશે.

પ્રત્યેક ક્ષેત્રનો હેતુ તેવા તેવા ગુણોતણો,
ખ્યાલ જે હૃદયે રાખે, તે ક્ષેત્રે પ્રેમ જીવતો.

પ્રેમની શક્તિ સર્વત્ર અવિચ્છિન્નપણે વસે,
શકે પેસી ગમે ત્યાંયે પ્રેમ, જો ધારણા હૃદે.

કરી જ્યાં કૈં શકે કામ પ્રેમ પોતે ન સર્વશઃ,
એવું એકેય ના ક્ષેત્ર જ્યાં છે ના પ્રેમ સર્વતઃ.

કિંતુ તે ક્ષેત્રમાં હૈયે પ્રેમની માત્ર ધારણા,
જેને રે' જીવતી પૂરી એને પ્રત્યક્ષ પ્રેમ ત્યાં.

પ્રેમની ક્ષેત્ર મર્યાદા ક્યાંયે અંકાઈ ના શકે,
પ્રેમ અવતરશે જ્યાં જ્યાં પોકાર પ્રેમનો થશે.

તેથી તો ભાગવા ક્યાંયે પ્રેમ ઉદ્‌ભાવવા બીજે,
મળેલું ક્ષેત્ર છોડીને જવાનું ક્યાંય ના કશે.

'કરી કામ શકે પ્રેમ' એવી તે ક્ષેત્રને વિશે,
સર્વ કામો થતાં રે'તાં ધારણા ધારવી હૃદે.

તેવાં તે ક્ષેત્રનાં કામો પ્રેમ પ્રીત્યર્થ સૌ કરી,
પ્રેમને તે સમર્પીને પ્રેમમાં રે'વું પ્રેમથી.

એક શા પ્રેમના ભાવે ગમે તે ક્ષેત્ર-કામમાં,
રહેવા જે મથે ઊંડું એને પ્રેરે જ પ્રેમ ત્યાં.

એવાં તે પ્રેમનાં ભક્તિ, જ્ઞાન, ધ્યાન હૃદે ધરી,
પોતાનાં કર્મમાં શક્તિ આપણે સૌ ઉતારવી.

એવા તે પ્રેમનો પ્રેમ પોતે અનુભવી હૃદે,
મૂલ્યાંકન કરે સાચું તે તે પ્રેમનું જીવને.

*એલિસબ્રીજ* *તા. ૨-૧૧-૧૯૮૪*

# પ્રેમનાં વર્તન રીત

અનુષ્ટુપ

પાડેલા પ્રેમથી ઊંડા આર્તનાદ પ્રભુપદે,
કદી ખાલી જશે ના તે એવો પ્રેમ પ્રતાપ છે.

પ્રેમમાં પ્રેમના ભાવે હૈયે તાદાત્મ્ય જેનું રે',
પોકારો પ્રેમના ઊંડા પ્રેમ સાંભળશે હૃદે.

પ્રેમનો જે કરે હૈયે ઊંડો સ્વીકાર ભાવથી,
સત્કારે પ્રેમ એવાને પ્રેમમાં ભલી ભાતથી.

'મારી વાંછા કરો' એવી મારતો પ્રેમ બૂમ ના,
તમન્ના લાગી હો જેને મારશે બૂમ તે સદા.

પ્રેમને પાડવામાં તે બૂમો, અંતર જેહને,
લાગ્યો હો દાહ, એવી શી ઝંખના પ્રેમની હશે

એવાનો પ્રેમપોકાર જીવને પ્રકટાવશે,
પ્રેમની ભવ્ય શક્તિ તે જે પ્રીછી શકશો હૃદે.

રિસાતાં પ્રેમને વાર જરાકે લાગતી નથી,
રિસાઈ જાય ના પ્રેમ વર્તવું એમ પ્રેમથી.

શો કૃતાર્થ થવા પૂરો પ્રેમનો એક ભાવ તે,
તે વિના કોઈ બીજા તે એકે ના ભાવ પ્રેમને.

રહી સર્વાંતરે ગૂઢ સંકળાયેલ પ્રેમ જે,
પ્રચંડ પ્રેમનો ભાવ છે સમર્થ બધી રીતે.

પ્રેમને જાણવા માત્ર જશો ના પ્રેમ આગળે,
પામવાની તમન્નાથી જજો ત્યાં ભક્તિપૂર્વકે.

જેનો જે હોય છે ભક્ત તેનું શું સાચું હાર્દ છે,
એકલો માત્ર તે જાણે બીજાંને ગમ ના પડે.

ભક્તિ વિના કશાનુંયે ના કોઈ હાર્દ પામતું,
ભક્તિ તેથી અનિવાર્ય પ્રેમને પામવા પૂરું.

ધારણા ધારી ધારીને પ્રેમની સર્વ કર્મમાં,
પ્રેમને જે ગમે એવી રીતે તે કરવાં બધાં.

પ્રેમની ધારણા ઊંડી જેમાં તેમાં બધાં વિશે,
કેળવ્યા કરતાં હૈયે પમાશે પ્રેમ હાર્દને.

અગ્નિપ્રવેશનાથીયે વધારે આકરી ઘણી,
કસોટી શી કરે પ્રેમ ! પ્રેમની કેવી તાવણી !

ખૂબી તો પ્રેમની ન્યારી ઊંચે સિંહાસને કદી,
બેસાડે, તે કદી પાછા ચડાવે શૂળીએ વળી.

પાણીથી હલકાં કેવો પ્રેમ આપણને કરે,
આબરૂના ઉડાડી દે ભુક્કા કેવા પૂરા ખરે !

આપણું કાંઈ ના રાખે નીચોવ્યા પ્રેમ શો કરે !
પાણીછલ્લાં કરી નાંખી, તોડાવે દુર્ગ સૌ ખરે.

જ્યાં જ્યાં સૌ મૂળ ચોંટેલાં જીવને જે હશે બધાં,
પ્રેમ ઉખેડવાને તે આપણામાં મથે સદા.

હૈયાની ભાવનામાં પ્રેમ ઊંડો રમ્યા કરે !
છતાં પંપાળતો ના તે ભાવનાને લૂલી રીતે.

આકાર આપવા યોગ્ય ભાવનાને બધી રીતે,
પ્રેમ યોજ્યા કરે છે તે પ્રસંગો નિત્ય જીવને.

જીવન સાથ તો ખેલ પ્રેમ પોતે રમ્યા કરે,
ઉછાળે છે વળી પાડે એવો પ્રેમ મદારી છે.

સર્વ જીવનના ભાવે ગૂંથાયેલ છૂપો ખરે !
જિંદગીના પ્રસંગોમાં કેવો તે સૂક્ષ્મ ત્યાં વસે.

એકે એવી નથી ઊર્મિ પ્રેમને જેની જાણ ના,
જતાં સંકોરવા એને સ્વીકારે પ્રેમ કોઈ ના.

તે એવા ખેલ ખેલે છે થવા સ્વભાવદર્શન,
ચિંતવે એવું, જે ત્યાગી, પામે તે પ્રેમદર્શન.

આભથીયે મહા મોટી પ્રેમની પાંખ તો ખરે,
એની પાંખે સમાયેલું જે તે કેવું રહ્યું બધે.

એ જ્યાં સમાવવા પ્રેરે પાળે આપણને તદા,
સ્વીકાર સર્વભાવેથી આનંદે કરવો જ ત્યાં.

માનવી જીવને પ્રેમ એને જુદી જુદી રીતે,
ઉત્ક્રાંતિ શી કરાવાને મથાવે છે હ્રદે ખરે !

હથોડા પ્રેમ મારે છે છતાં અંતર પ્રેમને,
કેવો ને કેટલો ઊંડો પ્રેમ છે આપણા પરે !

એને અનુભવે છે જે સત્કારે પ્રેમ તે સદા,
એવાને એકલાને તે ઘડે છે પ્રેમ પ્રેમમાં.

પ્રેમનો સ્પર્શ જોવાની જીવને જેની દૃષ્ટિ છે,
જેમાં તેમાં બધે એવી જીવને પ્રેમ નીરખે.

ફાલવા ફૂલવા જે કો આપે સંજોગ પ્રેમને,
પોતાને ભૂમિકા એની આનંદે તે બનાવશે.

એવાના જીવને પ્રેમ સર્વભાવે છતો થશે,
એવાને પ્રેમ પોતાનાં રંગ ભાત બતાવશે.

પ્રેમ તો ખૂંદશે પૂરાં દળી લોટ બનાવશે,
એવું જે કરવા દેશે તેવો આકાર પામશે.

પ્રેમ ના કૈં જવા દેશે ગમે કે ના ગમે ભલે,
ટપારીને પૂરું પ્રેમ મથાવ્યા કરશે હૃદે.

જ્યારે તે બોલતો હોય જ્યારે તે હોય ખેલતો,
આપણી સાથ, ત્યાં વારી એને સત્કાર આપજો.

રચ્યાં જીવનમાં સ્વપ્નાં પ્રેમ નાશ કરાવશે,
અનોખી દુનિયામાં શો તે પ્રવેશ કરાવશે.

ભલે રિસાઈ છો જાય મુખ કો મરડે ભલે,
લાગી રે'શે છતાં પ્રેમ કેડે તો આપણી બધે.

પ્રતિભા પ્રેમની એવી હૃદે સત્કારવા પૂરી,
જેને લાગેલી લ્હે એને મઠારે પ્રેમ પ્રેમથી.

પ્રેમને પ્રેમથી પ્રેમે પ્રેમસ્વરૂપ જે હૃદે,
કરે ઓળખવા યત્ન પ્રેમ એને જ તો વરે.

*એલિસબ્રીજ* *તા. ૩-૧૧-૧૯૪૪*

# પ્રેમની ન્યારી રીત

ગઝલ

કદરદાની ન ઇચ્છે છે કદીયે પ્રેમ હૈયાનો,
હૃદયનો પ્રેમ તો પ્રેમ સદા બસ આપવા ચાહતો.

કદર કોઈ કરે ના કરે પરવા ભલા ! છે ના,
હૃદયનો પ્રેમ તો પ્રેમે જીવે પોતાની પર તે ત્યાં.

હૃદયના પ્રેમને પોષણ મળે અંતર થકી એને,
જિવાડે પ્રેમને પ્રેમ વિના કોઈ ન બીજું તે.

સદા નિર્ભર રહે પોતે નિરાળો પ્રેમ એવો છે,
જીવન ખોરાક એનો જે જીવન-રસ-પ્રેમ ન્યારો છે.

સ્વયંભૂ પ્રેમને ક્યાંયે કશો આધાર ના ટેકો,
રહે ઊભો સદા પોતે સદા પોતા પરે કેવો !

છતાંયે પ્રેમ માગે છે હૃદયથી પ્રેમની ભીખ,
સદા ભુખાળવો એવો અહા ! જીવનતણો પ્રેમ.

કદી સંતોષ ના થાય ધરાઈ ના જતો પ્રેમ,
સદા કર્તવ્ય પોતાનું બજાવી જાણતો પ્રેમ.

વળે પાછો નહિ કદીયે નકારે કો ભલે એને,
મળેલું ધર્મકર્તવ્ય કરીને શાંત વર્તે તે.

ભલેને અવગણી લોકો જીવનના પ્રેમને નિંદે,
જીવનનું પ્રેમકર્તવ્ય કદી છોડી ન દેશે તે.

ભલેને પ્રેમનું કામ અવળચંડું કદી લાગે,
છતાં ત્યાંયે રહેલું છે રહસ્ય ગૂઢ ભારેયે.

સમજવા પ્રેમને પૂરું સ્વરૂપે પ્રેમ બનશે જે,
સમજશે પ્રેમને આપે જીવન પલટે નવા રૂપે.

કરી મૃત્યુ પૂરેપૂરું સ્વરૂપે પ્રેમ બનશે જે,
નવો આકાર આપે છે જીવનને પ્રેમ કેવો ત્યાં !

દળીને લોટ સહુ કરશે સકંચે રાખીને પ્રેમ,
છટકવા ના કદી દેશે ભૂરકી શી નાખીને પ્રેમ !

નથી પકડાયેલાં પોતે સ્વતંત્ર લાગતાં હઈએ,
છતાં જકડાયેલાં છીએ સદા શાં જીવને એને !

*ત્રિચિ* *તા. ૨૨-૧૧-૧૯૪૪*

## ઝંખના-પ્રેમ

વસંતતિલકા

જે ઝંખના હૃદય શક્તિ ન પ્રેરતી રે',
જે ઝંખના હૃદય ચેતનતા ન પ્રેરે,
જે ઝંખના બળ ન સાહસ દિવ્ય પ્રેરે,
સાચી ન તે હૃદયની મૂળ ઝંખના છે.

જે પ્રેમભાવ હૃદ હો પ્રભુની જ પ્રત્યે,
પ્રેરાવી જો નવ શકે નિજ ધર્મ પ્રત્યે,
તે પ્રેમભાવ દિલનો તમ સર્વ મિથ્યા,
એવો ન પ્રેમ ખપનો પ્રભુને જરા ત્યાં.

*ત્રિચિ* *તા. ૨૫-૧૧-૧૯૪૪*

## પરાત્પર પ્રેમ

અનુષ્ટુપ

કલ્યાણ પ્રેરવા આવે દુઃખીનું કોઈ જો કદા,
શ્રદ્ધા, વિશ્વાસ એનામાં રાખે ના ચેતતાં કશા.

પ્રેમના ભાવની શક્તિ એની કોઈ ન પ્રીછશે,
દુઃખી જે, દુઃખની રીતે પાછો તે ભાવ ઠેલશે.

પ્રેમનો પડઘો જેવાં આપણે હોઈશું હ્દે,
તેવો ત્યાં પડવાનો છે જાણજો ઉર નિશ્ચયે.

પ્રેમનો કોઈ આકાર કદી એક ન જાતનો,
જેમાં જેમાં ભળે પોતે તે તેવો એક લાગતો.

પ્રેમને આવકારીને પ્રેમને જે વધાવશે,
પ્રેમનો જીવને લાભ તે લેવા મથશે હ્દે.

સ્વતંત્ર રૂપ એકેયે પ્રેમનું કોઈયે નથી,
પોતાના જેવું માને સૌ પ્રેમનું રૂપ ચિત્તથી.

પ્રેમને માનવું એવું મિથ્યા માનવીનું ખરે,
આપણાં સર્વ રૂપોથી પ્રેમ કેવો પરાત્પરે !

પ્રેમથી પલટાવાને પોતાનું સર્વ જીવન,
પ્રેમને કરવા દે જે કામ, તે પ્રેમ પ્રીછશે.

*કુંભકોણમ્* *તા. ૮-૧૨-૧૯૪૪*

# પ્રેમપ્રાપ્તિ

અનુષ્ટુપ

પ્રભુ મારા વસેલા જે તમારા જીવને ઊંડા,
એને છતો થવા દેવા આપો સ્હાય તમે સદા.

મેલ જીવનનો લેવા એને જીરવવાતણી,
પ્રભુકૃપાથી તાકાત એણે તો આપી છે ઘણી.

મેલ શાને ભરી રાખો અંતરે એકઠો કરી ?
જે જે તરે સ્ફુરે ઊંધું એને ના સ્થાન દો જરી.

ઊઠતાં એવું એવું કૈં અયથાર્થપણું બધું,
એને નકારીને શુદ્ધ આધાર ભાવથી કરો.

પ્રભુને કામમાં જે તે જીવતો રાખવા હૃદે,
અભ્યાસ પ્રાણવાળો સૌ ઊંડો હોજો સદા હૃદે.

જીવતા જાગતા એવા વિના અભ્યાસ કોઈને,
પ્રભુકૃપાતણો લાભ એમ ને એમ ના મળે.

ભાવ કેળવવા ઊંડો જીવતો જાગતો હૃદે,
મળેલું ગુણસામર્થ્ય વાપર્યા કરવું ઘટે.

સર્વ પ્રકારની શક્તિ જીવને જે મળેલી છે,
એને અભ્યાસમાં રોકી તે ફંટાવા ન દો બીજે.

કૃપા માગું કૃપા માગું, જીવને જીવવા ચહું,
તમારામાં બધી રીતે, તે કૃપા કરજો પ્રભુ.

પ્રેમનો ભાવ તો જ્યાં જ્યાં એનો યોગ થતો હશે,
ત્યાં એના જેવું શું રૂપ હશે લેતો અનેરું તે !

એવાં એનાં અનોખાં છે એક એકથી રૂપ તે,
જેવો જીવ તહીં તેવો પ્રેમ આકાર લે હ્દે.

પ્રેમનું એકલું ત્યારે તેવું રૂપ પિછાનવા,
ચિંતવે અંતરે જે કો પડે તે ભ્રમમાં તદા.

પ્રેમ તો સર્વ સંગાથે ખેલશે રમશે હ્દે,
તે છતાં રૂપ પોતાનું અનોખું ઓર રાખશે.

પ્રેમની એવી માત્રાને પામવા કોણ પ્હોંચશે ?
પ્રેમને માપવા તેથી આપણે છોડવું ઘટે.

પ્રેમને પામવા તેથી પ્રયત્નો સર્વ આદરી,
જીવને પ્રેમનો ભાવ ઉતાર્યા કરવો ચહીં.

એવો અભ્યાસ એ જેનું એકલું એક કર્મ છે,
એવો તે વિરલો કોક હ્દે ભાવ પિછાનશે.

*કુંભકોણમ્* *તા. ૧૦-૧૨-૧૯૪૪*

## પ્રેમ-વિવિધતા સમન્વય

અનુષ્ટુપ

પ્રેમનો ભાવ કેવો તે વ્હે અખંડ સનાતન !
ભાવ ચિરંજીવી એ તો સીમાબદ્ધ ન તે રસ.

માનવી જીવને એની સપાટી એક જાતની,
ના એકસરખી વ્હે, તે ઓટ ને ભરતી સમી.

પાર્થિવતા પ્રવેશે જ્યાં પ્રેમની ભાવના વિશે,
પ્રેમને પામવાકેરી શક્તિ ત્યાં ઓછી થાય છે.

પ્રેમ કેળવવા કાજે જેમ સાંનિધ્ય યોગ્ય છે,
પ્રેમ કેળવવા કાજે શો વિયોગ જરૂરી તે !

કેળવાતાં જતાં એમ સાંનિધ્ય ને વિયોગથી,
બંનેથી પાર તો પ્રેમ વટાવી જાય પ્રેમથી.

કક્ષા જુદી જુદીનો શો પ્રેમ આવે અનુભવે,
એવાં સૌ પ્રેમનાં રૂપ માણતાં રંગ શો ચઢે !

એક કક્ષાતણો પ્રેમ બીજી કક્ષાની સાથનો,
એક તે સરખો છે ના જુદા જુદા પ્રકારનો.

એવા પ્રકારમાંયે શો એનો ભાવ અખંડ છે,
અનંત રૂપ એનાં ને શો અનંત સ્વભાવ છે !.

એવા પ્રેમતણા ભાવે જીવને જીવવાતણી,
શકિત સૌ સ્વજનો પાસે માગું હું પ્રાર્થના કરી.

આપજો ! આપજો ! વ્હાલાં ! હૈયાનો પ્રેમ આપજો !
હૈયાના પ્રેમને યોગ્ય વ્હાલો વર્તાવશે ખરો.

લૂલૂં પ્રેમ વિના લાગે, ના ગમે, ચેન ના પડે,
એકલો પ્રેમ આધાર જીવવા કાજ જીવને.

કેળવાવા હૃદે પ્રેમ પ્રેમ વિવિધતા ચહે,
થતાં કર્મોમહીં તેથી પ્રેમ ઠાલવજો ખરે.

પ્રેમભાવ વિના જે જે મિથ્યા કરેલું જાણજો,
ભાવ ના ઉદ્ભવે જેથી ખાલી તે શ્રમ જાણજો.

મહત્ત્વ પ્રેમનું કોથી છીનવી ના શકાય છે,
કદી છીનવી લેવાતાં છીનવી ના શકાય તે.

મહત્ત્વ પ્રેમને તેથી પોતાના સર્વ જીવને,
આપી આપી કરે કામ તે પામે પ્રેમ આખરે.

તરંગી કલ્પના છોને માનવી પ્રેમને ગણે,
કિંતુ શાં ઘસડાયે છે માનવી પ્રેમથી જગે !

ભલે તે પ્રેમ હો મોહ કિંતુ તે પાસું પ્રેમનું,
મોહથી પ્રેમનો ભાવ કેળવ્યે પ્રેમ પામશું.

ચહે જે કરવાને કો પ્રેમનો ઉપભોગ તે,
મેળવી ના શકે તેઓ પ્રેમ, માથું કૂટી મર્યે.

પ્રેમથી પ્રેમમાં જેઓ પ્રેમ કેળવવા ચહે,
પ્રેમનાં ભાન ને સાન રાખે, તે પ્રેમ મેળવે.

સહુ કોઈતણો પ્રેમ મેળવી મેળવી હૃદે,
પ્રેમ ઉદ્ભાવવામાં જે વાપરે, પ્રેમદક્ષ તે.

અંતરે વેદના એને કેવી ભોગવવી પડે !
એવાને ત્યાં નિરાશા શી ઊભી તો જીવને થશે !

નિરાશામાંથી એવી જે જન્માવી સૂર આશના,
જીવવા જોમ પ્રેરે તે જન્માવે પ્રેમ જીવવા.

પાસાં જીવનનાં જે જે તેમાં પ્રેમતણો બધે,
માંડે જ્યાં લાગવા પાસ, પ્રવેશ્યો પ્રેમ તો ગણો.

પાસું જીવનનું એક જેનું યોગ્ય ભલે રહ્યું,
બીજી સૌ બાજુમાં કિંતુ યોગ્ય હોવું ઘટે ખરું.

ચારેબાજુની જ્યાં પૂરી યોગ્યતા આવતી જુઓ,
પ્રેમનો પાસ લાગેલો જીવને માણશો ખરો.

ભાવના સૃષ્ટિ ગાંભીર્યે પ્રેમમાં શી ભરેલી રે' !
પ્રેમમાં માત્ર રે' પ્રેમ પ્રેમની ખૂબી એવીયે.

કેવી વિષમતા લાગે માનવી જીવને અહા !
એવી વિષમતામાંયે પ્રેમનો ભાવ ઓર ત્યાં.

સર્વમાં પ્રેમનો સ્પર્શ જેને જીવનમાં સૂઝે,
પ્રેમ ઓળખવા ચાવી એવાને જીવને જડે.

પ્રેમના ભાવને સૌમાં સજીવપણું પ્રેરીને,
વર્તશે જે, કમાશે તે પ્રેમના *મૂળ ભાવને.

સજીવારોપણે તેવા જે તે જીવનકર્મમાં,
જીવતું ધ્યેય રાખે જે એક તે જીવશે સદા.

માનવી ચલ ભાવોને જીવતા જીવને કરી,
નિશ્ચલ જે ઉતારે તે મેળવે પ્રેમ આપથી.

માનવી જીવને પ્રેમ ભીખ્યો તે મળતો નથી,
તોય શી ભીખ માગું છું સાવ નિર્લજ્જ શો થઈ !

પ્રેમની ભીખ માંગી જે પ્રેમ મેળવવા ચહે,
કેવો અવગણાઈ તે પાછો પોતે પડ્યા કરે !

નિઃસ્પૃહી તે રહી તેથી પ્રેમની પરવા ધરે,
પ્રેમ કેળવવા પ્રેમ વાપરે, પ્રેમમાં તરે.

* સત્ય, એક.

એવા પ્રેમતણી લક્ષ્મી દીધી જે ગુરુએ મને,
પાછી તે વાળવા મૂડી પ્રેમ જન્માવવો પડે.

પ્રેમ જન્માવવા તેથી વ્હાલાં જીવનમાં મળ્યાં,
ગુરુની દક્ષિણામાં હું માગું તે પ્રેમ મૂકવા.

દેવાતો હોય તો દેજો આપવો હોય આપજો,
પ્રેમની વાંછના ભૂખ લાગી જો હોય, આપજો.

બાકી હું પ્રેમનો ભૂખ્યો, માનવી આપી આપીને,
એને તે શું શકે આપી ? વ્હાલો મારો સમર્થ છે.

શૂન્યતા પ્રેમનું સુખ ભૂલેચૂકે રખે ગણો,
પ્રેમમાં સૌ સમાયેલું પ્રેમથી ના જુદું કશું.

આકાંક્ષા પ્રેમની જેને, કર્મ-જીવનમાં ખરે,
પડે ઉતારવો પ્રેમ, પ્રેમ કેળવવા હૃદે.

જ્ઞાનપૂર્વક જો પ્રેમ કર્મમાં ના ઉતારશો,
પ્રેમ આકાર ના લેશે પોતાની મેળ તો કશો.

કર્મમાં જો ઉતારો ના પ્રેમ, તે પ્રેમ પાંગળો,
એવો પ્રેમ ધપાવી શું શકે જીવનને કશું ?

કર્મ વિહીન સૌ સુખ સંધ્યાના રંગની સમું,
ભવ્ય લાગે છતાં એ તો પોતામેળ ઊડી જતું.

કર્મમાં ભાવ ને જ્ઞાન તેથી કેવાં જરૂરી છે !
એનું જે ભાન રાખે, તે મેળવે પ્રેમ તત્ત્વને.

માનવીના ટકોરાથી ઊંડો ઘા કેટલો પડે !
માનવી શું શકે જાણી એવા તે પ્રેમભાવને ?

પ્રેમના ધબકારાને એવા જે ઊઠતા હૃદે,
પડી સાંભળવા કોને ? જેને હો પ્રેમ, સાંભળે.

*સિકંદરાબાદ* *તા. ૫-૧-૧૯૪૫*

## પ્રેમભાવની કૃતાર્થતા

ગઝલ

તમારા પ્રેમનો ભાવ પ્રભુએ જે ચખાડ્યો છે,
પ્રભુની ભાવના જીવતીતણાં દર્શન કરાવ્યાં છે,

અજાણ્યો હું હતો સહુથી છતાં પ્રભુ જે તમારામાં,
વસેલો સૂક્ષ્મ, એણે શો નવાજ્યો લઈ મને *બથમાં.

પ્રભુ વ્હાલો ઉકેલી દે પ્રભુમાં જીવ જે રાખે,
બધાંયે કામ એવાનાં બલિહારી કૃપાની તે.

તમે સદ્ભાવ ને પ્રેમ બતાવ્યાં કેટલાં, કેવાં !
ન લાયક કાંઈ એ કાજે, કરામત શી પ્રભુની ત્યાં !

પ્રભુ સચરાચરે કેવો બધે પ્રસરેલ જીવે તે,
તમારામાં મને એણે મહત્તા શી બતાવી છે !

અજાણ્યો હું ભલે તોયે તમારામાં છતો થઈને,
કૃપાથી શી મદદ દીધી ! ભુલાયે ના કદી એને.

---

* બથમાં=બાથમાં

પ્રભુ એવો કૃપાળુ છે પ્રભુ પર લક્ષ રાખે જે,
બધું સંભાળી લે એનું બધાંમાંયે બધી રીતે.

તમારામાં વસેલા તે પ્રભુને ઉર ઉમળકેથી,
કરું કોટી પ્રણામો હું હૃદયથી વારી વારીને.

ગરીબ પૂરો બધી વાતે ન પાસે કાંઈ એવું છે,
ચરણકમળે તમારે જે ધરી કૃતાર્થ થાઉં કે.

કૃપા કરીને સદા મુજ પર તમારું કોક જાણીને,
હૃદયના કોક ખૂણામાં જરા સ્થળ આપજો મુજને.

ફરી ફરી પાડ માનું છું લળી લળી આપના પદમાં,
પ્રભુ ઉપકારથી હૈયું દ્રવ્યું શું આપની સ્મૃતિમાં !

પ્રભુને પ્રાર્થના મારી 'પ્રભુ જીવન વિશે તમને,
હૃદય ચેતાવજો લગની પ્રણય એનો લગાડીને.'

*હૈદ્રાબાદ (દક્ષિણ)થી ઊપડતાં* *તા. ૧૪-૧-૧૯૪૫*

## સર્વ સમર્થ પ્રેમ

ગઝલ

હૃદયથી ભાવ રાખીને પ્રભુનું જે સ્મરણ કરશે,
ઠર્યા નિર્ધારમાં એવા પ્રભુ બળ, પ્રાણ પ્રેરે છે.

પ્રભુની ભાવનાકેરા પ્રવાહે જે સતત વ્હે છે,
પ્રભુ એને નવાજીને જીવન અનુભવ કરાવે છે.

પ્રભુને યાદ જે કરશે જ્યહીં મુશ્કેલી કૈં નડતાં,
અનુભવ ત્યાં થશે હૈયે અચાનક સહાયકેરો ત્યાં.

ધીરજકેરી કસોટી તે કરે વ્હાલો બધી રીતે,
પ્રભુમાં જે ધરી શ્રદ્ધા ટકે તે વેળ, જીવે છે.

પ્રભુને મન, મતિ, ચિત્તે અહં ને પ્રાણમાં ત્યારે,
કરે સમરસ પૂરો જે કો પ્રભુ એને તારવે છે.

જીવન સામગ્રીની જે શી જીવનમાં ગૂઢ શક્તિ છે,
અનુભવ તે કર્યા વિના જીવનમાં, કેમ પરખાશે ?

અનુભવથી હકીકતને જગતમાં માનવી જાણે,
અનુભવ તે થવા જીવન મળેલું માનવીનું છે.

મળ્યું સદ્‌ભાગ્ય ભજવાને પ્રભુને એકલક્ષેથી,
સફળ કરવા જીવનકેરી બધી ત્યાં વાપરો શક્તિ.

હૃદય જે જાગૃતિ, ખંતે સ્મરણમાં રાખીને પ્રેમે,
જિવાડે છે પ્રભુને જે જીવનમાં, તે પ્રભુ પામે.

પરીક્ષા શી કરી ભારે પ્રભુ કેવો તપાવે છે !
પ્રભુમાં તે છતાં શ્રદ્ધા ધરાવે, તે પ્રભુ પામે.

પ્રભુ કંઈ એમનો એમ સહજ ભાવે નથી મળતો,
મૂકી ઊલટા પ્રસંગોમાં તપાસ્યા તે કરે કેવો !

બુડાડે કે બચાવે તે ઉભય તેવી સ્થિતિમાંહે,
પ્રભુની જે કૃપા માને, પ્રભુને એ જ પામે છે.

કશી સગડગ કશાનામાં ન રાખે જે હૃદય વિશે,
પ્રભુને ધારી ધારીને જીવે, એવો પ્રભુ પામે.

જીવનઆધાર માને જે પ્રભુને સર્વ બાબતમાં,
પ્રભુ એને મદદ દે છે અણી વેળા જ જીવનમાં.

'પ્રભુને ના મૂકી દેશો સ્મરણ તે પ્રેમભાવેથી,
ઊંડું ઉતારતાં રે'શો' કરું એ પ્રાર્થના હૃદથી.

જીવનની ચેતના શક્તિતણું જ્યાં ભાન પ્રકટે છે,
બધું કરવાનું સામર્થ્ય જીવનમાં આપ જન્મે છે.

પ્રભુ મોટો કૃપા એની સમર્થ શક્ય કરવાને,
અશક્ય હો ભલે છોને હૃદય પોકારજો એને.

*વઢવાણ* *તા. ૨૧-૧-૧૯૪૫*

## પ્રેમ પ્રાકટ્ય

અનુષ્ટુપ

પ્રેમ તો પ્રેમ ને શ્રેય બંનેની પાર તે વસે,
પ્રેમ ને શ્રેય તે માત્ર પ્રેમ પાડી જુદાં શકે.

છતાં પાછો વસે પોતે પૂરો તે પ્રેય-શ્રેયમાં,
સમાઈ ના રહે પ્રેમ એવો વ્યાપક સર્વમાં.

પ્રેમ ને શ્રેય બંનેયે પમાતાં તૃપ્તિ ના વળે,
એનાથીયે જવા પાર પ્રેમ ઇચ્છા કર્યા કરે.

લોહચુંબકની એવી મર્યાદા પકડે જતાં,
ખેંચાયા કરશો ત્યારે પોતાનીમેળ સર્વદા.

સૌ મથામણ ત્યાં સુધી જીવને કરવી પડે,
એવી મથામણે જેને હો પ્રેમ, પ્રેમ મેળવે.

પ્રસંગો સાંપડે જે જે ત્યાં ત્યાં ઉત્કર્ષ હેતુને,
ન્યાળી હેતુ ફળાવા જે જીવે, તે પ્રેમને વરે.

જતાં ફળાવવા હેતુ વિઘ્નો એને નડ્યાં જશે,
ચેતના પ્રાણશક્તિને થવાવા દૃઢ તે મળે.

મુશ્કેલી વિઘ્ન આવે છે એમ તો સર્વ જીવને,
ત્યાં મહત્ત્વ ન તે આપે આપે મહત્ત્વ હેતુને.

મહત્ત્વ આપશે જેઓ હેતુ ફળાવવા વિશે,
ધ્યેયમાં લક્ષ એવાનું રહ્યા સૌ કરશે હૃદે.

સર્વ દ્વંદ્વાદિ વૃત્તિથી પાર પ્રેમ વસે ખરો,
દ્વંદ્વાદિ વૃત્તિનો પ્રેમ યોગ્યતા પ્રેમમાં ન તે.

દ્વંદ્વાદિ વૃત્તિમાં સાચો પ્રેમ ના પરખાય છે,
પ્રેમ પારખવા પાર દ્વંદ્વાદિથી થવું પડે.

પ્રેમમાં ભળવા જેનું લક્ષ તલ્લીન થાય છે,
પ્રેમ વિના કશામાંયે જવા દે છે ન ચિત્ત તે.

દ્વંદ્વનાં ચોકઠામાં તો પ્રેમની ભાવના કદી,
બેસી ના તે શકે યોગ્ય પૂરી કોઈ રીતે કરી.

પ્રકૃતિ અંતરે તોય કામ જે ચેતના કરે,
કારક પ્રેમની શક્તિ ત્યાંયે તે જાણવી હૃદે.

ભૂમિકા ચોકઠું જેવું તેવા સૌ ઘાટ તે ધરે,
અતિરિક્તપણે તેથી પ્રેમનો ભાવ ઓર છે

ભલેને હો ગમે તેવી ભૂમિકા, પ્રેમભાવ ત્યાં,
રહી સર્વાંતરે ગૂઢ ભાગ તે ભજવે સદા.

પ્રેમની શક્યતાકેરો ક્યાસ કાઢી ન કો શકે,
સમર્થ સર્વ વાતે તે છતાં જાણી ન કો શકે.

પ્રેમને સ્પર્શવા દેશે પ્રેમની રીતથી હૃદે,
ઘડાશે પ્રેમથી તેઓ પ્રેમને પ્રીછશે હૃદે.

પ્રેમને જે હલાવે છે પ્રેમ એને હલાવશે,
પ્રેમને જે જિવાડે છે પ્રેમ એને જિવાડશે.

પોતાનો સર્વ આધાર પ્રેમને જે બનાવશે,
એવાનો સર્વ આધાર પ્રેમ પોતે બની જશે.

પ્રેમને જે ચલાવે છે પ્રેમ એને ચલાવશે,
પ્રેમને જે તરાવે છે પ્રેમ એને તરાવશે.

પ્રેમને જે નવાજે છે પ્રેમ એને નવાજશે,
પ્રેમને જે કરે પ્રેમ પ્રેમ એને ભીંજાવશે.

સાકાર ને નિરાકાર પ્રેમ એક, જુદો નથી,
જુદો એને ગણે છે જે, પ્રેમ તે જાણતો નથી.

એક એક થકી જુદો પ્રેમનો ભાવ ઓર છે,
જીવને કોઈ જે ખૂંપે પિછાને તે જ પ્રેમને.

માનવી ! કોરી બુદ્ધિથી પિછાની પ્રેમ ના શકો,
ભાવ, જ્ઞાન વિના યોગ પ્રેમ ના મેળવી શકો.

પોતાને ઠરવા કાજે ભૂમિકા પ્રેમ માગી લે,
પોતાની ભૂમિકા વિના ક્યાંયે તે ના ઠરી શકે.

શુદ્ધિ સર્વાર્પણે જેની નિત્ય નિત્ય થયા કરે,
ભક્તિ, જ્ઞાન હૃદે યોગ પ્રેમનાં ત્યાં સ્ફુર્યા કરે.

ચોકઠાં એકમાં કોઈ પ્રેમ બેસી ન રે' કદી,
કરે છે ઊથલાવ્યા તે જીવને આમ તેમથી.

તે ઊથલામણો વિશે પ્રેમનું ભાન જાગૃત,
જ્ઞાનભાવે રહે જેને મેળવે પ્રેમ તે હૃદ.

પાસાં જીવનનાં પ્રેમ ફેરવ્યા કરે સદા,
ઘણી વાર થતી હાર પોતાને લાગશે તદા.

હારમાંયે હૃદે હાથ નિહાળે પ્રેમનો જ જે,
તેને હાર નથી ક્યાંયે જ્યાં ત્યાં તે પ્રેમને જુએ.

સર્વ પરિસ્થિતિમાં જે પ્રેમને નીરખ્યા કરે,
શબ્દનાં ખાલી ખોખાં છે 'હાર' ને 'જીત' એહને.

પ્રેમનો સર્વ આધાર લીધા જે પ્રેમથી કરે,
એવાને શું થવાનું છે ? એને પ્રેમ તરાવશે.

શ્રદ્ધા, વિશ્વાસ જીવંતાં જેને પ્રેમ પરે હૃદે,
એવાને દોરતો પ્રેમ લાગે છે નિજ જીવને.

પ્રેમમાં જે ઝુકાવે છે પોતાનું સર્વ જીવન,
ભય ચિંતા ભગાડે છે એવાનાં પ્રેમ સર્વશઃ.

શંકા અને કુશંકાઓ પ્રેમમાં ઝંપલાવ્યું છે,
એવાની ભાગતી રે'છે તે નિશ્ચિંત રખાવશે.

સર્વ વાતોનું તાત્પર્ય તત્પરે બુદ્ધિ લે ગ્રહી,
સારગ્રાહી રહે બુદ્ધિ એવાને રે' સદા વળી.

આડા ને અવળા છોને એને પ્રસંગ સાંપડે,
ગૂંચવાડે પડી એવો શકે ના કોઈયે રીતે.

'એને દોરવનારો છે પ્રેમ પ્રત્યક્ષ જીવને',
જેને બેઠેલી છે શ્રદ્ધા એવી, તેવો તર્યા કરે.

પોતાને કરવાનું શું એને સૂઝ્યાં કરે હૃદે,
વર્તે છે તેવી રીતે તે પ્રેમ પ્રાબલ્યથી ખરે.

પ્રેમનાં પરિણામોને પ્રત્યક્ષે જીવને થતાં,
જેઓ અનુભવે હૈયે પ્રેમથી તે હઠે જ ના.

પૂછે છે લોક તો કિંતુ 'પ્રેમની લગની હૃદે,
પૂરી તે કેમ ના જાગે કરવું શું શું તે વિશે ?'

જેનામાં પ્રેમ જેનો છે તે કાજે કરવા બધું,
લોક કેવાં મથે છે ત્યાં તેવું તે કાજ સૌ થવું.

નીચલી ભૂમિકાકેરી માનવી પ્રકૃતિ રીતે,
વર્ત્યા જે કરશે તેવાં પ્રેમ ના મેળવી શકે.

પ્રેમની લગની પૂરી પ્રેમ કાજે થવા હૃદે,
કર્મમાં પ્રેમનો ભાવ જન્માવી તે કરો જગે.

'કેમ જન્માવવો ભાવ કર્મે ?' તે માનવી પૂછે,
તમન્ના તે વિના જાગ્યા જાગશે ભાવ ના હૃદે.

તો પછી જીવને કેમ તમન્ના તે જગાડવી ?
તમન્ના, ભાવના ભૂખ ભારે કેમ શકે ઊગી ?

જેને જીવનનું સાચું પૂરેપૂરું મહત્ત્વ તે,
હૈયે જાગેલું છે, તેને તમન્ના ઉર જાગશે.

પૂરું જીવનનું સાચું શેં મહત્ત્વ જગાડવું ?
તેણે જીવનની વિશે ઊંડું ઊંડું વિચારવું.

વિચારાતાં જતાં ઊંડું હૈયે માનવતાતણું,
મહત્ત્વ જાગશે સાચું, નક્કી તે તો પ્રમાણવું.

મહત્ત્વ જાગતાં એવું તમન્ના જાગશે હૃદે,
જાગી જો એકવારે તે પાર તો તે પડાવશે.

જિજ્ઞાસા ઊંડી જાગેલી મુશ્કેલી સૌ તરાવશે,
મોકળો સૌ રીતે એવો મુશ્કેલીથી થતો જશે.

મોંઘામૂલું મળેલું છે જીવન માનવીતણું,
એનાં ગાન જગે તેથી સંભળાવ્યા સદા કરું.

ધન્ય માનવીકેરું જે રૂડું જીવન સાંપડ્યું,
કૃપાથી જે મળેલું છે એને દીપાવવું રહ્યું.

જીવનકેરું હૈયામાં મહત્ત્વ જાગજો ઊંડું,
પ્રાર્થનાભાવમાં એવું વ્હેવા જીવન આ જીવું.

'મને જિવાડજો સૌને ભાન એનું જગાડવા',
એટલું માત્ર માગું છું, વ્હાલો સૌ કરશે કૃપા.

*કરાંચી* *તા. ૭-૩-૧૯૪૫*

# પ્રેમશાસ્ત્ર

અનુષ્ટુપ

પ્રેમ તો પ્રેમ માગે છે ના કૈં પોતાની કાજ તે,
પ્રેમ તો પ્રેમ માગે છે પ્રેમને પોષવા હૃદે.

ખપે છે પ્રેમને પ્રેમ પ્રેમને અર્થ તે સદા,
પ્રેમને પ્રેમનો બીજો તે વિના ઉપયોગ ના.

ભાવના ચેતના શક્તિ પ્રેમથી પ્રેમની વધે,
એવું અનુભવે જેને નાવે, તે પ્રેમ વ્યર્થ છે.

પ્રેમને આપતાં તેથી ઊંડો તે હેતુ જીવતો,
પ્રેમ ફળાવવા કાજે લક્ષમાં દૃઢ રાખવો.

પ્રેમ એકાગ્ર કેંદ્રિત રાખે જો લક્ષમાં ન તે,
'આપણા પ્રેમમાં ખામી ક્યાંક છે' જાણવું હૃદે.

પ્રેમની ભાવના તો શી એકબીજા વિશે ભળી,
જુદી જુદી રીતે જુદાં જુદાં રૂપો ઊભાં કરે.

ગણિતશાસ્ત્રની રીતે એની તો ગણના કદી,
શકે ના થઈ કો રીતે પૂરી યથાર્થ રીતથી.

પ્રેમનું શાસ્ત્ર તો ગૂઢ વર્ત્યા ગૂઢ રીતે કરે,
પરિણામો છતાં પાછાં વિના લાવ્યાં ન તે રહે.

પ્રેમની સર્વથી શ્રેષ્ઠ ભાષા જો કોઈ હોય તે,
'આત્માનું મૌન પૂરું છે' એની ભાષા શી ગૂઢ જે.

એવું સર્વાંગ જે શ્રેષ્ઠ મૌન પોતાનું કામ તે,
કરે છે એની રીતે તે જે પ્રેમી માત્ર જાણશે.

શી સંજ્ઞાત્મક ભાષા તો પ્રેમની તે અગમ્ય છે !
કોઈક વિરલાઓ તે ભાષા જાણે અકલ્પ્ય જે.

બીજાં સૌ શાસ્ત્રમાં જેમ યોગ્ય તે પરિણામને,
લાવવા શરતો, તેવું પ્રેમમાંયે બધું દીસે.

યદ્વાતદ્વાપણું ક્યાંયે પ્રેમના શાસ્ત્રમાં નથી,
શિસ્તપાલન તો ભારે અનેરું સૂક્ષ્મ પ્રેમનું.

લાદે છતાં બળાત્કારે કોઈના પર ના કદી,
હૈયા ઉમળકાથી સૌ સ્વીકારે શિસ્ત પ્રેમની.

જેમણે પ્રેમની *શિક્ષા પ્રેમભાવે સ્વીકારી છે,
પ્રેમ કેળવવા *શિક્ષા એવાં પાળ્યા કરે હૃદે.

પ્રેમનું શાસ્ત્ર તો પાછું કોઈ રીતે ન આંધળું,
બુદ્ધિની આંખ ખોલાવી દેખતાં તે કરે બધું.

ફેડવે ઊલટું એ તો આપણું આંધળાપણું,
સૂક્ષ્મતા સર્વ અંગોની કેવી તે પ્રકટાવતું.

મૂઢતા, જડતા, ટાળે કર્મ કૌશલ્ય ભાવથી,
પ્રેમ તો કેવું જન્માવે ! જાણે માત્ર અનુભવી.

અપ્રત્યક્ષ રીતે પ્રેમ જીવને શીખવ્યા કરે,
એનું શીખવવું એવું જે લે ઓળખી, તે રળે.

---

* શિસ્ત અને કેળવણી

તેવો તે એકલો પોતે પ્રેમને પકડી શકે,
પ્રેમને પકડી પાડે જે, તે પ્રેમ વર્યા કરે.

પ્રેમ જો પ્રેમ કર્તવ્યે યોગ્યભાવે ન પ્રેરતો,
એને પ્રેમ કહેતાં તો લાખવાર વિચારજો.

પ્રેમનાં કરતૂકો જે જીવને ઓળખ્યાં જશે,
એવાંને પ્રેમની શિક્ષા જીવને તે ફળાવશે.

સ્વીકારી પ્રેમ મર્યાદા અમર્યાદ છતાં રહે,
પ્રેમની તે પરાકાષ્ઠા એક એકથી ઓર છે.

લક્ષણો, ક્ષેત્ર, ને દિશા પ્રેમને છો ભલે રહ્યાં,
છતાં પાછો પુરાઈને બંધાઈ તે રહે ન ત્યાં.

પ્રેમની પરવા જેઓ પોતાના દિલથી કરે,
એમની પરવા પ્રેમ કરે પોતે નવાજીને.

'એવા તે પ્રેમને પૂરો જીવને અપનાવવા,
'પ્રેમને કાજ જિવાજો', પ્રેમને એ જ પ્રાર્થના.

*કરાંચી* *તા. ૧૬-૩-૧૯૪૫*

## જન્મમૃત્યુના રાસ

શાર્દૂલવિક્રીડિત

કેવો રાસ રચાય છે પળપળે મૃત્યુ અને જન્મનો !
એની એ ઘટમાળમાં સરકતું એ વિશ્વનો ખેલ શો !

તેમાં જીવ રમ્યા કરે, પણ ખરું ના ભાન એને થતું,
કેવો આપ વહ્યા કરે પ્રકૃતિથી કોઈ ન જ્યાં જાગતું.

જેનામાં પ્રભુભાવના તરવરે, ઉન્મુખતા અંતરે,
જેનામાં નિજ કર્મમાં નીતરતો રે' ભાવ તેવો ખરે,

જેને છૂટી જતા દીસે મનતણા સંકલ્પ વિકલ્પ સૌ,
એવા જીવ રહી શકે પળપળે ત્યાં જાગતા આપ તો.

જેનાં કર્મ બધાં વિશે સરળતા સ્નેહાર્દ્રતા ભાવ છે,
જેવું અંતરમાં વહે હૃદયથી તે કર્મમાં ભાવ તે,

દૃષ્ટિ વૃત્તિ બની રહે હૃદયની જ્યાં જે પ્રકારે ખરે,
તેવું સૌ પ્રકટાવતાં જીવનમાં તેવું જ સાચે હૃદે.

*સાયલા* *તા. ૬-૯-૧૯૪૫*

॥ હરિઃૐ ॥

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હ્રદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ

થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
(‘તુજ ચરણે’નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
(‘મનને’નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
(‘જીવનસંગ્રામ‘નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

॥હરિઃૐ॥



(અનુષ્ટુપ)

કોઈ વ્હાલું કહેતું કે 'અમોને પ્રભુ મેળવો
સાક્ષાત્કાર કરાવો તે જાણીશું ઉર સાચું તો.'

હોત તે હાથ જો મારે વાત, તો ક્યારનુંય તે,
પ્રત્યક્ષ તે કરાવીને દીધું હોત ઊંડું હૃદે.

કોઈનું ત્યાં ન ચાલે છે પોતે તેવા થયા વિના,
પ્રભુએ પાંસરો ના છે, સીધો તે ક્યાંય ના ભલા !

એ તો શી આવવાકેરી માગી લે ભૂમિકા હૃદે,
તે વિના તે ઠરે ત્યાં ના કાયદો સૂક્ષ્મ એહ છે.

એવું કરાવવા કેવો ઝંખ્યા નિત્ય કરું ઊંડું,
મને સાથ મળે ના ત્યાં કહો ત્યાં શું પછી કરું ?

-શ્રીમોટા

'પુનિત પ્રેમગાથા', ચોથી આ., પૃ. ૧૬૧